View metadata, citation and similar papers at core.ac.uk

brought to you by CORE

provided by Etheses - A Saurashtra University Library Service

# Saurashtra University

Re – Accredited Grade 'B' by NAAC
(CGPA 2.93)

Raja, Parkin H., 2012, "માનવ અધિકારોના સંદર્ભમાં પ્રવર્તમાન પર્યાવરણ પ્રદુષણ એક વિશ્લેષ્ણાત્મક અભ્યાસ", thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/948

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

''ૐ''

# ''માનવ અધિકારોના સંદર્ભમાં પ્રવર્તમાન પર્યાવરણ પ્રદુષણ એક વિશ્લેષણાત્મક અભ્યાસ''

# An Analytical Study of Current Enviornment Pollution in Referance of Human Rights.

**:: મહાનિબંધની સંક્ષેપિકા ::**

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની કાયદા વિદ્યાશાખામાં**

**ડૉકટર ઓફ ફિલોસોફીની ઉપાધિ માટેના નિયમો અન્વયે**

**રજુ થનાર મહાનિબંધ.**


:: **અભ્યાસક** ::

**પરકીન એચ. રાજા**

B.A., D.L.L.P., D.T.L.P., LL.M. (H.R. & I.H.L.)

:: **માર્ગદર્શક** ::

**ડો. મયુરસિંહ જે. જાડેજા**

LL.M., Ph.D.

વ્યાખ્યાતા

શ્રી અજમેરા લો કોલેજ, ગોંડલ.

# અભ્યાસકનું પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે હું નીચે સહી કરનાર **પરકીન એચ. રાજા** આ મહાશોધ નિબંધ ''**માનવ અધિકારોના સંદર્ભમાં પ્રવર્તમાન પર્યાવરણ પ્રદુષણ એક વિશ્લેષ્ણાત્મક અભ્યાસ**'' મારા **માર્ગદર્શક ડો. મયુરસિંહ જે. જાડેજા**ના માર્ગદર્શન નીચે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની કાયદા વિદ્યાશાખામાં ડૉકટર ઓફ ફિલોસોફીની ઉપાધિ માટે તૈયાર કર્યો છે. આ સંશોધન મૌલિક છે. તે અન્યત્ર કોઈ પદવી માટે રજુ કરવામાં આવ્યું નથી કે આ સંશોધનનો કોઈપણ અંશ કયાંય પણ પ્રસિદ્ધ થયો નથી.

આ શોધ નિબંધ ડૉકટર ઓફ ફિલોસોફીની ઉપાધિની જરૂરિયાતના ભાગરૂપે રજુ કરેલ છે.

તા.

**: અભ્યાસક :**

**પરકીન એચ. રાજા**

B.A., D.L.L.P., D.T.L.P.,

LL.M. (H.R. & I.H.L.)

# **પ્ર મા ણ પ ત્ર**

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે **પરકીન એચ. રાજા**એ આ મહાશોધ નિબંધ ''**માનવ અધિકારોના સંદર્ભમાં પ્રવર્તમાન પર્યાવરણ પ્રદુષણ એક વિશ્લેષ્ણાત્મક અભ્યાસ**'' મારા માર્ગદર્શન નીચે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની કાયદા વિદ્યાશાખામાં ડૉકટર ઓફ ફિલોસોફીની ઉપાધિ માટે તૈયાર કર્યો છે. આ સંશોધન મૌલિક છે. તે અન્યત્ર કોઈ પદવી માટે રજુ કરવામાં આવ્યું નથી કે આ સંશોધનનો કોઈપણ અંશ કયાંય પણ પ્રસિદ્ધ થયો નથી.

આ શોધ નિબંધ ડૉકટર ઓફ ફિલોસોફીની ઉપાધિની જરૂરિયાતના ભાગરૂપે રજુ કરેલ છે.

તા.

**: માર્ગદર્શક :**

**ડો. મયુરસિંહ જે. જાડેજા**
**LL.M., Ph.D.**
**વ્યાખ્યાતા,**
**શ્રી અજમેરા લો કોલેજ,**
**ગોંડલ.**

# ઋ ણ  સ્વી કા ર


વિદ્યાઅભ્યાસ ક્ષેત્રે સંશોધનકાર્ય માટે સ્થિર બુદ્ધિ, ધગશ અને નિરીક્ષણ શકિત ખાસ જરૂરી છે. પરમકૃપાળુ પરમાત્માએ મને આ શકિત પ્રદાન કરી તે માટે તેમનું હું સ્મરણ કરું છું.

મારા આ વર્તમાન સંશોધન અધ્યયનને વિષય પસંદગીથી પૂર્ણત્વના તબક્કા દરમ્યાન જરૂરી સુચન અને માર્ગદર્શન આપીને પ્રોત્સાહિત કરનાર મારા માર્ગદર્શક **પ્રો. ડૉ. મયુરસિંહ જે. જાડેજા** સાહેબના સહકારને મનોમન સહૃદય વંદન કરું છું.

નાનપણથી શિક્ષણના માર્ગ ઉપર લઈ જઈ આ ઉચ્ચ કારકીર્દિ સુધી પહોંચાડનાર મારા માતાપિતાને સાદર હું પ્રણામ કરું છું. મારા વિદ્યાભ્યાસ દરમ્યાન આવતી મુશ્કેલીઓનું નિરાકરણ મેળવવામાં પણ તેમનો ઘણો જ ફાળો રહેલો છે. વળી મારા સહપાઠી તથા મિત્રોનો સહકાર પણ મને ઘણો મળ્યો છે.

આ સંશોધન અધ્યયનમાં જરૂરી માહિતી તેમજ સંકલનમાં મદદરૂપ થનાર વિવિધ સરકારી તથા બિનસરકારી સંસ્થાઓ અને કચેરીઓ તથા ગ્રંથાલયો વગેરેના સહયોગની ભાવનાને હું ખુબ આદર સાથે આભાર વ્યકત કરું છું.

આ સંશોધન અધ્યયનમાં પ્રારંભથી જ મદદ કરનાર પ્રો. ડૉ. મયુરસિંહ જે. જાડેજા સાહેબ, અજમેરા લો કોલેજ, ગોંડલ અને પ્રો. કે. એ. રાઠોડ સાહેબ, કે. એ. પાંધી ઈંગ્લીશ મીડીયમ લો કોલેજ, રાજકોટના સહકારને આદરથી નમસ્કાર કરું છું.

આ સંશોધન કાર્ય દરમ્યાન મને મદદરૂપ થનાર અન્ય સૌ કોઈની ભાવનાને હું વંદન કરું છું.

**પરકીન એચ. રાજા**
B.A., D.L.L.P., D.T.L.P.,
LL.M. (H.R. & I.H.L.)

# :: અનુક્રમણિકા ::


| ક્રમ નં. | પ્રકરણ | પેઈજ નં. |
| --- | --- | --- |
| ૧. | પ્રસ્તાવના. | ૧ |
| ૨. | માનવ અધિકાર અને પર્યાવરણ પ્રદુષણનો ખ્યાલ. | ૧૫ |
| ૩. | ભારતમાં પર્યાવરણ સુરક્ષા સંબંધી કાયદાઓ. | ૪૪ |
| ૪. | પર્યાવરણઅને પ્રદુષણોની આરોગ્ય પર અસર. | ૨૩૬ |
| ૫. | પર્યાવરણની જાળવણી અને પર્યાવરણ ઘટકોની જરૂરિયાત. | ૨૪૮ |
| ૬. | પર્યાવરણ સુરક્ષા અંગે રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કાયદાકીય જોગવાઈઓ | ૨૫૪ |
| ૭. | પર્યાવરણ અને માનવ અધિકારના સંદર્ભમાં ૨૦૧૦ થી ૨૦૧૫ માટે પર્યાવરણ દ્રષ્ટિકોણ વ્યુહાત્મક આયોજન. | ૨૬૯ |
| ૮. | પર્યાવરણ પ્રદુષણની અસરોનું પૃથક્કરણ. | ૨૭૫ |
| ૯. | સંશોધનનું તારણ, નિષ્કર્ષ, સમાલોચના અને સૂચનો. | ૨૮૨ |
| ૧૦. | સવિશેષ પ્રતિભાવ અને ઉદ્‌ગાર. | ૨૯૪ |
| | સંદર્ભ સુચિ. | ૨૯૮ |
| | કેઈસીસની યાદી. | ૩૦૧ |

# પ્ર ક ર ણ – ૧

# પ્ર સ્તા વ ના

## ૧.૧ સંશોધન સમસ્યાની પસંદગી

શુદ્ધ પર્યાવરણ એ જ જીવન છે. માનવ જીવન માટે અતિ આવશ્યક છે. પૃથ્વીની સપાટીથી ઉંચે અવકાશ સુધી વિસ્તરેલા વિવિધ આવરણોના બનેલા સંયુકત આવરણને આપણે પર્યાવરણ કહીએ છીએ. માનવી પર્યાવરણના આ અલગ અલગ ભાગોનો ઉપયોગ કરતો આવ્યો છે. વળી માનવે વિજ્ઞાન અને બુદ્ધિના બળે સાંસ્કૃતિક પર્યાવરણનું સર્જન કર્યું છે. પ્રાકૃતિક પર્યાવરણનો ઉપયોગ કરીને મનુષ્યએ ખેતી, ઉદ્યોગો, વાહન વ્યવહાર અને વેપાર જેવી પ્રવૃત્તિઓ વિકસાવી છે.

પર્યાવરણના ત્રણ મુખ્ય અંગો જે જળ, જમીન અને વાયુ છે. પૃથ્વી માટે આ પર્યાવરણ એ કેન્દ્રસ્થાને છે. પર્યાવરણ સંશાધનના સાહિત્યમાં પર્યાવરણનો અર્થ પ્રતિબંધિત સ્વરૂપમાં જોવા મળ્યો છે તે મુળભુત રીતે ભૌતિક, રાસાયણીક અને જૈવિક લાક્ષણિકતાઓનો સમુહ છે. પર્યાવરણનું એક પ્રકૃતિના સાધન તરીકે સ્વતંત્ર અસ્તિત્વ છે કે જે સમાજના લાભાર્થે ઉપભોગ કરી સમગ્ર માનવ સૃષ્ટિ, જળ સૃષ્ટિ, જીવ સૃષ્ટિને લાભદાયી છે જે દરેક રાષ્ટ્ર માટે આગવું મહત્વ ધરાવે છે.

માનવ દ્વારા જેમ જેમ પૃથ્વીના વિકાસની સ્થિતિ વધારે સુધારવામાં

આવી તેમ તેમ કુદરતી પર્યાવરણની સમતુલામાં મનુષ્યએ અનેક પ્રદુષણોનો ઉદ્‌ભવેતા બન્યો છે. હવા, જળ, ભુમિ, અવાજ, અવકાશી પ્રદુષણ જેવા વિવિધ પ્રદુષણોના કારણે મનુષ્યએ પર્યાવરણને માઠી અસર પહોંચાડી, પર્યાવરણના રક્ષક મનુષ્યએ પર્યાવરણમાં પ્રદુષણોના સર્જક તરીકે બેવડી ભુમિકા ભજવી પરંતુ રાજય દ્વારા આવા પ્રકારના પ્રદુષણ ફેલાવતા લોકો પર લગામ લગાવવા માટે ખાસ પ્રકારના સચોટ કાયદાઓને તટસ્થ રીતે લાગુ પાડવાનો અભિગમ દાખવી શકાય.

જેમ કે પર્યાવરણ સઘળા સજીવોનું પોષક અને રક્ષક રહ્યું છે. પર્યાવરણમાંથી મનુષ્ય, પ્રાણીઓ તેમજ વનસ્પતિ પોતાના અસ્તિત્વ માટેના જરૂરી તત્વો મેળવે છે પરંતુ માનવે પોતાના બુદ્ધિ શક્તિના જોરે પર્યાવરણની વિવિધ સંપત્તિઓનો વધુ ને વધુ ઉપયોગ પોતાની સ્વાર્થવૃત્તિને સંતોષવા માટે કર્યો છે. આમ કરવાથી તેણે બીજા મનુષ્યને પ્રાપ્ત માનવ અધિકારોનું ઉલ્લંઘન કરેલ છે કારણ કે માનવ અધિકારોના સંદર્ભમાં દર્શાવવામાં આવતી આજની મુખ્ય ચિંતા મનુષ્યને પ્રાપ્ત થયેલ શુદ્ધ પર્યાવરણ મેળવવાના અધિકારનો હ્રાસ થતો જોવા મળ્યો છે.

વિશાળ નગરો, કારખાનાના સંહારક શસ્ત્રો તેમજ અવકાશના અન્ય ગ્રહોનો તાગ મેળવવાની જીજ્ઞાસાવૃત્તિને સંતોષવા કુદરતી પર્યાવરણની સમતુલામાં ભયાનક જોખમ ઉભું કર્યું છે. ઉદ્યોગોનો વધતો જતો બેકાબુ ભર્યા દુષિત પાણી અને પ્રદુષિત હવાનો ફેલાવો આપણા સ્વચ્છ કુદરતી વાતાવરણને ખુબ જ મોટું નુકશાન દર્શાવે છે. વળી તેમના દ્વારા બહાર કાઢવામાં આવતા દુષિત પાણી અને હવા વગેરેના નિકાલની વ્યવસ્થા ખુબ જ કથળેલી અને દયનીય હાલતમાં છે. વળી રાજયએ પણ આવા કારખાનાઓને ઉદ્યોગો દ્વારા નિકાલની સાથે તેમાં

ભળેલા ઝેરી રસાયણોને છુટા પાડવામાં મોટી ઉદાસીનતા દાખવી આજના આધુનિક માનવને દુષિત પાણી તથા દુષિત હવા ભર્યું જીવન સપ્રેમ ભેટ સાથે આપેલ છે. તેમના પર કોઈપણ પ્રકારની કાયદાકીય જોગવાઈઓના સંદર્ભમાં રોક લગાડવાના બદલે પ્રોત્સાહિત કરે છે.

માનવ અધિકારોના સંદર્ભમાં જે ખુબ જ મોટી ઘટના દર્શાવી શકાય જેના લીધે જ હવા અને પાણી પ્રદુષણ તેમજ પર્યાવરણ સંબંધિત પ્રદુષણે જન્મ લીધો. આમાં કુદરતી પર્યાવરણની સમતુલામાં માનવીની દખલગીરીના કારણે અવરોધ ઉભો થાય છે ત્યારે અન્ય માનવીઓના જીવનના માનવ અધિકારના સંદર્ભમાં મોટો અન્યાય થતો જણાય છે. જેમને જીવન માટે પાયાની જરૂરિયાત શુદ્ધ હવા, પાણી અને ખોરાક બધું જ વિવિધ ઘટકોથી દુષિત કે મલિન થતું જણાય છે.

આમ પર્યાવરણ વિરોધી પ્રવૃત્તિઓના પરિણામે મનુષ્યના માનવ અધિકારોના સંદર્ભમાં જીવન માટે જરૂરી ઘટકોની દુષિત થવાની ૂયાિને પ્રદુષણ કહે છે. પ્રદુષણમાં મલિનીકરણ શબ્દ પણ પ્રચલિત છે. બધા મનુષ્યો અને બધા સજીવો માટે શુદ્ધ હવા પાણી અને ભુમિ તેમજ ખોરાક આવશ્યક છે. આ પર્યાવરણના તત્વોમાં મનુષ્યોની વિવિધ પ્રવૃત્તિઓના પરિણામે દરરોજ લાખ્ખો ટન હાનિકારક કચરો ઉમેરાય છે. આ હાનિકારક પદાર્થો કુદરતી પર્યાવરણને પ્રદુષિત કરે છે. આ મલિની કરણની ૂયાિ માટે મનુષ્ય મહ®અંશે જવાબદાર છે. સજીવ સૃષ્ટિના અસ્તિત્વ અને સંચાર માટે જયારે શુદ્ધ પર્યાવરણ આરોગ્ય બને છે ત્યારે પ્રદુષણની બાબતમાં એ ખુબ જ મોટી તેમજ ચિંતાજનક પરિસ્થિતિનું સર્જન કરે છે.

આજે કુદરતી પર્યાવરણના અનેક પ્રદુષણો માનવ દ્વારા ઉત્પન્ન કરવામાં આવે છે પર્યાવરણમાં વ્યાપેલા અને વિસ્તરેલા વિવિધ પ્રદુષણો અને તેને ફેલાવનારા પ્રદુષકો તપાસતાં પહેલાં પ્રદુષણની માહિતી મેળવી પર્યાવરણની સાચી સ્થિતિ તપાસીએ.

## ૧.૨. સંશોધન માટે તપાસના મુદ્દાઓ

૧.૨.૧ પર્યાવરણના પ્રદુષણના સંદર્ભમાં માનવ અધિકાર એટલે શું?

૧.૨.૨ શુદ્ધ પર્યાવરણ અને જાહેર આરોગ્ય એટલે શું?

૧.૨.૩ આરોગ્ય સંબંધિત રોગ અને કુપોષણ એટલે શું?

૧.૨.૪ શું પર્યાવરણ પ્રદુષણ અંગેના રોકથામ માટે કાયદાકીય માળખામાં જોગવાઈઓ છે?

૧.૨.૫ શું પર્યાવરણ સ્થિતિ અંગે રાજયના વાલીપણાના દાયિત્વની ભુમિકા છે?

૧.૨.૬ શુદ્ધ પર્યાવરણના અધિકાર સંદર્ભમાં બિમારી અને રોગચાળા નિવારણ અને નિયંત્રણ માટે રાજયના ચોક્કસ પગલાંઓ છે? જો છે તે કયા-કયા?

૧.૨.૭ પર્યાવરણના અધિકાર સંદર્ભમાં પર્યાવરણ પ્રદુષણ અને બિમારીથી ઉદ્‌ભવતા નકારાત્મક પ્રભાવોનું અધ્યયન કેવી રીતે કરવું?

## ૧.૩ સંશોધન ક્ષેત્રનો વ્યાપ

વર્તમાન સંશોધન અધ્યયન માનવ અધિકારોના સંદર્ભમાં પર્યાવરણ પ્રદુષણ અંતર્ગત પર્યાવરણના અધિકારોની ઓળખ કરી તેનું અધ્યયન કરવું. વળી માનવીય આરોગ્ય અને પર્યાવરણીય અસરોનું અધ્યયન કરવાથી ભાવિ રોગો પરનું જોખમ નિરાકરણ દ્વારા લાવી શકાય તેમજ વર્તમાન સંશોધન અધ્યયનમાં પર્યાવરણ પ્રદુષણ બાબતમાં તેનો ખ્યાલ, પ્રભાવો, સંદર્ભો, બંધારણીય પાસાઓ, કાયદાકીય માળખા, પર્યાવરણ સંબંધિત યોજનાઓ અને તેનો રાજય દ્વારા વાલીપણાના ઉત્તરદાયિત્વથી અમલ એ જ વર્તમાન સંશોધન અધ્યયનની વિષય વસ્તુ છે તેમજ પ્રવર્તમાન પ્રદુષણ અને તેના દ્વારા આરોગ્ય પર ઉદ્‌ભવતા ભયો–નિવારણ વગેરે સંશોધન અધ્યયન માટેનું પાયાનું સ્થાન ધરાવે છે. આ તબક્કે માહિતી તેમજ જરૂરી વિગતો એકઠી કરવામાં મર્યાદા રહે છે તેમજ અધ્યયન દરમ્યાન પ્રાપ્ય ગ્રંથાલય વ્યવસ્થાપનના ઉપયોગથી સંકલિત તારણો પ્રાપ્ત કરી આ વર્તમાન સંશોધન અધ્યયનને યોગ્ય સંકલન કે વિપરીત રજુઆતો દ્વારા વર્તમાન સંશોધન અધ્યયનમાં સામ્યતા કે તફાવત દર્શાવી શકાય છે.

વળી આ વર્તમાન સંશોધન અધ્યયનને પ્રાપ્ત માહિતી દ્વારા માનવ અધિકારોના રક્ષણાત્મક સંદર્ભમાં યોગ્યતમ બનાવવાના પ્રયાસો કરેલ છે. પ્રવર્તમાન પર્યાવરણ પ્રદુષણની ચિંતિત પરિસ્થિતિને જોતાં પર્યાવરણ પ્રદુષણથી ઉદ્‌ભવતા આરોગ્યના ભયો તેમજ પર્યાવરણ પ્રદુષણના અન્ય ભયોના સંદર્ભમાં પ્રાપ્ય માનવ અધિકારોનું રાજય દ્વારા યોગ્યતમ રક્ષણ, સંવર્ધન અને ભવિષ્યને ધ્યાનમાં લઈને પર્યાવરણ પ્રદુષણની સમસ્યાને યોગ્યતમ રીતે દર્શાવતા અર્થમાં વર્તમાન સંશોધન અધ્યયનની સમસ્યાને વિષય વસ્તુ તરીકે પસંદ કરેલ છે.

## ૧.૪ સંશોધનના હેતુઓ

વર્તમાન સંશોધન અધ્યયનના મુખ્ય અને મહત્વના હેતુઓ નીચે મુજબ છે;

૧.૪.૧ માનવ અધિકારના સંદર્ભમાં જીવનના આધાર એવા પર્યાવરણના અધિકારની ઓળખ કરવી.

૧.૪.૨ જાહેર આરોગ્ય પર પર્યાવરણ પ્રદુષણની અસરો તપાસવી.

૧.૪.૩ પર્યાવરણ પ્રદુષણ અન્વયે આરોગ્ય અભાવની સમસ્યાના કારણે અસરો અને જોખમો અંગે અધ્યયન કરવું.

૧.૪.૪ શુદ્ધ પર્યાવરણના અધિકારના સંદર્ભમાં બંધારણીય જોગવાઈઓની ઓળખ કરી અને અધ્યયન કરવું.

૧.૪.૫ રાજય દ્વારા શુદ્ધ પર્યાવરણ જાળવવા માટે આવશ્યક વાતાવરણ અને પરિસ્થિતિ સર્જીત કરવા રાજયની ભુમિકા અને પર્યાવરણ પ્રદુષણ સંબંધિત નિવારાત્મક પગલાંઓની ઓળખ કરવી.

૧.૪.૬ પર્યાવરણ પ્રદુષણના સંદર્ભમાં બિમારીઓ અને રોગચાળા પર નિયંત્રણ મેળવવા આવશ્યક રાજયના કલ્યાણકારી પગલાંઓની ઓળખ કરવી.

૧.૪.૭ શુદ્ધ પર્યાવરણના અધિકાર સંદર્ભમાં પર્યાવરણ પ્રદુષણ દ્વારા બિમારીથી ઉદ્‌ભવતા નકારાત્મક પ્રભાવોની ઓળખ કરવી.

## ૧.૫ સંશોધનની પૂર્વધારણાઓ

૧.૫.૧ રાજયની ફરજો પ્રત્યે સમાજમાં માનવ અધિકારની જાગૃતિ નથી.

૧.૫.૨ માનવ અધિકાર પ્રત્યે લોકોની જાગૃતિ, પર્યાવરણ પ્રદુષણથી ઉદ્‌ભવતા બિમારી સંદર્ભના ભયો સામે સારી રીતે મેળવી શકાશે.

૧.૫.૩ માનવ અધિકારની જાગૃતિથી રાજયની ફરજોના પરિણામે રાજયના પર્યાવરણ પ્રદુષણના અવગણનાના વર્તન ઉપર નિયંત્રણ આવશે.

૧.૫.૪ સમાજના લોકો શુદ્ધ પર્યાવરણની જાણકારીથી સારું આરોગ્ય ભોગવશે.

૧.૫.૫ પર્યાવરણ પ્રદુષણ અટકાવી પર્યાવરણ સંરક્ષણ અને આરોગ્યનું રક્ષણ સમાજમાં આર્થિક સદ્ધરતાને પ્રબળ બનાવશે.

## ૧.૬ સંશોધનનું આયોજન

વર્તમાન સંશોધન અધ્યયનમાં પ્રથમ તો સંશોધન અધ્યયન માટેની વિષય પસંદગી કરવાની પ્રક્રિયા પ્રવર્તમાન પર્યાવરણ પ્રદુષણના સંદર્ભમાં માનવ અધિકારોને અનુલક્ષીને પસંદ કરવામાં આવી.

ત્યારબાદ પર્યાવરણ પ્રદુષણની સ્થિતિની પૃષ્ઠભુમિને મેળવવામાં આવી અને વિષયને અનુરૂપ હેતુઓ નક્કી કરવામાં આવ્યા. ત્યારબાદ વર્તમાન સંશોધન અધ્યયન માટેની ઉત્કલ્પનાઓ નક્કી કરવામાં આવી. આ વર્તમાન સંશોધન

અધ્યયન ગૌણ સ્ત્રોતો અને પ્રાથમિક માહિતી આધારીત વિશ્લેષણની પદ્ધતિ પર રચવામાં આવ્યું. વળી આ સમગ્ર સંશોધન અધ્યયન તેના જુદા જુદા પાસાઓ, બાબતો વગેરેને સ્પષ્ટ રીતે ઉપભાજીત કરી યોગ્યતમ રીતે સ્પષ્ટ રજુઆત કરી શકાય તે માટે નીચેના પ્રકરણોમાં વિભાજીત કરી સંકલિત કરવામાં આવ્યો છે.

વળી, આ પ્રકરણો સ્વતંત્ર પ્રકરણો નથી પરંતુ તમામ પ્રકરણો એ એકબીજાની સાથે યોગ્યતમ આધાર વસ્તુથી ચોક્કસ રીતે ગોઠવાયેલા છે તેથી તેનું વિષયવસ્તુ સંબંધિત અધ્યયન કરવા સંયુકત રીતે ચોક્કસ દ્રષ્ટિથી અધ્યયન કરવાનું જરૂરી છે. આમ આ વર્તમાન સંશોધન અધ્યયનનું હાર્દ સમજવામાં સરળ બને તે માટે આ વર્તમાન સંશોધન અધ્યયનને નીચેના કેટલાંક પ્રકરણોમાં સંકલિત કરીને રચના કરવામાં આવી છે.

## ૧.૭ માહિતી એકત્રીકરણ

વર્તમાન સંશોધન અધ્યયન માટે સંશોધકે સંશોધન અધ્યયનનું યોગ્યતમ વિશ્લેષણ કરવા માટે પ્રાપ્ત માહિતી એ મુખ્ય બે પ્રકારની માહિતી સભર સ્ત્રોતોમાંથી પ્રાપ્ત કરેલ છે જે નીચે મુજબ છે;

## અ) પ્રાથમિક માહિતી

આ વર્તમાન સંશોધન અધ્યયનનું વિશ્લેષણ એ તુલનાત્મકલક્ષી છે. તેમજ સરકારી તથા બિનસરકારી સંસ્થાઓ દ્વારા તૈયાર થયેલ સર્વેક્ષણ અહેવાલ તેમજ સરકારી, બિનસરકારી સંસ્થાઓ દ્વારા ચાલતી યોજનાઓઅનો લાભ મેળવી ચુકેલા વ્યકિતઓનો સંપર્ક કરીને માહિતી મેળવવામાં આવી છે. વળી આ

વર્તમાન સંશોધન અધ્યયનને યોગ્ય રીતે પહોંચી વળવા માટે આપણા સમાજને ઉત્તરદાતા તરીકે લીધેલ છે. વળી સંકલિત વ્યકિતઓનો રૂબરૂ સંપર્ક કરી પ્રશ્નોત્તરી, સ્વયં નિરીક્ષણ દ્વારા માહિતીઓ પ્રાપ્ત કરેલ છે. આમ આ વર્તમાન સંશોધન અધ્યયનનું વિશ્લેષણ માહિતી આધારીત છે. આવી રીતે આ વર્તમાન સંશોધન અધ્યયનની પ્રાથમિક માહિતી, પ્રત્યક્ષ-પરોક્ષ તપાસ તેમજ પ્રશ્નોની મદદથી પણ એકત્રિત કરવામાં આવેલ છે.

આ વર્તમાન સંશોધન અધ્યયનના વિશ્લેષણની પ્રૂયિામાં સમાવિષ્ટ પ્રાથમિક માહિતી એ મુખ્ય માહિતી બને છે. આ માહિતી પ્રાપ્તિ દરમ્યાન સંપર્ક વ્યક્તિ એ શિક્ષિત તેમજ અશિક્ષિત હોય. આરંભિત સ્થિતિ અનુભવી અને શાંત અવાજે સ્થિર બુદ્ધિ રાખી પ્રશ્નોના જવાબ આપેલ. સંશોધક દ્વારા યોગ્ય હમદર્દી આપી વિશ્વાસ દર્શાવી યથાયોગ્ય માહિતી એકત્રિત કરવાનો યોગ્યતમ સમય દરેક ઉત્તરદાતા માટે ફાળવી તેમજ અનુકુળતા પ્રમાણે જાત મુલાકાત લઈ પ્રાથમિક માહિતી એકત્રિત કરવા આ અજોડ કાર્યસંપન્ન કરવાનો પ્રયાસ કર્યો છે.

## બ) <u>ગૌણ માહિતી</u>

આ વર્તમાન સંશોધન અધ્યયનમાં ભુતકાળમાં બનેલ ઘટનાઓ સંબંધિત અધ્યયનને લગતા વિવિધ પાસાઓને આવરી લેતી માહિતી મહત્વનું અને પાયાનું કાર્ય બજાવે છે જે મુખ્ય માહિતી પર આ વર્તમાન સંશોધન અધ્યયનનું વિશ્લેષણ કરી મુખ્ય ગૃહનું નિર્માણ થયું છે.

વળી આવી ગૌણ માહિતી એ પુસ્તકો, વર્તમાનપત્રો, સામયિકો, પત્રિકાઓ, વિવિધ સંસ્થાઓ તેમજ આયોજન પંચ, આયોગના અહેવાલો, ઈન્ટરનેટની ઝડપી

કોમ્પ્યુટર સેવા દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માહિતીને પ્રાપ્ત કરી સંશોધનની સમસ્યાને પહોંચી વળવા પ્રયાસ કરેલ છે. ભવિષ્યના વિકાસલક્ષી મુ®ાઓ તથા માહિતી તેમજ બાબતોને આ વર્તમાન સંશોધન અધ્યયનનમાં સમાવિષ્ટ કરેલ છે. આ ઉપરાંત સરકારશ્રીના પર્યાવરણ પ્રદુષણ નિયંત્રણ કાર્યો તેમજ આરોગ્ય ખાતાના વાર્ષિક, અહેવાલોનો ઉપયોગ કરી ગ્રામીણ, શહેરી ક્ષેત્ર તેમજ જિલ્લાકીય માહિતીના સ્ત્રોતને પણ માહિતીના સ્ત્રોત તરીકે ઉપયોગ કરેલ છે.

આ વર્તમાન સંશોધન અધ્યયનને વધુ સરસ બનાવવા માટે ખુબ જ યોગ્યતમ વિચારસરણી દ્વારા સંશોધન અધ્યયનને માહિતી સભર બનાવી યોગ્ય વ્યક્તિ અને નિષ્ણાંતોના અભિપ્રાય તેમજ તેમના વિચારોને આદર આપી સંપર્ક દ્વારા માહિતીને પ્રાપ્ત કરી સંશોધન કાર્યને ઘનિષ્ઠ બનાવવાના પ્રયાસ કરેલ છે.

## ૧.૮ સંશોધન અધ્યયનનું મહત્વ

૨૧ મી સદી એ પ્રગતિનો યુગ છે. આ સતત થતી પ્રગતિ અને પરિવર્તનની જાણકારી અને તેની સાથે કદમ મિલાવવા માટે સતત માનવ અધિકારોની જાગૃતતા તે ખાસ જરૂરી છે. આજના યુગમાં પર્યાવરણ પ્રદુષણને સ્પર્શતા પ્રશ્નોના સંદર્ભમાં કાયદાકીય માળખા દ્વારા ખાસ પ્રકારની જોગવાઈઓ અને પ્રાવધાનો છે પરંતુ રાજય દ્વારા પર્યાવરણના સંદર્ભમાં આરોગ્યની બાબતને માનવ અધિકાર તરીકે સ્વીકાર કર્યો હોવા છતાં માનવીઓના આરોગ્યના સંદર્ભમાં પ્રવર્તમાન પર્યાવરણ પ્રદુષણ સંબંધી ચિંતિત પ્રશ્નોનો ઉદ્ભવ એ આ વર્તમાન સંશોધન માટેની સમસ્યાના સ્વરૂપમાં છે.

વળી માનવ અધિકારોના સંદર્ભમાં વિકાસની પ્રૂયિાઓમાં રાજયના વાલીપણાના ઉત્તરદાયિત્વ અંગેનો અભિગમ અને તેમાં જાગૃતિ અર્થે માનવીય શકિતને જોડવા અંગેનો જે ન્યાયિક પથ તે કંડારી શકાય છે તેને યોગ્ય રીતે જાહેર હિતના સંદર્ભમાં પ્રકાશમાં લાવી પ્રાચીન સંસ્કૃતિનું માનવ અધિકારો પ્રત્યેનું શાણપણ અને અર્વાચીન વિકાસની ન્યાયિક પ્રૂયિાઓમાં માનવ અધિકારોના રક્ષણ અને સંવર્ધન દર્શાવવા જાગૃતિ લાવવી ખુબ જ જરૂરી હોય તે મનુષ્યોના અધિકારોની બાબતને જોડતી કડી તરીકે જાતિ વિષયક અને ન્યાયિક બનાવી યોગ્ય મૌલિક ભાષામાં છણાવટ દ્વારા નિરૂપ કરવાનો પ્રયાસ કરેલ છે. વળી ભવિષ્યના સંશોધન પ્રૂયિાની મદદની ભાવનાને યોગ્યતમ રીતે દર્શાવવા કેટલાક સુચનો તથા જરૂરી બાબતોને અનુભવના આધારે દર્શાવવાનો પ્રયાસ કરેલ છે.

આ વર્તમાન સંશોધન અધ્યયનનું મહત્વ એ પણ છે કે, પર્યાવરણ શુદ્ધ બને અને શુદ્ધ પર્યાવરણને અનુલક્ષીને પ્રાપ્ત માનવ અધિકારોને પ્રાપ્ત કરીને યોગ્ય શુદ્ધ પર્યાવરણની સમાયોજના દ્વારા ભાવિ નાગરિકોના આરોગ્ય સંબંધી સુવિધાઓમાં શુદ્ધ પર્યાવરણ એ મહત્વનો ભાગ ભજવે છે જેનાથી સારા જાગૃત સમાજની રચના થશે.

આ ઉપરાંત પ્રસ્તુત વર્તમાન સંશોધન અધ્યયનનું અન્ય મહત્વ પણ જોવા મળે છે.

૧) પર્યાવરણ પ્રદુષણ, માનવ અધિકારો અને જાહેર આરોગ્ય આ ત્રણેય પાસાને આ અધ્યયનમાં આવરી લેવામાં આવ્યા છે.

૨) આ પહેલાં ભૂતકાળમાં માનવ અધિકારો અને પર્યાવર પ્રદુષણના સંદર્ભ અંગે કોઈ અભ્યાસ થયેલ નથી.

૩) આ માનવ અધિકારોની જાગૃતિ માટે પર્યાવરણ પ્રદુષણ અંગે અધ્યયન કરવું ખુબ જ જરૂરી છે કારણ કે ભાવિ નાગરિકોના અધિકારોનું રક્ષણ અને સંવર્ધન એ જ વિકાસ હશે.

૪) રાજયના આ વાલીપણાના સિદ્ધાંત ઉત્તર દાયિત્વમાં દરેક નાગશ્રિકને તેના જીવનના સંદર્ભમાં આરોગ્યના અધિકારોનું રક્ષણ એ ફરજ છે જેમાં આ વર્તમાન સંશોધન અધ્યયન ઉપયોગી થશે.

૫) પર્યાવરણ પ્રદુષણના સંદર્ભમાં વર્તમાન સંશોધન અધ્યયનનું મહત્વ ખાસ માનવ અધિકારોની જાગૃતિ અને તેમને ન્યાય પ્રાપ્ત કરાવવાના મુખ્ય પાસા પર આધારિત લોકહિતાર્થ મહત્વ છે.

## ૧.૯ <u>સંશોધન અધ્યયનું રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મહત્વ</u>

વર્તમાન સંશોધન અધ્યયન પર્યાવરણ પ્રદુષણ, માનવ અધિકારોના રક્ષણ અને સંવર્ધનની બાબતોને ઉજાગર કરી લોકો સમક્ષ માનવ અધિકારોની જાગૃતતા લાવવાનો મુખ્ય ઉદ્દેશ છે જેમાં આ વર્તમાન સંશોધન અધ્યયન એ રાષ્ટ્રીય સ્તરે શાળા કોલેજોમાં અભ્યાસ કરતા અભ્યાસુઓને તેમના જ્ઞાનમાં વધારો કરવામાં સવિશેષ ફાળો આપશે. વળી રાજય દ્વારા ચલાવવામાં આવતા પર્યાવરણ પ્રદુષણ સંબંધી કાર્યૂમોના સ્પષ્ટ અમલીકરણ તેમજ ઉ®ભવતા પર્યાવરણના પ્રશ્નોનું નિરાકરણ લાવવા ઉપયોગી બનશે. વળી સ્થાનિક દ્રષ્ટિએ જોતા લોકોમાં પોતાના

જીવનના સંદર્ભમાં શુદ્ધ પર્યાવરણના અધિકારોની જાગૃતતા આવતાં લોકો પોતાના અધિકારોના હનન પ્રત્યે રાજયના ઉત્તરદાયિત્વમાં યોગ્ય ન્યાય પ્રૃયિા દ્વારા અધિકાર પ્રાપ્ત કરી શકશે. વળી માનવને પ્રાપ્ત જીવનના અધિકારો સંબંધિત પાયાના અધિકારો પ્રત્યે નાગરિકો જાગૃતતા કેળવી વ્યવસ્થિત અધિકારો ભોગવશે. વળી વર્તમાન સંશોધન અધ્યયનથી દર્શાવેલ સૂચનો, તારણો તેમજ અન્ય જાગૃતિ સભર કાયદાકીય જાણકારીથી વ્યક્તિઓ શુદ્ધ પર્યાવરણ પ્રાપ્ત કરવાના માનવ અધિકારો પ્રત્યે જાગૃત થશે.

વૈશ્વિક સ્તરે પણ અન્ય દેશોની યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ, વૈજ્ઞાનિકો તેમજ પર્યાવરણવિદો તેમજ સામાજીક ક્ષેત્રની ચિંતા દર્શાવનારા લોકોને આ વર્તમાન સંશોધન અધ્યયન ઉપયોગી નિવડશે. વળી સમાજમાં પ્રવર્તમાન પર્યાવરણ પ્રદુષણના સંદર્ભમાં જાળવણી અને રોકથામની વ્યવસ્થા દ્વારા માનવ અધિકારોને યોગ્ય ન્યાય આપી રક્ષણ દાખવી શકાય તેમ છે. વ્યક્તિને જીવનમાં પ્રાપ્ત શુદ્ધ પર્યાવરણનો અધિકાર એ કુદરતી અને મુળભુત અધિકાર હોય યુ.એન. દ્વારા દરેક રાષ્ટ્રમાં તેનો પ્રસાર થયેલ હોય આ સંશોધન કાર્ય દ્વારા અન્ય નિવારાણાત્મક તેમજ રોકથામની પ્રૃયિા મદદરૂપ થશે.

## ૧.૧૦ <u>સંશોધનનો સમાજોત્થાનમાં ફાળો</u>

આ વર્તમાન સંશોધન અધ્યયન એ વિશ્વના દરેક નાગરિકને પોતાના જીવનના મુળભુત અધિકાર એવા શુદ્ધ પર્યાવરણના અધિકારને પ્રાપ્ત કરવા જરૂરી સાધન પુરવાર થઈ ઉપયોગી થશે જેમાં પર્યાવરણના રક્ષણની બાબત નાગરિકોના આરોગ્યના રક્ષણની બાબતને યોગ્યતમ રીતે સંવર્ધન આપવાનું છે જેમાં રાજય પણ માનવ અધિકારોનું યોગ્ય ન્યાયિક અનુકુલન દર્શાવતું થશે

વળી સમાજમાં લોકો પોતાના અધિકારોને ઓળખી પોતાનું જીવન યોગ્ય રીતે ભોગવશે અને શુદ્ધ પર્યાવરણની પ્રાપ્તિ કરી પર્યાવરણ પ્રદુષણ થતું અટકશે.

વૈશ્વિક સ્તરે ઉપસ્થિત પર્યાવરણ પ્રદુષણ સંબંધિત પ્રશ્નોનું નિરાકરણ કરી વ્યક્તિના જ્ઞાનમાં વધારો કરવા માટે મહત્વનું સ્વરૂપ દર્શાવશે. વળી ભવિષ્યમાં ઉ®ભવતા પર્યાવરણ પ્રદુષણના પ્રશ્નોના નિરાકરણ માટે સમાજ ઉપયોગી આ અધ્યયન એ આધારભુત સહયોગ આપી માર્ગદર્શક બનશે.

# પ્ર ક ર ણ – ૨

# માનવ અધિકાર અને પર્યાવરણ પ્રદુષણનો ખ્યાલ

॥ સર્વે ભવન્તુ સુખિના, સર્વે ભવન્તુ નિરામયાઃ ॥

ઉપરોકત સુકિત અનુસંધાને માનવ અધિકારોના સંદર્ભમાં મનુષ્યોને કુદરત દ્વારા ખાસ પ્રકારના મુળભુત અધિકારો પ્રદાન કરવામાં આવ્યા છે જેમાં મહત્વના અધિકાર રીકે માનવ જીવનના અધિકાર આપવામાં આવ્યો છે. આ જીવનના અધિકારના અસ્તિત્વ વગર માનવ અધિકારની કલ્પના પણ કરી શકાય નહીં પરંતુ આજના યુગમાં આ જીવનના મુળભુત અધિકાર અન્વયે પર્યાવરણના અધિકાર મહત્વના ગણી શકાય તેમ છે કારણ કે પર્યાવરણ વિરૂદ્ધ સંભવિત અને અસંભવિત ભયો રહેલા છે. વળી આ માનવ અધિકારોનું અન્યો દ્વારા માનવ અધિકારો પર તરાપના કૃત્યને નકારી શકાય નહીં જેના લીધે પર્યાવરણ પ્રદુષણ જેવા પ્રશ્નો ઉદ્ભવેલા છે. માનવને તેમના અધિકારો પ્રાપ્ત થાય અને તેનું સંવર્ધન થાય તેની જવાબદારી રાજયની હોય અન્ય દ્વારા યોગ્ય પ્રકારની ઉત્તરદાયિત્વની પ્રૂયિા દર્શાવવામાં આવવી જોઈએ.

એ વાત મુદ્દાની છે કે, અધિકારોનું સન્માન જાળવવા માટે અન્ય વ્યકિત સિવાય વ્યકિત પોતાના તથા રાજયના ઉત્તરદાયિત્વમાં અને તેથી જ તેવી વ્યકિતઓના આરોગ્યના અધિકારોનું હનન એ પર્યાવરણ પ્રદુષણ દ્વારા તે રાજય વિરૂદ્ધના ગુનાઓ ગણવાનું તત્વજ્ઞાન અસ્તિત્વમાં આવ્યું. વળી રાજયની એવી ફરજ છે કે, રાજયના દરેક નાગરિકો પ્રાપ્ત માનવ અધિકારો પોતે વ્યવસ્થિત

ભોગવે અને તેના દ્વારા પોતાના જીવનને વિકાસના પંથે લઈ જઈ યોગ્ય સમય વ્યતિત કરે.

માનવ ઈતિહાસ એ વાતનો ઉત્કૃષ્ટ નમુનો છે કે જેમાં પ્રત્યેક માનવ સમાજમાં વ્યક્તિની ગરીમા તથા વ્યક્તિ અને સમાજ વચ્ચેના મધ્ય સંબંધોને પરિભાષિત કરવાનો એક અમૂલ્ય પ્રયાસ કરવામાં આવ્યો છે જેમાં સામાજીક નૈતિકતા, વ્યક્તિગત મૂલ્યો, સામાજીક પદૂમ, જન્મ, લિંગ, શાસકીય તેમજ અન્ય પરિબળો તેના મૂલ્યોના નિર્ધારણ મહત્વપૂર્ણ રીતે ભૂમિકા નિભાવે છે.

માનવ અધિકારની અવધારણા કે જે મુળભુત અધિકારો પર બળ આપે છે જે સમાજમાં આંતરવિરોધ પેદા કરે છે પરંતુ આ સંદર્ભમાં જેમ કે માનવ અધિકારોના પ્રવર્તકોની ધારણા છે કે માનવ અધિકાર સ્વયંમાં અંતર્નિર્હિત અપૃથક્કરણીય અને વૈશ્વિક છે. સરળ ભાષામાં કહીએ તો કેટલાંક મુળભુત માનવ અધિકારો છે જેને વ્યક્તિ કે સમાજથી અલગ કરી શકાતા નથી. 'નિહિત્ત' આ અર્થમાં છે કે 'અધિકાર એ જન્મજાત' છે. બીજા અર્થમાં માનવથી અલગ કરી શકાય તેમ નથી. વળી તે વધારામાં પોતાના પ્રાકૃતિક સ્વભાવમાં ''વૈશ્વિક'' છે કારણ કે તે સમસ્ત માનવ સમાજ માટે અનિવાર્ય છે જેનું યોગ્ય નિરૂપણ એ માનવ અધિકારનું સિદ્ધાંતગત પરિદ્રશ્ય મેગ્નાકાર્યના વિચારો દ્વારા સ્પષ્ટ કરી શકાય.

માનવ અધિકાર એ ૨૦ મી સદીમાં વિશેષ સ્વરૂપથી લોકપ્રિય થયો પરંતુ તેના મુળ હંમેશા માનવ સમાજમાં વિદ્યમાન રહેલા છે જેનું ચરિત્ર હંમેશા અપૂર્ણ રહ્યું છે. આ આધાર પર જ માનવ વિકાસ સંભવ થઈ શકયો છે. માનવ અધિકારોના વિદ્વાન પ્રાચીન યુનાન અને રોમનને તેના સર્જક માને છે જયારે

સર્વપ્રથમ ''સ્ટોઈક દાર્શનિકા'' એ પ્રાકૃતિક કાનુનના સ્વરૂપમાં માનવ અધિકારની વ્યાખ્યા કરી હતી.

આ વિચાર ધારાની સ્થાપના 'જેનો ઓફ સીરીયન' એ કરી હતી જેનો દ્રષ્ટિકોણ હતો કે, એક વૈશ્વિક કાર્યશક્તિ બધી જ વસ્તુઓનું નિર્ધારણ કરે છે. સુકરાત અને પ્લુટોના સમયમાં માનવ અધિકાર સંબંધિત વિચાર પ્રાકૃતિક કાનુન અને રાજનીતિક આદર્શવાદથી જોડાયેલો હતો ત્યાર પછીના સમયમાં આ જ વિચારોને રાજાઓ અને સમ્રાટોને પણ પ્રભાવિત કર્યા હતા. ''સ્ટોઈક દાર્શનિકો'' અને મધ્યકાલિન ઈસાઈ ચિંતક ''સેંટ ઓગસ્ટાઈન''એ પણ આ વાત પર ભુકયો છે. મધ્યકાલિન સમયમાં ૧૩ મી સદીથી વેસ્ટ ફેલીયાની સંધિથી ૧૬૪૮ સુધી વિસ્તૃત છે તે માનવ અધિકારોનો ઉલ્લેખ દર્શાવે છે.

આ કાળમાં મનુષ્યોના પરંપરાગત વિચારોને વિશ્વાસોમાં પરિવર્તન થયું હતું. ત્યારના જનસમુદાયોએ મહેસુસ કર્યું હતું કે માનવ અધિકાર એ એક સામાજીક આવશ્યકતા છે.

## ૨.૧ માનવ અધિકારના વૈશ્વિક ઉત્થાનની મુખ્ય ઘટનાઓ

Let us come important landmarks in the evolution of Human Rights up to recent times;

**1. Megna Carta : 1215**.

This was treaty between King John of England and the English Noble man Lah. fought and got some concessions from the Crown.

**2. The English Bill of Rights : 1689**.

The bill was instrumental in the that introduction and enforcement of the common principles of law like Heabeas Corpus, Due process of law etc.

**3. The French Declaration of the Rights of Man and of the Citizen : 1789**.

**4. The American Bill of Rights : 1791**.

**5. The Abolition of Sati Act : 1833**.

Raja Ram Mohanrai generated public opinion in favour of this Act in India.

**6. International Slavery Convention : 1976**.

It was subsequently adopted by the U.N. General Assembly in a December, 1953. India is a signatory of this convention.

**7. Charter of the United Nations (signed on 26th June, 1945)**.

This come into force on 24th October, 1945 which is observed as the U.N. Day. It seeks to strengthen universal peace through “Promoting and encouraging

respect for Human Rights" and for Fundamental freedom for all without distinction as to race, sex, language and religion.

**8. Universal Declaration of Human Rights (UDHR)**.

Passed by the General Assembly on 10th December, 1948.

**9. The Geneva Red Cross Conventions : 1949 and Protocols : 1977**.

The include four major International Treaties deling with improving the conditions of the wounded and sick members of the armed forces of wat (POW 9) and protection of civilians in the times of war.

**10. The Convention Relating to the Status of Refugees : 1951**.

**11. International convention on the Elimination of all forms of Racial Discrimination (CERD) : 1965**.

**12. International Convenant on Economic, Social and Cultural Rights (ICESCR) : 1966**.

**13. International Convenant on Civil and Political Rights (ICCPR) : 1966**.

This convenant along with ICESCR make the 1948 Declaration Legally binding on the signatory states. These states are be required to open the doors for International Monitoring of Human Rights. The ICCPR has been signed by 121 states and ICESCR by 123 states. The Indian Government has notified both these convenants in 1979.

Note:- 8, 12 and 13 from the International Bill of Rights (IBR).

**14. Convention on Elimination of all forms of Discrimination Against Women (CEDAW) : 1979**.

**15. Convention on Against Torture (CAT) : 1984**.

This came into froce on 26th June, 1987. The basic idea is to protect a person against any pain of suffering (except those that are part of lawfull punishments) since individual dignity is considered most important. There is a committee against torture which monitors implemelation of this convention this committee oblidge every country to take effective

legislative, administrative and other measures to prevent acts of torture. India signed this convention in 1998.

**16. International Convention on the Rights of the Child : 1989**.

**17. The Earth Summit at Rio : 1992**.

**18. The world conference of Human Rights at Vienna : 1993**.

In this conference 171 states reaffirmed that the Universal Declaration Constitutes a common standard of Achievement for all people of all nations.

**19. The Human Rights Protection Act, 1993**.

The Indian Government passed this Act it simultaneously created the National Human Rights Commision which monitors the observance and violations pertaininy to our rights.

How serious all the nations of the world treat the issue of Human Rights can be judged by the fact that all the Human Rights Agreements registered with the U.N. are signed by most of the members of the U.N.

આ બધી ઘટનાઓમાં મૂળ વિચાર એ વિશ્વાસની આધારભુમિ છે કે જે સમસ્ત માનવ જાતિ કેટલાક મુળભુત શાશ્વત પ્રાકૃતિક અને માનવ અધિકારોથી યુકત છે આ જ વિચારો એ માનવીના વિકાસના સંદર્ભે માનવ અધિકારોની પૃષ્ઠભુમિ તૈયાર કરી છે.

## ALL HUMAN RIGHTS FOR ALL

માનવ અધિકારના સંદર્ભમાં શુદ્ધ પર્યાવરણનો અધિકાર એ મહત્વના અધિકાર તરીકે છે તો પર્યાવરણ વિશેની માહિતી નીચે મુજબ દર્શાવી શકાય.

## ૨.૨ પર્યાવરણનો અર્થ

પર્યાવરણ એટલે પરિ+આવરણ. પરિ એટલે બધી બાજુ. એટલે જે આપણે ટૂંકમાં કહીએ છીએ કે પર્યાવરણ એટલે આપણી આસપાસ આવેલું હોય તે બધું જ.

પર્યાવરણ શબ્દનો અર્થ સામાન્ય માનવીના મનમાં ગૂંચવણો ઉત્પન્ન કરે છે કારણ કે કેટલાકના મતે પર્યાવરણ એટલે જંગલો અને વૃક્ષો. કેટલીક વ્યક્તિઓના મતે પાણી અને હવા, સૂર્યમંડળ, અવકાશી તારાઓનો સમૂહ વગેરે પર્યાવરણ છે પરંતુ વિશાળ અર્થમાં દર્શાવવામાં આવે તો પર્યાવરણ એટલે આપણી આજુ–બાજુની દરેક ચીજવસ્તુ કે જે આપણી રહેણી–કરણી, આપણા આરોગ્ય અને અસ્તિત્વ, વિચારો પર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ટુંકા ગાળાની કે લાંબાગાળાની અસર દર્શાવે છે.

જમીન, હવા, પાણી, પ્રકાશ, વાતાવરણ, નદી, તળાવ, સરોવર, દરિયો, વૃક્ષો વગેરે કુદરતના તત્વો તેમજ પશુ–પક્ષી, વનસ્પતિ, જળસૃષ્ટિ આપણું અસ્તિત્વ ટકાવી રાખવામાં આપણને ખુબ જ મદદરૂપ થાય છે. આથી જે કોઈ ચીજથી આવા કોઈ તત્વની ગુણવત્તા ઘટે કે તેનો નાશ થાય તો આપણા મનુષ્યના અસ્તિત્વ પર ખતરો પેદા થાય છે. વળી સમગ્ર જીવસૃષ્ટિ એટલે કે પૃથ્વી પર પર્યાવરણ પ્રદુષણની પણ અસર થાય છે.

''પહેલું સુખ તે જાતે નર્યા'' આ કહેવત બધાએ સાંભળી હશે. આ કહેવતમાં જીવનના સંદર્ભમાં સ્વસ્થ શરીરને સુખની વાતમાં સૌથી પ્રથમ જરૂરિયાત ગણાવી છે. વ્યક્તિનું આરોગ્ય યોગ્ય હશે તો તે દુનિયાના બધા જ સુખો ભોગવી શકશે પણ જો શરીરમાં આરોગ્યનો અભાવ હશે તો પણ ધન–સંપત્તિથી સંપન્ન વ્યક્તિ પણ પોતાનું જીવન યોગ્યતમ રીતે ભોગવી શકશે નહીં. આ સ્વસ્થ જીવન તે પર્યાવરણ શુદ્ધ હશે તો જ પ્રાપ્ત કરી શકશે અને આ શુદ્ધ પર્યાવરણ એ દરેક મનુષ્યની જવાબદારી છે.

આ કહેવત એ આરોગ્યની સમજણ તેમજ શુદ્ધ પર્યાવરણના સંબંધમાં છે જેના આધારે શુદ્ધ પર્યાવરણના પાયાનો ઉલ્લેખ કરીને યોગ્ય જીવન જીવી શકાય. શારીરિક રીતે નિરોગી–તંદુરસ્ત વ્યક્તિ એ યોગ્ય આરોગ્ય ધરાવે છે તેમ કહેવાય. સમય જતાં આરોગ્યનો ખ્યાલ વિકસ્યો પરંતુ પર્યાવરણની જાળવણીનો ખ્યાલ એ મૃતઃપ્રાય થતો ગયો. વૃક્ષોનું જતન અને તેની જાળવણી પ્રત્યે લોકો ઓરમાયું વર્તન દાખવતા થયા છે.

વળી રાજય દ્વારા શાસનકાળમાં રાજય દ્વારા સ્વીકૃતિ પ્રાપ્ત થતાં પર્યાવરણના અધિકારની જરૂર વર્તાય. આમ શારીરિક, માનસિક ઉપરાંત વ્યક્તિ

સામાજીક રીતે પણ તંદુરસ્ત હોવો જોઈએ જેનાથી તંદુરસ્ત સમાજની રચના થઈ શકે. આવો ખ્યાલ ૨૦ મી સદીના ઉત્તરાર્ધથી મુળીયા પકડવા લાગ્યો છે. પર્યાવરણ જોગની વિસ્તરથી સંસ્થા W.H.O. વિશ્વ આરોગ્ય સંસ્થાએ આ પર્યાવરણ સંબંધી તબક્કાને આવરી લઈ આરોગ્યના પાસાને સબળતા આપી જેણે આરોગ્યની વ્યાખ્યા આપી જે આજે વિશ્વભરમાં પ્રચલિત અને સ્વીકાર્ય છે. રોગોની ગેરહાજરી જ માત્ર આરોગ્ય નથી પરંતુ શુદ્ધ પર્યાવરણ એ પણ ખુબ જ મહત્વનું પાસું છે.

શારીરિક અને માનસિક રોગ વગરનું સ્વાસ્થ્ય એ નકારાત્મક પાસું ગણાય છે પરંતુ તેની સાથે વ્યક્તિ રોજીંદા કાર્યો સારી રીતે કરે અને મનને આનંદિત રાખી સંતોષની લાગણી અનુભવે તેને હકારાત્મક પાસું ગણાય છે. રોગોના અભાવ કે કુરૂપતા ન હોવી એ આરોગ્ય નથી પરંતુ શારીરિક, માનસિક અને સામાજીક દ્રષ્ટિએ સમૃદ્ધ સ્થિતિને આરોગ્ય કહે છે. આ આરોગ્યનો સંપૂર્ણ આધાર એ પર્યાવરણ પર જ રહેલો છે જેનું મહત્વ અનેરું છે.

## ૨.૩ પર્યાવરણના પ્રકારો

કોઈપણ પ્રદેશમાં આવેલી જીવસૃષ્ટિ ત્યાંની ભૌગોલિક પરિસ્થિતિની નિપજ હોય છે. વિષુવવૃત્તના જંગલોથી પૃથ્વીના છેક ઉત્તર છેડે આવેલ ટુન્દ્ર પ્રદેશ સુધીના વિવિધ કુદરતી વિસ્તારોમાં સાગરતટ કે નદીકિનારે પ્રાકૃતિક પર્યાવરણ હોય છે જયારે ગામડાં, શહેરો કે માનવ વસ્તીથી ઉભરાતા વિસ્તારોમાં માનવ પ્રયત્નો દ્વારા રચાયેલું માનવ સર્જીત પર્યાવરણ નજરે ચડે છે. આમ વિવિધ તત્વોના આધારે પર્યાવરણના પ્રાકૃતિક અને માનવસર્જીત એવા બે પ્રકાર પાડી શકાય છે.

## પર્યાવરણના મુખ્ય બે પ્રકાર

માનવસર્જીત પર્યાવરણ　　　　પ્રાકૃતિક પર્યાવરણ

### ૧) પ્રાકૃતિક પર્યાવરણ

ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતા કુદરતી પર્યાવરણને પ્રાકૃતિક પર્યાવરણ કહે છે. પ્રાકૃતિક પર્યાવરણમાં કુદરત નિર્મિત તત્વો સવિશેષ હોય છે. જીવસૃષ્ટિની આસપાસના ભૌગોલિક સ્થાન, ભૂપૃષ્ઠ, જળાશયો, આબોહવા, વનસ્પતિના વિસ્તારો તેમજ પ્રાણીસૃષ્ટિ જેવા અનેક કુદરતી તત્વોનો આમાં સમાવેશ થાય છે. માનવને પ્રાકૃતિક પર્યાવરણની ભેટ કુદરત દ્વારા મળેલી છે. માનવનો ખોરાક, પોશાક, રહેઠાણ અને વ્યવસાય માટે પ્રાકૃતિક પર્યાવરણ ઉપયોગી બને છે. પૃથ્વી પરના માનવ અસ્તિત્વ પહેલાના અસલ કુદરતી પર્યાવરણમાં હાલ અનેક પરિવર્તનો થયા છે અને થતા રહે છે. માનવે પ્રાકૃતિક પર્યાવરણનો લાભ ઉઠાવી પોતાનું જીવન સુખી અને સમૃદ્ધ બનાવ્યું છે.

### ૨) માનવસર્જીત પર્યાવરણ

પૃથ્વી સપાટી પર માનવનું અસ્તિત્વ શરૂ થયું છે ત્યારબાદ પર્યાવરણમાં જે ફેરફારો થાય તેને 'માનવસર્જીત પર્યાવરણને આપણે સાંસ્કૃતિક પર્યાવરણ' તરીકે ઓળખીએ છીએ. માનવે પોતાની વિચારશક્તિ અને વિજ્ઞાનની સહાયથી પ્રાકૃતિક પર્યાવરણમાં અનેક પરિવર્તનો આણ્યા છે. પ્રાચીન પાષાણ યુગના માનવીએ અગ્નિની શોધ, ખેતીની શોધ, ચૂની શોધમાં પર્યાવરણનો ઉપયોગ કર્યો હતો. માનવીએ પ્રાકૃતિક પર્યાવરણનો લાભ ઉઠાવી ખેતી, પશુપાલન,

ગૃહઉદ્યોગ અને પછી મોટા ઉદ્યોગો, વાહન વ્યવહારના માર્ગો અને સાધનો, તેમની વસાહતો વિકસાવી છે. સાંસ્કૃતિક પર્યાવરણનો સર્જક માનવ જ છે. હાલમાં પ્રાકૃતિક પર્યાવરણમાં ખુબ જ ઘટાડો અને સાંસ્કૃતિક પર્યાવરણમાં ખુબ જ ઝડપથી વધારો થઈ રહ્યો છે. પરિણામે હવા, પાણી, ભુમિ, અવાજ અને અવકાશી પ્રદુષણો પર્યાવરણમાં વ્યાપક બન્યો છે. માનવ સર્જીત પર્યાવરણના અનેક પેટા પ્રકારોમાં સામાજીક, આર્થિક, રાજકીય, શૈક્ષણિક અને ધાર્મિક પર્યાવરણ જેવા અનેક પેટાપ્રકારોનો સમાવેશ થાય છે.

## પર્યાવરણનું સ્વરૂપ

પર્યાવરણનું સ્વરૂપ તપાસતાં ખ્યાલ આવશે કે, પર્યાવરણ વિવિધ આવરણોનું બનેલું એક 'વિશિષ્ટ આવરણ' છે. પર્યાવરણમાં મૃદાવરણ, જલાવરણ, વાતાવરણ, જીવાવરણ અને સાંસ્કૃતિક પર્યાવરણનો સમાવેશ થાય છે. પ્રત્યેક આવરણ સ્વતંત્ર હોવા છતાં એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. પર્યાવરણ અંગરૂપ આવરણોનો વિગતે પરિચય મેળવીએ.

**પર્યાવરણનું સ્વરૂપ**

**મૃદાવરણ** | **જલાવરણ** | **વાતાવરણ** | **જીવાવરણ**

## ૧) મૃદાવરણ

સજીવોના આધારરૂપ ઘન આવરણને મૃદાવરણ કહે છે. આ આવરણ પૃથ્વી સપાટીને લગભગ ૨૯ % ભાગ રોકે છે. પૃથ્વી સપાટી પર ઘન તત્વોનું પ્રમાણ સવિશેષ છે જેમાં ખડક અને ખનિજ તત્વો સાથે માટી મુખ્ય છે તેથી

મૃદાવરણ નામ યોગ્ય છે. આ ઘન આવરણને 'ભૂકવચ' અથવા 'પૃથ્વીનો પોપડો' પણ કહે છે.

પૃથ્વી તેની ઉત્પતિ વખતે ગરમ વાયુમય ગોળા સ્વરૂપે હતી. કાળૂમે તેમાં રહેલા દ્રવ્યો ઠરતા ગયા અને તેની સપાટી ઘન સ્વરૂપમાં રૂપાંતર પામી. પૃથ્વીનું આ સપાટી પરનું આવરણ ખડકો અને માટીનું બનેલું છે. પૃથ્વી પરની માટી અને ખડકોમાંથી આપણને અનેક ઉપયોગી ખનિજો પ્રાપ્ત થાય છે. મૃદાવરણમાં પર્વતો, ઉચ્ચપ્રદેશો, મેદાનો, ખીણો અને કોતરો જેવા અનેક ભૂમિ આકારો આવેલા છે જે પૃથ્વીની સપાટી પર પ્રાકૃતિક સૌંદર્યના ભૂમિ દ્રશ્યો ખડા કરે છે.

મૃદાવરણ સજીવોનું અને માનવોનું નિવાસ સ્થાન છે. માનવ પોતાની વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ આ મૃદાવરણના રંગમંચ પર કરીને ગુજરાન ચલાવે છે. પ્રાણીજીવન અને વનસ્પતિ સૃષ્ટિનો ઉ®ભવ અસ્તિત્વ અને વિકાસ મૃદાવરણને આભારી છે. માનવે મૃદાવરણમાંથી અનેક ખનિજો શોધ્યા છે અને ખોદી કાઢયા છે જેમાંના ઘણા ખરા ખનિજો કુદરતી સંયોજનના સ્વરૂપે મળે છે. લોખંડ, કોલસો, ખનિજતેલ, કુદરતી ગેસ, મેંગેનીઝ, યુરેનિયમ, થોરિયમની અનેક ખનિજો રાષ્ટ્રની સંપત્તિ ગણાય છે.

મૃદાવરણ માનવ, વનસ્પતિ અને પ્રાણીઓ તેમજ સૂક્ષ્મ જીવજંતુઓને જરૂરી પોષક તત્વો પૂરા પાડે છે. કેટલાક બાહ્ય કુદરતી બળો જેવા કે નદી, હિમનદી, પવન, સૂર્યપ્રકાશ, વરસાદ, હિમ, તાપમાન ઉપરાંત માનવ અને પ્રાણીઓ દ્વારા મૃદાવરણમાં સતત પરિવર્તન થતું રહે છે. ભૂકંપ અને જવાળામુખી જેવા આંતરિક બળો પણ પૃથ્વીના મૃદાવરણમાં મોટા ફેરફાર કરે છે. ભારતમાં

ઈ.સ. ૧૯૧૧ માં ઉત્તર પ્રદેશમાં થયેલ ભૂકંપે મોટા પ્રમાણમાં જાનમાલની તારાજી સર્જી હતી પણ મૃદાવરણમાં સૌથી વધારે પરિવર્તન કરનાર પરિબળ માનવ છે. માનવે પોતાનું સાંસ્કૃતિક પર્યાવરણ મૃદાવરણ પર રચ્યું છે. જેમાં ખેતી–વાડી, ઉદ્યોગો, રસ્તા, પુલો, વસાહતો અને વાહન વ્યવહારનું જાળું રચીને મૃદાવરણને માઠી અસર પહોંચાડી છે. ભૂમિ પરના માનવના હસ્તક્ષેપે ભૂમિ પ્રદુષણની મોટી સમસ્યા ઉભી કરી છે.

## ૨) <u>જલાવરણ</u>

પૃથ્વી સપાટી પરના પાણીના આવરણોને ‘જલાવરણ’ કહે છે. પૃથ્વી સપાટીનો લગભગ ૭૧ % જેટલો ભાગ આ આવરણ રોકે છે. જલાવરણમાં મહાસાગરો, સાગરો, ઉપસાગરો ઉપરાંત પૃથ્વી પરની નદીઓ, સરોવરો, તળ ાવો જેવા અસંખ્ય જળાશયોનો સમાવેશ થાય છે.

જલાવરણ પૃથ્વી સપાટીના સજીવોને પાણીનો પુરવઠો વરસાદ પુરો પાડે છે તેથી વરસાદ જલાવરણને આભારી છે તેમ કહી શકાય. સૂર્યની ગરમીથી ખુલ્લા મહાસાગરોના પાણીનું સતત બાષ્પીભવન થતું રહે છે પરિણામે વાતાવરણમાં વધુ ને વધુ ભેજ ઉમેરાતો જાય છે. વાતાવરણમાં રહેલો આ ભેજ જયારે ઠંડો પડે છે ત્યારે વરસાદરૂપે પૃથ્વી સપાટી પર પડે છે. આ રીતે જીવ સૃષ્ટિ માટે જરૂરી પાણી વરસાદરૂપે પૃથ્વી સપાટી પર લાવવામાં જલાવરણનો મુખ્ય ફાળો છે. માનવ, વનસ્પતિ તેમજ પ્રાણીઓના અસ્તિત્વ અને વિકાસ માટે પાણી અનિવાર્ય છે. જલાવરણ સજીવોને જીવનજળ આપીને મહત્વની સેવા બજાવે છે. જલાવરણ, વાતાવરણ અને મૃદાવરણ વચ્ચે પરસ્પર સહકારથી જલચૂ રચાય છે તેથી જ તો જલાવરણ પર્યાવરણને જીવંત રાખનારું અતિ ઉપયોગી આવરણ છે.

## ૩) <u>વાતાવરણ</u>

પૃથ્વી તેની ઉત્પતિ વખતે વાયુમય હતી પણ પાછળથી તેના વિવિધ આવરણો બંધાય છે જે પૃથ્વી સપાટીથી આશરે ૮૦૦ કિ.મી. થી ૧,૦૦૦ કિ.મી. સુધીની ઊંચાઈ સુધી વિસ્તરેલા છે. આ વાયુમય આવરણને વાતાવરણ કહે છે. આ વાતાવરણમાં લગભગ ૭૮ % નાઈટ્રોજન અને ૨૧ % ઓક્સિજન વાયુ રહેલો છે જયારે બાકીના ૧ % ભાગમાં કાર્બન ડાયોકસાઈડ, નિઓન, હિલિયમ, ઓઝોન જેવા અનેક વાયુઓ તેમજ પાણીની વરાળ (બાષ્પ) હોય છે. પૃથ્વી સપાટી નજીકનું વાતાવરણ ઘટ્ટ છે જયારે સપાટીથી ઊંચે જતાં હવા પાતળી બને છે અને વાતાવરણની ઘનતા ઓછી થતી જાય છે. પૃથ્વી નજીકના વાતાવરણમાં અનેક અશુદ્ધિઓ સાથે ધૂળના રજકણો, ક્ષારકણો, ઝેરી વાયુઓ તેમજ સૂક્ષ્મ જીવાણુઓ ભળેલા હોય છે.

## ૨.૪ <u>પર્યાવરણ અને પ્રદુષણ</u>

પૃથ્વી સપાટીથી ઊંચે અવકાશ સુધી વિસ્તરેલો વિવિધ આવરણોના બનેલા સંયુકત આવરણને આપણે પર્યાવરણ કહીએ છીએ. માનવની કેટલીય પ્રવૃત્તિને પરિણામે પર્યાવરણમાં અસમતુલા જન્મે છે. વિજ્ઞાન અને બુદ્ધિના બળે તેણે સાંસ્કૃતિક પર્યાવરણનું સર્જન કર્યું છે. પ્રાકૃતિક પર્યાવરણનો ઉપયોગ કરી મનુષ્યે ખેતી, ઉદ્યોગો, વાહન વ્યવહાર અને વ્યાપાર જેવી પ્રવૃત્તિઓ વિકસાવી છે. હવામાં ઉડતા, પાણી પર ચાલતા અને જમીન સપાટી પર ઝડપથી દોડતા વાહનોના દહનના કારણે વાતાવરણ પ્રદુષિત બન્યું છે. મિલ-કારખાનામાં ઝેરી ધુમાડાથી વાતાવરણમાં ઝેરી વાયુઓની માત્રા વધી રહી છે. ઝડપથી વિકસતા શહેરોમાં ઠલવાતી માનવ વસ્તીને પરિણામે કુદરતી પર્યાવરણની સમતુલામાં મનુષ્ય અનેક પ્રદુષણનો ભોગ બન્યો છે. હવા, જળ, ભૂમિ, અવાજ, અવકાશી પ્રદુષણ જેવા વિવિધ પ્રદુષણોને કારણે મનુષ્યે પર્યાવરણને માઠી અસર પહોંચાડી છે.

પર્યાવરણના રક્ષક મનુષ્યે પર્યાવરણમાં પ્રદુષણના સર્જક તરીકેની બેવડી ભૂમિકા ભજવી છે.

## <u>પ્રદુષણ એટલે શું?</u>

પર્યાવરણ સઘળા સજીવોનું પોષક અને રક્ષક છે. પર્યાવરણમાંથી મનુષ્ય, પ્રાણીઓ તેમજ વનસ્પતિ પોતાના અસ્તિત્વ માટેના જરૂરી તત્વો મેળવે છે પરંતુ માનવે પોતાની બુદ્ધિ શકિતના જોરે પર્યાવરણની વિવિધ સંપત્તિનો વધુ ને વધુ ઉપયોગ પોતાની સ્વાર્થવૃત્તિ માટે કર્યો છે. આમ કરવામાં તેણે બીજા સજીવોના અસ્તિત્વની સહેજ પણ ચિંતા સેવી નથી. વિશાળ નગરો, કારખાના, સંહારક શસ્ત્રો તેમજ આકાશના અન્ય ગ્રહોનો તાગ મેળવવાની તેની પ્રવૃત્તિથી કુદરતી પર્યાવરણની સમતુલા જોખમાઈ છે. તેણે ઉદ્યોગ અને કારખાના માટે પાણીનો ઉપયોગ કર્યો પરંતુ તેના નિકાલની સાથે તેમાં ભળેલા ઝેરી રસાયણોને છુટા પાડવામાં ઉદાસીનતા દાખવી. પરિણામે પર્યાવરણમાં જલ પ્રદુષણ ફેલાયું. ઉદ્યોગ અને વાહન વ્યવહારના સાધનો વધતા ગયા. પરિણામે નવા પ્રદુષણે જન્મ લીધો. આમ કુદરતી પર્યાવરણની સમતુલામાં માનવની દખલગીરીને કારણે અવરોધ ઉભો થાય છે ત્યારે સજીવોના જીવન માટે જરૂરી વિવિધ ઘટકો દુષિત કે મલિન થાય છે. આમ માનવની પર્યાવરણ વિરોધી પ્રવૃત્તિને પરિણામે સજીવોના જીવન માટે જરૂરી ઘટકોની દુષિત થવાની ૂિયાને 'પ્રદુષણ' કહે છે. પ્રદુષણ માટે ''મલિનીકરણ'' શબ્દ પણ ઘણો પ્રચલિત છે.

## ૨.૫ <u>પ્રદુષણના પ્રકારો</u>

સજીવો અને મનુષ્યના જીવન માટે જરૂરી હવા, પાણી, ભૂમિ જેવા પર્યાવરણના તત્વોમાં પ્રદુષણ પ્રવેશ્યું છે. પરિણામે શુદ્ધ હવા, પાણીની અછત ઉભી થઈ છે. ભૂમિ દૂષણથી વનસ્પતિ અને પ્રાણી સૃષ્ટિના અસ્તિત્વ માટે ભય

ઉભો થયો છે. માનવ સાથે કુદરત પણ થોડા પ્રમાણમાં પ્રદુષણ ફેલાવે છે પરણિામે પ્રદુષણના મુખ્ય બે પ્રકાર પડે છે.

**૧) કુદરતી પ્રદુષણ.** અને **૨) માનવ સર્જીત પ્રદુષણ.**

## ૧. કુદરતી પ્રદુષણ

માનવસર્જીત પ્રદુષણોમાં હવા, જળ, ભૂમિ, અવાજ અને અવકાશી પ્રદુષણ વગેરે મુખ્ય છે જયારે કુદરત દ્વારા પણ નીચે મુજબના પ્રદુષણો સર્જાય છે.

૧) પૃથ્વીના પેટાળમાંથી થતી આંતરિક ્રિયાને પરિણામે જયારે જવાળામુખીનું પ્રસ્ફોટન થાય છે. ત્યારે તેમાંથી ગંધક, લાવા, ભૂમિ પ્રદુષણ ફેલાવી ખેતપેદાશો અને વનસ્પતિના નાશ કરે છે. માનવ અને પ્રાણીઓનો સંહાર કરે છે. જયારે વાતાવરણમાં ધુમાડો, રાખ અને અન્ય રજકણો ભળતા હવા પ્રદુષણ ફેલાય છે.

૨) સાગર કિનારે ભેજવાળી સતત ફુંકાય છે તેથી ક્ષારપ્રદુષણ વાતાવરણમાં પ્રસરે છે તેથી ભૂમિ અને હવામાં પ્રદુષણ ફેલાય છે.

૩) જંગલોમાં એકાએક ફેલાતા દાવાનળના પરિણામે જંગલમાં વનસ્પતિ સાથે પ્રાણીઓ અને પક્ષીઓનો નાશ થાય છે પરિણામે ભૂમિ ઉપર અને હવામાં પ્રદુષણ ફેલાય છે.

૪) પર્વતીય વિસ્તારોમાંથી વહેતી નદી તેની સાથે અનેકવિધ સેન્દ્રીય પદાર્થો ખસેડી લે છે. આ પદાર્થો કોહવાતા પાણીમાં પ્રદુષણ ફેલાય છે તેથી

ઓક્સિજનનું પ્રમાણ ઘટે છે. આવું ઓક્સિજનની ઓછી માત્રા ધરાવતું પાણી સજીવો માટે હાનિકારક ગણાય છે.

તાજેતરમાં ભારતના બેરન ટાપુમાં સૂયિ બનેલો જ્વાળામુખી તેમજ ફિલિપાઈન્સમાંના પિન્ટુબો જ્વાળામુખી પ્રસ્ફોટન કુદરતી પ્રદુષણનું તાજું ઉદાહરણ છે.

કુદરતી પ્રદુષણ માનવસર્જીત પ્રદુષણ કરતાં ધીમું અને ઓછું જોખમકારક હોય છે. વળી આ પ્રદુષણની અસરો લાંબા ગાળે અનુભવાય છે તેમ છતાં કુદરતી પ્રદુષણ સજીવો માટે હાનિકારક છે.

## ૨. માનવસર્જીત પ્રદુષણ

વિવિધ કારખાના અને ઉદ્યોગો દ્વારા ફેલાતું હવા, પાણી અને અવાજનું પ્રદુષણ માનવ સર્જીત પ્રદુષણ છે. અવકાશી પ્રદુષણના સર્જક પણ માનવી જ છે. ઈ.સ. ૧૯૮૪ ની ભારતની ભોપાલ ગેસ દુર્ઘટના અને ઈ.સ. ૧૯૮૬ ની રશિયાની ચેર્નોબિલની અણુ દુર્ઘટનાઓ માનવ સર્જીત પ્રદુષણના ઉત્તમ ઉદાહરણો છે. મહ®અંશે પ્રદુષણના ઉદ્‌ભવને ફેલાવવામાં મનુષ્યનું પ્રદાન મોખરે છે.

## -: પર્યાવરણ પ્રદુષણ અનુલક્ષીને પ્રદુષણ પંચક :-

પર્યાવરણ પ્રદુષણના પ્રકારો

કુદરતી પ્રદુષણ　　　　માનવસર્જીત પ્રદુષણ

<u>પ્રદુષણ પ્રભાવિત પંચકઃ</u>–

**૧) હવા પ્રદુષણ.**

**૨) જલ પ્રદુષણ.**

**૩) ભૂમિ પ્રદુષણ.**

**૪) અવાજ પ્રદુષણ.**

**૫) અવકાશી પ્રદુષણ.**

આમ આ પર્યાવરણ પ્રદુષણ પંચકના આધારે વ્યકિત પોતાની અમુલ્ય એવી આ પર્યાવરણની સંપત્તિની ખરેખરની સ્થિતિ કયા સ્તરે છે અને તેમાં કેટલો સુધારો જરૂરી છે તે નક્કી કરી શકે છે.

આમ, માનવ અધિકારો એ દરેક મનુષ્યને સમાનતાની રીતે બંધારણમાં આપવામાં આવ્યા છે. વ્યકિત નૈતિક રીતે પર્યાવરણની જાળવણીની જવાબદારી સમજ અને તેનું જતન કરે તો આ પ્રદુષણના વિકટ પ્રશ્નને આપણે સૌ સાથે મળીને હલ કરી શકીએ.

## <u>જળ પ્રદુષણ</u>

### <u>પ્રાસ્તાવિક</u>

''બધી જ વસ્તુઓ જળમય છે.'' – થેઈમસ (ગ્રીક દાર્શનિક).

જળ એ જ જીવન એ ભારતીય સંસ્કૃતિમાં કહેવાયું છે કે બ્રહ્માંડમાં બધા ગ્રહોમાં માત્ર પૃથ્વી પર જ જળ રહેલ છે.

ઈ.સ. ૧૯૮૦ માં પાણીના ઉદ્યોગોનું પ્રમાણ ૨૬૦૦ થી ૩૦૦૦ કિલો /

વર્ષ હતું જેમાં ૭૩ % પાણી સિંચાઈ માટે, ૨૧ % પાણી ઉદ્યોગો માટે અને બાકીનું મનુષ્ય અને પ્રાણીઓના પીવાના અને આનંદપ્રમોદ માટે વપરાય છે એમ અંદાજાયું છે. સિંચાઈના પાણીનો ૮૦ % થી ૯૦ % ભાગ વપરાઈ જાય છે.

ગ્રીક કથા મુજબ પાણી એ તમામ શ્રેષ્ઠ વસ્તુઓ પૈકીની એક શ્રેષ્ઠ વસ્તુ છે છતાં વાપરવાના હેતુ માટે પાણીનો જથ્થો ખુબ જ મર્યાદિત છે કારણ કે દુનિયાભરના પાણીના જથ્થાનો ૯૭ % ભાગ દરીયાનું પાણી ધરાવે છે જે વાપરવા યોગ્ય નથી અને જે પાણી વાપરવા યોગ્ય છે તેને ''તાજા પાણી'' થી ઓળખવામાં આવે છે જેનો જથ્થો માત્ર ૩ % છે જે દુનિયાની તમામ વસ્તીની જરૂરિયાતને પહોંચી વળવા માટે ખુબ જ જુજ જથ્થો ગણાય. માનવજીવન માટે પાણી એક આવશ્યક તત્વ છે પણ તે ઉપયોગી ત્યારે બને જયારે તે બિનપ્રદુષિત હોય. જીવન ધોરણ ઉંચા જતાં પાણીના પ્રદુષણની માત્રાઓ વધી છે જેને લીધે તે વપરાશ યોગ્ય રહેતું નથી તેથી પ્રદુષણ દુર કરવું જરૂરી બને છે.

ભારતમાં અતિ પ્રાચીન કાળથી જળની શુદ્ધિના મહત્વને સ્વીકારવામાં આવ્યું હોવાનું જોવા મળે છે. યજુર્વેદમાં જળને જીવન અને ધન–ધાન્યું ઉદ્ભવસ્થાન કહ્યું છે. ગીતામાં પણ વરૂણદેવની ભકિતના ઉલ્લેખ છે. પાણીમાં મળમુત્ર નાખવા ઉપર, થુંકવા ઉપર, અશુદ્ધ પદાર્થો, ખરડાયેલા કપડાં ધોવા ઉપર, તેમાં લોહી કે ઝેરી પદાર્થો વગેરેને કારણે હાનિકારક બનેલ છે. જળ પ્રદુષણની અસરો નીચે પ્રમાણે છે;

એ) આરોગ્યની હાનિ.

બી) ઉત્પાદન ક્ષમતા ઘટે છે.

સી) પ્રદુષણની વરસાદ ઉપર અસર.

ડી) ઓઝોન પડ ઉપર પ્રદુષણની અસર.

ઈ) પ્રદુષણની માનવી ઉપર અસર.

## જળ પ્રદુષણ

સજીવો અને મનુષ્યની મુળભુત જરૂરિયાતોમાં પાણી પણ એક અગત્યની જરૂરિયાત છે. ગૃહ વપરાશના કાર્યો ઉપરાંત ખેતીવાડી અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓમાં પણ પાણીનો વપરાશ થાય છે જેમ જેમ પાણીનો વપરાશ વધવા લાગ્યો છે તેમ તેમ તેની તંગી પણ અનુભવાય છે. મનુષ્ય દ્વારા શુદ્ધ પાણીના વપરાશની જગ્યાએ દુષિત પાણીનું પ્રમાણ વધતું જાય છે. સ્વચ્છ નિર્માણ પાણી આપતી નદીઓ આજે ગંદા વહેણ વાળી બની ગઈ છે. શહેરો અને ગામની અશુદ્ધિઓ તેમજ ઔદ્યોગિક કચરાનો નિકાલ સતત વધવાના કારણે નદીઓ, ઝરણાં, સરોવરો અને સમુદ્રો સાર્વજનિક ઉકરડા સમાન બની ગયા છે.

ભારતની નવ મોટી નદીઓ જેવી કે ગંગા, જમુના, ગોદાવરી, નર્મદા, કાવેરી, કૃષ્ણા, ભીમા, તાપી અને સાબરમતી પ્રદુષિત નદીઓ બની ગઈ છે. ગંગા નદીના પ્રદુષિત જળના શુદ્ધિકરણની યોજના હાલમાં અમલી બની છે. ભારતમાં ધાર્મિક સ્થળો ઉપર થઈ રહેલી વિધિના કારણે પણ જળ પ્રદુષણ થઈ રહેલ છે.

જળ પ્રદુષણની સૌથી માઠી અરસ નદી કિનારે વસતા લોકોને થાય છે. સૌરાષ્ટ્રમાં ભાદર નદીના કિનારે જેતપુર સાડી ઉદ્યોગ માટે જાણીતું છે. અહીં સાડીઓ પર છાપકામ કરતાં અસંખ્ય કારખાનાઓ આવેલા છે અને તેનું રસાયણયુકત પાણી નદીમાં ભળે છે પરિણામે હેઠવાસમાં આવેલ ધોરાજી, ઉપલેટા અને અન્ય કેટલાંક ગામોમાં રસાયણયુકત પાણી માનવ તેમજ પશુઓ માટે હાનિકારક બન્યું છે.

જળ પ્રદુષણથી સજીવમાત્રને હાનિ પહોંચી શકે છે. નદીઓ સૃષ્ટિસંચારની જીવાદોરી છે પરંતુ આપણે તેને કચરો નિકાલ કરવાની ગટરો બનાવી દીધી છે. પ્રશ્ન એટલો વિકટ બન્યો છે કે પાણીની અશુદ્ધિ અને અછત વધતી જાય છે. પીવાના પાણીની અછત માટે પણ પર્યાવરણ વિનાશ જ જવાબદાર છે. ભૂગર્ભજળ નું શોષણ, પાણી સંગ્રહવાની શકિત બન્નેના વિનાશ અને પાણીની અછતને પારસ્પરિક સંબંધ છે. એક સમયે પાણીના શુદ્ધિકરણની કોઈ જટીલ સમસ્યા ન હતી પરંતુ શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણ વધવાની સાથે શુદ્ધ પાણીની સમસ્યા વધતી ગઈ છે. ઉદ્યોગમાંથી આવતો રાસાયણિક કચરો, ઘરવપરાશમાં વપરાતા સોડા, ડિટર્જન્ટ, પ્લાસ્ટીક, હોસ્પીટલમાંથી આવતા જીવાણુઓ અને વિષાણુયુકત પાણી, જંતુનાશક દ્રવ્યો  વાળું પાણી ગટરમાં વહીને જળસ્ત્રોતને પ્રદુષિત કરે છે. દરરોજ દરેક માણસને પીવા માટે ઓછામાં ઓછા ૩ લિટર પાણીની જરૂર પડે છે પરંતુ આ પાણી શુદ્ધ હોવું જોઈએ. પ્રદુષિત પાણી અનેક રોગો ઉત્પન્ન કરે છે. ૧૯૯૧ થી ભારતે અપનાવેલી નવી ઔદ્યોગિક નીતિની સાથે અન્ય રાષ્ટ્રોના અનેક પ્રદુષણ જન્ય ઉદ્યોગો જેવા કે જંતુનાશક દવા, રસાયણો, ડાઈંગ વગેરે ઉદ્યોગો ભારતમાં આવ્યા છે.

## પ્રદુષિત પાણી

પ્રદુષિત પાણી એટલે કે જે પાણીમાં અસંગત તત્વો ભળેલા હોય છે તેવું પાણી પ્રદુષિત કહેવાય. પાણીમાં બે અણુ હાઈડ્રોજન અને એક અણુ ઓકિસજનમાં ભળવાથી અને તેને ગરમી આપવાથી પાણીનું સ્વરૂપ થાય છે. પાણી એ રંગહીન અને પારદર્શક પદાર્થ છે પણ જયારે તે પ્રદુષિત પાણી કે બગડેલું પાણી ઘરગથ્થું વપરાશ, ઔદ્યોગિક, ખેતી કે તેના અન્ય કાયદેસર વપરાશ માટે જાહેર તંદુરસ્ત માટે હાનિકારક પુરવાર થાય છે. આ ઉપરાંત પ્રાણીઓની તંદુરસ્તી અને જળ વનસ્પતિના અસ્તિત્વ માટે હાનિકારક પુરવાર થાય છે.

જો વૈજ્ઞાનિક રીતે જોઈએ તો જળ પ્રદુષણ, ઘન, પ્રવાહી કે વાયુરૂપી પદાર્થોથી થઈ શકે છે. તેમાં જાત જાતના જંતુનાશકો, ખાતરો, ડિટર્જન્ટ, અનેક જાતના એસિડો અને ઝેરી પ્રવાહીઓ હોઈ શકે છે. આ બધાની માનવ, પ્રાણી, વનસ્પતિ અને જળચર સૃષ્ટિ ઉપર નુકશાનકારક અસરો પડતી હોય છે પરિણામે જળપ્રવાહની ગતિ ધીમી પડી જાય છે.

આપણા દેશમાં જુદા જુદા ધારામાં ‘જળ પ્રદુષણ’ ના જુદા જુદા અર્થ જોવા મળે છે. કયાંક તેનો ઉપદ્રવ તરીકે તો કયાંક તેનો કચરો લઈ જવામાં ‘બેપરવાહી’ કે ‘પાણીને મેલું કરવું’ એવા અર્થ જોવા મળે છે તે ઉપરાંત કચરો ઠાલવવો અથવા જળ પ્રવાહને જોખમી નુકશાનકારક કે ઓછા ઉપયોગથી બનાવે તે રીતે કોઈ નદી કે વહેતા જળ પ્રવાહના ખલેલ કરવી તેમાં ફેરફાર કરવો તેને જળપ્રદુષણ કહ્યું છે. પાણીમાં ડાયનામાઈટનો ઉપયોગ, તેલનો નિકાલ કરવો, વહાણનો વધારાનો માલ કે કચરો ઠાલવવો જેવા કૃત્યો પણ જળ પ્રદુષણ કહેવાય. તો ઘણીવાર પ્રદુષણ કરતાં પ્રદુષણ થવાની રીત ઉપર વધુ ભાર મુકાયો હોવાનું જોવા મળે છે જયારે પાણીની ઉપયોગીતા ઘટી જાય ત્યારે દ્રષ્ટિ, સ્વાદ અને ઈન્દ્રીયો માટે હાનિકારક બને તે રીતે તે પાણીની કુદરતી ગુણવત્તા તેમાં અમુક પ્રકારના અને અમુક જથ્થામાં પદાર્થો ઉમેરવાને કારણે બદલાઈ ગયેલ હોય ત્યારે તેનું પ્રદુષણ થાય તેમ કહેવાય છે જયારે જળ પ્રદુષણ થતું હોય છે ત્યારે તે પદાર્થના ભૌતિક, રાસાયણિક કે જીવ વિજ્ઞાની ગુણધર્મો માનવ વનસ્પતિને હાનિકારક અસરો નીપજે છે. એ. એસ. વિઝડમ જળ પ્રદુષણના ઉદારહણો આ પ્રમાણે છે;

(૧) નરમ પાણીના પ્રહાવમાં સખત પાણી ઉમેરવું.

(૨) ઘર અને કૃષિ વપરાશ માટે પાણીને અયોગ્ય બનાવવું.

(૩) પાણીનું ઉષ્ણતામાન વધારવું.

(૪) પાણીમાં રહેલી માછલી મરી કે ભાગી જાય તે રીતે ગંદુ કરવું.
(૫) ઢોરને ધોવા માટે કે પીવા માટે પાણીને અયોગ્ય બનાવવું.
(૬) પાણીના વહેણમાં ગટરનો કે ઉદ્યોગોનો કચરો ઠાલવી તેને ગંદું કરવું.
(૭) નહેરના પાણીને ગંધાતું કરવું.
(૮) નદીમાં દુર્ગંધયુકત કચરો નાંખવો.

જયારે પાણીમાં તેના ઉપયોગનું મુલ્ય ગેરવ્યાજબી રીતે જોખમાય તેટલા પ્રમાણમાં તેટલા જથ્થામાં આવા પદાર્થો ભળેલા હોય ત્યારે તે પાણી પ્રદુષિત બન્યું છે તેમ કહેવાય.

## ૨.૬ ભારતમાં જળપ્રદુષણ

આપણે જાણીએ છીએ કે, પાણી જીવનની મહત્વની જરૂરિયાત છે. મનુષ્યના શરીરનો ૭૦ % ભાગ પાણીમય છે. લોહીમાં ૯૮ % કોષોમાં ૭૫ % અને હાડકામાં ૨૨ % પાણી હોય છે.

પૃથ્વીનો કુલ ૫૧ કરોડ ચો.કિ.મી. વિસ્તાર છે જેમાંથી ૩૬.૧ કરોડ ચો.કિ.મી. દરિયાથી આચ્છાદિત છે.

શ્રી કુડેસિયાના અંદાજ પ્રમાણે ફકત ૧૨ % લોકોને જ શુદ્ધ પીવાનું પાણી મળે છે. ૮૧ % લોકો તેમની તરસ પ્રદુષિત પાણીથી છીપાવે છે.

ભારત સરકારના ''સેન્ટ્રલ બોર્ડ ફોર પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ વોટર પોલ્યુશન'' ના ચેરમેન ડો. નિલય ચૌધરી જણાવે છે કે એકલા મુંબઈના ઉદ્યોગો

પાણીના સાધનોમાં જમા થતા કચરાનો ૧૭ % હિસ્સો ધરાવે છે. કલકત્તામાં ૮૯ % કચરો ઘર–ઘરાઉ છે. દિલ્હીમાં યમુના નદીમાં દરરોજનો ૨૦૦૦ લિટર બિનમાવજત કરેલો કચરો ઠલવાય છે. તેથી ડો. ચૌધરી જણાવે છે કે, ૧૫ વર્ષમાં રૂા. ૪૫૦ કરોડનો ખર્ચ કરી ૧૪૦ શહેરો અને નગરોના ગટરોના કચરાને માવજત આપી શુદ્ધ કરીને જ નદીઓમાં તથા તળાવોમાં ઠાલવવાનો રહેશે.

## ૨.૬.૧ <u>વિવિધ રાજયોમાં જળપ્રદુષણની સમસ્યાઓ</u>

આપણા દેશમાં મહારાષ્ટ્ર, ઓરિસ્સા અને તામિલનાડુ સિવાયના રાજયોએ ૧૯૭૪ નો પાણી પ્રદુષણ નિયંત્રણ ધારો સ્વીકારી તેનો અમલ શરૂ કરી દીધો છે.

મધ્ય પ્રદેશમાં મધ્ય પ્રદેશ સરકારે કાયદાથી ગ્વાલિયર રેયોન ફેકટરીને વોલિયાર નદીને પ્રદુષિત કરતી રોકી છે.

### (૧) <u>ગોવા</u>

ગોવામાં પણ એક ''એગ્રો કેમિકલ્સ'' ફેકટરીને પ્રદુષણ પ્લાન્ટ ન નાખે ત્યાં સુધી કામ કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે. ગોવામાં માર્મગોવાનો દરિયાના બંદરનો વિસ્તાર ઔદ્યોગિક વિકાસને કારણે પ્રદુષિત બની ચૂકયો છે.

### (૨) <u>ઉત્તરપ્રદેશ</u>

ઉત્તરપ્રદેશમાં ગંગા નદીમાં પ્રદુષણ માત્રા ઘણી જ વધી છે અને તેથી તે અંગે એક જુદી એજન્સી પણ સ્થાપવામાં આવી છે. કાનપુર પાસે ગંગામાં કાર્બનિક અને અકાર્બનિક કચરામાં ચામડું, ધાતુ, ક્ષારો, રૂ, ગન પાઉડર વગેરે પ્રદુષિત દ્રવ્યો દરરોજ મોટા પ્રમાણમાં દાખલ થાય છે તે ઉપરાંત યમુના, ગોમતી,

હીડનધારા, બેટવા, કેન નદીઓ તથા નૈનિતાલ સરોવરના પ્રદુષણના પ્રશ્નો પ્રત્યે સરકાર જાગૃત બની છે.

## (૩) **બિહાર**

બિહારમાં સ્ટીલ ઉદ્યોગ, કોલસાની ખાણનો ઉદ્યોગ, થર્મલ પાવર સ્ટેશનો, ગંગા, કોસી, સોન અને દામોદર નદીઓને ખુબ જ ગંભીર પ્રમાણમાં પ્રદુષિત કરી રહ્યા છે. કેટલાંક રસાયોણના કારણે માછલીઓ તથા ઝેરી વાયુઓને કારણે પ્રાણીઓનું જીવન જીવવું મુશ્કેલ બની ગયું છે. પેટ્રોલિયમ તેલ ઉદ્યોગ અને બીજા રસાયણ ઉદ્યોગોને કારણે બ્રહ્મપુત્રા નદી પણ પ્રદુષિત બની રહી છે.

## (૪) **રાજસ્થાન**

રાજસ્થાનમાં યુરિયા, એમોનિયા, ક્લોરીનને કારણે ચંબલ નદીનું પ્રદુષણ વધતાં માછલીઓને તથા મનુષ્ય જીવનને મુશ્કેલી ઉભી થઈ છે તે ઉપરાંત બનાસ નદીમાં ચર્મ ઉદ્યોગને કારણે પેન્કપાસે, દારૂ ઉદ્યોગને કારણે પાર્વતી નદીને તથા પાણીના રંગ છાપકામ ઉદ્યોગને કારણે બાન્દી નદીને ગંભીર પ્રદુષણનો સામનો કરવાનો થયો છે.

## (૫) **કેરાલા**

કેરાલામાં ૫૦૦૦ લિટર જેટલું ઔદ્યોગિક પ્રવાહી આજુબાજુની નદીઓને પ્રદુષિત કરે છે. વિપુલ પ્રમાણમાં વપરાતી જંતુનાશકો પણ પ્રદુષણમાં ઉમેરો કરે છે. પાકની એક જ સિઝનમાં ૧૦૦૦ ટન જંતુનાશક દવાઓ વપરાય છે છેવટે ખેતરોમાંથી બહાર નીકળી નદીઓમાં વહે છે તેના કારણે ચેલીયાર નદીનું પાણી ‘‘બદામી’’ રંગનું થઈ ગયું છે.

## (૬) <u>મહારાષ્ટ્ર</u>

મહારાષ્ટ્રમાં ૨૦૦૦ ટન કચરાને બાળી નંખાતા હવા પ્રદુષિત થાય છે પરંતુ બીજો ૧૦૦૦ ટન કરતાં પણ વધારે કચરો દરિયામાં ઠાલવતાં માછલીઓ અને દરિયાઈ પ્રાણીઓના જીવનને સંકટમાં મુકે છે તેથી મુંબઈની આસપાસની માછલીઓ મનુષ્યના ખોરાકને યોગ્ય ગણાય નહીં તે ઉપરાંત પેટ્રોલિયમ તેલનું પ્રમાણ પણ દરિયાને બગાડી રહ્યું છે. મહારાષ્ટ્રમાં ૧૪ નદીઓમાંથી ૯ નદીઓમાં ખાંડના કારખાના, દારૂ ઉદ્યોગ, પેપર મિલ્સ તથા રાસાયણિક કારખાનાઓના કારણે પ્રદુષણ વધ્યું છે.

## (૭) <u>જમ્મુ કાશ્મીર</u>

જમ્મુ કાશ્મીરમાં જેલમ નદી તથા દાલ સરોવરના પાણી દુષિત થયા છે. દાલ સરોવરમાં માનવીના મળમુત્રનો કચરો ખુબ વધી ગયો છે. રાજય સરકારે દાલ સરોવરને શુદ્ધ કરવા માટે રૂા. ૨૦૦ કરોડનો એકશન પ્લાન પણ તૈયાર કર્યો છે.

## (૮) <u>બંગાળ</u>

બંગાળમાં ગેલનો મોઢે ઔદ્યોગિક પ્રવાહી કચરો હુગલી નદીમાં ઠલવાય છે. કલકત્તા દેશમાં સૌથી વધુમાં વધુ પ્રદુષિત શહેર ગણાય છે. અમેરિકાના સૌથી વધુ પ્રદુષિત શહેર લોસ એન્જલસ જેટલું પ્રદુષણનું પ્રમાણ કલકત્તાનું ગણાય છે.

## (૯) <u>ગુજરાત</u>

ગુજરાતમાં ૧૭ નદીઓમાંથી મોટાભાગની નદીઓ પ્રદુષણ પામેલી છે તેમાં ઔદ્યોગિક તથા જૈવિક કચરો ઠલવાય છે. સૌરાષ્ટ્રમાં આવેલ જેતપુર નજીક

વહેતી ભાદર નદીનું પ્રદુષણ એટલું બધું ભયંકર છે કે નદીના વહેણની નીચેની દિશામાં ૧૦-૧૨ કિલોમીટર સુધીના વિસ્તારમાં લોકો ડાય-સ્ટફના રંગવાળું પાણી પીએ છે. આ રંગની જવાબદારી જેતપુરમાં થતા સાડી ઉદ્યોગના રંગાટીકામની છે.

## (૧૦) **મધ્યપ્રદેશ**

મધ્યપ્રદેશમાં સોના અને તાપી નદીઓમાં પેપર મિલ્સનું ગંદુ અને પ્રદુષિત પાણી વહી તેને પ્રદુષિત કરે છે.

## (૧૧) **આંધ્રપ્રદેશ**

આંધ્રપ્રદેશના ૧૫ નદીઓ અને સરોવરો પ્રદુષિત થયા છે. કૃષ્ણ નદીનું પ્રદુષણ નાગાર્જુન સાગર અને પુલિકટ સરોવર પણ પ્રદુષિત થઈ ચુકયા છે.

## (૧૨) **તામિલનાડુ**

તામિલનાડુમાં ચેન્નાઈ પાસે અડીયાર નદીમાં રોજનું ૪ કરોડ ગેલન પ્રદુષિત પાણી ઠલવાય છે. રાજયમાં આવેલ ૪૩૦ 'ટેનરી' ના ચર્મઉદ્યોગનું પ્રદુષિત પાણી રાજયની સપાટી પર અને ભૂર્ગભ જળને પ્રદુષિત કરે છે.

## (૧૩) **કર્ણાટક**

કર્ણાટકમાં તુંગભદ્રા, બેબાલા અને કાવેરી નદીઓના પાણી રાજયમાં આવેલી ૮૦૦૦ કરતાં વધારે ફેકટરીઓના કારણે પ્રદુષિત થયા છે.

## (૧૪) **દિલ્હી**

દિલ્હી શહેર દરરોજનું ૧૨ લાખ કિલોલીટર પાણી વાપરે છે અને તેમાંનું ૯.૬ લાખ કિલોલીટર પ્રદુષિત પાણી યમુના નદીમાં દરરોજ ઠાલવે છે.

તેથી આજથી ઔદ્યોગિક વિકસીત દુનિયામાં ચોખ્ખા પીવાલાયક પાણીનો પ્રશ્ન ઘણો જ અગત્યનો પ્રશ્ન બની રહ્યો છે.

ખાનગી ઉદ્યોગોએ પણ સમજવું જરૂરી છે કે, પોતાના ઉદ્યોગોનું ગંદુ પાણી ગટરમાં નાખતાં પહેલાં જેટલું બને તેટલું શુદ્ધ રાખવું જોઈએ. જો કે કુદરતે તો  ઠરાણ ૂયિા ઓક્સિડેશન ૂયિા દ્વારા પાણીના શુદ્ધિકરણનું આયોજન કરેલું જ છે.

# પ્ર ક ર ણ – ૩

# ભારતમાં પર્યાવરણ સુરક્ષા સંબંધી કાયદાઓ

## ૩.૧ <u>સ્ટોકહોમ પરિષદ પહેલાં ઘડાયેલ કાયદાઓ</u>

પર્યાવરણીય પ્રદુષણ અંગે જાગૃતિ ૭૦ ના દાયકામાં ૧૯૭૨ માં સ્ટોકહોમ પરિષદ બાદ વિશ્વકક્ષાએ જોવા મળી જેમાં કુલ ૧૧૨ જેટલા દેશોએ ભાગ લીધેલ, ભારતે પણ સ્ટોકહોમ પરિષદમાં ભાગ લીધેલ અને ભારતમાં તે પરિષદ બાદ તેના અનુસંધાને કાયદા ઘડવામાં આવેલા.

તિવારી કમીટીના રિપોર્ટ અનુસાર ઈ.સ. ૧૯૮૦ માં આપણા દેશમાં પર્યાવરણ સુરક્ષા અંગે કેન્દ્ર અને બીજા રાજયોના લગભગ ૨૦૦ જેટલા કાયદાઓ છે, જેમાંના મુખ્ય નીચે પ્રમાણે છે;

### ૩.૧.૧) <u>ભારતીય ફોજદારી ધારો, ૧૮૬૦</u>

આ કાયદો જાહેર જનતાને સામાન્ય ઈજા, ભય કે ત્રાસદાયક કૃત્યો, ચેપી રોગ ફેલાવે, જાહેર જળાશય કે ઝરણાં પીવાલાયક પાણીનો બગાડ કરે, જાહેર માર્ગ, નદી, નહેર કે તેનો બગાડ કરતાં કે કોઈ વ્યકિતની મિલ્કતને હાનિ પહોંચાડે તેવા કૃત્યો કરે વગરે સંદર્ભે શિક્ષાત્મક જોગવાઈઓ કરવામાં આવેલ છે.

### <u>ભારતીય ફોજદારી ધારામાં પ્રદુષણ વિષે પ્રબંધ</u>

માનવસર્જીત ઉપદ્રવોના બે પ્રકાર છે. સાર્વજનિક ઉપદ્રવ (કંટક) અને ખાનગી ઉપદ્રવ તે પૈકી સાર્વજનિક કંટક (nuisance) એવું પ્રદુષણ છે જેનાથી બધા નાગરિકોને હાનિ થાય. ભારતીય ફોજદારી ધારામાં ૧૪ મા પ્રકરણમાં

આ માટે પ્રબંધ છે. આ પ્રબંધો સાર્વજનિક પ્રદુષણ કે હાનિકારક કૃત્યોના અંકુશ માટેના પ્રબંધો છે. ભારતીય ફોજદારી ધારાની કલમ – ૨૬૮ સાર્વજનિક ઉપદ્રવ અથવા કંટક માટે છે.

કલમ ૨૭૭:– ખાસ જળપ્રદુષણ માટેની કલમ છે. જે વ્યકિત કોઈ સાર્વજનિક જળસ્ત્રોત અથવા જળસંચયને સ્વેચ્છાપૂર્વક પ્રદુષિત કરી બગાડે, જેને લીધે આ જળપ્રવાહ કે જળસંચય જે હેતુથી કરવામાં આવેલ હોય અને તેનો સામાન્ય નિરૂપદ્રવી લાભકારક ઉપયોગ જનતા કરતી હોય તેનું આવું સ્વેચ્છાપૂર્વક કરેલું પ્રદુષણ શિક્ષાપાત્ર છે.

## ૩.૧.૨) **ભારતીય પોલીસ ધારો, ૧૮૬૧**

આ કાયદા અન્વયે પોલીસને જાહેર પ્રદુષણ નિયંત્રણ માટે પગલાં લેવા સત્તા આપવામાં આવેલ છે. જેમ કે દુર્ગંધ, ઘોંઘાટ (જાહેર ઉત્સવ પ્રસંગે ઘોંઘાટનું પ્રમાણ નક્કી કરવું), જાહેર માર્ગો પરની અડચણ, ત્રાસ, જોખમ ઉભું કરવું, ઢોરની કતલ, ઢોરને બેદરકારીથી હાંકવું, અડચણરૂપ વાહનો, ધુળ, ઢેફાં, ગંદકી, કચરો વગેરે દ્વારા પ્રદુષણ ફેલાવવું, જાહેરમાં નિર્વસ્ત્ર કે રોગગ્રસ્ત અવયવો ખુલ્લા રાખવા વગેરે.

## ૩.૧.૩) **ભારતીય માછીમારી કાયદો, ૧૮૯૭**

આ કાયદા દ્વારા નદીઓ, તળાવો, જળાશયો, સરોવરોમા વસવાટ કરતી માછલીઓને મારવી કે તેમાં ઝેરી દ્રવ્યો નાંખી જળસૃષ્ટિનો નાશ કરવા સામે પ્રતિબંધાત્મક તેમજ શિક્ષાત્મક પગલાં લેવા જોગવાઈ કરવામાં આવેલ છે.

## ૩.૧.૪) **બોમ્બે પોલીસ એકટ, ૧૯૫૧**

આ કાયદા અન્વયે સ્થાનિક પોલીસ અધિકારીને અવાજનું પ્રદુષણ જયાં માનવ મહેરામણ પ્રસંગે ફાટી નીકળતાં રોગચાળો, રસ્તે રખડતાં ઢોર, જાહેર રસ્તા, નદી, નાળા, તળાવો, કુવા, જળાશયો વગેરેને પ્રદુષિત થતાં અટકાવવા અંગે પગલાં લેવાની સત્તા આપે છે તથા ઉપર મુજબ દોષિત વ્યકિતને સજા તેમજ દંડની જોગવાઈઓ પણ છે.

## ૩.૧.૫) **દિવાની કાર્યવાહીનો કાયદો, ૧૯૦૮**

દિવાની કાર્યવાહી ધારામાં ઓર્ડર–૩૯ હેઠળ જમીન, પાણી, હવા, વનસ્પતિ કે જાહેર મિલ્કતના રક્ષણ માટે રાજય કે જાહેર જનતાએ બધી કુદરતી સંપત્તિનું પ્રદુષણ કરનાર સામે કાયમી કે કામચલાઉ મનાઈ હુકમ મેળવવા દિવાની અદાલતમાં અરજી કરી શકે છે.

## ૩.૧.૬) **ભારતીય બંદરગાહ કાયદો, ૧૯૦૮**

આ કાયદામાં બંદરોને સુરક્ષિત રાખવા, પ્રદુષણ થતા અટકાવવા સામે પગલાંઓ તેમજ નિયમન  કરવા અંગેની જોગવાઈઓ છે જેવી કે દરીયાકાંઠાને કચરો કે અન્ય વસ્તુઓ નાંખીને છીછરો કરવો, તેલ કે અન્ય રસાયણોથી પ્રદુષિત કરવો, દરિયામાં કચરો, નકામી વસ્તુઓનો નિકાલ કરવો અને તેનો બગાડ કરવો વગેરે.

## ૩.૧.૭.) **ઈન્ડીયન ફોરેસ્ટ એકટ, ૧૯૨૭**

આ કાયદા હેઠળ અનામત વન જાહેર કરી તેને હાનિ કરનાર સામે સજા અને દંડની જોગવાઈ કરવામાં આવી છે.

આ કાયદા હેઠળ મુખ્યત્વે કરીને વનોમાં આગ લાગવી, ઢોર ચરાવવા, ઝાડ ડાળખાને નુકશાન કરવું, વન પેદાશને બહાર લઈ જવી, શિકાર કરવો, પાણીને પ્રદુષિત કરવું, વનોને રક્ષિત વન તરીકે જાહેર કરવા, વનોની જાળ વણી, જમીનનું ધોવાણ અટકાવવું વગેરે અંગેના કાયદાનો જોગવાઈ કરી.

આરક્ષિત વનના વૃક્ષોનું કાપવું, બાળવું, નુકશાન કરવું, આગ લગાડવી વગેરે માટે છ માસ સુધીનો દંડ કે રૂા. ૫૦૦-૦૦ સુધીની સજા જોગવાઈ થઈ શકે છે.

### ૩.૧.૮.) **કારખાના ધારો, ૧૯૪૮**

આ કાયદામાં ઉત્પન્ન પ્રૂયિા દરમ્યાન નીકળતો કચરો, બળેલા પદાર્થો, ગંદા પ્રવાહી, રસાયણો, ધુળ, ધુમાડો વગેરેનો યોગ્ય નિકાલ કરવો, જોખમી પ્રૂયિા તેમજ જોખમી પદાર્થોનો ઉપયોગ સંદર્ભની ઉત્પાદકોની ફરજો, કબજેદારે ફરજીયાત રીતે જાહેર કરવી પડે તેવી માહિતી, દાકતરી તપાસ, સલામતી વગેરે અંગે વિસ્તૃત જોગવાઈ કરવામાં આવી છે.

### ૩.૧.૯) **સૌરાષ્ટ્ર ફોલીંગ ઓફ ટ્રીઝ એકટ, ૧૯૫૧**

આ કાયદો ગુજરાત રાજયમાં ૧૯૬૦ પછી લાગુ પાડવામાં આવ્યો છે. આ કાયદો ઝાડના માલિકોને પણ સરકારી પૂર્વપરવાનગી વગર જમીનમાંથી ઝાડ કાપવા ઉપર પ્રતિબંધ મુકે છે.

### ૩.૧.૧૦) **ધ મર્ચન્ટ શીપીંગ એકટ, ૧૯૫૮**

દરિયાઈ પ્રદુષણને રોકવા અને તેના ઉપર અંકુશ લાવવા માટે આ કાયદાને ઘડવામાં આવ્યો છે જેમાં ૧૯૮૩ માં સુધારા દ્વારા દરિયામાં છોડવામાં

આવેલ તેલ, તૈલ મિશ્રણો દ્વારા દરિયાઈ પાણીને પ્રદુષિત થતું રોકવા સંબંધી, તેલ પ્રદુષણ સંબંધી તેલ પ્રદુષણ વેરો વસુલવાની વગેરે જોગવાઈઓ કરવામાં આવી છે.

## ૩.૧.૧૧) **ગુજરાત ધુમાડા ઉપદ્રવ કાયદો, ૧૯૬૩**

આ કાયદા દ્વારા ઈંટો, ટાઈલ્સ, ચૂનાની ભઠ્ઠીઓ, ધાતુ ગાળણ ભઠ્ઠીઓ, રોલીંગ મીલ્સ દ્વારા ઉત્પાદિત થતાં ધુમાડાથી વાતાવરણને પ્રદુષિત થતું રોકવા સંદર્ભે પગલાં લેવા અંગેની જોગવાઈ કરવામાં આવી છે જેમાં મુખ્યત્વે ઉપરોકત કારખાનામં ચીમનીઓ બાંધવા પૂર્વ પરવાનગી અંગેની જોગવાઈ છે.

## ૩.૧.૧૨) **ગુજરાત નગર પાલિકા અધિનિયમ, ૧૯૬૩**

આ કાયદાઓમાં જાહેર આરોગ્ય તેમજ પર્યાવરણ શુદ્ધિ માટે નગર પાલિકાઓની ફરજ તેમજ સત્તા નીચે મુજબની જોગવાઈઓ છે;

૧) જોખમી અને હાનિકારક ધંધાનું નિયમન.

૨) જાહેર રસ્તા, ગટરો સ્વચ્છ રાખવા.

૩) મળમૂત્ર અને કચરાના નિકાલની વ્યવસ્થા કરવી.

૪) ભયજનક રોગચાળો ન ફેલાય તે અંગે પગલાં લેવા.

૫) પ્રાણીઓ અને મનુષ્યોના મૃતદેહોનો યોગ્ય નિકાલ કરવો.

૬) જાહેર રસ્તે રખડતાં ઢોર, કુતરા, ડુક્કરો વગેરેથી સુરક્ષા તેમજ તેના દ્વારા ફેલાતા રોગો સામે તકેદારીના પગલાં.

૭) જાહેરમાં ધુળ, ધુમાડો, અવાજ વગેરેથી વાતાવરણને પ્રદુષિત થતું અટકાવવું.

### ૩.૧.૧૩) **જંતુનાશક કાયદો, ૧૯૬૮**

આ કાયદા દ્વારા જંતુનાશકોના ઉત્પાદન, વાહન, વહેંચણી, ઉપયોગ વગેરે ઉપર નિયંત્રણ મુકતી જોગવાઈઓ કરવામાં આવી છે. જંતુનાશકોના ઉત્પાદકો દ્વારા તેની ફરજીયાત નોંધણી, લાયસન્સ તથા કાયદાના ઉલ્લંઘન સંદર્ભે કેદની સજા તેમજ દંડની જોગવાઈ છે.

### ૩.૧.૧૪) **ફોજદારી કાર્યવાહી ધારો, ૧૯૭૩**

આ ધારા અન્વયે જાહેર ઉપદ્રવ અને તેને દુર કરવાની જોગવાઈઓ કરી છે જેમાં કલમ-૧૩૩ જાહેર ઉપદ્રવ દુર કરવા અંગેની છે. કલમ-૧૪૩ જાહેર ઉપદ્રવ પર મનાઈ તેમજ કલમ-૧૪૪ જાહેર ઉપદ્રવ પ્રસંગે તાકીદના હુકમ કરવાની સત્તા આપેલ છે.

## ૩.૨. **સ્ટોકહોમ પરિષદ બાદ ઘડાયેલ કાયદાઓ**

૭૦ ના દાયકામાં સમગ્ર વિશ્વમાં પર્યાવરણ અંગે જાગૃતિ ફેલાઈ અને સ્ટોકહોમ પરિષદના સભ્યદેશોને પર્યાવરણ અંગે કાયદા ઘડવા અને તેનો અમલ કરવા અંગે આહવાન કરવામાં આવેલું. આ પરિષદમાં ભારત વતી નેતૃત્વ શ્રી ઈન્દિરા ગાંધીએ પુરું પાડેલ. પર્યાવરણ સુરક્ષાનો પ્રશ્ન આવી એક અગત્યની સામાજિક સમસ્યા છે તે વિશે તો કોઈ શંકા નથી. સમસ્યાના ઉપાયરૂપે પર્યાવરણ અંતરંગના કાયદાઓ ઘણી અગત્યતા ધરાવે છે જેની વિગતે ચર્ચા નીચે મુજબ આપી શકાય.

### ૩.૨.૧) **પર્યાવરણ સુરક્ષા નિયંત્રણ અને નિવારણ ધારો, ૧૯૮૬.**

આ પર્યાવરણ સુરક્ષા ધારો, ૧૯૮૬ કહેવાશે તે સમગ્ર ભારતને લાગુ

પડશે. કેન્દ્ર સરકાર ગેઝેટમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે તે અમલમાં આવશે અને આ ધારાની જુદી જુદી જોગવાઈઓ માટે અને જુદા જુદા વિસ્તારો માટે જુદી-જુદી તારીખો નક્કી કરી શકાશે (તા. ૩૧-૧૧-૧૯૯૪ થી અમલમાં આવેલ છે).

ઈ.સ. ૧૯૭૨ માં સ્ટોકહોમ ખાતે મળેલી સંયુકત રાષ્ટ્રોની બેઠકમાં માનવ પર્યાવરણ અંગે જાહેરનામું બહાર પાડવામાં આવેલું. એ જાહેરનામા મુજબ દુનિયાના દેશોએ પર્યાવરણ સુરક્ષા માટેના કાયદાઓ ઘડવા માંડયા. આપણા ભારતમાં તો વૈદિકકાળથી પર્યાવરણની શુદ્ધતા માટેના પ્રબંધો અસ્તિત્વમાં હતા. ઔદ્યોગિક ્રાંતિએ તો તદ્દન ફેરફાર લાવી દીધો છતાં સ્ટોકહોમની બેઠક પછી પાણી અને હવાના પ્રદુષણ અટકાવવા માટેના વિશિષ્ટ કાયદાઓ ઘડયા. એ સિવાય પ્રદુષણની બાબતોને સીધી કે આડકતરી રીતે સ્પર્શતા અનેક કાયદાઓ તો હતા જ છતાં એ પૂરતાં ન હતાં. સમગ્ર પર્યાવરણને સ્પર્શતા કાયદાની જરૂરિયાત વર્તાતી હતી જેથી પર્યાવરણની સુરક્ષા અને સુધારણા માટે પર્યાવરણ (સુરક્ષા) ધારો, ૧૯૮૬ ઘડાયો. ભારતમાં પર્યાવરણ સુરક્ષા અને સુધારા માટેનો આ અદ્યતન ધારો છે તેનો મુખ્ય હેતુ પર્યાવરણની સુરક્ષા અને સુધારણા ઉપરાંત માનવ, અન્ય જીવસૃષ્ટિ, વનસ્પતિ અને મિલ્કતને પ્રદુષણથી થતાં નુકશાનને અટકાવવાનો છે. આ ધારાને રાષ્ટ્રપતિએ ૨૩ મે, ૧૯૮૬ ના રોજ બહાલી આપી હતી. પર્યાવરણ સુરક્ષા ધારો એ કાયદાનું ટૂંકું નામ છે અને તેનું આખું નામ 'પર્યાવરણ અને તેની સાથે સંબંધિત બાબતોની સુરક્ષા અને સુધારણા અધિનિયમ' છે.

Enviornment (Protection) Act, 1986 [An Act to provide for the Protection and Improvement of

Enviornment and for Matters Connected therewith].

### ૩.૨.૧.૧) **શાબ્દિક અર્થઘટનો**

પર્યાવરણઃ– ''પર્યાવરણમાં પાણી, હવા અને જમીનનો અને પાણી, હવા અને માનવ, બીજા જીવંત પ્રાણીઓ, વનસ્પતિ, સુક્ષ્મ જીવ રચના અને સંપત્તિમાં અંદરો અંદર અને તેમની વચ્ચે અસ્તિત્વમાં હોય તેવા આંતર સંબંધોનો સમાવેશ થાય છે.'' [૧]

પર્યાવરણીય પ્રદુષકઃ– ''પર્યાવરણને હાનિકારક બને તેટલી સદવતા (ઘનતા)માં હોય તેવો કોઈ ઘન, પ્રવાહી કે વાયુયુકત પદાર્થ.'' [૨]

વ્યવસ્થા (હેરફેર)ઃ– ''કોઈ પદાર્થના સંબંધમાં વ્યવસ્થા કરવી એટલે આવા પદાર્થોની ઉત્પાદનૃયિા, અન્ય ૃયિા પેકેજ, સંગ્રહ, હેરફેર, વપરાશ, એકત્રીકરણ, નાશ, ઉપરાંત વેચાણ માટે મુકવું, હેરફેર કરવી અથવા તેની જેવી ૃયિાઓ.'' [૩]

જોખમી પદાર્થઃ– ''એવા પદાર્થ કે બનાવટ કે જેનો રાસાયણિક કે ભૌતિક રાસાયણિક ગુણધર્મોને વ્યવસ્થા કરવાને લીધે તેનાથી માનવો, અન્ય જીવંત પ્રાણીઓ, વનસ્પતિ, સુક્ષ્મ જીવ રચના, સંપત્તિ અથવા પર્યાવરણને નુકશાન પહોંચે તેમ હોય.'' [૪]

---

૧) જુઓ કલમ – ૨, પર્યાવરણ સુરક્ષા ધારો, ૧૯૮૬.

૨) જુઓ કલમ – ૩, પર્યાવરણ સુરક્ષા ધારો, ૧૯૮૬.

૩) જુઓ કલમ – ૪, પર્યાવરણ સુરક્ષા ધારો, ૧૯૮૬.

૪) જુઓ કલમ – ૫, પર્યાવરણ સુરક્ષા ધારો, ૧૯૮૬.

પર્યાવરણીય પ્રદુષણ:- ''પર્યાવરણમાં કોઈ પર્યાવરણીય પ્રદુષણનું અસ્તિત્વ હોવું તે.'' [૫]

## ૩.૨.૧.૨) <u>**પર્યાવરણ સુધારણા અને સંરક્ષણ માટે પગલાં લેવાની કેન્દ્ર સરકારની સત્તાઓ**</u>

આ ધારાની જોગવાઈઓને આધિન રહીને, કેન્દ્ર સરકારને, પર્યાવરણની ગુણવત્તાના સંરક્ષણ અને સુધારણા અને તેને ઘટાડવાના હેતુ માટે પોતે જરૂરી અથવા યોગ્ય લાગે તેવા તમામ પગલાં લેવાની સત્તા રહેશે.

કેન્દ્ર સરકાર, આ ધારાના હેતુઓ માટે તેમ કરવાનું આવશ્યક અથવા યોગ્ય લાગે તો ગેઝેટમાં હુકમ પ્રસિદ્ધ કરીને, આ ધારા હેઠળ કેન્દ્ર સરકારના સત્તા અને કાર્યો પૈકીની (કલમ-૫) હેઠળની આદેશો કાઢવાની સત્તા સહિતની તેવી સત્તા વાપરવાના અને તેવું કાર્ય બજાવવાનો હેતુ માટે અને હુકમમાં જણાવ્યા મુજબ પેટાકલમ (૨) માં ઉલ્લેખ કરેલી હોય તેવી તમામ બાબતો પૈકીની બાબતના સંબંધમાં પગલાં લેવા માટે, હુકમમાં ઉલ્લેખ કરવામાં આવે તેના નામ કે નામોમાં સત્તામંડળો રચી શકશે અને કેન્દ્ર સરકારની દેખરેખ અને નિયંત્રણ હેઠળ અને આ જોગવાઈને આધિન રહેશે. આવું સત્તામંડળ કે મંડળો જાણે કે આવા ધારાથી એવા સત્તામંડળોને તે સત્તા વાપરવા કે કાર્યો બજાવવા કે હુકમમાં એવી રીતે જણાવેલ પગલાં લેવા માટે સત્તા વાપરવામાં આવેલ હતી તેમ તે સત્તા વાપરી શકશે અથવા તે કાર્યો બજાવી શકશે અથવા તેવાં પગલાં લઈ શકશે.

---

૫) જુઓ કલમ - ૬, પર્યાવરણ સુરક્ષા ધારો, ૧૯૮૬.

પર્યાવરણ પ્રદુષણને અટકાવવા નિયંત્રણમાં રાખવા કે ઘટાડવા માટેના રાષ્ટ્રવ્યાપી કાર્યૂમોનું આયોજન કરવું અને તેને અમલી બનાવવા. (કલમ – ૩ (૨) (ii)).

વિવિધ પાસાઓમાં પર્યાવરણની ગુણવત્તા અંગેનું ધોરણ નિર્દિષ્ટ કરવું (કલમ – ૩ (૨) (iii)).

જુદા જુદા સાધનોમાંથી છોડવામાં આવતા કે ફેંકાતા પર્યાવરણીય પ્રદુષકો માટે ધોરણો નિર્દિષ્ટ કરવા. સાધનોની અલગ અલગ રચના અને તેમાંથી ફેંકાતાં કે છોડાતાં પર્યાવરણીય પ્રદુષકોનું પ્રમાણ, ગુણવત્તા ને ધોરણો ઉપર મુજબના ધોરણો અલગ અલગ હોય શકે. (કલમ – ૩ (૨) (iv)).

કેટલાક પ્રદુષકો, પ્રૂયિાઓ કે કાર્યો માટે અમુક વિસ્તારો પ્રતિબંધિત જાહેર કરવા કે કેટલીક વિશિષ્ટ સલામતીઓની જોગવાઈઓને આધિન રહી શરૂ કરી શકાય એવા નિયંત્રણો મુકવા. (કલમ – ૩ (૨) (v)).

પર્યાવરણ પ્રદુષિત થઈ શકે તેવા અકસ્માતો અટકાવવા માટે સલામતીના પગલાંની વ્યવસ્થા કરવી અને તેવા અકસ્માતો માટે ઉપાયોની કાર્યનીતિ નક્કી કરવી. (કલમ – ૩ (૨) (vi)).

જોખમકારક (હાનિકારક) પદાર્થ હાથ ધરવા માટેની કાર્યપદ્ધતિ અને સલામતીની વ્યવસ્થા નક્કી કરવી. (કલમ – ૩ (૨) (vii)).

જેનાથી પર્યાવરણ પ્રદુષિત થવાનો સંભવ હોય તેવી ઉત્પાદન પ્રૂયિાઓ, ચીજ વસ્તુઓની તપાસ કરવી. (કલમ - ૩ (૨) (viii)).

પર્યાવરણના પ્રદુષણની સમસ્યા અંગે તપાસ કરવી અને તે અંગે સંશોધન કરવા કે કરાવવા. (કલમ - ૩ (૨) (ix)).

કોઈપણ સ્થળ, પ્લાન્ટ, સાધન સામગ્રી, મશીનરી, ઉત્પાદનની કે અન્ય પ્રૂયિા કે પદાર્થોની તપાસ કરવી અને પર્યાવરણનું પ્રદુષણ અટકાવવા તેને નિયંત્રિત કરવા કે ઓછું કરવા માટેના જરૂરી પગલાં લેવા માટે જે તે સત્તામંડળ ને સૂચનાઓ આપવી. (કલમ - ૩ (૨) (x)).

આ કાયદા હેઠળ સોંપાયેલા કાર્યો કરવા માટે પર્યાવરણીય પ્રયોગ શાળાઓ સ્થાપવી કે તેને માન્યતા આપવી. (કલમ - ૩ (૨) (xi)).

પર્યાવરણના પ્રદુષણને લગતી બાબતોને લગતી માહિતીઓ ભેગી કરવી અને તેનો પ્રચાર કરવો. (કલમ - ૩ (૨) (xii)).

પ્રદુષણને અટકાવવા, નિયંત્રણમાં રાખવા કે ઘટાડવા અંગેની માર્ગદર્શિકાઓ કે આચાર સંહિતાઓ બનાવવી. (કલમ - ૩ (૨) (xiii)).

આ કાયદાની જોગવાઈઓના અસરકારક અમલ માટે, કેન્દ્ર સરકારને જરૂરી અને યોગ્ય લાગે તેવી બીજી કોઈપણ બાબતોને લગતી કાર્યવાહી કરવાની સત્તા છે. (કલમ - ૩ (૨) (ivx)).

કેન્દ્ર સરકારને મળેલી સત્તાઓ સામાન્ય સ્વરૂપની છે અને તેનો ઉપયોગ આ કાયદાની જોગવાઈઓને અનુલક્ષીને કરવાનો છે. વળી આ કલમની પેટા કલમ – (૩) કેન્દ્ર સરકારને લગભગ પોતાની સત્તાની સોંપણી કરવા જેવી જ સત્તા આપે છે જે મુજબ સરકારી ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરી, કેન્દ્ર સરકાર, કોઈ સત્તામંડળ અથવા સત્તામંડળોની રચના કરી શકે. આ રીતે રચાયેલા સત્તામંડળ, પર્યાવરણની સુરક્ષા અને સુધારણા માટે તેમજ આ કલમની પેટા કલમ – (૨) માં જણાવેલ કોઈપણ પગલાં લઈ શકે.

પર્યાવરણના પ્રદુષણને અટકાવવા માટે અદાલતે આપેલ સૂચનાનું પાલન ન કરવા બદલ જે તે અધિકારીને અદાલતના તિરસ્કાર બદલ જવાબદાર ઠેરવી શકાય. [૬]

આ કાયદાના હેતુઓ પાર પાડવા માટે સમિતિની રચના કરવાની ફરજ કેન્દ્ર સરકારને પાડી શકાય. [૭]

### ૩.૨.૧.૩) **અધિકારીઓની નિમણુંક, સત્તા અને કાર્યો**

અધિકારીઓની નિમણુંક, સત્તા અને કાર્યો (કલમ–૪) આ કલમથી નિમાયેલા અધિકારીઓ પર

(૧) કેન્દ્ર સરકાર.

(૨) કલમ–૩ (ક) હેઠળ રચાયેલ સત્તાધિકારી કે

(૩) અન્ય સત્તાધિકારી કે અધિકારીઓનો અંકુશ રહેશે.

---

૬) A.I.R. 1988 SC 2553.

૭) એમ. સી. મહેતા વિ. યુનિયન ઓફ ઈન્ડીયા A.I.R. 1998 SC 617.

**<u>આદેશો આપવાની સત્તા</u>**

બીજા કોઈ કાયદામાં ગમે તે મજકુર હોય તે છતાં પણ આ ધારાની જોગવાઈઓને આધિન રહીને કેન્દ્ર સરકાર આ ધારા હેઠળ પોતાની સત્તાની રૂએ અને પોતાના કાર્યો બજાવીને કોઈ વ્યકિત અધિકારી અથવા કોઈ સત્તાધિકારીની લેખિતમાં આદેશો આપી શકશે અને તેવી વ્યકિત, અધિકારી અથવા સત્તાધિકારી એવા આદેશોનું પાલન કરવાને બંધાયેલો રહેશે.

જેવા કે, કોઈ ઉદ્યોગ, કાર્યવાહી કે પ્રૂયિાને સદંતર બંધ કરી દેવા, તેના પર પ્રતિબંધ મુકવા કે તેનું નિયમન કરવા અંગેની બાબત.

વિજળી, પાણી કે અન્ય કોઈ સેવાનો પુરવઠો બંધ કરી દેવા કે તેનું નિયમન કરવા અંગેની બાબત.

એક કેસ [૮] માં અદાલતે ઠરાવ્યું હતું કે જો કોઈ ફેકટરી બંધ કરવા માટેનો હુકમ યોગ્ય કારણોસર હોય તો તેને અમાન્ય (Invalid) ઠેરવી ન શકાય.

## ૩.૨.૧.૪) <u>પર્યાવરણીય પ્રદુષણનું નિયમન બાબતના નિયમો</u>

(અ) કેન્દ્ર સરકાર ગેઝેટમાં જાહેરનામાથી કલમ–૩ માં ઉલ્લેખ કરેલ તમામ અથવા તો પૈકીની કોઈપણ બાબતના સંબંધમાં નિયમો કરી શકશે.

---

૮) મહાવીર શોપ્સ એન્ડ ગુડાકુ ફેકટરી વિ. યુનિયન ઓફ ઈન્ડીયા (1995 (1) F.A.C. 145).

આ ઉપરાંત પેટા કલમ – (૨) મુજબ કેન્દ્ર સરકાર નીચેની બધી બાબતો અંગે અગર કોઈ બાબત માટે, ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને અવરોધ્યા વિના નિયમો બનાવી શકશે.

(૧) વિવિધ વિસ્તારો માટે અને અલગ અલગ હેતુઓ માટે હવા, પાણી અને જમીનની ગુણવત્તાના ધોરણો નક્કી કરવા.

(૨) વિવિધ વિસ્તારોમાં ઘોંઘાટ સહિત વિવિધ પર્યાવરણીય પ્રદુષકોની જલદતાની સહ્ય માત્રાની મહત્તમ મર્યાદાઓ નક્કી કરવી.

(૩) હાનિકારક (જોખમકારક) પદાર્થોને હાથ ધરવા માટેની કાર્યવાહીઓ અને રક્ષણ વ્યવસ્થાની જોગવાઈઓ.

(૪) વિવિધ વિસ્તારોમાં હાનિકારક (જોખમકારક) પદાર્થને હાથ ધરવા પ્રતિબંધ અને નિયંત્રણ મુકવા.

(૫) વિવિધ વિસ્તારોમાં ઉદ્યોગોની સ્થાપના કરવા, કાર્યવાહીઓ કરવા અને પ્રૂયિાઓ કરવા ઉપરના પ્રતિબંધ અને નિયંત્રણ મુકવા.

(૬) પર્યાવરણીય પ્રદુષણ કરી શકે તેવા અકસ્માતો અટકાવવા માટેની કાર્યવાહીઓ અને રક્ષણ વ્યવસ્થા ગોઠવવી અને આવા અકસ્માતો બને ત્યારે લેવાના ઉપાયલક્ષી પગલાં અંગેની જોગવાઈ નક્કી કરવી.

(બ) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, આવા નિયમોમાં અમુક બાબતો માટે જોગવાઈ કરશે.

## પર્યાવરણ પ્રદુષણ નિવારણ, નિયંત્રણ અને ઘટાડો નિવારણ

ઉદ્યોગો, કામગીરી વગેરે ચલાવતી વ્યક્તિઓને ધોરણ કરતાં વધુ પ્રમાણમાં પર્યાવરણીય પ્રદુષણના નિકાસ અથવા છુટા પાડવા માટે છુટ આપવી નહીં.

પર્યાવરણ સુરક્ષા કાયદાનો મુખ્ય હેતુ પર્યાવરણની ગુણવત્તા જાળવી રાખવાનો, તેનું પ્રદૂષણ થતું અટકાવવાનો અને પ્રદુષણ ઓછું કરવાનો છે. આ હેતુ પાર પાડવા માટે જે જે જોગવાઈઓ કરવી જરૂરી છે તેના વિશે જણાવેલ છે જે મુજબ આ કાયદા નીચે કોઈપણ વ્યક્તિને પર્યાવરણ પ્રદુષણ કરતી અટકાવવા માટે તેની સામે જ જે પગલાં લઈ શકાય તે અંગેની જોગવાઈ કરવામાં આવી છે. વળી જોખમકારક પદાર્થોને હાથ ધરવા માટેની જોગવાઈઓ અને આકસ્મિક કારણોવસાત પર્યાવરણમાં પ્રદુષણનું પ્રમાણ વધી જાય તો શું કરવું? તેની જોગવાઈ પણ કરવામાં આવેલ છે. પર્યાવરણના પર્યાવરણીય પ્રદુષકો જો છોડવામાં આવતાં હોય તો તેનું પૃથક્કકરણ કરવા માટે તેના નમુના લેવા, કોઈ સ્થળે પ્રવેશવાની સત્તા પણ આપવામાં આવેલ છે. વળી નમુનાના પૃથક્કરણ માટે પ્રયોગશાળા અને પૃથક્કારની નિમણુંક વિશેની જોગવાઈ પણ છે. કંપની અને સરકારી વિભાગોએ કરેલા ગુન્હા વિશેની જોગવાઈ પણ કરવામાં આવેલ છે. વળી કલમ – ૧૫ માં આ કાયદા હેઠળના કોઈ ગુન્હા માટે કરવાની શિક્ષા અંગે પણ જોગવાઈ કરવામાં આવેલ છે. આ કાયદામાં ફકત એક જ કલમ શિક્ષાને લગતી છે.

નિર્ધારિત કરતાં વધુ પ્રમાણમાં પર્યાવરણીય પ્રદુષકો છોડવા કે કાઢવા પર પ્રતિબંધ મુકવાની સત્તાઃ- આ કાયદાનો હેતુ પર્યાવરણ પ્રદુષણને ઘટાડવાનો, તેને નિયંત્રિત કરવાનો તેમજ તેને અટકાવવાનો છે. તે માટે જરૂરી તમામ કાર્યો કરવાની સત્તા સરકારને છે. આમ પર્યાવરણીય પ્રદુષણને અટકાવવા માટે કેટલાંક ઉદ્યોગો, પ્રૂયિા વગેરેને નિર્ધારિત કરેલા ધોરણથી વધુ પ્રમાણમાં પર્યાવરણીય પ્રદુષકો હવામાં છોડવા કે ફેંકવા પર આ કાયદાની કલમ – ૭ મુજબ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ કલમની જોગવાઈ મુજબ કોઈપણ ઉદ્યોગ, કાર્યવાહી કે પ્રૂયિા ચલાવતી વ્યક્તિ નિર્ધારિત કરેલ ધોરણથી વધુ માત્રાના પર્યાવરણીય

પ્રદુષકો છોડી શકશે કે ફેંકી શકશે નહીં અથવા તો છોડવાની કે ફેંકવાની છુટ આપી શકે નહીં. પર્યાવરણીય પ્રદુષકો બહાર છોડવા કે ફેંકવા માટેનું નિર્ધારિત પ્રમાણ પર્યાવરણ સુરક્ષા નિયમો, ૧૯૮૧ દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ છે. વિશિષ્ટ સંજોગોમાં કોઈ કારણોસર કોઈ ઉદ્યોગ કે પ્રૂયિાને નિર્ધારિત ધોરણ કરતાં વધુ પ્રમાણના પર્યાવરણીય પ્રદુષકો નિશ્ચિત સમય માટે છોડવા કે ફેંકવા છુટ આપી શકાશે અને તેવા વખતે તે ઉદ્યોગ કે પ્રૂયિાનું તે કાર્ય ગુન્હો ગણાશે નહીં.

જોખમી પદાર્થોની વ્યવસ્થા કરતી વ્યક્તિઓને કાર્યરીતિ વિષયક સલામતીઓનું પાલન કરવા બાબતઃ– આ કાયદાનો હેતુ પર્યાવરણીય પ્રદૂષણને ઘટાડવાનો, તેને નિયંત્રિત કરવાનો તેમજ તેને અટકાવવાનો છે. તેથી જોખમકારક (હાનિકારક) પદાર્થોને હાથ ધરવા માટે સલામત કાર્યવાહી હોવી જરૂરી છે જે માટે કલમ – ૮ માં જોગવાઈ કરવામાં આવેલ છે. કલમ – ૮ મુજબ, કોઈપણ વ્યક્તિ કોઈપણ જોખમકારક (હાનિકારક) પદાર્થ, નિર્ધારિત કરેલ કાર્યવાહી અને રક્ષણ વ્યવસ્થાનું પાલન કર્યા સિવાય, હાથ ધરી શકશે નહીં કે હાથ ધરાવી શકશે નહીં. આ જોગવાઈનું પાલન ન કરનાર વ્યક્તિ કલમ – ૧૫ હેઠળ ગુનેગાર બને છે પરંતુ ૧૯૮૬ માં બનાવેલ નિયમોમાં એવી કોઈ કાર્યવાહી કે રક્ષણ વ્યવસ્થા નક્કી કરવામાં આવી નથી.

જો કોઈ અકસ્માત કે બીજા કોઈ અણધાર્યા કૃત્યને કે બનાવને કારણે કોઈપણ પર્યાવરણીય પ્રદૂષકનું પ્રમાણ નિર્દિષ્ટ કરેલા ધોરણ કરતાં વધુ માત્રામાં થઈ જાય કે થવાની શકયતા હોય તો જે સ્થળેથી આવો પર્યાવરણીય પ્રદૂષક નીકળ્યો હોય કે નીકળવાની શકયતા હોય તે સ્થળનો અખત્યાર સાંભળનાર વ્યક્તિને તે રીતે છોડવામાં આવેલ કે છોડાવાની શકયતાને કારણે થયેલ કે

થનાર પર્યાવરણીય પ્રદૂષણને અટકાવવા કે ઓછું કરવાની ફરજ કલમ – ૯ લાદે છે. વળી આવો બનાવ બન્યાની અથવા બનવાનો સંભવ હોવાની હકીકતની જાણ નક્કી કરેલ સંબંધિત સત્તા મંડળો અથવા તો એજન્સીઓને કરવાની ફરજ પણ આ કલમ લાદે છે તેમજ જો તેની પાસે આવું પ્રદૂષણ અટકાવવા કે ઓછું કરવા માટે સહાય માંગવામાં આવે તો તે બધી જ સહાય આપવા બંધાયેલ છે.

પેટાકલમ – (૨) આવી કોઈ માહિતી મળ્યા બાદ સંબંધિત સત્તા મંડળો અથવા તો બીજી એજન્સીઓએ કરવાના કાર્યો વિશે જણાવે છે જે મુજબ આવી માહિતી મળતાં જ સંબંધિત સંસ્થાઓએ તથા એજન્સીઓએ પર્યાવરણીય પ્રદૂષકોનું પ્રમાણ ઘટાડવા માટે જરૂરી હોય તેવાં શકય તમામ ઉપચારાત્મક પગલાં લેવાનું શરૂ કરવું જોઈએ.

પેટાકલમ – (૩) ઉપાયાત્મક પગલાં લેવામાં થયેલ ખર્ચ સંબંધી છે જે મુજબ પર્યાવરણીય પ્રદૂષકોનું પ્રમાણ ઘટાડવા માટે લીધેલાં ઉપાયાત્મક પગલાં માટે થયેલો ખર્ચ સરકારે નિયત કરેલા વ્યાજ દર મુજબ, વ્યાજ સહિત સંબંધિત વ્યક્તિ પાસેથી સ્થાનિક સત્તામંડળ કે એજન્સી વસૂલ કરી શકે છે.

પ્રવેશ કરવાની અને તપાસ કરવાની સત્તાઃ- આ કાયદાનો હેતુ પર્યાવરણનું પ્રદૂષણ થતું અટકાવવાનો અને તેને નિયંત્રિત રાખવાનો છે. આ હેતુનું પાલન કરવા માટે સરકારને કેટલીક વિશિષ્ટ સત્તાઓ મળેલ છે તેમાંની એક છે, કોઈપણ સ્થળે પ્રવેશ કરવાની અને તે સ્થળે તપાસ કરવાની સત્તા. કલમ – ૧૦ માં આ વિશે જોગવાઈ કરેલ છે જે મુજબ કેન્દ્ર સરકારે પોતાના વતી અધિકૃત કરેલ કોઈપણ વ્યક્તિ તેને યોગ્ય લાગે તેટલા મદદનીશો સાથે વ્યાજબી સમયે કોઈપણ સ્થળે નીચેના હેતુઓ માટે પ્રવેશ કરવા અધિકારી છે;

(૧) કેન્દ્ર સરકારે તેને સોંપેલ કોઈપણ કાર્ય કરવા માટે.

(૨) આ કાયદા હેઠળની કોઈ જોગવાઈઓ અથવા તે જોગવાઈઓ હેઠળ બનાવેલ નિયમો મુજબના કાર્યો કરવામાં આવે છે કે કેમ અને જો કરવામાં આવતાં હોય તો કેવી રીતે કરવામાં આવે છે તે અથવા આ કાયદા હેઠળ આપેલ કોઈપણ નોટીસ આપેલ કોઈપણ હુકમ આપેલ કોઈપણ સૂચના અથવા મંજુર કરેલ કોઈપણ અધિકારપત્રનું પાલન કરવામાં આવી રહ્યું છે કે કેમ અને જો કરવામાં આવી રહ્યું હોય તો કેવી રીતે તે નક્કી કરવા માટે.

(૩) કોઈપણ નિયંત્રિત સાધન, ઔદ્યોગિક પ્લાન્ટ, રેકર્ડ, રજીસ્ટર, દસ્તાવેજ અથવા બીજી કોઈપણ મહત્વની વસ્તુની તપાસ કરવા માટે તેમજ તેનું પરીક્ષણ કરવા માટે અથવા જે સ્થળે આ કાયદા હેઠળનો અથવા આ કાયદા હેઠળ બનાવેલા નિયમો હેઠળનો કોઈ ગુનો થયો છે અથવા થઈ રહ્યો છે અથવા થવાની તૈયારીમાં છે તેવું માનવાને તેને વાજબી કારણ હોય તો, તેવા કોઈપણ સ્થળની જડતી લેવા માટે અને આ કાયદા હેઠળના અથવા આ કાયદા હેઠળ બનાવેલ કોઈપણ નિયમો હેઠળનો કોઈ શિક્ષાપાત્ર ગુન્હો બન્યો હોવાના પુરાવા પૂરા પાડી શકે અથવા તે વસ્તુને કબજામાં લેવાથી પર્યાવરણનું પ્રદૂષણ અટકાવી શકાશે અથવા તેનું નિયમન કરી શકાશે એવું માનવાને તેને કારણ હોય, તો તે નિયંત્રિત સાધન, ઔદ્યોગિક પ્લાન્ટ, રેકર્ડ, રજીસ્ટર, દસ્તાવેજ અથવા બીજી કોઈપણ મહત્વની વસ્તુને કબજામાં લેવા માટે.

પેટાકલમ – (૨) મુજબ, દરેક વ્યક્તિ કે જે કોઈ ઉદ્યોગ, કાર્યવાહી અથવા પ્રયિા કરતી હોય અથવા કોઈ હાનિકારક (જોખમકારક) પદાર્થને હાથ ધરતી હોય, તે દરેક વ્યક્તિ કેન્દ્ર સરકારે કલમ – ૧૦ (૧) હેઠળ અધિકૃત

કરેલ દરેક વ્યક્તિને તે કલમ હેઠળના તેના કાર્યો કરવા માટે તમામ મદદ કરવા બંધાયેલા છે. જો કોઈ વાજબી કારણ અથવા બહાના વગર જો તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો, તેઓ આ કાયદા નીચે ગુના માટે દોષિત ઠરશે. વળી, જે કોઈ વ્યક્તિ કેન્દ્ર સરકારે અધિકૃત કરેલ વ્યક્તિને, તેનું કાર્ય કરવા આડે વિઘ્ન (અવરોધ) ઉભું કરશે, અથવા વિલંબ કરાવશે, તો તે વ્યક્તિ આ કાયદા હેઠળ ગુનાને પાત્ર બનશે. પ્રવેશ કરવાની અને તપાસ કરવાની આ સત્તા ભારતીય ફોજદારી કાર્યવાહી કાયદાની કલમ – ૯૪ માં જણાવ્યા મુજબની જ છે એટલે કે, આ કાયદા નીચે જે રીતે પ્રવેશ કરવાની અને તપાસ કરવાની સત્તા છે, તે મુજબની જ સત્તા આ જોગવાઈ નીચે કરવામાં આવેલ છે. જમ્મુ અને કાશ્મીર રાજય અથવા બીજા વિસ્તારો કે જયાં આ ભારતીય ફોજદારી કાર્યવાહી કાયદો અમલમાં નથી, ત્યાં જે તે સમયે પ્રવર્તમાન તત્સમાન કાયદાની જોગવાઈ મુજબની જ સત્તા આ કલમ હેઠળ પણ મળેલ ગણાશે.

નમૂના લેવાની સત્તા અને તે માટે અનુસરવાની પદ્ધતિઃ– કેન્દ્ર સરકાર અથવા તેણે અધિકૃત કરેલ કોઈપણ અધિકારીને પૃથક્કરણના હેતુ માટે કોઈપણ કારખાનું, જગ્યા અથવા બીજા કોઈપણ સ્થળેથી નિયત કરેલી રીતે હવા, પાણી, જમીન અથવા બીજા કોઈપણ પદાર્થનો નમૂનો લેવાનો અધિકાર આપે છે. આવા નમૂનાના પૃથક્કરણ માટે અનુસરવાની કાર્યપદ્ધતિ અને તેના પરિણામની કાનૂની કાર્યવાહીમાં પુરાવા તરીકેની ગ્રાહ્યતા અંગેની જોગવાઈ પણ આ જ કલમની પેટાકલમો (૩) અને (૪) માં જણાવવામાં અવોલ છે જે મુજબ, નમૂનાને પૃથક્કરણ માટે લેવામાં આવે ત્યારે નીચેની કાર્યવાહી કરવી જોઈએ. જો એ કાર્યવાહી કરવામાં ન આવી હોય, તો આવા નમૂનાના પૃથક્કરણ પરિણામનો હેવાલ કોઈપણ કાનૂની કાર્યવાહીમાં પુરાવા તરીકે ગ્રાહ્ય ગણાતો નથી.

નમૂનાના પૃથક્કરણ માટે અનુસરવાની પદ્ધતિ (કલમ – ૧૧ (૩) અને (૪):-

જયારે નમૂનો પૃથક્કરણ માટે લેવામાં આવે ત્યારે પૃથક્કરણ માટે નમૂનો લેનાર વ્યકિતએ –

(૧) જે તે સ્થળના ભોગવટેદાર અથવા તેના પ્રતિનિધિને અથવા તે સ્થળનો અખત્યાર ધરાવનાર વ્યકિતને નિયત નમૂનામાં તે વસ્તુનું પૃથક્કરણ કરાવવા અંગેના તેના ઈરાદાની નોટીસ તે જ સ્થળે અને તે જ સમયે આપવી જોઈએ.

(૨) વસ્તુનો નમૂનો જે તે સ્થળના ભોગવટેદાર અથવા તેના પ્રતિનિધિ અથવા તે સ્થળનો અખત્યાર ધરાવતી વ્યકિતની હાજરીમાં લેવો જોઈએ.

(૩) પૃથક્કરણ માટે લીધેલ વસ્તુને પાત્ર અથવા પાત્રોમાં મૂકી – તેના પર નિશાની કરી મહોર (Seal) મારવી જોઈએ. આના ઉપર નમૂનો લેનાર વ્યકિત તેમજ જે તે સ્થળના ભોગવટેદાર અથવા તેના પ્રતિનિધિએ અથવા તે સ્થળનો અખત્યાર ધરાવનાર વ્યકિતએ સહી કરવી જોઈએ.

(૪) આ રીતે તૈયાર કરેલ પાત્ર અથવા પાત્રો વિના વિલંબે કલમ – ૧૨ હેઠળ કેન્દ્ર સરકારે સ્થાપેલ અથવા માન્ય કરેલ પ્રયોગશાળાને પૃથક્કરણ માટે મોકલવા જોઈએ.

(૫) પૃથક્કરણ માટે નમૂનો લેતી વ્યકિતએ નમૂનો લેતી વખતે જે તે સ્થળના ભોગવટેદાર કે તેના પ્રતિનિધિ કે વ્યકિતને નોટીસ આપી હોય, છતાં

(એ) ભોગવટેદાર અથવા તેનો પ્રતિનિધિ કે વ્યક્તિ જાણીબુઝીને ગેરહાજર રહે, તો નમૂનો લેનાર વ્યક્તિએ નમૂનો લઈ તેને પાત્રમાં મૂકી તેના ઉપર નિશાની કરી તેને મહોર મારવી જોઈએ અને તેના ઉપર નમૂનો લેનારે સહી કરવી જોઈએ.

(બી) જો ભોગવટેદાર અથવા તેનો પ્રતિનિધિ કે વ્યક્તિ નમૂનો લેતી વખતે હાજર રહે, પરંતુ નમૂનાના નિશાની અને મહોરવાળો પાત્ર કે પાત્રો ઉપર સહી કરવાની ના પાડે તો નમૂનો લેનારે તેના ઉપર સહી કરવી જોઈએ.

આ રીતે તૈયાર કરેલ પાત્ર અથવા પાત્રો વિના વિલંબે આ કાયદાની કલમ – ૧૨ હેઠળ સ્થાપેલ કે નિર્દિષ્ટ કરેલ પ્રયોગશાળાને મોકલવા જોઈએ. નમૂનો લેનાર વ્યક્તિએ આ કાયદાની કલમ – ૧૩ હેઠળ નિમાયેલ સરકારી પૃથક્કારને નમૂનો લેતી વખતે સ્થળના ભોગવટેદાર કે તેના પ્રતિનિધિ કે વ્યક્તિની જાણીબુઝીને ગેરહાજરીની વિગત અથવા સ્થળના ભોગવટેદાર કે તેના પ્રતિનિધિ કે વ્યક્તિની નમૂનાના તૈયાર કરેલ પાત્ર કે પાત્રો ઉપર સહી કરવાના ઈન્કાર કરવા અંગેની વિગત લેખિત જણાવવી જોઈએ.

આ રીતે લીધેલ નમૂના પૃથક્કારને બનતી ત્વરાએ પહોંચાડવા જોઈએ. કેટલીકવાર નમૂના પહોંચાડવા વિલંબ થતાં તે પૃથક્કરણ માટે યોગ્ય રહેતાં નથી.

## ૩.૨.૧.૫) **પર્યાવરણ પ્રયોગશાળાઓ**

(અ) કેન્દ્ર સરકારે ગેઝેટમાં જાહેરનામાથી એક કે વધુ પર્યાવરણીય પ્રયોગશાળાને સોંપેલ કાર્યો કરવા માટે એક અથવા વધુ પ્રયોગશાળા કે સંસ્થાઓને પર્યાવરણીય પ્રયોગશાળા તરીકે માન્ય કરી શકશે.

(બ) કેન્દ્ર સરકાર ગેઝેટમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરતા, નિયમો કરી શકશે. પર્યાવરણીય પ્રયોગશાળા કાર્યોમાં હવા, પાણી, જમીન વગેરેના નમૂનાનું પૃથક્કરણ અથવા પરીક્ષણનો સમાવેશ થાય છે.

હવા, પાણી, માટી અથવા બીજા પદાર્થના નમુના પૃથક્કરણ કે કસોટી માટે સદરહુ પ્રયોગ શાળાને રજુ કરવા માટેની કાર્યવાહી બાબત અને એવા રિપોર્ટ માટે ચુકવવાપાત્ર બાબતો તે પ્રયોગ શાળા પોતાના કાર્યો કરી શકે તે માટે જરૂરી કે ઈષ્ટ હોય તેવી બીજી બાબતો.

**<u>સરકારી પૃથક્કરણો</u>**

કેન્દ્ર સરકાર, ગેઝેટમાં જાહેરનામાથી કલમ-૧૨ ની પેટાકલમ (૧) હેઠળ સ્થપાયેલી કે માન્ય કોઈ પર્યાવરણીય પ્રયોગશાળામાં પૃથક્કરણ માટે મોકલેલ હવા, માટી, પાણી અથવા બીજા પદાર્થના નમુનાના પૃથક્કકરણના હેતુ માટે પોતાને યોગ્ય લાગે તેવી અને ઠરાવેલી લાયકાતવાળી વ્યક્તિઓને સરકારી પૃથક્કારો તરીકે નીમી શકશે અથવા માન્ય કરી શકશે.

**<u>સરકારી પૃથક્કારોનો અહેવાલ</u>**

સરકારી પૃથક્કારે સહી કરેલ હોવાનું અભિપ્રેત હોય તેવા કોઈ દસ્તાવેજ તેમાં જણાવેલ હકીકતોના પુરાવા તરીકે આ ધારા હેઠળની કોઈપણ કાર્યવાહીમાં ઉપયોગમાં લઈ શકાશે.

૩.૨.૧.૬) **<u>(શિક્ષા)</u>**

(અ) જે કોઈ વ્યક્તિ આ ધારાની જોગવાઈઓ પૈકીની કોઈપણ જોગવાઈઓનું અથવા તે હેઠળ કરેલ નિયમો અથવા બહાર પાડેલ હુકમો અને

આદેશોનું પાલન કરવાનું ચૂકે કે તેનું ઉલ્લંઘન કરે તે વ્યક્તિ આવી દરેક ચૂક કે ઉલ્લંઘનના સંબંધમાં પાંચ વર્ષ સુધીની કેદ અથવા એક લાખ રૂપિયા સુધીના દંડની અથવા બન્નેની શિક્ષાને અને તે ચૂક અથવા ઉલ્લંઘન ચાલુ રાખે તો આવી ચૂક તથા ઉલ્લંઘન ચાલુ રહે તે દરેક દિવસ માટેરૂા. ૫,૦૦૦-૦૦ સુધીના વધારાના દંડની શિક્ષાને પાત્ર થશે.

(બ) પેટાકલમ (૧) માં ઉલ્લેખ કરેલ ચૂક અથવા ઉલ્લંઘન ગુના સાબિતીના તારીખ પછી એક વર્ષની મુદત પછી ચાલુ રહે તો ગુનેગાર સાત વર્ષ સુધીની કેદની શિક્ષાને પાત્ર થશે.

એક કેસ [૯] માં અદાલતે ઠરાવ્યું છે કે, કાયદો દોષિતને શિક્ષા કરવા માંગે છે, નિર્દોષને નહીં.

શિક્ષાત્મક જોગવાઈઓ અર્ધ ફોજદારી (Quasi-Criminal) જોગવાઈઓ છે તેથી શિક્ષા કરતાં પહેલાં દૂષિત માનસ (Mens Rea) સાબિત થવું જોઈએ. [૧૦]

---

૯) એ. એસ. સુલોચના વિ. સી. ધર્માલિંગમ્ (1987) 1 SCC 180.

૧૦) જનતા ટ્રેડર્સ વિ. કલેકટર ઓફ કસ્ટમ્સ બોમ્બે, 1987 (13) ECR 685.

## <u>કંપનીઓએ કરેલ ગુના</u>

(અ) આ ધારા હેઠળનો કોઈ ગુનો કોઈ કંપનીએ કર્યો હોય ત્યારે ગુનો કરવામાં આવ્યા તે વખત કંપનીના સીધો હવાલો ધરાવતી હોય અને કંપનીના

કાર્ય સંચાલન માટે કંપનીને જવાબદાર હોય તે દરેક વ્યક્તિ તેમજ કંપની તે ગુના માટે દોષિત ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તદઅનુસાર તેમને શિક્ષા કરી શકાશે.

(બ) પેટા કલમ (૧) માં ગમે તે જોગવાઈ કરી હોવા છતાં આ ધારા હેઠળનો કોઈ ગુનો કંપનીએ કર્યો હોય અને તે ગુનો, કંપનીના ડાયરેકટર, મેનેજર, સેક્રેટરી અથવા અન્ય અધિકારીની સંમતિથી અથવા મુક સંમતિથી કરવામાં આવ્યો છે અથવા તેમના પક્ષે થયેલી કોઈ બેદરકારીને લીધે થયો છે એમ સાબિત થાય ત્યારે આવા ડાયરેકટર, મેનેજર અથવા બીજા અધિકારી પણ તેના ગુના માટે દોષિત છે એમ ગણાશે અને તેમની સામે કામ ચલાવી શકાશે અને તદઅનુસાર તેમને શિક્ષા કરી શકાશે.

કંપનીએ આ કાયદા હેઠળ કરેલ ગુના માટે, ગુનાના સમયે કંપનીનું સંચાલન કરનાર તમામ વ્યક્તિ જવાબદાર બને છે. પહેલાં કંપની અને તેના ભાગીદારો સામે કાર્યવાહી કરવી જોઈએ એવી પૂર્વવર્તી શરત નથી. [૧૧] પરંતુ બી. કે. વર્મા વિ. કોર્પોરેશન ઓફ મદ્રાસ [૧૨] ના કેસમાં મદ્રાસ હાઈકોર્ટે એવું ઠરાવ્યું છે કે, પ્રથમ કંપની સામે ફરીયાદ દાખલ કરવી જોઈએ અને ત્યારબાદ કંપનીનો અખત્યાર સંભાળનાર અને કંપનીને જવાબદાર વ્યક્તિઓ સામે ફરીયાદ દાખલ કરવી જોઈએ.

---

૧૧) પબ્લીક પ્રોસીકયુટર વિ. બોગારાનું પુલ્લિયાહ 1974 Cri. LJ 155.

૧૨) AIR 1971 Mad. 40.

કંપનીને આ કાયદા હેઠળ ગુનામાંથી મુક્તિ મળે તો, કંપનીના સંચાલન માટે જવાબદાર વ્યક્તિ કે કંપનીનો અખત્યાર સંભાળનારને પણ મુક્તિ મળે પરંતુ કંપનીને સજા થાય તો, તેનો અખત્યાર સંભાળનાર કે સંચાલન માટે જવાબદાર વ્યક્તિને પણ સજા થાય જ એવું શકય નથી.

ભાગીદારી પઢી માટે જેટલી વ્યક્તિઓ પેઢીના વ્યાપારનો કારભાર સંભાળ તી હોય તેટલી ભાગીદારી પેઢી સાથે જવાબદાર બને. બધા જ ભાગીદારોને જવાબદાર ન ગણી શકાય કેમ કે બધા જ ભાગીદારો પેઢીમાં શું ચાલી રહ્યું છે એ વિશે કદાચ કંઈ જાણતા પણ ન હોય. [૧૩]

ફોજદારી કાયદા નીચે પ્રતિનિધિજન્ય જવાબદારી ત્યારે જ લાગુ પાડી શકાય કે, જયારે તે જવાબદારી લાગુ પાડવા અંગેની તમામ શરતોનું અસ્તિત્વ હોવાનું સાબિત થાય. [૧૪]

પર્યાવરણની સુરક્ષા માટે જરૂરી પગલાંઓ લેવા અંગેની જોગવાઈઓ વિશે તેમજ પર્યાવરણનું પ્રદૂષણ કરનાર વ્યક્તિને શિક્ષા માટેની જોગવાઈ અંગે આગળ જણાવેલ છે. પર્યાવરણની સુરક્ષા માટે લીધેલાં પગલાં અંગે, પગલાં લેનારની જવાબદારી વિશે તેમજ આ કાયદા હેઠળના ગુના માટે અદાલતમાં ફરીયાદ કરવા અંગેની જોગવાઈમાં મુખ્યત્વે સરકાર અથવા સરકારના કોઈ અધિકારી અથવા સરકારના કોઈ કર્મચારીને અથવા આ કાયદા નીચે રચાયેલ કોઈ સત્તામંડળ અથવા તે સત્તામંડળના કોઈ સભ્ય, અધિકારી અથવા બીજા કોઈ

---

૧૩) અબ્દુલ મોઈદ વિ. સ્ટેટ 1977 Cri. L.J. 1325.

૧૪) મ્યુનિસિપલ કોર્પોરેશન વિ. દેવરાજ 1985 FAJ 156 Del.

કર્મચારીએ, આ કાયદાની જોગવાઈ હેઠળ અથવા આ કાયદા હેઠળ બનાવેલા નિયમો મુજબ અથવા આપેલા આદેશો મુજબ અથવા બહાર પાડેલા સૂચનો મુજબ, શુદ્ધ બુદ્ધિથી કરેલાં કૃત્યો કે લેવાયેલ પગલાંઓ માટે કાનૂની જવાબદારીમાંથી મુકત રાખવામાં આવ્યા છે.

શુદ્ધ બુદ્ધિની વ્યાખ્યા આ કાયદામાં આપેલ નથી. જનરલ કલોઝીઝ એકટ અને ભારતીય ફોજદારી ધારામાં આપેલ શુદ્ધ બુદ્ધિની વ્યાખ્યા એક સમાન નથી, બન્ને અલગ અલગ છે. કલમ –૧૮ ની જોગવાઈ મુજબ શુદ્ધ બુદ્ધિથી કરેલા કે કરવાનો ઈરાદો હોય તેવા કોઈપણ કૃત્યના સંદર્ભમાં ફોજદારી કે દિવાની કાર્યવાહી કરી શકાતી નથી તેથી દિવાની કાર્યવાહી અંગે જનરલ કલોઝીઝ એકટની વ્યાખ્યા લાગુ પાડવી વાજબી ગણાય, જયારે ફોજદારી કાર્યવાહી માટે ભારતીય ફોજદારી ધારાની વ્યાખ્યા અનુરૂપ ગણી શકાય.

ગુનાની વિચારણામાં જયારે –

(૧) કેન્દ્ર સરકાર અથવા કોઈ સત્તા મંડળે અથવા તે સરકારે પોતાના વતી જેને અધિકૃત કર્યો હોય એવા કોઈ અધિકારીએ, અથવા

(૨) કોઈપણ વ્યકિતએ કે જેણે કહેવાતા ગુનાની અને ફરિયાદ કરવા માટે પોતાના ઈરાદાની, કેન્દ્ર સરકારને અથવા તે સત્તા મંડળને અથવા ઉપર જણાવ્યા પ્રમાણેના અધિકૃત અધિકારીને ઠરાવવામાં આવે તેવી રીતે ‘સાઠ દિવસ કરતાં ઓછી ન હોય’ એટલા દિવસની નોટીસ આપી હોય તે વ્યકિતએ, કરેલ ફરીયાદ ઉપરથી.

આ કલમ – ૧૯ ની જોગવાઈથી એ સ્પષ્ટ છે કે, આ કાયદા હેઠળના બધા જ ગુના સંજ્ઞેય (Cognizable) ગુના નથી. કોઈની ફરીયાદ હોય તો જ અદાલત તેને ધ્યાનમાં લે છે.

જો કોઈ ખાનગી વ્યક્તિએ ફરીયાદ કરવી હોય તો, આ કલમની જોગવાઈ મુજબ, નિર્દિષ્ટ સ્વરૂપમાં અને નિર્દિષ્ટ મુદતમાં કરવાની હોય છે. જે વ્યક્તિને એ ગુનાથી ઈજા થતી હોય તે જ અરજી કરે એ જરૂરી નથી. ગુનાની ફરીયાદ મંડળે જ કરવાની હોય છે. કંપનીના કયા નિયામક કે અધિકારી સામે દાવો કરવો તે નક્કી કરવાનું તપાસ અધિકારી કે પ્રદૂષણ અધિકારીને સોંપી ન શકાય. [૧૫]

મેજીસ્ટ્રેટને ફરીયાદ મળ્યેથી તે ફોજદારી કાર્યવાહી કાયદાની કલમ – ૨૦૨ (૧) મુજબ પોલીસ અધિકારી અથવા પોતાને યોગ્ય લાગે તે વ્યક્તિ મારફત આગળની કાર્યવાહી કરવા માટે યોગ્ય કારણ છે કે કેમ તેની તપાસ કરાવશે.

જયારે કોઈ વિસ્તારને પ્રદૂષણ નિયંત્રિત વિસ્તાર જાહેર કરવા અંગેનું જાહેરનામું સરકારી ગેઝેટમાં પ્રસિદ્ધ કરાયું ન હોય કે કોઈ ઈન્સ્પેકટર ન હોય તો, દોષિતને મુકત કરવો એ અયોગ્ય ન ગણાય. [૧૬]

---

૧૫) એચ. એસ. દુબાસ વિ. વી. એમ. ભોંસલે 1996 Cri. LT 2136 (Bom.).

૧૬) ડી. કે. સોલંકી વિ. એન. જે. ઈન્ડસ્ટ્રીઝ 1996 Cr. L.J. 787 (Guj.).

સરકારી ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરાયા પછી છ માસ બાદ સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરવું એ કલમ – ૧૯ નું ઉલ્લંઘન ગણાય અને તે, તે જાહેરનામાને અમાન્ય (Invalid) ઠરાવે. [૧૭]

કેન્દ્ર સરકાર આ કાયદા હેઠળના તેવા હેતુઓ માટે, વખતો વખત, કોઈ વ્યક્તિ, અધિકારી, રાજય સરકાર અથવા કોઈ સત્તામંડળને, કોઈ હેવાલ, પત્રક, આંકડાકીય માહિતી, હિસાબ અથવા બીજી કોઈપણ બાબત અંગેની વિગતો, પોતાને અથવા કોઈ નિર્દિષ્ટ કરેલ સત્તામંડળને અથવા કોઈ અધિકારીને કલમ – ૨૦ મુજબ આપવા જણાવી શકે છે. કેન્દ્ર સરકારનો આ અધિકાર કહી શકાય.

કેન્દ્ર સરકારે કલમ – ૩ હેઠળ રચાયેલ સત્તામંડળના સભ્યો, અધિકારીને અને કર્મચારીઓ કલમ – ૨૧ મુજબ જાહેર નોકરો ગણાશે.

કેન્દ્ર સરકાર અથવા કોઈ સત્તામંડળે અથવા કોઈ અધિકારીએ આ કાયદા હેઠળ મળેલી પોતાની સત્તાની રૂએ અથવા પોતાના કાર્યો અનુસંધાનમાં કોઈ કાર્યો કર્યા હોય, અથવા કોઈ પગલાં લીધાં હોય, અથવા કોઈ આદેશો આપ્યા હોય, અથવા કોઈ સૂચનો જારી કર્યા હોય તો તે અંગેનો કોઈપણ દાવો અથવા કાર્યવાહી ચલાવવાની દિવાની અદાલતને હકૂમત નથી. આમ કલમ – ૨૨ નીચે પર્યાવરણ સુરક્ષા માટે લીધેલ પગલાં માટે દિવાની કાર્યવાહીમાંથી મુક્તિ આપવામાં આવી છે.

---

૧૭) ચૈતન્ય પલ્વરાઈઝીંગ ઈન્ડસ્ટ્રીઝ વિ. કે.એસ.પી.સી. બોર્ડ AIR 1987 Kant. 82.

આ કાયદા નીચે કેન્દ્ર સરકારે કરવાના કાર્યો અને વાપરવાની સત્તાની બીજાને સોંપણી કરવાની છૂટ આપે છે જે મુજબ આ કાયદાની કલમ – ૩ (૩) ની જોગવાઈને બાધ આવ્યા સિવાય, કેન્દ્ર સરકાર, આ કાયદાથી તેને મળેલ સત્તા અને તેણે કરવાના કાર્યોમાંથી, કલમ – ૩ (૩) નીચે સત્તામંડળની રચના કરવાની અને કલમ – ૨૫ નીચે નિયમો બનાવવાની સત્તા સિવાયની કોઈપણ સત્તા અને કરવાના કાર્યો પૈકી પોતાને યોગ્ય લાગે તે સરકારી ગેઝેટમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને તેમાં જણાવેલ શરતો અને મર્યાદાઓ સાથે રાજય સરકાર અથવા કોઈ સત્તામંડળને કલમ – ૨૩ મુજબ સોંપી શકે છે.

આ કાયદાની વિશિષ્ટતા વિશે જોગવાઈ છે જે મુજબ, જો આ કાયદાની કોઈ જોગવાઈઓ અને તે હેઠળ કરેલ નિયમો અથવા આદેશો, બીજા કોઈ કાયદાની જોગવાઈની સાથે ગમે તેટલા અસંગત હોય તો પણ, અમલમાં રહે છે. આમ આ કાયદાને વધુ મહત્વ અપાયું છે.

પરંતુ જો કોઈ કૃત્ય કરવાથી અથવા તે કૃત્ય કરવાનું છોડી દેવાથી આ કાયદા નીચે તેમજ બીજા કોઈ કાયદા નીચે પણ શિક્ષાપાત્ર ગુનો થતો હોય તો સંબંધિત ગુના માટે દોષિત ઠરાવેલ ગુનેગારને આ કાયદા નીચે નહિ પણ બીજા કાયદા નીચે શિક્ષા કરવાની રહેશે.

આમ આ કલમ – ૨૪ માં એક જ કલમમાં બે પ્રકારની જોગવાઈઓ વિશે જણાવેલ છે.

આ ધારા હેઠળ નક્કી કરેલ બાબતો સંસદ સમક્ષ મુકવા બાબત (કલમ – ૨૬).

## ૩.૩ પાણી પ્રદુષણ (નિવારણ અને નિયંત્રણ) ધારો, ૧૯૭૬

આ ધારો પાણી પ્રદુષણ, નિવારણ અને નિયંત્રણ ધારો, ૧૯૭૬ તરીકે ઓળખવામાં આવે છે.

સજીવો માટે મુખ્ય ત્રણ આવશ્યકતાઓ છે. હવા, પાણી અને ખોરાક. આજે આપણને આ ત્રણે હવા, પાણી અને ખોરાક મળે છે ખરા પણ એ સજીવો માટે પૂર્ણપણે યોગ્ય છે ખરાં? આજે દરેક સ્થળે આપણને ગંદકી જોવા મળે છે. એ ગંદકીના કારણે હવા, પાણી અને ખોરાક સજીવો માટે પૂર્ણપણે રહ્યા નથી. જૂના સમયે આપણે નદી, ઝરણાં કે સરોવરનું પાણી પીતા હતા. આપણને તે પીવા સામે કોઈ ભય ન હતો જયારે આજે આપણે નદી કે સરોવરનું પાણી પીવાનું તો ઠીક, તેમાં હાથ નાંખતા પણ વિચારીએ છીએ. એ પાણી જોતાં જ આપણને કેટલીકવાર દુઃખ તો કેટલીકવાર ગુસ્સો આવી જાય છે. આજની આપણી ઔદ્યોગિક ્રાંતિએ અને આપણી વિકાસયાત્રાએ આપણી નદીમાતાના પાણીને પીવા યોગ્ય રહેવા દીધું નથી. હિન્દુઓ મૃત્યુ સમયે જે ગંગાજળ મૃત્યુ પામતી વ્યક્તિના મોં માં મૂકતા, એ ગંગાજળ આજે એટલું તો દૂષિત (ખરાબ) થઈ ગયું છે કે તેને હાથમાં લેવું પણ ગમતું નથી. આમ આજની પ્રગતિએ માનવને સુખ તો આપ્યું છે પણ સાથે સાથે કુદરતી સંપત્તિથી વિમુખ કર્યા છે. વર્તમાન યુગમાં સજીવોને પીવા યોગ્ય પાણી મળી રહે તે માટે આજે આખી દુનિયાના દેશો કોઈ ને કોઈ ધારા ઘડી રહ્યા છે. ઈ.સ. ૧૯૭૨ માં સ્ટોકહોમ ખાતે મળેલી સંયુકત રાષ્ટ્રોની બેઠમાં માનવ પર્યાવરણ અંગે જાહેરનામું બહાર પાડવામાં આવેલું. એ જાહેરનામા મુજબ દુનિયાના દેશોએ વિશ્વ પર્યાવરણના રક્ષણ માટેના કાયદાઓ ઘડવા માંડયા પરંતુ આપણા ભારતમાં તો વૈદિક સમયથી જ પર્યાવરણની શુદ્ધતા અને જાળવણી માટેના નિયમો અસ્તિત્વમાં હતા. આપણા વેદોમાં જળદેવતા,

વરુણદેવ અને ઈન્દ્રદેવ તથા વાયુદેવતાની પ્રાર્થનાના મંત્રો છે તો ગીતામાં વરુણદેવની ઉપાસના વિશે જણાવેલ છે. તો મનુસ્મૃતિમાં જળને દૂષિત કરનારને શિક્ષા (દંડ) કરવાની જોગવાઈઓ વિશે જણાવવામાં આવેલ છે.

વર્તમાન યુગમાં ભારતમાં સૌપ્રથમ ઓરિસ્સા રાજયમાં જળના પ્રદૂષણને લગતો કાયદો Orissa River Pollution Prevention Act, 1953 ઘડાયો હતો પરંતુ આ કાયદો ફકત નદીના પાણીને લાગુ પડતો હતો. આ કાયદા બાદ મહારાષ્ટ્ર રાજયે ઘડેલો કાયદો The Maharashtra Prevention of Water Pollution Act, 1969 ઓરિસ્સાના કાયદાની સરખામણીએ વધુ અસરકારક હતો. આ કાયદો ફકત નદીના પાણીને જ નહીં પરંતુ પાણીના બીજા સ્ત્રોતો કુદરતી કે કૃત્રિમ રીતે બનાવેલાને પણ લાગુ પડતો હતો.

કેન્દ્રસ્તરે ૧૯૬૨ માં એક તજજ્ઞોની સમિતિ રચવામાં આવી હતી જેમાં સૂચનો તમામ રાજય સરકારોને મોકલાયા હતા તેમજ આ સૂચનો અંગે Central Council of Local Self Government માં પણ ચર્ચા થઈ હતી જેમાં એવું ઠરાવાયું હતું કે જળ પ્રદૂષણ અટકાવવા તથા નિયંત્રણમાં રાખવા માટે કેન્દ્રે કાયદો બનાવવો જોઈએ. આ રીતે બનાવેલો ખરડો ૧૯૬૫ માં ભારતના તમામ રાજયોના ગામ અને નગર આયોજન મંત્રીઓની પાંચમી બેઠક અને Central Council of Local Self Government ની સંયુકત બેઠકમાં મુકાયો હતો પરંતુ કોઈ કારણોસર એ ખરડો કાયદો બની શકયો નહીં.

ભારતના બંધારણની જોગવાઈ મુજબ જળનો પુરવઠો; સિંચાઈ, નહેરો, નિકાલ અને પાળા, જળ સંગ્રહ અને જળવિદ્યુત તેમજ જાહેર આરોગ્ય અને સુખાકારી માટે કાયદા ઘડવાની સત્તા રાજયોની છે. કેન્દ્ર આ માટે રાજયોની

સંમતિ સિવાય કાયદો ઘડી શકે નહીં પરંતુ ભારતના આસામ, બિહાર, ગુજરાત, હરીયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, કર્ણાટક, કેરળ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ત્રિપુરા અને પશ્ચિમ બંગાળના રાજયોની વિધાનસભાએ આ બાબતે કેન્દ્રે કાયદો ઘડવો જોઈએ એવો ઠરાવ પસાર કર્યો હતો જેના અનુસંધાનમાં કેન્દ્રે ''પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૭૪ બનાવ્યો.

આ કાયદો જળ પ્રદૂષણ અટકાવવા અને તેનું નિયંત્રણ કરવા માટે અને પાણીની શુદ્ધતા જાળવવા અથવા પાછી લાવવા માટે જોગવાઈ કરવી તથા ઉપર્યુકત હેતુઓ સિદ્ધ કરવાના ઉદ્દેશથી, જળ પ્રદૂષણ અટકાવવા અને તેનું નિયંત્રણ કરવા બોર્ડોની સ્થાપના કરવા, એવા બોર્ડોને તે અંગે સત્તા આપવા અને કાર્યો સોંપવા માટે અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવાની બાબતોને લગતો કાયદો છે. આ કાયદામાં સુવેજના અને ઉદ્યોગના ગંદા પાણીના તથા છોડવામાં આવતાં જે ગંદા પાણીની આવક થવાની હોય તેની ગુણવત્તાના ધોરણો નક્કી કરવામાં આવ્યા નથી. આ ધોરણો નક્કી કરવાની સત્તા રાજય બોર્ડોને આપવામાં આવેલી છે.

આ ધારો આસામ, બિહાર, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, કર્ણાટક, કેરળ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ત્રિપુરા અને પશ્ચિમ બંગાળ ના સમગ્ર રાજયોમાં તેમજ સંઘ રાજયક્ષેત્રોમાં પ્રથમતઃ લાગુ પડે છે અને સંવિધાનની કલમ – ૨૫૨ ના ખંડ (૧) હેઠળ આ અર્થે ઠરાવ પસાર કરીને આ અધિનિયમ અપનાવે તે અન્ય કોઈ રાજયને લાગુ પડશે.

આ ધારો આસામ, બિહાર, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, કર્ણાટક, કેરળ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, ત્રિપુરા અને પશ્ચિમ

બંગાળમાં તેમજ સંઘ રાજયક્ષેત્રોમાં તરત અમલમાં આવશે અને અન્ય જે રાજય સંવિધાનની કલમ – ૨૫૨ ના ખંડ (૧) હેઠળ આ અધિનિયમ અપનાવે તેમાં એ રીતે અપનાવવાની તારીખથી અમલમાં આવશે અને આ અધિનિયમમાં, આ અધિનિયમના આરંભ વિશેના કોઈ ઉલ્લેખનો અર્થ કોઈ રાજય અથવા સંઘ રાજયક્ષેત્રના સંબંધમાં એવા રાજય અથવા સંઘ રાજયક્ષેત્રમાં આ અધિનિયમ અમલમાં આવવાની તારીખ તરીકે કરવામાં આવશે.

આ કાયદો આસામ, બિહાર, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, કર્ણાટક, કેરળ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ત્રિપુરા અને પશ્ચિમ બંગાળ માં તેમજ સંઘ રાજયક્ષેત્રો એટલે કે દિલ્હી, આંદામાન અને નિકોબાર, લક્ષદ્વીપ, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ, પોંડીચેરી અને ચંદીગઢમાં પ્રથમતઃ એટલે કે તા. ૨૩–૦૩–૧૯૭૪ થી લાગુ પડે છે જયારે ઉત્તર પ્રદેશમાં ત્યાંની વિધાનસભાએ તા. ૦૩–૦૨–૧૯૭૫ ના રોજ પસાર કરેલ ઠરાવ મુજબ સમગ્ર ઉત્તરપ્રદેશમાં પણ તા. ૦૩–૦૨–૧૯૭૫ થી લાગુ પડે છે. બિહાર રાજયે જળ પ્રદૂષણ અટકાવવા અને નિયંત્રણમાં રાખવા કેન્દ્રે કાયદો ઘડવો જોઈએ એવો ઠરાવ પસાર કર્યો હતો છતાં બિહારનો પોતાનો The Bihar State Water (Prevention and Control of Pollution) છે. આ સિવાયના રાજયો પોતાના માટે અલગ કાયદો ઘડી શકે છે અથવા બંધારણના અનુચ્છેદ ૨૫૨ (૧) મુજબ આ કાયદો અપનાવી શકે છે.

જળ પુરવઠો, સિંચાઈ, નહેરો, જળવિદ્યુત, જળસંગ્રહ તેમજ જાહેર આરોગ્ય અને સુખાકારીના વિષયો રાજય યાદીમાં આવે છે તેથી રાજયોની સંમતિ સિવાય આ સંબંધમાં સંસદ કાયદો ઘડવા સક્ષમ નથી. ૧૨ રાજયોની વિધાનસભાઓએ આ સંબંધમાં સંસદનો કાયદો હોવાનું જણાવતા ઠરાવો પસાર

કર્યા હતા તે મુજબ સંસદે આ કાયદો ઘડેલ છે ત્યારબાદ રાજયોએ પણ આ કાયદો સ્વીકાર્યો છે તેથી જળપ્રદૂષણ નિવારણ અને અંકુશ અંગે આ સર્વગ્રાહી અને ભારત વ્યાપી કાયદો બન્યો છે.

## ૩.૩.૧ શાબ્દિક અર્થઘટનો :-

આ ધારામાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત જ હોય તો,

બોર્ડ એટલે કેન્દ્ર બોર્ડ કે રાજય બોર્ડ કેન્દ્રનું બોર્ડ.

સેન્ટ્રલ બોર્ડ એટલે કલમ–૩ હેઠળ સ્થપાયેલું કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ.

સભ્ય એટલે બોર્ડ સભ્ય જેમાં તેના અધ્યક્ષનો પણ સમાવેશ થશે.

કબજેદાર એટલે કોઈ કારખાના કે જગ્યાના સંબંધમાં ‘કબજેદાર’ એટલે કારખાના કે જગ્યાના કામકાજ પર નિયંત્રણ રાખતી હોય તેવી વ્યક્તિ અને જેમાં કોઈ પદાર્થના સંદર્ભમાં તેવો પદાર્થ ધરાવનાર વ્યક્તિનો પણ સમાવેશ થાય છે.

પ્રદુષણ એટલે પાણીની એવી અશુદ્ધિઓ કે પાણીના ભૌતિક, રાસાયણિક અશુદ્ધિઓ કે પાણીના ભૌતિક, રાસાયણિક કે જૈવિક ગુણધર્મોમાં થયેલ ફેરફાર કે તેમાં કોઈ વહેતો કચરો છોડવો કે વેપારી કાયદો કે એવા બીજા પ્રવાહી, વાયુ કે ઘન પદાર્થો જે પાણીમાં ભળી ગયા હોય અને જેને લીધે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે

ઉપદ્રવ થાય કે થવાની સંભાવના હોય અથવા તે પાણી જાહેર તંદુરસ્તી, સલામતી, ઘરગથ્થું વપરાશ કે ધંધાદારી વપરાશ કે ઔદ્યોગિક વપરાશ કે ખેતી વિષયક કે બીજા ઉપયોગ માટે વનસ્પતિ માટે કે પ્રાણીઓની તંદુરસ્તી અને જીવન માટે કે વનસ્પતિ, જળચર જીવો વગેરે માટે તે હાનિકારક કે નુકશાનકારક હોય તેવું પાણી.

ઠરાવેલું એટલે યથાપ્રસંગે કેન્દ્ર સરકાર કે રાજય સરકારે આધાર હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું.

ગટરનો કચરો એટલે કોઈપણ વસ્તુની ગટર વ્યવસ્થામાંથી કે ગટરના નિકાલ કાર્યથી જેમાં ખુલ્લી ગટરમાંથી નીકળતી ગંદકીનો પણ સમાવેશ થાય છે.

બંધ ગટર એટલે કોઈ ખુલ્લી કે બંધ નીક, ભુંગળું કે નાળું કે જે કચરો કે વેપારી કચરો લઈ જવાની શકયતા ધરાવતું હોય.

રાજય બોર્ડ એટલે કલમ–૪ હેઠળ સ્થપાયેલ રાજયનું પ્રદુષણ નિયંત્રણ બોર્ડ.

રાજય સરકાર એટલે કેન્દ્રશાસિત પ્રદેશોના સંબંધમાં રાજય સરકાર એટલે તેના વહીવટ માટે બંધારણના આર્ટીકલ ૨૩૯ હેઠળ નિમાયેલ સત્તા.

ઝરણું એટલે નદી, પાણીનો માર્ગ, અંતર્ગત ભુમિ પાણી, પાણીનો પ્રવાહ, પેટા ભુર્ગભનો પ્રવાહ.

વેપારી પ્રવાહી એટલે તેમાં કોઈ પ્રવાહી, વાયુ કે ઘન પદાર્થ જે કોઈ વપરાતી જગ્યામાં છોડવામાં આવેલ હોય અને તે ઘરગથ્થું વ્યવસ્થા સિવાયની નિકાલ પદ્ધતિથી છોડયું હોય તેનો સમાવેશ થાય છે.

## ૩.૩.૨. પાણી પ્રદુષણના નિવારણ અને નિયંત્રણ માટે કેન્દ્રીય અને રાજયનું વહીવટી માળખું:-

(૧) કેન્દ્ર સરકાર રાજયપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી (આસામ, બિહાર, ગુજરાત, હરિયાણા, હિમાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, કર્ણાટક, કેરળ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ત્રિપુરા અને પશ્ચિમ બંગાળ તથા સંઘ રાજય ક્ષેત્રોમાં આ અધિનિયમનો આરંભ થયાની તારીખથી છ મહિના કરતાં મોડી ન હોય તેવી) તારીખથી કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, આ અધિનિયમ હેઠળ તે બોર્ડને આપેલી સત્તા વાપરવા અને સોંપેલા કાર્યો બજાવવા માટે રચશે.

(૨) કેન્દ્રીય બોર્ડ નીચેના સભ્યોનું બનશે.

(એ) કેન્દ્ર સરકારે નિયુકત કરવાના પૂર્ણકાલિન અધ્યક્ષ, જે પર્યાવરણલક્ષી સંરક્ષણ અંગેની બાબતોના સંબંધમાં વિશેષ જ્ઞાન અથવા કાર્યજનિત અનુભવ ધરાવતી વ્યક્તિ હોય અથવા જે ઉપર્યુકત બાબતોનું કાર્ય સંભાળતી સંસ્થાઓના વહીવટના જ્ઞાન અને અનુભવ ધરાવતી વ્યક્તિ હોય.

(બી) કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરવા તે સરકારે ન્યિુકત કરવાના પાંચ કરતાં વધુ ન હોય તેટલી સંખ્યાના અધિકારીઓ.

(સી) કેન્દ્ર સરકારે, રાજય બોર્ડના સભ્યોમાંથી નિયુક્તિ કરવાની, પાંચ કરતાં વધુ ન હોય તેટલી સંખ્યાની વ્યક્તિઓ જે પૈકી બે વ્યક્તિઓ, કલમ – ૪ ની પેટાકલમ – (૨) ના ખંડ (સી) માં ઉલ્લેખેલ વ્યક્તિઓમાંથી હોવી જોઈએ.

(ડી) ખેતી, મત્સ્યઉદ્યોગ અથવા ઉદ્યોગ કે વ્યાપારના હિતોનું અથવા કેન્દ્ર સરકારના અભિપ્રાય પ્રમાણે જેનું પ્રતિનિધિત્વ હોવું આવશ્યક હોય તેવા બીજા કોઈ હિતનું પ્રતિનિધિત્વ કરવા કેન્દ્ર સરકારે નિયુકત કરવાની પાંચ કરતાં વધુ ન હોય તેટલી સંખ્યાના બિનસરકારી અધિકારીઓ.

(ઈ) કેન્દ્ર સરકારની માલિકીના, તેના નિયંત્રણ અથવા વહીવટ તળેની કંપનીઓ અથવા કોર્પોરેશનોનું પ્રતિનિધિત્વ કરવા તે સરકારે નિયુકત કરવાની બે વ્યક્તિઓ.

(એફ) કેન્દ્ર સરકારે નિમવાના, પર્યાવરણ નિયંત્રણના વૈજ્ઞાનિક, એન્જીનીયરીંગ અથવા વહીવટી પાસાઓની લાયકાત, જાણકારી, અનુભવ ધરાવતા પૂર્ણકાલિન સભ્ય – સચિવ.

(૩) કેન્દ્રીય બોર્ડ, ઉપર્યુકત નામનું કાયમી ઉત્તરાધિકાર અને પોતાનું સીલ ધરાવતું સંસ્થાપિત મંડળ રહેશે અને તેને આ અધિનિયમની જોગવાઈઓને આધિન રહીને મિલ્કત પ્રાપ્ત કરવાની, ધરાવવાની અને તેનો નિકાલ કરવાની અને કરાર કરવાની સત્તા રહેશે અને ઉપર્યુકત નામથી તે દાવો કરી શકાશે.

કલમ – ૩ કેન્દ્ર સરકારને કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની રચના કરવાનો આદેશ આપે છે જે મુજબ કેન્દ્ર સરકારે આ કાયદો લાગુ થયાની તારીખથી એટલે કે તા. ૨૩-૦૩-૧૯૭૪ થી છ મહિના કરતાં મોડી ન હોય તેવી તારીખથી કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની રચના કરવાની રહેશે. આ બોર્ડના સભ્યોની નિયુક્તિ અને તેઓની સંખ્યા અંગેની જોગવાઈ આ કલમમાં જણાવેલ છે જે મુજબ કેન્દ્ર સરકાર પર્યાવરણલક્ષી સંરક્ષણ અંગેની બાબતોના સંબંધમાં વિશેષ જ્ઞાન અથવા કાર્યજનિત અનુભવ ધરાવતી વ્યક્તિ અથવા પર્યાવરણલક્ષી સંરક્ષણ અંગેની બાબતોનું કાર્ય સંભાળતી સંસ્થાઓના વહીવટનું

જ્ઞાન અને અનુભવ ધરાવતી વ્યક્તિને કેન્દ્રીય બોર્ડના પૂર્ણકાલિન અધ્યક્ષ તરીકે નિયુકત કરે છે. બોર્ડના બીજા સભ્યો તરીકે કેન્દ્ર સરકારનું પ્રતિનિધિત્વ કરવા વધુમાં વધુ પાંચ સભ્યો કે જે સામાન્ય રીતે સરકારી અધિકારીઓ હોય છે તથા રાજય બોર્ડોમાંથી વધુમાં વધુ પાંચ સભ્યો કે જેમાંના બે રાજય સરકારે રાજય બોર્ડમાં રાજયમાં કામ કરતાં સ્થાનિક સત્તામંડળમાંથી નિયુકત કરેલા હોય તેવા સભ્યોની નિયુક્તિ કરે છે. આ ઉપરાંત ખેતી, મત્સ્યોદ્યોગ અથવા ઉદ્યોગ કે વ્યાપારના હિતોનું અથવા કેન્દ્ર સરકારના અભિપ્રાય પ્રમાણે જેનું પ્રતિનિધિત્વ હોવું આવશ્યક હોય તેવા બીજા કોઈ હિતનું પ્રતિનિધિત્વ કરવા કેન્દ્ર સરકાર વધુમાં વધુ પાંચ બિનસરકારી સભ્યોની નિયુક્તિ કેન્દ્રીય બોર્ડમાં કરે છે. કેન્દ્ર સરકારની માલિકીની, તેના નિયંત્રણ અથવા વહીવટ હેઠળની કંપનીઓ અથવા કોર્પોરેશનોનું પ્રતિનિધિત્વ કરવા બે વ્યક્તિઓની નિયુક્તિ કેન્દ્રીય બોર્ડમાં કરવામાં આવે છે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર કેન્દ્રીય બોર્ડના પૂર્ણકાલિન સભ્ય સચિવ (Member Secretary) તરીકે પર્યાવરણ નિયંત્રણના વૈજ્ઞાનિક, એન્જીનીયરીંગ અથવા વહીવટી પાસાંઓની લાયકાત, જાણકારી અને અનુભવ ધરાવતી વ્યક્તિની નિમણુંક કરે છે. આ કેન્દ્રીય બોર્ડ સંસ્થાપિત મંડળ (Body Corporate) છે તે કાનૂની વ્યક્તિ છે તેથી પોતાના નામે મિલ્કત ધારણ કરી શકે છે, તેનો નિકાલ કરી શકે છે તેમજ પોતાના નામે કરાર કરી શકે છે. બોર્ડ પોતાનું સીલ ધરાવે છે તે પોતાના નામે દાવો કરી શકે છે તેમજ તેના પર દાવો કરી શકાય છે.

(૧) રાજય સરકાર રાજયપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખથી, ‘‘જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તે નામનું રાજય પર્યાવરણ નિયંત્રણ બોર્ડ, આ અધિનિયમ હેઠળ તે બોર્ડને આપેલી સત્ત વાપરવા અને સોંપેલા કાર્યો બજાવવા માટે નીમશે.

(૨) રાજય બોર્ડ નીચેના સભ્યોનું બનશે;

(એ) રાજય સરકારે નિયુકત કરવાના અધ્યક્ષ, જે પર્યાવરણલક્ષી સંરક્ષણ અંગેની બાબતોના સંબંધમાં વિશેષ જ્ઞાન અથવા કાર્યજતિન અનુભવ ધરાવતી વ્યકિત હોય અથવા જે ઉપર્યુકત બાબતોનું કાર્ય સંભાળતી સંસ્થાઓના વહીવટી જ્ઞાન અને અનુભવ ધરાવતી વ્યકિત હોય,

પરંતુ અધ્યક્ષ, રાજય સરકારને યોગ્ય લાગે તે પ્રમાણે પૂર્ણકાલિન કે અંશકાલિન હોય શકશે;

(બી) રાજય સરકારનું પ્રતિનિધિત્વ કરવા માટે તેણે નિયુકત કરવાના પાંચ કરતાં વધુ ન હોય તેટલી સંખ્યાના અધિકારીઓ;

(સી) રાજયમાં કાર્ય કરતાં સ્થાનિક સત્તા મંડળના સભ્યોમાંથી રાજય સરકારે નિયુકત કરવાની પાંચ કરતાં વધુ ન હોય તેટલી સંખ્યાની વ્યકિતઓ;

(ડી) ખેતી, મત્સ્યોદ્યોગ અથવા ઉદ્યોગ કે વ્યાપારના હિતોનું અથવા રાજય સરકારના અભિપ્રાય પ્રમાણે જેનું પ્રતિનિધિત્વ હોવું આવશ્યક હોય તેવા બીજા કોઈ હિતનું પ્રતિનિધિત્વ કરવા રાજય સરકારે નિયુકત કરવાની ત્રણ કરતાં વધુ ન હોય તેટલી સંખ્યાની બિનસરકારી વ્યકિતઓ;

(ઈ) રાજય સરકારની માલિકીની તેના નિયંત્રણ અથવા વહીવટ હેઠળ ની કંપનીઓ અથવા કોર્પોરેશનોનું પ્રતિનિધિત્વ કરવા તે સરકારે નિયુકત કરવાની બે વ્યકિતઓ.

(એફ) રાજય સરકારે નિમવાના પ્રદૂષણ નિયંત્રણના વૈજ્ઞાનિક, એન્જીનીયરીંગ અથવા વહીવટી પાસાંઓની લાયકાત, જાણકારી અને અનુભવ ધરાવતા પૂર્ણકાલિન સભ્ય–સચિવ.

(૩) દરેક રાજય બોર્ડ, રાજય સરકારે પેટાકલમ – (૧) હેઠળના જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલ નામનું, કાયમી ઉત્તરાધિકાર અને પોતાનું સીલ ધરાવતું સંસ્થાપિત મંડળ રહેશે અને તેને આ અધિનિયમની જોગવાઈઓને આધિન રહીને, મિલ્કત પ્રાપ્ત કરવાની, ધરાવવાની અને તેનો નિકાલ કરવાની અને કરાર કરવાની સત્તા રહેશે અને ઉપર્યુકત નામથી દાવો કરી શકશે અથવા તેની સામે દાવો કરી શકશે.

(૪) આ કલમમાં ગમે તે મજકુર હોય તે છતાં કેન્દ્રીય પ્રદેશ (Union Territory) માટે કોઈ રાજય બોર્ડ રચી શકશે નહીં અને કેન્દ્રીય પ્રદેશના સંબંધમાં કેન્દ્રીય બોર્ડ તે કેન્દ્રીય પ્રદેશ માટેના રાજય બોર્ડની સત્તાઓ વાપરશે અને તેના કાર્ય બજવશે.

પરંતુ કોઈ કેન્દ્રીય પ્રદેશના સંબંધમાં, કેન્દ્રીય બોર્ડો આ પેટાકલમ હેઠળ ના પોતાના તમામ અથવા કોઈ સત્તા અને કાર્યો, કેન્દ્ર સરકાર નિર્દિષ્ટ કરે તે વ્યકિતને અથવા વ્યકિતઓના મંડળને સોંપી શકશે.

આ કાયદાની કલમ – ૪ હેઠળ રાજય પર્યાવરણ નિયંત્રણ બોર્ડની રચના કરવાની સત્તા રાજય સરકારને છે. રાજય સરકાર રાજયપત્રમાં (ગેઝેટમાં) જાહેરનામાથી નક્કી કરે તે તારીખથી, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તે નામના રાજય પર્યાવરણ નિયંત્રણ બોર્ડની રચના કરે છે. આ બોર્ડના અધ્યક્ષની

નિયુક્તિ રાજય સરકાર કરે છે જે પૂર્ણ સમયના હોવા ફરજીયાત નથી. કેન્દ્રીય બોર્ડના અધ્યક્ષ પૂર્ણ સમયના હોય છે જયારે રાજય બોર્ડના અધ્યક્ષ પૂર્ણ સમયના રાખવા કે અંશકાલિન તે નક્કી કરવાની સત્તા રાજય સરકારને છે. રાજય સરકારને બોર્ડમાં પોતાનું પ્રતિનિધિત્વ કરવા પાંચ થી વધુ ન હોય એટલી સંખ્યાના સભ્યોની નિયુક્તિ કરવાની સત્તા છે જે સામાન્ય રીતે સરકારી અધિકારીઓ હોય છે. આ ઉપરાંત સ્થાનિક સત્તામંડળોના સભ્યોમાંથી વધુમાં વધુ પાંચ વ્યક્તિઓની બોર્ડના સભ્ય તરીકે રાજય સરકાર નિયુક્તિ કરી શકે છે. ખેતી, મત્સ્યોદ્યોગ અથવા ઉદ્યોગ કે વ્યાપારના હિતોનું અથવા રાજય સરકારના અભિપ્રાય મુજબ જેનું પ્રતિનિધિત્વ આવશ્કય હોય તેવા બીજા કોઈ હિતનું પ્રતિનિધિત્વ કરવા રાજય સરકાર વધુમાં વધુ ત્રણ બિનસરકારી વ્યક્તિઓને બોર્ડના સભ્ય તરીકે નિયુકત કરી શકે છે. રાજય સરકારની માલિકીની, તેના નિયંત્રણ અથવા વહીવટ હેઠળની કંપનીઓ અથવા કોર્પોરેશનોનું પ્રતિનિધિત્વ કરવા બે વ્યક્તિઓને સભ્ય તરીકે રાજયસરકાર રાજય બોર્ડમાં નિયુકત કરી શકે છે. આ ઉપરાંત રાજય સરકારને આ બોર્ડના પૂર્ણકાલિન સભ્ય – સચિવ (Member - Secretary) તરીકે પ્રદૂષણ નિયંત્રણના વૈજ્ઞાનિક, એન્જીનીયરીંગ અથવા વહીવટી પાસાંઓની લાયકાત, જાણકારી અને અનુભવ ધરાવતી વ્યક્તિઓને નિમવાની સત્તા છે. અધ્યક્ષ અને સભ્ય સચિવને બાદ કરતાં બોર્ડના સભ્યોની સંખ્યા ૧૫ થી વધુ ન થવી જોઈએ. આ બધા સભ્યોમાં ફકત સભ્ય સચિવ જ નિમણુંક પામેલી વ્યક્તિ છે જયારે બાકીના બધા જ નિયુકત થયેલા છે. કેન્દ્રીય બોર્ડની જેમ આ બોર્ડ પણ સંસ્થાપિત મંડળ (Corporate Body) છે તેથી તેનું અલગ કાનૂની વ્યક્તિત્વ છે, તેનું પોતાનું સીલ છે, તે પોતાના નામે મિલ્કત ધારણ કરી શકે છે, મિલ્કતનો ન્કિાલ કરી શકે છે તેમજ કરાર પણ કરી શકે છે, તે પોતાના નામે દાવો કરી શકે છે તેમજ તેના પર દાવો કરી શકાય છે.

આ જોગવાઈ મુજબ ગુજરાત રાજય માટે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અસ્તિત્વમાં આવેલ છે જેની મુખ્ય કચેરી ગાંધીનગર ખાતે આવેલી છે જયારે વડોદરા, ભરૂચ, સુરત, રાજકોટ, જામનગર અને વાપી ખાતે પ્રાદેશિક કચેરીઓ આવેલ છે. બોર્ડની પ્રાદેશિક કચેરીના વડાને રીજીઓનલ ઓફીસર કહેવામાં આવે છે. આ પ્રાદેશિક કચેરીઓ બોર્ડની મુખ્ય કચેરી હેઠળ બોર્ડની કામગીરી બજાવે છે.

આ કલમ – ૪ માં રાજયબોર્ડોની રચના વિશે જણાવાયું છે, છતાં સંઘ રાજયક્ષેત્ર (કેન્દ્રશાસિત પ્રદેશ) માટે કોઈ રાજયબોર્ડ રચી શકાતું નથી. સંઘ રાજયક્ષેત્ર માટેના રાજયબોર્ડની સત્તાઓ કેન્દ્રીય બોર્ડમાં સ્થાપિત થયેલી છે. કેન્દ્રીય બોર્ડ સંઘ રાજયક્ષેત્ર માટે બોર્ડની તમામ સત્તાઓ વાપરશે અથવા પોતાની તમામ અથવા કોઈ નિશ્ચિત સત્તા અને કાર્યો કેન્દ્ર સરકાર નિર્દિષ્ટ કરે તે વ્યકિતને અથવા વ્યકિતઓના મંડળને સોંપી શકશે.

(૧) આ અધિનિયમથી અથવા તે હેઠળ અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય, બોર્ડના સભ્ય સચિવ સિવાયના કોઈ સભ્ય, પોતાની નિયુકિતની તારીખથી ત્રણ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે.

પરંતુ કોઈ સભ્ય પોતાની હોદ્દાની મુદત પુરી થઈ હોય તે છતાં તેને અનુગામી તેનો હોદ્દો ન સંભાળે ત્યાં સુધી હોદ્દો ધરાવતો ચાલુ રહેશે.

(૨) કલમ – ૩ ની પેટાકલમ – (૨) ના ખંડ (બી) અથવા ખંડ (ઈ) અથવા કલમ – ૪ ની પેટાકલમ – (૨) ના ખંડ (બી) અથવા ખંડ (ઈ) હેઠળ નિયુકત કરાયેલ બોર્ડના સભ્યના હોદ્દાની મુદત, યથાપ્રસંગ, કેન્દ્ર સરકાર અથવા રાજય

સરકાર હેઠળના કેન્દ્ર સરકારની અથવા રાજય સરકારની માલિકીની, તેના નિયંત્રણ અથવા વહીવટ હેઠળની કંપની અથવા કોર્પોરેશન હેઠળના જે હોદ્દાની રૂએ તેને નિયુકત કરવામાં આવ્યો હોય તે હોદ્દો ધરાવતો તે બંધ થાય કે તરત જ પૂરી થશે.

(૩) યથાપ્રસંગ, કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર પોતાને યોગ્ય લાગે તો બોર્ડના કોઈ સભ્યને, તેના હોદ્દાની મુદત પૂરી થયા પહેલાં હોદ્દા પરથી દૂર કરવા સામેનું કારણ દર્શાવવાની વ્યાજબી તક તેને આપ્યા પછી, હોદ્દા પરથી દૂર કરી શકશે.

(૪) બોર્ડના સભ્ય – સચિવ સિવાયનો બીજો કોઈ સભ્ય, નીચેનાને સંબોધીને પોતાના હાથથી લખીને, કોઈપણ સમયે, પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે.–

(એ) પોતે અધ્યક્ષ હોય તો, યથાપ્રસંગ કેન્દ્ર સરકાર અથવા રાજય સરકારને અને

(બી) બીજી કોઈ બાબતમાં, બોર્ડના અધ્યક્ષને અને અધ્યક્ષની અથવા એવા સભ્યની બેઠક તેમ થયે ખાલી પડશે.

(૫) બોર્ડના સભ્ય સચિવ સિવાયનો બીજો સભ્ય, બોર્ડના અભિપ્રાય પ્રમાણે જો તે બોર્ડની લાગલગાટ ત્રણ બેઠકોમાં પૂરતા કારણ વગર ગેરહાજર રહ્યો હોય તો અથવા કલમ – ૩ ની પેટાકલમ – (૨) ના ખંડ (સી) અથવા ખંડ (ઈ) હેઠળ તેને નિયુકત કરવામાં આવ્યો હોય તે પ્રસંગે જો તે, યથાપ્રસંગ, રાજયબોર્ડ અથવા સ્થાનિક સત્તામંડળનો અથવા કેન્દ્ર સરકારની અથવા રાજય સરકારની માલિકીની, તેના નિયંત્રણ અથવા વહીવટની કંપની અથવા કોર્પોરેશનનો સભ્ય

હોય તો બંધ થાય, તો તેણે પોતાની બેઠક ખાલી કરી છે એમ ગણાશે અને આવા બન્ને પ્રસંગે બેઠક ખાલી કરવાની બાબત, યથાપ્રસંગ, કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર રાજયપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તે તારીખથી અમલમાં આવશે.

(૬) બોર્ડમાં પ્રસંગોપાત ખાલી પડતી જગ્યા, નવી નિયુક્તિથી ભરવાની રહેશે અને તેવી રીતે ખાલી પડેલી જગ્યા ભરવા નિયુકત કરાયેલી વ્યક્તિ જેની જગ્યાએ નિયુકત કરવામાં આવી હોય તે સભ્યની બાકીની મુદત સુધી જ હોદ્દો ધરાવશે.

(૭) બોર્ડનો કોઈપણ સભ્ય પુનઃનિયુક્તિ માટે લાયક ગણાશે.

(૮) બોર્ડના અધ્યક્ષ અને સભ્ય સચિવ સિવાયના સભ્યની નોકરીની અન્ય શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

(૯) અધ્યક્ષ નોકરીની અન્ય શરતો ઠરાવવામાં આવે તેવી રહેશે.

આ કલમ – ૫ માં જણાવેલી નોકરીની શરતો કેન્દ્રીય બોર્ડ અને રાજયબોર્ડ એમ બન્ને બોર્ડના સભ્યોને લાગુ પડે છે. સભ્યો એટલે કેન્દ્ર સરકારે કે રાજય સરકારે નિયુકત કરેલા સભ્યોમાં અધ્યક્ષનો પણ સમાવેશ થાય છે.

(અ) સભ્યોના હોદ્દાની મુદતઃ–

(૧) કેન્દ્રીય બોર્ડ તેમજ રાજય બોર્ડના તમામ સભ્યો આ અધિનિયમથી અથવા તે હેઠળ અન્યથા જોગવાઈ કરી હોય તે સિવાય (બોર્ડના સભ્ય – સચિવ સિવાય),

તેમની નિયુક્તિની તારીખથી ત્રણ વર્ષની મુદત સુધી પોતાના હોદ્દા પર રહી શકે છે પરંતુ કોઈ સભ્ય પોતાના હોદ્દાની મુદત પૂરી થઈ ગઈ હોય તે છતાં તેનો અનુગામી તેનો હોદ્દો ન સંભાળે ત્યાં સુધી હોદ્દા પર ચાલુ રહેશે.

(૨) જયારે કેન્દ્રીય બોર્ડ અથવા રાજય બોર્ડમાં કોઈ સભ્યની નિયુક્તિ, અનુક્રમે કેન્દ્ર સરકાર અથવા રાજય સરકારનું બોર્ડમાં પ્રતિનિધિત્વ કરવા અથવા અનુક્રમે કેન્દ્ર સરકાર અથવા રાજય સરકારની માલિકીની, તેના નિયંત્રણ અથવા વહીવટ હેઠળની કંપની અથવા કોર્પોરેશનોનું પ્રતિનિધિત્વ કરવા ગયેલી હોય તો, તેવા સભ્યના હોદ્દાની મુદત અનુક્રમે કેન્દ્ર સરકાર અથવા રાજય સરકારની માલિકીની, તેના નિયંત્રણ અથવા વહીવટ હેઠળની કંપની અથવા કોર્પોરેશન હેઠળના જે હોદ્દાની રૂએ તેને નિયુકત કરવામાં આવ્યો હોય તે હોદ્દો ધરાવતો તે બંધ થાય કે તુરંત જ પૂરી થશે.

(૩) કેન્દ્ર સરકાર કે રાજય સરકાર પોતાને યોગ્ય લાગે તો અનુક્રમે કેન્દ્રીય બોર્ડ કે રાજય બોર્ડના કોઈ સભ્યને તેના હોદ્દાની મુદત પૂરી થતાં પહેલાં તેને તેના હોદ્દા પરથી દૂર કરવા સામે તેના બચાવની વ્યાજબી તક આપ્યા પછી તેના હોદ્દા પરથી દૂર કરી શકે છે.

(૪) કેન્દ્રીય બોર્ડ કે રાજય બોર્ડનો સભ્ય સચિવ સિવાયનો કોઈપણ સભ્ય (અધ્યક્ષ સહિત), પોતાના હોદ્દાનું રાજીનામું આપી છૂટો થઈ શકે છે. બોર્ડના અધ્યક્ષે રાજીનામું યથાપ્રસંગ કેન્દ્ર સરકાર કે રાજય સરકારને સંબોધીને આપવાનું રહે છે જયારે અન્ય સભ્યોએ બોર્ડના અધ્યક્ષને રાજીનામું આપવાનું રહે છે. રાજીનામું આપતાં જે તે સભ્યની બેઠક ખાલી પડેલી ગણાશે.

(૫) સભ્ય સચિવ સિવાયના બોર્ડના અન્ય કોઈ સભ્ય, બોર્ડના અભિપ્રાય પ્રમાણે જો તે બોર્ડની લાગલગાટ ત્રણ બેઠકોમાં કારણ વગર ગેરહાજર રહે તો તેણે પોતાની બેઠક ખાલી કરી છે એમ ગણાશે અને આવા પ્રસંગે બેઠક ખાલી કરવાની બાબત યથાપ્રસંગ કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર રાજયપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તે તારીખથી અમલમાં આવશે.

(૬) જયારે કેન્દ્રીય બોર્ડમાં કોઈ સભ્યની નિયુક્તિ કલમ – ૩ ની પેટાકલમ – (૨) ના ખંડ (સી) અથવા ખંડ (ઈ) હેઠળ અથવા રાજય બોર્ડમાં કોઈ સભ્યની નિયુક્તિ કલમ – ૪ ની પેટાકલમ – (૨) ના ખંડ (સી) અથવા ખંડ (ઈ) હેઠળ કરવામાં આવી હોય તો, જો તે યથાપ્રસંગ રાજય બોર્ડ અથવા સ્થાનિક સત્તામંડળ નો અથવા કેન્દ્ર સરકારની અથવા રાજય સરકારની માલિકીની, તેના નિયંત્રણ અથવા વહીવટ હેઠળની કંપની અથવા કોર્પોરેશનનો સભ્ય હોતો બંધ થાય તો તેણે પોતાની બેઠક ખાલી કરી છે એમ ગણાશે અને જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તે તારીખથી અમલમાં આવશે.

(૭) જયારે બોર્ડમાં પ્રસંગોપાત ખાલી પડેલી જગ્યા નવી નિયુક્તિથી ભરવામાં આવી હોય ત્યારે નવો નિયુકત થયેલ સભ્ય જેની જગ્યાએ નિયુકત કરવામાં આવ્યો હોય તેની બાકીની મુદત સુધી જ હોદ્દા પર રહેશે.

(૮) કેન્દ્રીય બોર્ડ કે રાજયબોર્ડનો કોઈ સભ્ય આ કાયદાની કલમ – ૬ માં જણાવેલી ગેરલાયકાતો પૈકી કોઈ એક કે વધુ ગેરલાયકાતથી અયોગ્ય ઠરે તો તેની બેઠક ખાલી પડશે.

કેન્દ્રીય બોર્ડ કે રાજય બોર્ડના કોઈ સભ્યની હોદ્દાની મુદત પુરી થતાં તેની પુનઃનિયુક્તિ, યથાપ્રસંગ, કેન્દ્ર સરકાર કે રાજય સરકાર પોતાને યોગ્ય લાગે તો કરી શકે છે પણ નિયુક્તિ કેટલીવાર કરી શકાય એ માટે કોઈ મર્યાદા નિશ્ચિત કરવામાં આવી નથી.

કેન્દ્રીય બોર્ડ અને રાજય બોર્ડના સભ્ય સચિવ અને અધ્યક્ષની નોકરીની શરતો અને તેમની ફરજો અને સત્તા અનુક્રમે કેન્દ્ર સરકાર અને રાજય સરકાર નિયમો દ્વારા ઠરાવી શકે છે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના સભ્ય સચિવ અને અધ્યક્ષ માટે ગુજરાત સરકારે ''ગુજરાત પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) બાબતે નિયમો, ૧૯૭૬'' ઘડેલા છે.

(૧) જે કોઈ વ્યક્તિ નીચે પ્રમાણે હોય તે વ્યક્તિ આ કાયદાની કલમ – ૬ હેઠળ બોર્ડની સભ્ય થઈ શકશે નહીં.

(એ) જે નાદાર હોય અથવા કોઈપણ સમયે નાદારી કરી હોય અથવા જેણે તેના દેવાની ચૂકવણી મોકુફ રાખી હોય અથવા તેના લેણદારો સાથે પતાવટ કરી હોય. અથવા

(બી) જે અસ્થિર મગજની હોય અને સત્તા ધરાવતા ન્યાયાલયે જેને એવી રીતે જાહેર કરી હોય. અથવા

(સી) યથાપ્રસંગ, કેન્દ્ર સરકાર અથવા રાજય સરકારના અભિપ્રાય મુજબ નૈતિક અધઃપતન વાળા ગણાય તેવા ગુન્હા માટે જેને દોષિત ઠરાવવામાં આવે અથવા આવી હોય. અથવા

(ડી) આ કાયદા હેઠળના ગુન્હા માટે દોષિત હોય અથવા કોઈપણ સમયે જેને દોષિત ઠરાવવામાં આવી હોય. અથવા

(ઈ) જે પોતે અથવા કોઈ ભાગીદારી દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સુએજના અથવા ઉદ્યોગના ગંદા પાણીની પ્રૂયિા માટેની યંત્રસામગ્રી, પ્લાન્ટ, સાધનો, ઉપકરણો અથવા ફીટીંગના ઉત્પાદન, વેચાણ અથવા તે ભાડે આપવાનો ધંધો કરતી કોઈ પેઢી અથવા કંપનીમાં કોઈ હિસ્સો અથવા હિત ધરાવતી હોય. અથવા

(એફ) સુએજ યોજનાઓના અમલ માટે અથવા સુએજના કે ઉદ્યોગના ગંદા પાણીની પ્રૂયિા માટેના પ્લાન્ટ નાખવા માટે, બોર્ડ સાથે અથવા બોર્ડ રચનાર સરકાર સાથે અથવા રાજયના સ્થાનિક સત્તામંડળ સાથે અથવા સરકારની માલિકીની, તેના નિયંત્રણ કે વહીવટ હેઠળની કંપની અથવા કોર્પોરેશન સાથે કોઈ કરાર કરનાર કોઈ કંપની અથવા પેઢીની જે ડિરેકટર અથવા સેૂટરી, મેનેજર અથવા અન્ય પગારદાર અધિકારી કે કર્મચારી હોય. અથવા

(જી) યથાપ્રસંગ, કેન્દ્ર સરકાર અથવા રાજય સરકારના અભિપ્રાય મુજબ જેણે સભ્ય તરીકેના પોતાના હોદ્દાનો એવી રીતે દુરુપયોગ કર્યો હોય કે બોર્ડમાં તેને ચાલુ રાખવામાં લોકહિતને નુકશાનકારક હોય.

(૨) સંબંધિત વ્યક્તિને હોદ્દા પરથી દૂર કરવા સામે કારણ દર્શાવવાની વ્યાજબી તક આપવામાં આવી ન હોય તો, યથાપ્રસંગ, કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર આ કલમ હેઠળ હોદ્દા પરથી દૂર કરવાનો કોઈ હુકમ કરી શકશે નહીં.

(૩) કલમ – (૫) ની પેટાકલમો (૧) અને (૭) માં ગમે તે મજકૂર હોય તે છતાં, આ કલમ હેઠળ હોદ્દા પરથી દૂર કરાયેલ વ્યકિત, સભ્ય તરીકે પુનઃનિયુકિત માટે લાયક થશે નહીં.

આ કલમ – ૬ માં કેન્દ્રીય બોર્ડ તથા રાજય બોર્ડના સભ્યોની ગેરલાયકાતો જણાવેલી છે જે મુજબ જો બોર્ડનો કોઈ સભ્ય આ ગેરલાયકાતો પૈકી કોઈ એક કે વધુ ગેરલાયકાતો ધરાવતો થાય તો તેને હોદ્દા પરથી દૂર કરવા સામે, તેનો બચાવ કરવાની વ્યાજબી તક આપ્યા પછી જો તે અયોગ્ય ઠરે તો દૂર કરી શકાય છે પરંતુ જો તેને બચાવની વ્યાજબી તક આપવામાં ન આવી હોય તો યથાપ્રસંગ કેન્દ્ર સરકાર યા રાજય સરકાર તેને હોદ્દા પરથી દૂર કરવાનો હુકમ કરી શકશે નહીં.

બોર્ડનો કોઈ સભ્ય કલમ – ૬ માં નિર્દિષ્ટ કરેલ ગેરલાયકાતો પૈકી કોઈ ગેરલાયકાતથી અયોગ્ય ઠરે તો તેની બેઠક કલમ – ૭ મુજબ ખાલી પડશે.

આ કલમ – ૭ મુજબ જયારે કેન્દ્રીય બોર્ડ કે રાજયબોર્ડનો કોઈ સભ્ય આ અધિનિયમની કલમ – ૬ માં નિર્દિષ્ટ કરેલ ગેરલાયકાતો પૈકી કોઈ એક કે વધુ ગેરલાયકાતથી અયોગ્ય ઠરે તો તેની બેઠક ખાલી પડેલી ગણાશે. આ ખાલી પડેલી બેઠક નવી નિયુકિતથી ભરી શકાશે. આ નવો નિયુકત થયેલ સભ્ય જેની જગ્યાએ તેની નિયુકિત થઈ હોય તેની બાકી રહેલી મુદત સુધી જ બોર્ડનો સભ્ય રહી શકે છે.

આ કાયદાની કલમ – ૮ મુજબ બોર્ડ દર ત્રણ મહિને ઓછામાં ઓછું એક વાર મળશે અને પોતાની બેઠકોમાં કાર્યસંચાલનના સંબંધમાં ઠરાવવામાં આવે તેવા કાયરીતિ – નિયમોનું પાલન કરશે.

પરંતુ અધ્યક્ષનો એવો અભિપ્રાય થાય કે તાકીદના સ્વરૂપનું કોઈ કામકાજ કરવાનું છે તો તે ઉપર્યુકત હેતુ માટે પોતાને યોગ્ય લાગે તે સમયે, બોર્ડની બેઠક બોલાવી શકશે.

આ કલમમાં બોર્ડની સભાઓ વિશે જણાવાયું છે જે મુજબ બોર્ડની સભાઓ બે પ્રકારની છે;

(૧) સામાન્ય અથવા નિયમિત બેઠક (Ordinary or Routine Meeting).

(૨) તાકીદની બેઠક (Urgent Meeting).

આ બેઠકોમાં અપનાવવાની કાર્યપદ્ધતિ, યથાપ્રસંગ, કેન્દ્ર સરકાર અથવા રાજય સરકારે નિયમો દ્વારા ઠરાવવાની છે જે મુજબ કેન્દ્ર સરકારે તેમજ રાજય સરકારોએ અનુક્રમે કેન્દ્રીય બોર્ડ તથા રાજય બોર્ડો માટે નિયમો બનાવેલા છે.

ગુજરાત રાજય માટે, ગુજરાત સરકારે, ‘‘ગુજરાત પાણી (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) બાબત નિયમો, ૧૯૭૬’’ બનાવેલ છે જેની કલમ – ૬ થી કલમ – ૧૩ સુધીમાં ગુજરાત રાજય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની સભામાં અનુસરવાની કાર્યપદ્ધતિ વિશે જણાવેલ છે.

(૧) આ કાયદામાં ગમે તે જણાવવામાં આવેલ હોવા છતાં, કોઈ સમજૂતી (કલમ - ૧૩ મુજબ) -

(એ) પડખે આવેલાં બે કે તેથી વધારે રાજયોની સરકારો, અથવા

(બી) (એક અથવા વધારે રાજયક્ષેત્રોના સંબંધમાં) કેન્દ્ર સરકાર અને એવા કેન્દ્રીય પ્રદેશ કે કેન્દ્રીય પ્રદેશોની પડખે આવેલાં એક કે તેથી વધારે રાજયોની સરકારો કરી શકશે અને આવી સમજૂતી -

(૧) કલોઝ (એ) માં ઉલ્લેખિત પ્રસંગે, ભાગ લેનાર તમામ રાજયો માટે, અને

(૨) કલોઝ (બી) માં ઉલ્લેખિત પ્રસંગે, ભાગ લેનાર કેન્દ્ર અથવા કેન્દ્રીય પ્રદેશ અથવા કેન્દ્રીય પ્રદેશો અને રાજય અથવા રાજયો માટે,

સંયુકત બોર્ડોની રચનાની જોગવાઈ કરવા માટે, સમજૂતીમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલા સમય માટે અને તેમાં નિર્દિષ્ટ કરવામાં આવેલ તેનાથી વધારે સમય, જો હોય તો, તે માટે નવિનીકરણ કરવાને આધિન રહી અમલમાં રહેશે.

(૨) આ કલમ હેઠળની કોઈ સમજૂતીથી -

(એ) પેટાકલમ (૧) ના કલોઝ (એ) માં ઉલ્લેખિત પ્રસંગે, ભાગ લેનાર રાજયો વચ્ચે અને તે પેટાકલમના કલોઝ (બી) માં ઉલ્લેખિત પ્રસંગે, કેન્દ્ર સરકાર અને ભાગ લેનાર રાજય સરકાર અથવા રાજય સરકારો વચ્ચે સંયુકત બોર્ડ સંબંધમાં ખર્ચની વહેંચણી અંગે જોગવાઈ કરી શકાય;

(બી) પેટાકલમ (૧) ના કલોઝ (એ) માં ઉલ્લેખિત પ્રસંગે, ભાગ લેનાર રાજય સરકારો પૈકી કઈ સરકારે અને સદરહુ પેટાકલમના કલોઝ (બી) માં ઉલ્લેખિત પ્રસંગે, કેન્દ્ર સરકાર કે પછી ભાગ લેનાર રાજય સરકારે (ભાગ લેનાર રાજયો જો એક કરતાં વધારે હોય) તો ભાગ લેનાર રાજય સરકારો પૈકી કઈ એક સરકારે આ કાયદા હેઠળની રાજય સરકારની વિવિધ સત્તા વાપરવી અને કાર્યો કરવા તે નક્કી કરી શકાશે અને આ કાયદામાં રાજય સરકાર અંગેના ઉલ્લેખોનો અર્થ તે મુજબ કરવામાં આવશે;

(સી) પેટાકલમ (૧) ના કલોઝ (એ) માં ઉલ્લેખિત પ્રસંગે, ભાગ લેનાર રાજય સરકારો વચ્ચે અને તે પેટાકલમના કલોઝ (બી) માં ઉલ્લેખિત પ્રસંગે, કેન્દ્ર સરકાર અને ભાગ લેનાર રાજય સરકાર અથવા રાજય સરકારો વચ્ચે સામાન્ય રીતે અથવા આ કાયદા હેઠળ ઉત્પન્ન થતી વિશિષ્ટ બાબતોના સંબંધમાં વિશિષ્ટ વિનિમય માટે જોગવાઈ કરી શકાય;

(ડી) સમજૂતીનો અમલ કરવા માટે જરૂરી અથવા ઈષ્ટ ગણાય અને આ કાયદા સાથે અસંગત ન હોય તેવી આનુસાંગિક અને સહાયક જોગવાઈઓ કરી શકાશે.

(૩) આ કલમ હેઠળની સમજૂતી, પેટાકલમ (૧) ના કલોઝ (એ) માં ઉલ્લેખિત પ્રસંગે, ભાગ લેનાર રાજયોના રાજયપત્રમાં અને તે પેટાકલમના કલોઝ (બી) માં ઉલ્લેખિત પ્રસંગે, ભાગ લેનાર કેન્દ્ર રાજય ક્ષેત્ર અથવા કેન્દ્રીય પ્રદેશોના અને ભાગ લેનાર રાજય અથવા રાજયોના રાજયપત્રમાં પ્રગટ કરવામાં આવશે.

એકબીજાની લગોલગ આવેલાં બે કે વધુ રાજયો કે કોઈ એક કે વધુ રાજયોની લગોલગ આવેલાં કેન્દ્રશાસિત પ્રદેશો માટે સંયુકત બોર્ડોના બંધારણ અંગે આ કલમમાં જોગવાઈ કરેલી છે જે મુજબ એકબીજાને અડીને આવેલા બે કે વધુ રાજયોની સરકારો કે કેન્દ્ર સરકાર એવા કેન્દ્રશાસિત પ્રદેશને અડીને આવેલાં એક કે વધુ રાજયોની સરકારો સાથે સંયુકત બોર્ડોની રચના કરવાની સમજૂતી કરી શકે છે અને આ રીતે બનાવેલ સંયુકત બોર્ડ સમજૂતી કરનાર રાજયો કે કેન્દ્રીય પ્રદેશો માટે નિર્દિષ્ટ કરેલ મુદત માટે અમલમાં રહેશે. નિર્દિષ્ટ મુદત પુરી થયા બાદ તે સંયુકત બોર્ડ ફરીથી લાગુ પાડવા માટે સમજૂતી તાજી (Renew) કરવાની રહેશે. સંયુકત બોર્ડ રચવા માટેની સમજૂતી બંધારણના અનુચ્છેદ ૨૯૯ (૧) મુજબ થશે.

(૧) કલમ – ૧૩ ની પેટાકલમ – (૧) ના ખંડ – (એ) હેઠળ કરવામાં આવેલ સમજૂતી મુજબ રચાયેલ સંયુકત બોર્ડ આ કાયદાની કલમ – ૧૪ મુજબ નીચેના સભ્યોનું બનેલું રહેશે.

(એ) કેન્દ્ર સરકારે નિયુકત કરવાના પૂર્ણકાલિન અધ્યક્ષ, જે પર્યાવરણલક્ષી સંરક્ષણ સંબંધી બાબતોના સંબંધમાં વિશેષ જ્ઞાન અને કાર્યજનિત અનુભવ ધરાવતી વ્યક્તિ હોય અથવા જે ઉપર્યુકત બાબતોનું કાર્ય સંભાળતી સંસ્થાના વહીવટના જ્ઞાન અને અનુભવ ધરાવતી હોય;

(બી) ભાગ લેનાર રાજયો પૈકી દરેક રાજયમાંથી બે અધિકારીઓ, જેમને સંબંધિત ભાગ લેનાર રાજય સરકાર, તે સરકારનું પ્રતિનિધિત્વ કરવા નિયુકત કરશે;

(સી) ભાગ લેનાર રાજય સરકારો પૈકી દરેક સરકારે, સંબંધિત રાજયમાં કાર્ય કરતાં સ્થાનિક સત્તાધિકારીઓના સભ્યોમાંથી નિયુકત કરવાની એક વ્યકિત;

(ડી) સંબંધિત રાજયમાં ખેતી, મત્સ્યોદ્યોગ અથવા ઉદ્યોગ કે વ્યાપારના હિતોનું અથવા ભાગ લેનાર રાજય સરકારના મત મુજબ જેનું પ્રતિનિધિત્વ કરવાનું જરૂરી હોય તેવા અન્ય કોઈ હિતનું પ્રતિનિધિત્વ કરવા ભાગ લેનાર રાજય સરકારો પૈકી દરેક સરકારે નિયુકત કરવાની બિન–સરકારી વ્યકિત;

(ઈ) ભાગ લેનાર રાજય સરકારોની માલિકીની, તેમના અંકુશ અથવા વહીવટ હેઠળની કંપનીઓ અથવા કોર્પોરેશનોનું પ્રતિનિધિત્વ કરવા કેન્દ્ર સરકારે નિયુકત કરવાની બે વ્યકિતઓ;

(એફ) કેન્દ્ર સરકારે નિમવાની પર્યાવરણ નિયંત્રણના વૈજ્ઞાનિક, ઈજનેરી અથવા વહીવટી પાસાંઓની જાણકારી અને અનુભવ ધરાવતા પૂર્ણકાલિન સભ્ય – સચિવ.

(૨) કલમ – ૧૩ ની પેટાકલમ – (૧) ના ખંડ (બી) હેઠળ કરવામાં આવેલી સમજૂતી મુજબ રચાયેલું સંયુકત બોર્ડ નીચેના સભ્યોનું બનશે;

(એ) કેન્દ્ર સરકારે નિયુકત કરવાના પૂર્ણકાલિન અધ્યક્ષ, જે પર્યાવરણલક્ષી સંરક્ષણ સંબંધી બાબતોના સંબંધમાં વિશેષ જ્ઞાન અથવા કાર્યજનિત અનુભવ ધરાવતી વ્યકિત હોય અથવા જે ઉપર્યુકત બાબતોનું કાર્ય સંભાળતી સંસ્થાઓના વહીવટના જ્ઞાન અને અનુભવ ધરાવતી વ્યકિત હોય;

(બી) કેન્દ્ર સરકારે, યથાપ્રસંગ, ભાગ લેનાર કેન્દ્ર રાજયક્ષેત્ર, અથવા ભાગ લેનાર કેન્દ્રીય પ્રદેશો પૈકી દરેક પ્રદેશમાંથી નિયુકત કરવાના બે અધિકારીઓ અને સંબંધિત ભાગ લેનાર રાજય સરકારે, યથાપ્રસંગ, ભાગ લેનાર રાજય અથવા ભાગ લેનાર રાજયો પૈકી દરેક રાજયમાંથી નિયુકત કરવાના બે અધિકારીઓ;

(સી) કેન્દ્ર સરકારે, યથાપ્રસંગ, ભાગ લેનાર કેન્દ્ર રાજયક્ષેત્રમાં અથવા ભાગ લેનાર કેન્દ્રીય પ્રદેશ રાજયક્ષેત્રો પૈકી દરેક પ્રદેશમાં કાર્ય કરતાં સ્થાનિક સત્તાધિકારીઓના સભ્યોમાંથી નિયુકત કરવાની એક વ્યકિત અને સંબંધિત ભાગ લેનાર રાજય સરકારે, યથાપ્રસંગ, ભાગ લેનાર રાજયમાં અથવા રાજયો પૈકી દરેક રાજયમાં કાર્ય કરતાં સ્થાનિક સત્તાધિકારીઓના સભ્યોમાંથી નિયુકત કરવાની એક વ્યકિત;

(ડી) કેન્દ્ર રાજયક્ષેત્રમાં અથવા યથાપ્રસંગ, કેન્દ્રીય પ્રદેશો પૈકી દરેક રાજયક્ષેત્રમાં અથવા રાજયમાં અથવા રાજયો પૈકી દરેક રાજયમાં ખેતી, મત્સ્યોદ્યોગ અથવા ઉદ્યોગ કે વ્યાપારના હિતોનું અથવા યથાપ્રસંગ, કેન્દ્ર સરકાર અથવા રાજય સરકારના મત મુજબ જેનું પ્રતિનિધિત્વ કરવાનું જરૂરી હોય તેવા અન્ય કોઈ હિતનું પ્રતિનિધિત્વ કરવા કેન્દ્ર સરકારે નિયુકત કરવાની એક બિન-સરકારી વ્યકિત અને ભાગ લેનાર રાજય સરકાર અથવા રાજય સરકારોએ નિયુકત કરવાની એક વ્યકિત;

(ઈ) કેન્દ્ર સરકારની માલિકીની, તેના અંકુશ અથવા વહીવટ હેઠળની અને ભાગ લેનાર કેન્દ્ર રાજયક્ષેત્ર અથવા રાજયક્ષેત્રોમાં આવેલ કંપનીઓ અથવા કોર્પોરેશનોનું પ્રતિનિધિત્વ કરવા કેન્દ્ર સરકારે નિયુકત કરવાની બે વ્યકિતઓ

અને ભાગ લેનાર રાજય સરકારોની માલિકીની, તેમના નિયંત્રણ અથવા વહીવટ હેઠળની કંપનીઓ અથવા કોર્પોરેશનોનું પ્રતિનિધિત્વ કરવા કેન્દ્ર સરકારે નિયુકત કરવાની બે વ્યકિતઓ;

(એફ) કેન્દ્ર સરકારે નિમવાના પર્યાવરણ નિયંત્રણના વૈજ્ઞાનિક, ઈજનેરી અથવા વહીવટી પાસાંઓની જાણકારી અને અનુભવ ધરાવતા પૂર્ણકાલિન સભ્ય – સચિવ.

(૩) કલમ – ૧૩ ની પેટાકલમ – (૧) ના ખંડ (બી) હેઠળની સમજૂતી મુજબ સંયુકત બોર્ડ રચવામાં આવે, ત્યારે કલમ – ૪ ની જોગવાઈઓ, જેના માટે સંયુકત બોર્ડ રચવામાં આવ્યું હોય તે કેન્દ્રીય પ્રદેશના સંબંધમાં લાગુ પડતી બંધ થશે.

(૪) પેટાકલમ – (૩) ની જોગવાઈઓને આધિન કલમ – ૪ ની પેટાકલમ (૩) ની અને કલમો ૫ થી ૧૨ (બન્ને સહિત) ની જોગવાઈઓ, રાજય બોર્ડ અને તેના સભ્ય – સચિવના સંબંધમાં લાગુ પડે છે તેમ, સંયુકત બોર્ડ અને તેના સભ્ય – સચિવના સંબંધમાં લાગુ પડથશે.

(૫) આ કાયદામાં, રાજય બોર્ડ વિશેના કોઈ ઉલ્લેખનો અર્થ, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો સંયુકત બોર્ડને આવરી લેતો ઉલ્લેખ છે તેમ ગણવામાં આવશે.

આ કલમમાં સંયુકત બોર્ડોની રચના વિશે જણાવેલ છે. સંયુકત બોર્ડની રચના માટે આ અધિનિયમની કલમ – ૪ ની જોગવાઈ લાગુ પડતી નથી પરંતુ

ફકત આ કલમ – ૧૪ ની જોગવાઈ જ લાગુ પડે છે. સંયુકત બોર્ડના સભ્ય સચિવની નિમણુંક અને અધ્યક્ષની નિયુક્તિ કેન્દ્ર સરકાર કરે છે.

આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં કલમ – ૯૩ હેઠળ કોઈ સંયુકત બોર્ડની રચના કરવામાં આવે ત્યારે (કલમ – ૧૫) –

(એ) જેના માટે સંયુકત બોર્ડ રચવામાં આવ્યું હોય તે રાજયની સરકારને, આ અધિનિયમ હેઠળ કોઈ આદેશ, જો એવો આદેશ તે રાજયની પ્રાદેશિક હકૂમતમાં આવતી બાબતને લગતો હોય તેવા કેસોમાં જ કરવાની સત્તા રહેશે.

(બી) આ અધિનિયમ હેઠળ કોઈ આદેશ, જો તે બે કે તેથી વધુ રાજયોની પ્રાદેશિક હકૂમતમાં આવતી અથવા સંઘ રાજયક્ષેત્રને લગતી બાબતને લગતો હોય તો, તે કરવાની માત્ર કેન્દ્ર સરકારને સત્તા રહેશે.

કલમ – ૧૫ માં આનુસાંગિક જોગવાઈ છે જે સંયુકત બોર્ડોને આદેશ આપવાની કેન્દ્ર સરકાર અને રાજય સરકારોની સત્તાની સીમા નક્કી કરે છે જે મુજબ આ અધિનિયમ હેઠળનો કોઈ આદેશ, જો એવો આદેશ તે રાજયની પ્રાદેશિક હકૂમતમાં આવતી બાબતને લગતો હોય તો જ, જે તે રાજય સરકાર સંયુકત બોર્ડને આપી શકે છે જયારે આ અધિનિયમ હેઠળનો કોઈ આદેશ, જો તે બે કે વધુ રાજયોની પ્રાદેશિક હકૂમતમાં આવતી અથવા સંઘ રાજયક્ષેત્રને લગતી બાબતને લગતો હોય તો, તે કરવાની માત્ર કેન્દ્ર સરકારને સત્તા છે.

(૧) આ કાયદાની જોગવાઈઓને આધિન, કેન્દ્રીય મંડળનું મુખ્ય કાર્ય, રાજયોના જુદા જુદા વિસ્તારોમાં, નદીનાળાં અને કૂવાની સ્વચ્છતા જાળવવાનું રહેશે.

(૨) ખાસ કરીને પૂર્વવર્તી કાર્યની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, કેન્દ્રીય મંડળ નીચેના તમામ અથવા કોઈ કાર્ય બજાવી શકશેઃ

(એ) પાણી પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ સંબંધી કોઈ બાબત અંગે કેન્દ્ર સરકારને સલાહ આપવી;

(બી) રાજય બોર્ડોની પ્રવૃત્તિઓ સંકલિત કરવી અને તેમની વચ્ચે તકરારોનું નિવારણ કરવું;

(સી) રાજય બોર્ડોને ટેકનિકલ મદદ અને માર્ગદર્શન, પાણી પ્રદૂષણના તેમજ પાણી પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અથવા ઘટાડાના પ્રશ્નોને લગતી તપાસ અને સંશોધન કરવું અને પ્રેરવું;

(ડી) કેન્દ્રીય બોર્ડ નિર્દિષ્ટ કરે તે શરતોએ, પાણી પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અથવા ઘટાડા માટેના કાર્યૂમોમાં રોકાયેલ અથવા રોકાવાની વ્યક્તિઓની તાલીમની યોજના અને વ્યવસ્થા કરવી;

(ઈ) પાણી પ્રદૂષણના નિવારણ અને નિયંત્રણ સંબંધમાં વિસ્તૃત કાર્યૂમની લોકસંપર્ક સાધનો દ્વારા વ્યવસ્થા કરવી;

(ઈઈ) કલમ – ૧૮ ની પેટાકલમ (૨) હેઠળ કરેલ હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા કોઈપણ રાજય બોર્ડના કાર્યો કરવા;

(એફ) પાણી પ્રદૂષણને અને તેના અસરકારક નિવારણ અને નિયંત્રણ માટે પ્રયોજેલા પગલાંને લગતી ટેકનિકલ અને આંકડાકીય માહિતી એકત્રિત, સંકલિત અને પ્રગટ કરવી અને સુએજના અને ઉદ્યોગના ગંદા પાણીની પ્રૂયિા અને નિકાલને લગતાં પુસ્તકો, સંગ્રહો અથવા માર્ગદર્શિકાઓ તૈયાર કરવી અને તે અંગેની માહિતીનો પ્રચાર કરવો;

(જી) સંબંધિત રાજય સરકાર સાથે મસલત કરીને, નદીનાળાં અથવા કૂવાનાં ધોરણ નિર્દિષ્ટ કરવા તેમાં ફેરફાર અથવા રદ કરવા;

પરંતુ જોગવાઈ એવી કરવામાં આવી છે કે પાણીની ગુણવત્તા, નદી નાળાં અથવા કૂવાના પાણી પ્રવાહના લક્ષણો અને એવા નદીનાળા કે કૂવામાં અથવા નદીનાળાં કે કૂવાઓમાંના પાણીના ઉપયોગનો પ્રકાર ધ્યાનમાં લઈને, તે જ નદીનાળા કે કૂવા માટે અથવા જુદાં જુદાં નદીનાળાઓ કે કૂવાઓ માટે જુદા જુદા ધોરણો નિર્દિષ્ટ કરી શકાય.

(એચ) પાણી પ્રદૂષણ નિવારણ, નિયંત્રણ અથવા ઘટાડા માટે રાષ્ટ્રવ્યાપી કાર્યૂમનું આયોજન કરી તેનો અમલ કરાવવો.

(આઈ) નિયત કરવામાં આવે તેવા બીજા કાર્યો બજાવવા.

(૩) મંડળ, કોઈ નદીનાળાઓ કે કૂવાઓમાંથી લીધેલા પાણીના નમૂના અથવા કોઈ સુએજના અથવા ઉદ્યોગના ગંદા પાણીના નમૂનાના પૃથક્કરણ સહિતના, આ કલમ હેઠળના પોતાના કાર્યો પોતે અસરકારક રીતે બજાવી શકે તે માટે પ્રયોગશાળા અથવા પ્રયોગશાળાઓ સ્થાપી શકશે અથવા માન્ય કરી શકશે.

કેન્દ્રીય મંડળના કાર્યો કલમ – ૧૬ જણાવે છે જે મુજબ કેન્દ્રીય મંડળનું મુખ્ય કાર્ય, રાજયોના જુદા જુદા વિસ્તારોમાં, નદીનાળા અને કૂવાની સ્વચ્છતા જાળવવાનું છે. આ ઉપરાંતના બીજા કાર્યો વિશે પણ આ કલમમાં જણાવ્યું છે. આ ઉપરાંતના બીજા કાર્યો પણ નિયમો દ્વારા નક્કી કરી બોર્ડને સોંપવામાં આવેલ છે. આ કલમની પેટાકલમ – (૨) ના કલોઝ (જી) મુજબ, કેન્દ્રીય મંડળ, સંબંધિત રાજય સરકાર સાથે વિચારવિનિમય કરીને, નદીનાળા અથવા કૂવાના પાણીના ધોરણ નિર્દિષ્ટ કરવાની, તે બદલવાની અથવા રદ કરવાની સત્તા ધરાવે છે. આ માટે કેન્દ્રીય મંડળ પોતાના અલગ ધોરણ નિર્દિષ્ટ કરી શકે છે પરંતુ બોર્ડ મોટાભાગે વ્યવહારમાં ઈન્ડીયન સ્ટાન્ડર્ડ ઈન્સ્ટીટયુટે અપનાવેલાં ધોરણો જ સ્વીકાર્યા છે જરૂર જણાય ત્યાં એ ધોરણોમાં બોર્ડે સુધારાવધારા કર્યા છે. ઘરની ગટરોના, પાણી માટે બોર્ડે હજુ સધી ઈન્ડીયન સ્ટાન્ડર્ડ ઈન્સ્ટીટયુટના ધોરણો અપનાવ્યા નથી. આ કલમની પેટાકલમ – (૩) મુજબ, બોર્ડ, પાણીના નમૂનાના પૃથક્કરણ માટે તથા આ કલમ હેઠળના મંડળના બીજા કાર્યો માટે, પોતાની પ્રયોગશાળા સ્થાપી શકે છે, યા તો કોઈ અન્ય પ્રયોગશાળાને માન્યતા આપી શકે છે.

આ કલમ મુજબ નદીનાળાના પાણીના પ્રદૂષણને અટકાવવા માટે યોગ્ય પગલાં લેવાની મંડળને સત્તા છે. પાણીના પ્રદૂષણની માત્રા નદીનાળામાં વહેતા પાણીના જથ્થા ઉપર પણ આધારીત છે. નદીનાળામાં કેટલું પાણી છોડવું એ સિંચાઈખાતાના હાથમાં છે. પ્રદૂષણ નિયંત્રણ મંડળ અને સિંચાઈખાતા વચ્ચે સહયોગની કોઈ જોગવાઈ ન હોય, તો ઘણીવાર મુશ્કેલીઓ ઉભી થાય છે.

(૧) આ કાયદાની જોગવાઈઓને આધિન રહીને, રાજય મંડળ આ કાયદાની કલમ – ૧૭ મુજબ નીચે પ્રમાણે કાર્યો કરશે;

(એ) રાજયમાંનાં નદી, નાળાંઓ અને કૂવાઓના પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અથવા ઘટાડા માટે વિસ્તૃત કાર્યૂમનું આયોજન અને તેનો અમલ.

(બી) પાણી પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અથવા ઘટાડાને લગતી માહિતી એકત્રિત કરવી અને તેનો ફેલાવો કરવો.

(સી) પાણી પ્રદૂષણ અને તેના નિવારણ, નિયંત્રણ અથવા ઘટાડાને લગતી માહિતી એકત્રિત કરવી અને તેનો ફેલાવો કરવો.

(ડી) પાણી પ્રદૂષણના તેમજ પાણી પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અથવા ઘટાડા અંગેના પ્રશ્નોને લગતા તપાસ અને સંશોધન કાર્યને ઉત્તેજન, સંચાલન અને તેમાં હિસ્સેદારી;

(ઈ) પાણી પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અથવા ઘટાડાને લગતાં કાર્યૂમોમાં રોકેલી અથવા રોકવાની વ્યકિતઓની તાલીમની વ્યવસ્થા, કેન્દ્રીય બોર્ડ સાથે સહયોગ અને તે સંબંધી લોક શિક્ષણના કાર્યૂમોનું આયોજન;

(એફ) સુએજનું અથવા ઉદ્યોગનું ગંદુ પાણી, સુએજના અને ઉદ્યોગના ગંદા પાણીની પ્રૂયિા માટેના વર્કસ અને પ્લાન્ટની તપાસ અને પાણીની પ્રૂયિા માટે ઉભા કરેલા પ્લાન્ટસ, પાણીના શુદ્ધિકરણ માટેના વર્કસ અને સુએજના અથવા ઉદ્યોગના ગંદા પાણીના નિકાલ માટેની પદ્ધતિને લગતા અથવા આ કાયદાથી આવશ્યક હોય તેવી કોઈ સંમતિ આપવાના સંબંધમાં, પ્લાન, નિર્દેશન અથવા અન્ય માહિતી પુનર્વિચારણા;

(જી) સુએજના અને ઉદ્યોગના ગંદા પાણીના તથા (આંતરરાજય નદી, નાળાંઓના ન હોય તેવા) છોડવામાં આવતાં જે ગંદા પાણીની આવક થવાની હોય તેના ધોરણો, ફેરફાર કે રદ કરવા અને રાજયના પાણીનું વર્ગીકરણ કરવું.

(એચ) જુદા જુદા પ્રદેશોની જમીન, આબોહવા અને જળસંપત્તિની વિશિષ્ટ પરિસ્થિતિ અને ખાસ કરીને પાણી પ્રદૂષણ અમુક લઘુતમ હદ સુધી પણ મોળું પાડવાનું અસંભવ બનાવે તેવી નદી, નાળાં અને કૂવાના પાણીના પ્રવાહની પ્રવર્તમાન લાક્ષણિકતાઓ ધ્યાનમાં લઈને, સુએજના અને ઉદ્યોગના ગંદા પાણીની પ્રૂયિાની કરસરભરી અને આધારભૂત પદ્ધતિનો વિકાસ;

(આઈ) સુએજના અને અનુકુળ ઉદ્યોગના ગંદા પાણીને ખેતી માટે ઉપયોગમાં લઈ શકાય તે માટેની પદ્ધતિનો વિકાસ કરવો;

(જે) વર્ષના મોટા ભાગ દરમ્યાન પ્રદૂષણ લઘુતમ અંશે પણ મોળું ન પાડી શકે તેવી નદી, નાળાંના અલ્પ પ્રવાહની પરિસ્થિતિના મુખ્ય કારણે જરૂરી બનતી સુએજના અને ઉદ્યોગના ગંદા પાણીનો જમીન પર નિકાલ કરવાની કાર્યસાધક પદ્ધતિનો વિકાસ કરવો;

(કે) અમુક નદી, નાળાં છોડવાના સુએજના અને ઉદ્યોગના ગંદા પાણી ઉપરની પ્રૂયિાના ધોરણ, આવું પાણી છોડવામાં આવ્યા બાદ તે નદી, નાળાંમાં ચોખ્ખા હવામાનથી પ્રદૂષણમાં શકય તેટલો ઘટાડો અને તેના પાણીમાં પ્રદૂષણનું કેટલું પ્રમાણ નિર્વાહય ગણાય તે ધ્યાનમાં લઈને, નક્કી કરવાં;

(એલ) નીચેના માટે કોઈ હુકમ કરવો; તેમાં ફેરફાર કરવો અથવા તે રદ કરવો –

(૧) નદીનાળાં અથવા કૂવામાં દૂષિત પ્રવાહી છોડવાનું નિવારવા, નિયંત્રણમાં રાખવા અથવા તેમાં ઘટાડો કરવા માટે;

(૨) સંબંધિત કોઈ વ્યકિતને, સુએજના અને ઉદ્યોગના ગંદા પાણીના નિકાલ માટે નવી પદ્ધતિનો વિકાસ, અથવા એવી કોઈ ચાલુ પદ્ધત્મિાં ફેરફાર, તે બદલવાનું અથવા વિસ્તૃત કરવાનું અથવા પાણી પ્રદૂષણના નિવારણ, નિયંત્રણ અથવા ઘટાડા માટે આવશ્યક હોય તેવા ઉપાય લેવાની ફરજ પાડવા માટે;

(એમ) સુએજનું અથવા ગટરનું અથવા બન્નેનું ગંદું પાણી છોડવા માટે વ્યકિતઓએ પાળવાના ગંદા પાણી નિકાલના ધોરણ અને સુએજના અને ઉદ્યોગના ગંદા પાણીની મલિનતાના ધોરણ, ફેરવવા અથવા રદ કરવા.

(એન) જે કોઈ ઉદ્યોગ ચલાવવાથી નદી, નાળું કે કૂવો દોષિત થવાની શકયતા હોય તે ઉદ્યોગ નાખવાના સ્થળના સંબંધમાં રાજય સરકારને સલાહ આપવી.

(ઓ) નિયત કરવામાં આવે અથવા કેન્દ્રીય બોર્ડ અથવા રાજય સરકાર તેને વખતો વખત સોંપે તેવા બીજા કાર્યો બજાવવા.

(૨) બોર્ડ, કોઈ નદી, નાળાં કે કૂવામાંથી લીધેલા પાણીના નમૂના અથવા કોઈ સુએજના અથવા ઉદ્યોગના ગંદા પાણીના નમૂનાના પૃથક્કરણ સહિતના, આ કલમ હેઠળના પોતાના કાર્યો અસરકારક રીતે બજાવી શકે તે માટે પ્રયોગશાળાઓ સ્થાપી શકશે અથવા માન્ય કરી શકશે.

રાજય મંડળના કાર્યો કલમ – ૧૭ જણાવે છે. કલમ – ૧૭ (૧) ના કલોઝ – (એ) થી (એન) સુધીમાં જણાવેલાં કાર્યો જ નહીં, પરંતુ કલોઝ – (ઓ) મુજબ નિયમો દ્વારા ઠરાવેલાં કાર્યો, તથા કેન્દ્રીય મંડળ અથવા રાજય સરકાર, વખતો વખત સોંપે તેવાં બીજા કાર્યો પણ રાજય મંડળે કરવાના હોય છે. રાજય મંડળ પણ કેન્દ્રીય મંડળની જેમ, કોઈ નદી, નાળાં કે કૂવામાંથી લીધેલા પાણીના નમૂના અથવા કોઈ સુએજના અથવા ઉદ્યોગના ગંદા પાણીના નમૂનાના પૃથક્કરણ સહિતના, આ કલમ હેઠળના પોતાના અન્ય કાર્યો કરવા માટે પોતાની પ્રયોગશાળા સ્થાપી શકે છે, યા અન્ય કોઈ પ્રયોગશાળાને માન્યતા આપી શકે છે. કેન્દ્રીય મંડળની જેમ રાજય મંડળને પણ, આ કલમની પેટાકલમ – (૧) ના કલોઝ – (જી) મુજબ, સુએજના અને ઉદ્યોગના ગંદા પાણીના તથા (આંતરરાજય નદી, નાળાંઓના ન હોય તેવા) છોડવામાં આવતાં જે ગંદા પાણીની આવક થવાની હોય તેના ધોરણો નક્કી કરવાની, એમાં ફેરફાર કરવાની કે રદ કરવાની સત્તા છે. રાજય મંડળની આ સત્તા આંતરરાજય નદી, નાળાંઓના ન હોય તેવા પાણી માટે જ છે. એક કેસ [૧૮] માં અદાલતે ઠરાવ્યું છે કે, ''આ જોગવાઈ ફકત આંતરરાજય નદી, નાળાંના પાણીને જ રાજય મંડળની હકૂમતમાંથી બાકાત રાખે છે. રાજયમાંથી વહેતી નદીમાં, રાજયમાં જ નિશ્ચિત સ્થળે પ્રદૂષણ હોય, તો તે માટે રાજય મંડળની હકૂમત નથી એમ ન કહેવાય.''

(૧) આ કાયદા હેઠળનાં પોતાનાં કાર્યો બજાવતી વેળા (કલમ – ૧૮) –

(એ) કેન્દ્રીય મંડળ, કેન્દ્ર સરકાર તેને લેખિત આપે તેવા આદેશોનું પાલન કરવાને બંધાયેલું રહેશે, અને

---

૧૮) ડો. ઝેડ કોટાસેક વિ. સ્ટેટ ઓફ બિહાર 1984 BLJR 57.

(બી) દરેક રાજય મંડળ, કેન્દ્રીય મંડળ અથવા રાજય સરકાર તેને લેખિત આપે તેવા આદેશોનું પાલન કરવાને બંધાયેલ રહેશે.

પરંતુ રાજય સરકારે આપેલ આદેશ, કેન્દ્રીય મંડળે આપેલા આદેશ સાથે અસંગત હોય, તો નિર્ણયાર્થે તે બાબત કેન્દ્ર સરકારને લખી મોકલવી જોઈશે.

(૨) કેન્દ્ર સરકારનો એવો અભિપ્રાય થાય છે કે, કોઈ પણ રાજય મંડળે પેટાકલમ – (૧) હેઠળ કેન્દ્રીય મંડળે આપેલ કોઈપણ આદેશોનું પાલન કરવામાં કસૂર કરી છે અને એવી કસૂરને પરિણામે, ગંભીર કટોકટી ઉભી થઈ છે અને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી અને ઈષ્ટ છે તો, તે હુકમ કરીને, કેન્દ્રીય મંડળ ને હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વિસ્તારના સંબંધમાં તેટલી મુદત માટે અને તેવા હેતુઓ માટે રાજય મંડળના કાર્યો બજાવવા માટે આદેશ આપી શકશે.

(૩) પેટાકલમ – (૨) હેઠળના આદેશ અનુસાર રાજય મંડળના કોઈપણ કાર્યો કેન્દ્રીય મંડળ બજાવે ત્યારે, આવા કાર્યો બજાવવાના સંબંધમાં કેન્દ્રીય મંડળ ને કોઈ ખર્ચ થયો હોય તો તે, રાજય મંડળને જો એવો ખર્ચ વસૂલ કરવાની સત્તા આપી હોય તો કેન્દ્રીય મંડળે, જે તારીખથી ખર્ચની માંગણી કરી હોય, તે તારીખથી અને ભરવામાં ન આવે ત્યાં સુધી (કેન્દ્ર સરકાર, હુકમ કરીને નક્કી કરે તેવા વાજબી દરે) વ્યાજ સહિત, સંબંધિત વ્યક્તિ પાસેથી જમીન મહેસૂલી બાકી તરીકે અથવા સહકારી દેવાની બાકી તરીકે વસૂલ કરી શકશે.

(૪) શંકાના નિવારણ માટે, આથી એવું જાહેર કરવામાં આવે છે કે, કોઈપણ વિસ્તાર સંબંધી કોઈપણ રાજય મંડળના કાર્યો બજાવવા માટે પેટાકલમ – (૨)

હેઠળ આપેલ કોઈપણ આદેશોને કારણે રાજયના અન્ય કોઈપણ વિસ્તારમાં આવા કાર્યો અથવા તે વિસ્તારમાંના તેનાં બીજા કાર્યો પૈકી કોઈપણ કાર્ય બજાવવામાં રાજય મંડળને બાધ આવશે નહીં.

આ કલમ મુજબ કેન્દ્રીય મંડળ, કેન્દ્ર સરકાર તેને આપે તે આદેશોનું પાલન કરવા બંધાયેલ છે જયારે રાજય મંડળ, કેન્દ્રીય મંડળ અથવા રાજય સરકાર તેને આપે તે આદેશોનું પાલન કરવા બંધાયેલ છે જયારે રાજય મંડળને રાજય સરકાર દ્વારા મળેલો આદેશ, કેન્દ્રીય મંડળે તેને આપેલા આદેશથી અસંગત હોય તો, કયા આદેશનું પાલન કરવું તેનો નિર્ણય કરવાનું કામ કેન્દ્ર સરકારનું છે. કેન્દ્રીય મંડળ કે રાજય મંડળને આ કલમ મુજબ આપવાના આદેશો હંમેશાં લેખિત હોવા જોઈએ. મૌખિક કે ટેલિફોન દ્વારા મળેલા આદેશો બંધનકારક નથી.

પેટાકલમ – (૨) હેઠળ, કેન્દ્ર સરકાર, રાજય મંડળનાં કાર્યો કેન્દ્રીય મંડળને ત્યારે જ સોંપી શકે; જયારે કેન્દ્ર સરકારનો એવો અભિપ્રાય હોય કે,

(૧) રાજય મંડળે, કેન્દ્રીય મંડળે આપેલ કોઈપણ આદેશોનું પાલન કરવામાં કસૂર કરી છે અને

(૨) તેના પરિણામે ગંભીર કટોકટી ઉભી થઈ છે, અને

(૩) જાહેર હિત માટે એ જરૂરી અને ઈષ્ટ છે; તો જ કેન્દ્રીય મંડળને રાજય મંડળનાં કાર્યો, નિર્દિષ્ટ વિસ્તારમાં, નિર્દિષ્ટ સમય માટે સોંપી શકાય.

આ કાયદાની વિવિધ કલમો નીચે પાણીનું પ્રદૂષણ અટકાવવા અને તેને નિયંત્રણમાં રાખવા મંડળને વિવિધ સત્તાઓ મળેલી છે જેમાંની કેટલીક સત્તાઓ રાજય બોર્ડને વધારાની મળેલ છે. આ સત્તાઓ કલમ પ્રમાણે જોઈએ.

(એ) સમિતિઓની રચના (કલમ – ૯ ):

(૧) મંડળ પોતાને યોગ્ય લાગે તે હેતુઓ માટે, યોગ્ય લાગે તેટલી પૂર્ણતઃ સભ્યોની કે પૂર્ણતઃ બીજી વ્યક્તિઓની અથવા અંશતઃ સભ્યોની અને અંશતઃ બીજી વ્યક્તિઓની બનેલી સમિતિઓ રચી શકશે.

(૨) આ કલમ હેઠળ રચાયેલી સમિતિ ઠરાવવામાં આવે તે સમયે અને તે સ્થળે મળશે અને પોતાની બેઠકોમાં કાર્યસંચાલનના સંબંધમાં ઠરાવવામાં આવે તેવા કાર્યરીતિ–નિયમોનું પાલન કરશે.

(૩) સમિતિના (મંડળના સભ્યો સિવાયના) સભ્યોને તેની બેઠકોમાં હાજરી આપવા માટે અને મંડળનું બીજું કોઈ કામ કરવા માટે ઠરાવવામાં આવે તે ફી અને ભથ્થાં આપવામાં આવશે.

કેન્દ્રીય મંડળ તેમજ રાજય મંડળ પોતાનાં કાર્યો કરવા માટે પોતાને યોગ્ય લાગે તે હેતુ અથવા હેતુઓ માટે પોતાને યોગ્ય લાગે તેટલી સમિતિઓની રચના કરી શકે છે. આ સમિતિના સભ્યો તરીકે કયાં તો બધા જ મંડળના સભ્યો અથવા બધા જ મંડળ બહારના સભ્યો અથવા થોડા મંડળના અને થોડા બહારના સભ્યો હોય શકે. આ સમિતિઓની મીટીંગો અને તેમાં અપનાવવાની કાર્યપદ્ધતિ માટે નિયમો ઘડવાની સત્તા યથાપ્રસંગ કેન્દ્ર સરકાર તથા રાજય સરકારોને અનુક્રમે

આ કાયદાની કલમ – ૬૩ (૨) (બી) અને કલમ – ૬૪ (૨) (બી) અન્વયે મળેલી છે તેમજ આ સમિતિઓની બોર્ડની બહારના સભ્યોને સમિતિની બેઠકમાં હાજરી આપવા માટે તેમજ રાજય મંડળનું બીજું કોઈ કાર્ય કરવા માટે ચૂકવવાની ફી અને ભથ્થાં નક્કી કરવાની સત્તા યથાપ્રસંગ કેન્દ્ર સરકાર અને રાજય સરકારોને છે.

(બી) ખાસ હેતુઓ માટે મંડળ કામચલાઉ રીતે વ્યક્તિઓનો સહયોગ લેવા બાબત (કલમ – ૧૦):-

(૧) આ કાયદા હેઠળ પોતાનાં કાર્યો પૈકી કોઈ કાર્ય બજાવવામાં જેની સહાય અથવા સલાહ મેળવવાનું પોતાને ઈષ્ટ લાગે તે કોઈ વ્યક્તિનો સહયોગ ઠરાવવામાં આવે તે રીતે અને હેતુઓ માટે મંડળ મેળવી શકશે.

(૨) પેટાકલમ – (૧) હેઠળ, કોઈપણ હેતુ માટે મંડળ સાથે સહયોગ કરનાર વ્યક્તિને મંડળની તે હેતુને પ્રસ્તુત ચર્ચા – વિચારણામાં ભાગ લેવાનો હક્ક રહેશે પણ મંડળની બેઠકમાં મત આપવાનો હક્ક રહેશે નહીં અને બીજા કોઈ હેતુ માટે તે સભ્ય તરીકે ગણાશે નહીં.

(૩) પેટાકલમ – (૧) હેઠળ, કોઈપણ હેતુ માટે મંડળ સાથે સહયોગ કરનાર વ્યક્તિને તેની બેઠકોમાં હાજરી આપવા માટે અને મંડળનું બીજું કામ કરવા માટે ઠરાવવામાં આવે તે ફી અને ભથ્થાં આપવામાં આવશે.

આ કલમની જોગવાઈ મુજબ, મંડળ આ કાયદાની જોગવાઈ મુજબનાં પોતાનાં કાર્યો કરવા માટે, જે વ્યક્તિની મદદ લેવી, મંડળને યોગ્ય લાગે તે,

વ્યક્તિની મદદ, જે તે કાર્ય માટે, જે તે શરતોને આધિન રહીને લેવાની સત્તા ધરાવે છે. આ રીતે જે વ્યક્તિની સહાય લેવામાં આવે, તે વ્યક્તિ, મંડળની તે હેતુને લગતી બેઠકમાં ભાગ લઈ શકે છે પરંતુ મત આપવાનો અધિકાર તેને હોતો નથી. મંડળને તેના કાર્યમાં સહાય કરનાર વ્યક્તિ નિયત મુજબ ભાડાભથ્થાં મેળવી શકે છે.

(સી) અધિકારીઓ અને અન્ય કર્મચારીઓની નિમણુંક કરવાની સત્તા (કલમ – ૧૨ (૩)):-

કલમ – ૧૨ (૩) મુજબ, યથાપ્રસંગ, કેન્દ્ર સરકાર અથવા રાજય સરકાર, આ અર્થે કરે તેવા નિયમોને આધિન રહીને મંડળ પોતાના કાર્યો, કાર્યદક્ષતાથી બજાવવા માટે પોતાને જરૂરી લાગે તેવા અધિકારીઓ અને કર્મચારીઓ નીમી શકે છે.

(ડી) આ કાયદા હેઠળની પોતાની સત્તાની સોંપણી (કલમ – ૧૨ (૩બી)):-

આ કાયદાની કલમ – ૧૨ (૩ બી) મુજબ, મંડળ સામાન્ય અથવા ખાસ હુકમ કરીને અને હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતો અને મર્યાદાઓને આધિન રહીને જરૂરી ગણે તેટલા, આ કાયદા હેઠળ પોતાની સત્તા અને કાર્યો મંડળના કોઈપણ અધિકારીને સોંપી શકે છે.

(ઈ) કન્સલ્ટીંગ એન્જીનીયરની નિમણુંક કરવાની સત્તા (કલમ – ૧૨ (૪)):-

આ કાયદાની કલમ – ૧૨ (૪) મુજબ, ઠરાવવામાં આવે તેવી શરતોને આધિન રહીને, મંડળ વખતો વખત કોઈ લાયકાતવાળી વ્યકિતને મંડળના કન્સલ્ટીંગ એન્જીનીયર તરીકે નીમી શકે છે તેના પગાર ભથ્થાં અને તેની નોકરીની શરતો મંડળ નક્કી કરી શકે છે.

(એફ) ના વાંધા પ્રમાણપત્ર આપવાની સત્તા (કલમ – ૧૭ (૧) (એન)):–

આ કાયદાની કલમ – ૧૭ (૧) (એન) અન્વયે, રાજયમાં અમુક સ્થળે અમુક ઉદ્યોગ સ્થાપવા દેવાથી આસપાસના પ્રદેશોમાં કેટલું અને કયા પ્રકારનું પ્રદૂષણ થશે તે ધ્યાનમાં લઈ મંડળને નવા ઉદ્યોગોની સ્થાપના માટે 'ના વાંધા પ્રમાણપત્ર' આપવાની સત્તા છે.

(જી) માહિતી મેળવવાની સત્તા (કલમ – ૨૦):–

આ કાયદાની કલમ – ૨૦ મુજબ રાજય મંડળ પોતાનાં કાર્યો બજાવવા માટે, પોતે અથવા પોતે નિયુકત કરેલા અધિકારી દ્વારા, કોઈ વિસ્તારનો સર્વે કરી શકે છે, જળપ્રવાહની માહિતી એકત્ર કરી શકે છે અને તેની નોંધ રાખી શકે છે.

(એચ) ગંદા પાણી કે ઉદ્યોગના કચરાના નમૂના લેવાની અને તેનું પૃથક્કરણ કરવાની સત્તા (કલમ – ૨૧):–

આ કાયદાની કલમ – ૨૧ મુજબ, રાજય મંડળ કે તેની સત્તા ધરાવતો કોઈ અધિકારી, રાજયમાં આવેલ નદી, નાળાં કે કૂવાના પાણીના તથા ઉદ્યોગના

ગંદા પાણીના નમૂના લેવાની, તેનું પૃથક્કરણ કરાવવાની સત્તા છે. આ પૃથક્કરણનો રીપોર્ટ મેળવવાની સત્તા પણ મંડળની છે.

(આઈ)પ્રવેશ અને તપાસણી કરવાની સત્તા (કલમ – ૨૩):-

આ કાયદાની કલમ – ૨૩ મુજબ, રાજય મંડળે અધિકૃત કરેલ વ્યક્તિ કોઈ પ્લાન્ટ, રેકર્ડ, રજીસ્ટર, દસ્તાવેજ અથવા બીજી કોઈ મહત્વની વસ્તુની તપાસ કરવાની સત્તા ધરાવે છે.

(જે) પ્રતિબંધ મૂકવાની અને સંમતિ આપવાની સત્તા (કલમ – ૨૪, ૨૫ અને ૨૭):-

આ કાયદાની જોગવાઈઓને આધિન રહીને રાજય મંડળ પ્રદૂષણકારક પદાર્થ વગેરેના નિકાલ માટે નદીનાળાં કે કૂવાનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ મૂકી શકે છે. ગટર કે ઉદ્યોગોના કચરાને વહેળા, કૂવા કે ગટરમાં કે જમીન ઉપર છોડવા માટે નવી કે નિકાલવ્યવસ્થા બદલવાની પૂર્વસંમતિ આપવાની સત્તા રાજય મંડળને છે. આપેલી સંમતિ પાછી ખેંચી લેવાની પણ રાજય મંડળને સત્તા છે.

(કે) નદીનાળાં કે કૂવાના પાણીનું પ્રદૂષણ દૂર કરવા અંગેની સત્તા (કલમ – ૩૨, ૩૩):-

જયારે મંડળને લાગે કે કોઈ નદીનાળાં કે કૂવામાં કોઈ અણધાર્યા કાર્ય કે બનાવને કારણે અથવા અકસ્માતને કારણે કોઈ ઝેરી, ઉપદ્રવકારક અથવા પ્રદૂષણકારક પદાર્થ દાખલ થયેલો છે ત્યારે, તે આવું પ્રદૂષણ દૂર કરવા માટે

જરૂરી તે તમામ પગલાં લઈ શકે છે. આ માટે મંડળ, પ્રદૂષણ ફેલાવતી વ્યક્તિને તેમ કરતાં અટકાવવા મેજીસ્ટ્રેટની કોર્ટમાં અરજી કરી શકે છે.

(એલ) અન્ય સત્તાઓ:-

આ કાયદા અન્વયેના કોઈ કાર્ય માટે મંડળ જરૂરી તમામ કાર્ય કરી શકે છે. (કલમ – ૩૦) મંડળ કોઈ ઉદ્યોગ, કામગીરી કે પ્રૂયિાને બંધ કરવાના, તેના ઉપર પ્રતિબંધ મૂકવાની કે તેનું નિયમન કરવાની અગર વીજળી, પાણી કે અન્ય સેવાના પુરવઠાનું નિયમન કરવાનો હુકમ કરવાની સત્તા છે. (કલમ – ૩૩ એ)

મંડળની આ સત્તાઓ વિશે અહીં ટૂંકમાં જણાવ્યું છે. એના વિશેની વિગતવાર ચર્ચા જે તે પ્રકરણમાં કરવામાં આવેલ છે.

## <u>અમુક વિસ્તારોમાં કાયદાના અમલ પર નિયંત્રણ મુકવાની રાજય સરકારની સત્તા</u>

આ કાયદામાં ગમે તે જણાવવામાં આવ્યું હોય છતાં જો કે રાજય સરકાર સ્ટેટ બોર્ડ સાથે વાટાઘાટો કરીને તેની ભલામણ પર એવી માન્યતા ધરાવે કે, આ કાયદાની જોગવાઈઓ સમગ્ર રાજયને લાગુ પાડવી જરૂરી નથી તો તે અંગે જાહેરનામું સત્તાવાર ગેઝેટમાં આપીને જાહેર કરેલા વિસ્તાર કે વિસ્તારો માટે આ કાયદાનો અમલ નિયંત્રિત કરી શકે છે તેમજ તેમાં પાણી પ્રદુષણ નિવારવા, નિયંત્રણ વિસ્તાર કે વિસ્તારો જાહેર કરશે તે પછી આ કાયદાની જોગવાઈઓનો અમલ માત્ર આ વિસ્તાર કે વિસ્તારો પુરતો રહેશે.

પ્રત્યેક પાણી પ્રદુષણ અને નિયંત્રણ વિસ્તાર નકશાની મદદથી કે પાણી પ્રવાહની રેખાના સંદર્ભમાં કે કોઈ જિલ્લાની હદના સંદર્ભમાં કે ઉપરોકત પદ્ધતિઓ પૈકી અંશતઃ એક પદ્ધતિ અને અંશતઃ બીજી પદ્ધતિથી વિસ્તાર દર્શાવી શકાશે.

આ કાયદાની કલમ – ૧૯ રાજય સરકારને રાજયનો કોઈ વિસ્તાર અથવા વિસ્તારોને પાણી પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ વિસ્તાર તરીકે જાહેર કરવાની સત્તા આપે છે. રાજય સરકારે જયારે આ મુજબ રાજયપત્રમાં જાહેરનામાથી જાહેર કર્યું હોય ત્યારે તે વિસ્તાર કે વિસ્તારોમાં જ આ કાયદો અમલમાં આવશે. રાજય સરકાર આ જાહેરાત રાજય મંડળ સાથે વિચારણા કર્યા પછી અથવા રાજય મંડળની ભલામણથી કરે છે જયારે રાજય સરકાર દ્વારા કાયદો લાગુ પાડવામાં આવ્યો હોય, ત્યારે એ વિસ્તારમાં નવા ઉદ્યોગો સ્થાપવા માટે સંબંધિત રાજય મંડળ પાસેથી આ કાયદાની જોગવાઈ મુજબ ના વાંધા પ્રમાણપત્ર (No Objection Certificate) મેળવવું ફરજીયાત છે. વળી રાજય સરકારને કોઈ ઉદ્યોગ સ્થાપવા દેવાનો પરવાનો આપવાનો ઈન્કાર કરવાની પણ સત્તા છે. એક કેસમાં [૧૯] સર્વોચ્ચ અદલાતે ઠરાવ્યું છે કે, જયારે નવો ઉદ્યોગ શરૂ કરવા માટે પરવાનાની માંગણી કરતી અરજી કરવામાં આવી હોય ત્યારે જો કચરા માટે યોગ્ય પ્રૂયિાની જોગવાઈ કરવામાં ન આવી હોય તો, તેવી અરજીનો અસ્વીકાર કરી શકાય.

---

૧૯) એમ. સી. મહેતા વિ. યુનિયન ઓફ ઈન્ડીયા AIR 1988 S.C. 1115.

**માહિતી મેળવવાની સત્તા**

આ કાયદા હેઠળ સ્ટેટ બોર્ડને સોંપવામાં આવેલ કાર્યો પાર પાડવાના હેતુ માટે સ્ટેટ બોર્ડને સોંપવામાં આવેલ કાર્યો પાર પાડવાના હેતુ માટે સ્ટેટ બોર્ડ કે અર્થે તેણે સત્તા આપેલા કોઈ અધિકારી કોઈપણ પ્રમાણ કે વિસ્તારનો સર્વે કરી શકે છે અને આવા વિસ્તારમાં આવેલા કુવા કે કોઈ ઝરણાની લાક્ષણિકતાઓ અને જથ્થો અને વહેણનો રેકર્ડ રાખશે તેમજ આવા વિસ્તારમાં કે તેના કોઈ ભાગમાં પડતા વરસાદનો રેકર્ડ રાખશે અને તે માટેના ઔપચારિક પગલાં લેશે તેમજ તેના પરીણામ માપક હેતુ માટે તેમજ તે સાથે જોડાયેલ કાર્યો તેમજ ઉપર જણાવેલ હેતુઓ માટે માહિતી મેળવવાના હેતુથી જરૂરી પગલાં લેશે.

જે વ્યક્તિ એવા કોઈ ઝરણા કે કુવામાંથી પાણી લેતા હોય કે તેથી તે કુવા કે ઝરણાના પાણીના જથ્થા કે વહેણના જથ્થાને વાસ્તવિક અસર પહોંચતી હોય તે જ રીતે વ્યક્તિ એવા કોઈ ગટરના પાણી કે વેપારી પ્રવાહી કચરો એવા કુવા કે ઝરણામાં છોડે તેના જથ્થા કે વહેણમાં ફેરફાર થાય તેને લગતી માહિતી આપવાનો હુકમ કરી શકે છે.

આ કાયદાની કલમ – ૨૦ રાજયમંડળની સત્તાને લગતી છે. પેટાકલમ – (૧) મુજબ રાજય મંડળ પોતાના કોઈ અધિકારીને કોઈ વિસ્તારનું સર્વેક્ષણ કરવાની અને એ વિસ્તારમાં આવેલા કોઈ નદીનાળા કે કૂવાના પાણીના પ્રવાહ અથવા જથ્થાનું અને અન્ય લક્ષણોનું માપ લઈ તેની નોંધ રાખવાનું કાર્ય સોંપી શકે છે. એ વિસ્તારમાં પડતા વરસાદનું માપ લેવા અને તેની નોંધ રાખવા માટે અને તે હેતુઓ માટે વરસાદમાપક યંત્ર અથવા અન્ય ઉપકરણો અને તે સાથે સંબંધ વર્કસ નાખવા અને જાળવવા માટે પગલાં લઈ શકે છે. પેટાકલમ – (૨) મુજબ, રાજયમંડળ જો કોઈ વ્યક્તિ નદી, નાળા કે કૂવામાંથી તેના પાણીનો

પ્રવાહ અથવા જથ્થો જોતાં સારા પ્રમાણમાં પાણી લઈ જતી હોય અથવા એવા કોઈ નદી, નાળા અથવા કૂવામાં સુએજનું અથવા ઉદ્યોગનું ગંદુ પાણી છોડતી હોય, તો તે વ્યક્તિને આદેશ આપી શકે છે કે તેણે પાણી લઈ જવા અંગે કે છોડવા અંગે મંડળને માહિતી આપવી. આ કલમ રાજય મંડળને તે વ્યક્તિને પાણી લેતી અટકાવવા માટે કોઈ પગલાં લેવાની સત્તા આપતી નથી. જો કોઈ વ્યક્તિ નદી, નાળા કે કૂવાના પાણીમાં કોઈ ઝેરી, ઉપદ્રવકારક અથવા પ્રદૂષણકારક પદાર્થ છોડતી હોય તો, તેના પર કલમ – ૩૨ (૧) (સી) દ્વારા મંડળ પ્રતિબંધ મૂકી શકે છે પરંતુ જો કોઈ વ્યક્તિ નદી નાળા કે કૂવામાંથી સારો એવો પાણીનો જથ્થો લેતી હોય તો તેના પર પ્રતિબંધ મૂકવાની સત્તા મંડળને આ કલમ – ૩૨ (૧) (સી) દ્વારા મળતી નથી. નદીનાળામાં વહેતું પાણી સામાન્ય રીતે સિંચાઈખાતાના આધિપત્ય હેઠળ છે તેથી મંડળને કોઈ વ્યક્તિને નદી, નાળામાંથી સારા એવા જથ્થામાં પાણી લેતી અટકાવવાની સત્તા નથી. મંડળ ફકત સિંચાઈખાતાને જે તે વ્યક્તિ સામે યોગ્ય પગલાં લેવા વિનંતી કરી શકે છે. મંડળને પોતાની જાતે આવી વ્યક્તિને અટકાવવાની સત્તા નથી જે કાયદાની ત્રુટી ગણાય. પેટાકલમ – (૩) મુજબ રાજય મંડળ પાણીને દૂષિત થતું અટકાવવા અથવા પ્રદૂષણ નિયંત્રિત કરવા માટે, જયાં કોઈ ઉદ્યોગ, ૂિયા અથવા પ્રૂિયા અથવા ટ્રીટમેન્ટ અને નિકાલ કરવામાં આવતો હોય તે કાર્યસ્થળનો હવાલો સંભાળતી કોઈ વ્યક્તિને આદેશ આપી શકે કે, તેણે એવા કાર્યસ્થળના અથવા એવા કાર્યસ્થળમાંની કોઈ ગટર પદ્ધતિના અથવા કોઈ વિસ્તરણ કે વધારાના બાંધકામ, સ્થાપન અથવા સંચાલન સંબંધી માહિતી તથા ઠરાવવામાં આવે તે અનય વિગતો મંડળને પૂરી પાડવી.

## <u>વહેતા કે નીકળતા પાણીના નમૂના લેવાની સત્તા અંગે અને તે સંબંધી અનુસરવાની કાર્યવાહી અંગે</u>

રાજય બોર્ડ કે તે કાર્ય કરવા માટે અધિકૃત કરેલ અધિકારીને કોઈ ઝરણા કે કુવામાંથી પાણીના નમુનાઓ વિશ્લેષણ માટે લેવાની સત્તા છે અથવા કોઈ પ્લાન્ટ કે વેસલમાંથી પસાર થતા કોઈ પ્રવાહી કચરાનો કોઈ જગ્યા પરથી વહેતા ઝરણા કે કુવામાંથી નમુના લેવાની સત્તા રહેશે.

ઉપરોકત પેટાકલમ (૧) હેઠળ ગટરના પ્રવાહી કચરાના કે વેપારી પ્રવાહી કચરાના લીધેલા નમુના વિશ્લેષણના પરીણામ સ્વરૂપ કોઈ કાનુની કાર્યવાહીમાં સ્વીકૃત પુરાવો ગણાશે નહીં સિવાય કે પેટાકલમ (૩), (૪) અને (૫) નું પાલન થતું હોય.

કોઈ સુએજના અથવા ઉદ્યોગના ગંદા પાણીના (કરવામાં આવેલી પ્રૂયિા અનુસાર મિશ્રિત કે અન્ય સ્વરૂપના) કલમ – ૨૧ ની નમૂના પેટાકલમ – (૧) હેઠળ પૃથક્કરણ માટે લેવામાં આવે ત્યારે નમૂનો લેનાર વ્યકિતઓ –

(એ) પ્લાન્ટ અથવા જહાજનો હવાલો સંભાળનાર અથવા તેનું નિયંત્રણ કરનાર અથવા સ્થળનો કબજો ધરાવનાર (જેનો આમાં હવે પછી ‘‘કાર્યાધ્યક્ષ’’ તરીકે ઉલ્લેખ કર્યો છે તે) વ્યકિત અથવા એવા કાર્યાધ્યક્ષના કોઈ એજન્ટ ઉપર નિયત કરવામાં આવે તેવા નમૂનામાં, તેનું પૃથક્કરણ કરાવવા સંબંધી તેના ઈરાદાની નોટીસ તે વખતે અને ત્યાં જ બજવણી કરવામાં આવશે.

(બી) કાર્યાધ્યક્ષ અથવા તેના એજન્ટની હાજરીમાં નમૂનાના બે ભાગ કરવામાં આવશે.

(સી) દરેક ભાગ એક એક પાત્રમાં મૂકવામાં આવશે અને તેના ઉપર નિશાની કરી સીલ મારવામાં આવશે અને નમૂનો લેનાર વ્યકિતઓ અને કાર્યાધ્યક્ષ અથવા તેના એજન્ટ, એ બન્ને તેની ઉપર સહી કરશે;

(ડી) એક પાત્ર તરત નીચેનાને મોકલવામાં આવશે –

(૧) કેન્દ્રીય પ્રદેશમાં આવેલ કોઈ વિસ્તારમાંથી એવો નમૂનો લેવામાં આવે તે પ્રસંગે કલમ – **૧૬** હેઠળ કેન્દ્રીય મંડળે સ્થાપેલ અથવા માન્ય કરેલ પ્રયોગશાળાને, અને

(૨) અન્ય કોઈ પ્રસંગે કલમ – ૧૭ હેઠળ રાજય મંડળે સ્થાપેલ અથવા માન્ય કરેલ પ્રયોગશાળાને.

(ઈ) કાર્યાધ્યક્ષ અથવા તેવા એજન્ટની વિનંતી ઉપરથી અન્ય પાત્ર નીચેનાને મોકલવામાં આવશે;

(૧) કેન્દ્રીય પ્રદેશમાં આવેલ કોઈ વિસ્તારમાંથી એવો નમૂનો લેવામાં આવે તે પ્રસંગે, કલમ – ૫૧ ની પેટાકલમ – (૧) હેઠળ સ્થાપવમાં આવેલ અથવા નિર્દિષ્ટ કરાયેલ પ્રયોગશાળાને અને

(૨) અન્ય કોઈ પ્રસંગે, કલમ – ૫૨ ની પેટાકલમ – (૧) હેઠળ સ્થાપવામાં આવેલ અથવા નિર્દિષ્ટ કરેલ પ્રયોગશાળાને.

(૪) કોઈ સુએજના અથવા ઉદ્યોગના ગંદા પાણીનો નમૂનો પેટાકલમ – (૧) હેઠળ પૃથક્કરણ માટે લેવામાં આવે અને નમૂનો લેનાર વ્યકિત, કાર્યાધ્યક્ષ અથવા

તેના એજન્ટ ઉપર પેટાકલમ – (૩) ના ખંડ (એ) હેઠળ નોટીસ બજાવવામાં આવે અને કાર્યાધ્યક્ષ અથવા તેનો એજન્ટ ઈરાદાપૂર્વક ગેરહાજર રહે ત્યારે –

(એ) એ રીતે લીધેલો નમૂનો પાત્રમાં મૂકવામાં આવશે અને તેના ઉપર નિશાની કરી સીલ મારવામાં આવશે અને નમૂનો લેનાર વ્યક્તિ તેના ઉપર સહી પણ કરશે અને એવી વ્યક્તિ તે નમૂનો, યથાપ્રસંગ, પેટાકલમ – (૩) ના ખંડ (ઈ) ના પેટાખંડ (૧) અથવા પેટાખંડ (૨) માં ઉલ્લેખિત પ્રયોગશાળાને પૃથક્કરણ માટે તરત મોકલવામાં આવશે અને એવી વ્યક્તિએ, યથાપ્રસંગ, કલમ – ૫૩ ની પેટાકલમ – (૧) અથવા પેટાકલમ – (૨) હેઠળ નિમાયેલા સરકારી પૃથક્કારને કાર્યાધ્યક્ષ અથવા તેના એજન્ટની ઈરાદાપૂર્વકની ગેરહાજરી વિશે લેખિત જાણ કરવામાં આવશે.

(બી) આવા નમૂનાનું પૃથક્કરણ કરાવવામાં થયેલું ખર્ચ કાર્યાધ્યક્ષે અથવા તેના એજન્ટે ભરવાનું રહેશે અને તેમ કરવામાં કસૂર થાય તો તે જમીન મહેસુલની લેણી રકમ તરીકે અથવા સરકારી લેણાંની બાકી તરીકે કાર્યાધ્યક્ષ અથવા તેના એજન્ટ પાસેથી વસૂલ કરી શકાશે.

પરંતુ જોગવાઈ એવી કરવામાં આવે છે કે, કાર્યાધ્યક્ષને અથવા યથાપ્રસંગ, તેના એજન્ટને આ બાબતમાં સાંભળવાની વ્યાજબી તક આપ્યા સિવાય આવી કોઈ વસુલાત કરી શકાશે નહીં.

(૫) કોઈ સુએજના અથવા ઉદ્યોગના ગંદા પાણીનો નમૂનો પેટાકલમ – (૧) હેઠળ પૃથક્કરણ માટે લેવામાં આવે અને નમૂનો લેનાર વ્યક્તિ, કાર્યાધ્યક્ષ અથવા તેના એજન્ટ ઉપર પેટાકલમ – (૩) ના ખંડ (એ) હેઠળની નોટીસની બજવણી

કરે અને નમૂનો લેતી વખતે હાજર હોય તેવા કાર્યાધ્યક્ષ અથવા તેનો એજન્ટ, પેટાકલમ – (૩) ના ખંડ (બી) માં જોગવાઈ કરાયા મુજબ નમૂનાના બે ભાગો પાડવા માટે વિનંતી કરી સીલ મારવામાં આવશે અને નમૂનો લેનાર વ્યક્તિ તેના ઉપર સહી કરશે અને એવી વ્યક્તિએ તે નમૂનો યથાપ્રસંગ, પેટાકલમ – (૩) ના ખંડ (ડી) ના પેટાખંડ (૧) અથવા પેટાખંડ (૨) માં ઉલ્લેખેલ પ્રયોગ શાળાને પૃથક્કરણ માટે તરત મોકલવામાં આવશે.

આ કલમની જોગવાઈ મુજબ રાજયમંડળ અથવા તેણે અધિકૃત કરેલ વ્યક્તિ કોઈ નદીનાળા અથવા કૂવામાંથી પાણીના નમૂના અથવા કોઈ પ્લાન્ટ અથવા જહાજમાંથી અથવા કોઈ સ્થળેથી અથવા તેની ઉપર થઈને એવા કોઈ નદીનાળા કે કૂવામાં જતા કોઈ સુએજના અથવા ઉદ્યોગના ગંદા પાણીના નમૂના પૃથક્કરણ આ કલમની પેટાકલમો (૩), (૪) અને (૫) ની જોગવાઈઓ મુજબ થવું જોઈએ નહીંતર એ પરિણામ કોઈ કાનૂની કાર્યવાહી પુરાવામાં ગ્રાહ્ય ગણાતું નથી.

એક કેસ[૧૯] માં કંપનીના ગંદા કચરા–પાણીનો નમૂનો લેવાયા પછી તેનું પૃથક્કરણ કરાયું હતું જેમાં નિયમોનો ભંગ થયેલો જણાતાં, અદાલતી કાર્યવાહી થઈ હતી. નીચેની અદાલતે મંડળની તરફેણમાં ચુકાદો આપ્યો હતો જેને કંપનીએ ઉપલી અદાલતમાં પડકાર્યો હતો. કંપનીએ રજુઆત કરી હતી કે, જયારે પાણીનો નમૂનો લેવાયો ત્યારે કંપનીના પ્રતિનિધિએ તે નમૂનો દિલ્હી વહીવટીતંત્રની

---

૧૯) મે. દિલ્હી બોટલીંગ કાું. પ્રા. લિ. ન્યુ દિલ્હી વિ. સેન્ટ્રલ બોર્ડ ફોર ધી પ્રિવેન્શન એન્ડ કન્ટ્રોલ ઓફ વોટર પોલ્યુશન, ન્યુ દિલ્હી. AIR 1986 Delhi 152.

પ્રયોગશાળામાં પૃથક્કરણ માટે મોકલવા વિનંતી કરી હતી પણ તે માન્ય રાખવામાં આવી ન હતી. અહીં કોર્ટે ઠરાવ્યું કે, અહીં કલમ – ૨૧ ની જોગવાઈઓનો ભંગ થતો હોય, પૃથક્કરણનો અહેવાલ પુરાવામાં ગ્રાહ્ય ન બને.

## કલમ–૨૧ હેઠળ લીધેલ નમુનાના પૃથક્કરણના પરીણામનો અહેવાલ

કેન્દ્ર બોર્ડ કે રાજય બોર્ડે સ્થાપિત કરેલ પ્રયોગશાળામાં જયારે ગટરના કચરાના વેપારી પ્રવાહી કચરાનો નમુનો લેવાયો હોય જેનો કલમ–૫૩ ની પેટાકલમ (૩) હેઠળ સંબંધીત બોર્ડ નિયુકત કરેલ પૃથક્કરણ કરી તેના પરીણામના અહેવાલ કેન્દ્રીય બોર્ડ કે રાજય બોર્ડનો નિર્દિષ્ટ નમુનામાં ત્રણ નકલમાં રજુ કરાશે.

જયારે નમુનો કલમ–૨૧ ની પેટાકલમ (૪) અથવા પેટાકલમ (૩) ના કલોઝ (ઈ) હેઠળ પૃથક્કરણ માટે મોકલાવેલ હોય ત્યારે તેમાં દર્શાવેલ પ્રયોગ શાળાના સરકારી પૃથક્કરણ અને વિશ્લેષણ માટે મોકલાશે અને પૃથક્ક તે અંગેના પરીણામનો અહેવાલ નિયત નમુનાના ૩ નકલમાં કેન્દ્ર બોર્ડ કે રાજય બોર્ડને મોકલાવશે જેઓ ઉપરોકત પેટાકલમ (૨) ને અનુસરશે.

જયારે કબજેદાર કે એજન્ટની વિનંતીથી નમૂનાનું વિશ્લેષણ કરાવ્યું હોય ત્યારે તે અંગેનો ખર્ચ કબજેદાર કે તેના એજન્ટ ભોગવશે અને તે રકમ તેમની પાસેથી જાહેર માંગણી કે જમીન મહેસુલની બાકીની રકમ વસુલાતની જેમ વસુલ કરશે.

આ કાયદાની કલમ – ૨૧ માં આ કલમ હેઠળ લીધેલ પાણી અથવા કચરાના નમૂનાના પૃથક્કરણના પરિણામના અહેવાલ વિશે જોગવાઈ કરેલ છે. કલમ – ૨૨ (૧) મુજબ આ કાયદાની કલમ – ૫૩ (૩) હેઠળ નિમાયેલ પૃથક્કાર નમૂનાનું પૃથક્કરણ કરશે અને તેનો અહેવાલ ત્રણ નકલમાં રજુ કરશે. આમાંથી એક નકલ કલમ – ૨૧ માં ઉલ્લેખિત કાર્યાધ્યક્ષ અથવા તેના એજન્ટને મોકલાશે. બીજી નકલ જરૂર પડે તો, કલમ – (૩૨) કે કલમ – (૩૩) હેઠળની કાનૂની કાર્યવાહીમાં વપરાશે અને ત્રીજી નકલ સંબંધિત મંડળ પાસે રહે છે. આ જ પ્રમાણે જયારે કચરા કે પાણીનો નમૂનો જયાંથી લીધો હોય, તે સ્થળ ના કાર્યાધ્યક્ષ કે તેના એજન્ટની વિનંતીથી નમૂનાનો બીજો ભાગ યથાપ્રસંગ કલમ – ૫૧ (૧) અથવા કલમ – ૫૨ (૧) હેઠળ સ્થાપવામાં આવેલ પ્રયોગશાળ ાને મોકલવામાં આવ્યો હોય તો તેણે પણ ત્રણ નકલમાં પૃથક્કરણના પરિણામનો અહેવાલ આપવાનો રહે છે. હવે જો, યથાપ્રસંગ, કેન્દ્રીય મંડળે અથવા રાજય મંડળે સ્થાપિત કરેલ અથવા માન્ય કરેલ પ્રયોગશાળામાં કરવામાં આવેલ પૃથક્કરણના પરિણામો વચ્ચે કોઈ અસંગતિ કે તફાવત હોય, તો યથાપ્રસંગ કલમ – ૫૧ અથવા કલમ – ૫૨ હેઠળ સ્થાપિત પ્રયોગશાળાના પૃથક્કરણના પરિણામનો અહેવાલ માન્ય ગણાશે જયારે કોઈ સ્થળના કાર્યાધ્યક્ષ અથવા તેના એજન્ટની વિનંતીથી કોઈ નમૂનાનું પૃથક્કરણ કરાવવામાં આવેલ હોય તો, તે અંગેનો તમામ ખર્ચ તે કાર્યાધ્યક્ષ અથવા એજન્ટે ભરપાઈ કરવાનો રહે છે અને જો તે વ્યક્તિ કસૂર કરે તો, તેની પાસેથી વસૂલ કરી શકાય છે.

## **તપાસ માટે અને દાખલ થવાની સત્તા**

આ અર્થે રાજય બોર્ડ સત્તા આપેલ કોઈ વ્યક્તિને, કોઈપણ સ્થળમાં પોતે જરૂરી ગણો તેવી સહાય સાથે તમામ સમયે, નીચેના હેતુ માટે દાખલ થવાનો અધિકાર રહેશે.

કોઈ પ્લાન્ટ રેકર્ડ, રજીસ્ટર્ડ દસ્તાવેજ અથવા અન્ય કોઈ મહત્વની વસ્તુની તપાસ કરવા અને તેની કસોટી કરવાના હેતુ માટે અથવા જે જગ્યામાં તેને માનવાને કારણ હોય કે આ કાયદા કે તે હેઠળ કરવામાં આવ્યો છે તેવી કોઈ જગ્યાની જડતી લેવા માટે અને તેને એમ માનવાને કારણ હોય કે આ કાયદા કે તે હેઠળ કરેલ નિયમો હેઠળ શિક્ષાપાત્ર કોઈ ગુનો કર્યાનો પુરાવો, તેવા પ્લાન્ટ, રેકર્ડ, રજીસ્ટર્ડ દસ્તાવેજ અથવા અન્ય મહત્વની વસ્તુમાંથી મળી શકે તેમ છે તો તેની જડતી લેવા માટે જો કે એવી જોગવાઈ છે કે આ પેટાકલમ હેઠળ દાખલ થવાના હક્કોનો ઉપયોગ જો કોઈ કુવાની તપાસ કરવા માટે કરવાનો હોય અને આવો કુવો રહેઠાણની જગ્યામાં આવેલ હોય તેના પાણીનો ઉપયોગ સંપૂર્ણ રીતે ઘરગથ્થું હેતુ માટે થતો હોય ત્યારે માત્ર વ્યાજબી સમયમાં જ દાખલ થવાના હક્કનો ઉપયોગ કરવાનો રહેશે.

આ કાયદાની કલમ – ૨૩ રાજયબોર્ડ અથવા રાજયબોર્ડે જેને અધિકૃત કર્યો હોય, તે વ્યક્તિને તેમજ તેને યોગ્ય લાગે તેટલી બીજી વ્યક્તિઓને સાથે લઈને, બોર્ડે તેને સોંપેલા કાર્યો પૈકી કોઈ કાર્ય કરવા માટે અથવા એવા કાર્યો પૈકી કોઈ કાર્ય કેવી રીતે કરવું અથવા આ અધિનિયમની અથવા તે હેઠળ કરાયેલા નિયમોની કોઈ જોગવાઈનું અથવા આ અધિનિયમ નીચે બજાવેલ કોઈ નોટીસ, કરેલ હુકમ, આપેલ આદેશ અથવા આપેલ ના વાંધા પ્રમાણપત્રની શરતોનું પાલન કરવામાં આવે છે કે કેમ તે નક્કી કરવા માટે, કોઈ પ્લાન્ટ, રેકર્ડ, રજીસ્ટર, દસ્તાવેજ અથવા બીજી કોઈ મહત્વની વસ્તુ તપાસવા માટે અથવા કોઈ સ્થળે આ અધિનિયમ અથવા તે હેઠળ બનાવેલ નિયમો હેઠળનો ગુનો કરવામાં આવ્યો છે અથવા કરવામાં આવી રહ્યો છે અથવા થવાની તૈયારીમાં છે એમ માનવાને તેને કારણ હોય તો, ત્યાં પ્રવેશવાનો અધિકાર આપે છે. બીજી વ્યક્તિઓમાં પોલીસનો પણ સમાવેશ થાય છે. જો આ અધિનિયમ હેઠળનો અથવા તે હેઠળ કરાયેલા

નિયમો હેઠળનો શિક્ષાપાત્ર કોઈ ગુનો થયો હોવાનો પુરાવો મળશે એમ માનવાને કારણ હોય, તો એવો કોઈ પ્લાન્ટ, રેકર્ડ, રજીસ્ટર, દસ્તાવેજ અથવા અન્ય મહત્વની વસ્તુને કબજે કરવાનો હક્ક પણ આ કલમ દ્વારા મળેલો છે. આ જોગવાઈ મુજબ પ્રવેશ કરવાનો હક્ક ગમે તે સમયે અમલમાં લઈ શકાય છે પરંતુ જયારે કૂવાનો ઉપયોગ ઘરગથ્થું હેતુઓ માટે જ થતો હોય અને તે કૂવો રહેઠાણની જગ્યામાં હોય, તો તેવા કૂવાની તપાસ માટે ફકત વ્યાજબી સમયે જ પ્રવેશ કરી શકાય છે. આ કલમમાં જહાજને પણ સ્થળ તરીકે સ્વીકારેલ છે.

## પ્રદુષિત બાબતનો નિકાલ કરવા કુવા કે ઝરણાના વપરાશ પર પ્રતિબંધ

કોઈપણ વ્યકિત જાણી જોઈને કોઈ ઝરણા કે કુવા કે બંધ કે જમીન પર કે પરોક્ષ રીતે સ્ટેટ બોર્ડે નક્કી કરેલ ધોરણોને હાનિ કરે તે રીતે કોઈ ઝેરી, હાનિકાર કે પ્રદુષિત બાબત પેદા કરી શકશે નહીં કે તેમ કરવાની પરવાનગી આપી શકશે નહીં.

ઉપરોકત પેટાકલમ હેઠળ આ ગુના માટે નીચેના કાર્યો કરવા કે કરાવડાવવા માત્રથી ગુના માટે જવાબદાર થશે નહીં જેમ કે,

(૧) કોઈ ઝરણાના કિનારા પર કે તેની આરપાર કે તેના તળીયા નીચે બાંધકામ કરે કે સમારકામ કરે, જેમાં કોઈ મકાન, પુલ, નાળું, બંધ, નીક, બંદરો, ગટર કે બંધ મોરી કે બીજા કાયમી કામ કરાવવામાં આવે જે બાંધકામ, સુધારો કે મરાચમત કરાવવાનો તેનો હક્ક હોય ત્યારે.

(૨) કોઈ ઝરણામાં રેતી, કપચી કે કુદરતી પુરાણ નાખવામાં આવે જેનો હેતુ આવા ઝરણના પ્રવાહને તેમાંથી વહેવડાવવાનો કે પ્રવાહને રોકવાનો હોય.

રાજય સરકાર રાજય બોર્ડ સાથે વાટાઘાટો કર્યા પછી બોર્ડની ભલામણો પર કોઈપણ વ્યકિત ઉપરોકત પેટાકલમ (૧) ના કાર્યો કરવા અમુક શરતોને આધિન મુકિત આપવા સત્તાવાર ગેઝેટમાં જાહેરનામું આપશે અને આવા જાહેરનામાથી આવેલ મુકિતમાં સુધારો, ફેરફાર કે બદલી શકે છે.

આ કલમના ભંગ માટે વ્યકિતને કલમ-૪૩ હેઠળ શિક્ષા થાય છે.

આ કાયદાની કલમ - ૨૪ મુજબ રાજય મંડળ પાણીને પ્રદૂષિત થતું અટકાવવા જરૂરી પગલાં લેવાની સત્તા ધરાવે છે. એ મુજબ આ કલમ રાજય મંડળને નદી, નાળાં કે કૂવાનો ઉપયોગ પ્રદૂષણકારક પદાર્થના નિકાલ માટે કરવા પર પ્રતિબંધ મૂકવા સત્તા આપે છે. એક કેસ[૨૦] માં ઠરાવાયું છે કે, કલમ - ૨૪ નદી, નાળા કે કૂવાનો ઉપયોગ પ્રદૂષણકારક પદાર્થોના નિકાલ કરવા ઉપર રાજય મંડળ દ્વારા પ્રતિબંધ મૂકવાને લગતી છે.

આ કલમની પેટાકલમ - (૨) પેટાકલમ - (૧) નો અપવાદ છે; જયારે પેટાકલમ - (૩) માં રાજય સરકારને રાજય મંડળ સાથે વિચારણા બાદ રાજયપત્રમાં જાહેરનામાથી, કોઈ વ્યકિતને, પેટાકલમ - (૧) ના અમલમાંથી,

---

૯) કિસાન સહકારી ચીની મિલ્સ લિ. વિ. સ્ટેટ ઓફ યુ.પી. AIR 1982 All. 298.

તે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોને આધિન રહીને, મુક્તિ આપવા અથવા નિર્દિષ્ટ કરેલ કોઈ શરત બદલવાની કે તેમાં ફેરફાર કરવાની કે સુધારવાની સત્તા આપે છે. એક કેસ[૨૧] માં અદાલતે રાજય મંડળે આપેલ શરતી પૂર્વસંમતિ શરતોના ભંગ બદલ પાછી ખેંચી લેવાની અને તે સામે કાનૂની કાર્યવાહી કરવાની અને દાદ માંગવાની મંડળની કાર્યવાહી યોગ્ય ઠેરવી હતી.

એક કેસ[૨૨] માં અદાલતે ઠરાવ્યું હતું કે મંડળની પૂર્વસંમતિ વિના જમીન પર કચરાનો નિકાલ કરવો એ ગુન્હો બને છે.

એક કેસ[૨૩] માં આ કલમની બંધારણીયતાને પડકારવામાં આવી હતી જેમાં ઠરાવાયું હતું કે, આ કલમ બંધારણના અનુચ્છેદ – ૧૯ (૧) (જી) દ્વારા મળેલ મૂળભૂત અધિકાર ઉપર કોઈ અયોગ્ય બંધન લાદતી નથી. આ કલમ – ૨૪ મુજબ રાજયમંડળ નિર્દિષ્ટ કરેલ ધોરણ કરતાં વધુ પ્રદૂષણકારક પદાર્થ છોડવા માંગતી હોય તો કલમ – ૨૫ તેમજ પાણી માટે કલમ – ૨૬ મુજબ પૂર્વપરવાનગી લેવાની રહે છે એ પરવાનગી લીધા બાદ, વ્યકિત પોતાનો ધંધો કે વ્યવસાય ચાલુ રાખી શકે છે.

---

૨૧) ઈન્દોર માલવા યુનાઈટેડ મિલ્સ લિ. વિ. એમ.પી. પ્રદૂષણ નિવારણ મંડળ, 1986 Cr. L.R. 150 (M.P).

૨૨) અમરસિંગ વિ. યુનિયન ટેરીટરી ચંદીગઢ AIR 1993 P & H 100.

૨૩) મે. અગ્રવાલ ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ વિ. સ્ટેટ W.P. 1375 of 1980.

## નવી નીક કે નવા પ્રવાહ પર નિયંત્રણ

આ કલમ હેઠળની જોગવાઈઓના સંદર્ભમાં રાજય બોર્ડની અગાઉથી મંજુરી લીધા સિવાય કોઈપણ વ્યકિત કચરો છોડવા માટેની નીકમાં ફેરફાર કે કોઈ નવી નીકનો ઉપયોગ કરી શકશે નહીં.

કોઈ ઉદ્યોગ કે કાર્ય કે પ્રૂયિા કે કોઈ ટ્રીટમેન્ટ કે નિકાલ પદ્ધતિ કે તેમાં કોઈ વધારો કે વિસ્તાર કરી  શકશે નહીં. જો તેમાંથી નીકળે તો કચરો કે વેપારી પ્રવાહી કચરો કોઈ ઝરણા કે કુવા કે ભોંયમાં બાંધેલી મોરીમાં જમીનમાં છોડવાની હોય ત્યારે.

જયારે બોર્ડની સંમતિ સિવાય કોઈ ઉદ્યોગ, કાર્યરીતિ, પ્રૂયિા કે કોઈ ટ્રીટમેન્ટ કે નિકાલની પદ્ધતિ કે તેમાં કોઈ વધારો કે વિસ્તાર કંઈ કરે પગલાં છે કે લીધા હોય અથવા કચરાના નિકાલની નીક કરી કે ફેરફાર કરી વાપરવા લાયક બનાવે કે કચરાના નિકાલની નવી રીત દાખલ કરે તો રાજય બોર્ડ, એવી વ્યકિત કે તેણે ઉદ્યોગ, કાર્યરીત, પ્રૂયિા કે ટ્રીટમેન્ટ અને નિકાલની રીત સ્થાપનાર કે તેમાં વિસ્તાર કે વાટાઘાટો કરનાર કે નીકનો વપરાશ કરનાર કે કચરો છોડનાર તેવી સ્થાપના, નીક કે કચરો છોડવાના સંબંધમાં પણ સંમતિ મેળવવા મળેલી અરજીના પ્રસંગે નાખવામાં આવતી કેટલીક શરતો સ્ટેટ બોર્ડ નોટીસ આપીને કેટલીક શરતો સ્ટેટ બોર્ડ નોટીસ આપીને નાંખશે.

કલમ-૨૯, ૩૦ અને આકલમના હેતુ માટે નવી કે ફેરફાર કરેલી નીક શબ્દ પ્રયોગનો અર્થ એ છે કે નીક કે જે આ કાયદાના આરંભે કે તે પછી સંપૂર્ણ કે અંશતઃ બાંધવામાં આવી હોય અથવા જે (ભલે બાંધેલી હોય કે ન હોય) પણ તેમાં આવા કાયદાના આરંભ પછી સંગીન ફેરફાર કર્યો હોય.

આ કાયદાની કલમ – ૨૫ નવા નિકાલમાર્ગો કાઢવા ઉપર અને નવું ગંદુ પાણી છોડવા પર પ્રતિબંધ મૂકવાની જોગવાઈને લગતી છે. આ કાયદાનો હેતુ પાણીના પ્રદૂષણને અટકાવવાનો અને નિયંત્રણમાં રાખવાનો છે પરંતુ કોઈ ચાલુ ઉદ્યોગને આ કલમની જોગવાઈ મુજબ પૂર્વસંમતિ નથી માટે એકદમ બંધ કરાવી દેવા એ યોગ્ય ન ગણાય તેથી એ માટે કલમ – ૨૬ માં જોગવાઈ કરવામાં આવેલ છે. જયારે કોઈ ઉદ્યોગ નવો શરૂ કરવાનો હોય તો તેના માટે પ્રથમથી જ સંમતિ લેવાની જોગવાઈ આ કલમમાં કરવામાં આવેલ છે જયારે કોઈ ચાલુ ઉદ્યોગ નવો નિકાલ માર્ગ શરૂ કરવાનો હોય કે નવું ગંદુ પાણી છોડવાનો હોય તો તેણે પણ પૂર્વસંમતિ લેવી આવશ્યક છે. આ કલમની પેટાકલમ – (૮) માં નવો અથવા ફેરફાર કરેલો નિકાલમાર્ગ અને નવું ગંદુ પાણીની વ્યાખ્યા આપેલ છે. આ કલમની જોગવાઈ મુજબ કોઈપણ વ્યક્તિ રાજય મંડળની પૂર્વસંમતિ વિના નવા નિકાલમાર્ગો કાઢી શકશે નહીં કે નવું ગંદુ પાણી છોડી શકશે નહીં. પેટાકલમ – (૨) મંડળને પૂર્વસંમતિ લેવા માટે કરવાની અરજી અંગે જણાવેલ છે જે મુજબ જે તે રાજય સરકારોએ એ માટેના ફોર્મ્સ તેમજ નિયમો બનાવવાના હોય છે. ગુજરાત સરકારે આ માટે ફોર્મ નિશ્ચિત કરેલ છે જેમાં લગભગ ૩૨ જેટલી મુખ્ય બાબતો માટે તેમજ અન્ય અનેક માટે નાની નાની વિસ્તૃત માહિતીઓ આપવાની રહે છે. પેટાકલમ – (૩) સંમતિ આપવા માટે મંડળે અનુસરવાની કાર્યપદ્ધતિ જણાવેલ છે જયારે પેટાકલમ – (૪) મંડળની સત્તા દર્શાવે છે જે મુજબ મંડળને યોગ્ય લાગે તો સંમતિ આપી શકે છે યા કેટલીક શરતોને આધિન સંમતિ આપી શકે છે અથવા સંમતિ આપવાનો ઈન્કાર કરી શકે છે જયારે કોઈ વ્યક્તિ મંડળની પૂર્વસંમતિ વિના નવા નિકાલમાર્ગો ઉપયોગમાં લેવા શરૂ કરે કે નવું ગંદુ પાણી છોડવા માંડે તો મંડળ કે વ્યક્તિ ઉપર જો તે પૂર્વસંમતિ માંગતી અરજી કરી હોય અને એ સમયે મંડળ તેને સંમતિ આપતી વખતે તેના પર જે શરતો લાદી શકે તે શરતો સાથેની નોટીસ તે વ્યક્તિને પેટાકલમ – (૫) મુજબ

બજાવી શકે છે. મંડળે સ્વીકારેલી યા નકારેલી યા શરતો સાથેની પૂર્વસંમતિના હુકમ સામે આ કાયદાની કલમ – ૨૮ મુજબ અપીલ થઈ શકે છે. મંડળ એ વ્યક્તિ પર લાદેલી શરતોનું રજીસ્ટર રાખવું ફરજીયાત છે. વળી મંડળ પોતાની સંમતિ યા અસંમતિ અરજી કર્યાની તારીખથી વધુમાં વધુ ૪ મહિનામાં આપવાની હોય છે. જો એ સમય દરમ્યાન મંડળે કોઈ જવાબ ન આપ્યો હોય તો મંડળ બિનશરતી સંમતિ આપી છે એમ માની લેવાનું રહે છે.

એક કેસ [૨૪] માં ઠરાવ્યું હતું કે, મંડળે આપેલો ફકત સંમતિપત્ર ઉદ્યોગના કચરાને નદી, નાળામાં છોડવા માટેનો સંમતિપત્ર ન ગણાય. એક કેસ [૨૫] માં ઠરાવાયું હતું કે, જો નીકળતો કચરો નિર્દિષ્ટ કરેલા ધોરણ કરતાં વધુ પ્રદૂષણકારક હોય તો જયાં સુધી તે નિર્દિષ્ટ ધોરણોનો ન થાય તેવી પ્રૂયિા ગોઠવવામાં ન આવે ત્યાં સુધી તેને નીકળતો અટકાવી શકાય.

## <u>ગટરના પ્રવાહી કચરા કે વેપારી કચરાના અસ્તિત્વ ધરાવતા નિકાલ અંગેની જોગવાઈ</u>

આ કાયદાના આરંભના તુરંત જ પહેલાં જયારે કોઈ વ્યક્તિ ગટરના પ્રવાહી કચરા કે વેપારી પ્રવાહી કચરો કોઈ કુવા કે ઝરણામાં કે બંધ મોરીમાં કે જમીનમાં છોડતો હોય તેને કલમ–૨૫ ની જોગવાઈઓ લાગુ પડશે જે રીતે આ

---

૨૪) મે. નારૂલા ડાઈંગ એન્ડ પ્રિન્ટીંગ વર્કસ વિ. યુનિયન ઓફ ઈન્ડીયા AIR 1995 Guj. 185.

૨૫) સર શાદીલાલ એન્ટરપ્રાઈઝીસ વિ. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, સહરાનપુરા 1989 All L.J. 7.

કલમ હેઠળ કોઈ વ્યક્તિએ સંમતિ માટે અરજી કરી હોય તે રીતે ફેરફાર કરવા સંબંધી અરજી સરકાર નિર્દિષ્ટ કરે તે તારીખ સુધીમાં કે જાહેરનામાથી સત્તાવાર ગેઝેટમાં જાહેર કરે તે તારીખ સુધીમાં કરવાની રહેશે.

જેઓ આ કાયદો અમલમાં આવ્યો તેના પહેલાંથી જ ગંદું પાણી છોડતા હોય. આવી વ્યક્તિઓ માટે પૂર્વસંમતિ લેવાનું વ્યવહારુ દ્રષ્ટિએ શકય જ નથી. તેથી આવી વ્યક્તિઓ માટે કલમ – ૨૬ માં જણાવ્યું છે કે, આવી વ્યક્તિઓએ પૂર્વસંમતિ માટેની અરજી, રાજય સરકાર રાજયપત્રમાં આ અર્થે જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવી તારીખે અથવા તેવી તારીખ પહેલાં કરવી જોઈએ.

## રાજય બોર્ડ દ્વારા આપેલી સંમતિ પાછી ખેંચી લેવી કે સંમતિ ઈન્કાર કરવા અંગે

કલમ–૨૫ ની પેટાકલમ–(૪) હેઠળ સ્થાપિત થયેલ કોઈ ઉદ્યોગ, કાર્યરીત કે પ્રૂયિા કે ટ્રીટમેન્ટ અને નિકાલની રીત કે તેમાં વધારો કે વિસ્તાર કે કરેલી નીક જો રાજય બોર્ડ નીમેલી શરતો મુજબ હશે તો બોર્ડ પ્રવાહી કચરાના નમુના લેવાના હક્કનો ઉપયોગ કરવા સમર્થ ગણાશે. રાજય બોર્ડ વખતો વખત પુનરાવલોકન કરશે.

કલમ–૨૫ કે ૨૬ હેઠળ નાંખેલ શરત તેમજ કલમ–૨૫ કે ૨૬ કોઈ વ્યક્તિ સંમતિ આપી હોય, તેને કોઈ શરતમાં વ્યાજબી ફેરફાર કરવા કે ખેંચી લેવા અંગે નોટીસ આપશે.

કલમ-૨૫ ની પેટાકલમ - (૧) કે કલમ-૨૬ ના સંદર્ભમાં સંમતિનો ઈન્કાર કર્યો હોય અથવા કોઈપણ શરત નાંખ્યા સિવાય સંમતિ આપી હોય ત્યારે બોર્ડને યોગ્ય લાગે તેવો બીજો હુકમ કરી શકે છે.

કલમ-૨૫ અને ૨૬ હેઠળની નાંખેલી કોઈ શરતમાં પેટાકલમ - (૨) હેઠળના ફેરફાર આધિન રહેશે અને પેટાકલમ હેઠળ જયાં સુધી રદ કરવામાં ન આવે ત્યાં સુધી અમલમાં રહેશે.

**અપીલ**

કલમ-૨૫, ૨૬ અને ૨૭ હેઠળ સ્ટેટ બોર્ડે કરેલા હુકમથી નારાજ થયેલ વ્યક્તિ તેને સદરહુ હુકમ મળ્યા તારીખથી ૩૦ દિવસમાં અધિકારી (હવે પછી જેને અપીલી અધિકારી તરીકે ઓળખવામાં આવશે) ને અપીલ કરશે. રાજય સરકારને યોગ્ય લાગે તે રીતે આવા અધિકારીની નિમણુંક કરશે પરંતુ એવી જોગવાઈ કરી છે કે અપીલ અધિકારી ઉપર જણાવ્યા મુજબનો સમયગાળો એટલે કે ૩૦ દિવસ પછી પણ અપીલ સાંભળી શકશે. જો કે અધિકારીને એવો સંતોષ થવો જોઈએ કે, અપીલ દાખલ કરનાર વાજબી કારણોને લીધે નિયત સમયમાં અપીલ કરી શકેલ નથી. તો મુદત પછી પણ અપીલ દાખલ કરી શકશે.

ઉપરોકત પેટાકલમ - (૧) હેઠળ કરાતી અપીલમાં તેનો નમુનો અને તેની સાથે જોડવી પડતી ફી નો દર અને અધિકારીને અનુસરવાની કાર્યવાહી વર્ણવ્યા મુજબની રહેશે.

## ફેરતપાસ (પુનરાવર્તન)

રાજય સરકાર વખતો વખત પોતાની મેળે કે સંબંધી કરેલી અરજી પરથી કલમ–૨૫, ૨૬ અને ૨૭ હેઠળ રાજય બોર્ડના કરેલ હુકમના પ્રસંગે જે તે કેસમાં પોતાને યોગ્ય લાગે તે તેવા હુકમોના સંબંધમાં પોતાને સંતોષ થાય તે હેતુથી સરકાર લાગે તેવા રેકોર્ડ મંગાવી શકશે.

રાજય મંડળે આ કાયદાની કલમ – ૨૫, ૨૬ અથવા ૨૭ હેઠળ કરેલા હુકમોની સત્યતા, કાયદેસરતા અને ઔચિત્ય અંગેની ખાતરી કરવા રાજય સરકાર પોતાની જાતે અથવા તેને મળેલી અરજી ઉપરથી, રાજય મંડળે કરેલા તે હુકમની ફેરતપાસ કરી શકે છે અને ફેરતપાસ બાદ પોતાને યોગ્ય લાગે તે હુકમ, બન્ને પક્ષકારોને સાંભળ્યા બાદ આપી શકે છે. જો કે આ અધિનિયમની કલમ – ૨૮ નીચે આવા હુકમો સામે અપીલ પણ કરી શકાય છે. જો આવી અપીલ ન કરવામાં આવી હોય અથવા અપીલ અનિર્ણિત હોય તો રાજય સરકાર એ સંજોગોમાં ફેરતપાસ કરી શકતી નથી.

## અમુક કાર્યો કરવાની રાજય બોર્ડની સત્તા

આ કાયદા હેઠળ કલમ–૨૫ કે ૨૬ હેઠળ જયારે સંમતિ આપતી વખતે કોઈ વ્યકિત પર કોઈ શરતો નાંખવામાં આવે અને આવી શરતો હેઠળ આવી વ્યકિતએ આ સંબંધી કોઈ કાર્ય કરવાનું હોય અને આવી વ્યકિતએ આ અંગે કરેલ સમયમાં જો કોઈ કાર્યનું પાલન ન કર્યું હોય તો રાજય બોર્ડ આવી સંબંધિત વ્યકિતને નોટીસ આપશે અને નિર્દિષ્ટ કરેલ સમય (૩૦ દિવસથી ઓછા નહીં તેટલા) માં તે અંગે નિર્દિષ્ટ કરેલ કામ પુરું કરવાનું રહેશે તેવો નોટીસમાં ઉલ્લેખ કરવામાં આવશે.

## રાજય બોર્ડને માહિતી પુરી પાડવા અને અમુક અન્ય એજન્સીઓને માહિતી પુરી પાડવા અંગે

જયારે કોઈ સ્થાનિક સત્તા કોઈ ગટર વ્યવસ્થા કે ગટરકામ અંગે કોઈ કાર્ય કરતી હોય ત્યારે ઉપરોકત પેટાકલમ – (૧) ની જોગવાઈ જેમ કોઈ ઉદ્યોગ કે વેપાર ચલાવતો હવાલો ધરાવનાર વ્યકિતને જે રીતે લાગુ પડે તેમ સ્થાનિક સત્તાને પણ લાગુ પડશે.

## ઝરણાં (વહેણ) કે કુવાના પ્રદુષણના પ્રસંગે કટોકટીના ઉપાયો

જો રાજય બોર્ડને એવું લાગે કે કોઈ ઝેરી, હાનિકારક કે પ્રદુષિત બાબત કોઈ ઝરણાં, કુવા કે જમીનમાં છોડવાને લીધે અકસ્માતમાં કે બીજી અકલ્પિત કાર્ય કે બનાવને લીધે તેમાં તે જોવા મળે અને બોર્ડના મતે તે અંગે તાત્કાલિક પગલાં લેવા જરૂરી કે અનિવાર્ય હોય તો તે અંગેના કારણોની લેખિત નોંધ કરી તેવા કાર્યો નીચેના હેતુઓ પૈકી કોઈ કે તમામ માટે કરવા જરૂરી હોય ત્યારે એવા કાર્યો હાથ ધરશે.

જયારે કોઈ ઝેરી, ઉપદ્રવકારક અથવા પ્રદૂષણકારક પદાર્થ અકસ્માત કે અણધાર્યા બનાવને કારણે કોઈ નદી, નાળાં કે કૂવાના પાણીમાં ભળ્યો હોય અથવા જમીન ઉપર હોય અને રાજય મંડળનો એવો અભિપ્રાય થાય કે, તાત્કાલિક પગલાં લેવાનું આવશ્કય અથવા ઈષ્ટ છે, તો રાજયમંડળને કારણોની લેખિત નોંધ કરીને, પેટાકલમ (૧) ના કલોઝ (એ) થી (સી) માં જણાવેલ તમામ અથવા કોઈ હેતુ માટે મંડળને આવશ્યક લાગે તેવાં પગલાં લઈ શકે છે. કોઈ ઉદ્યોગને પ્રદૂષણકારક કચરો બહાર કાઢતાં અટકાવવાનો હુકમ કરવાની સત્તા પણ આ કલમ નીચે ધરાવે છે.

## ઝરણાં અથવા કુવાના સંભવિત પ્રદુષણો અટકાવવા અંગેની અરજી કોર્ટને કરવાની બોર્ડની સત્તા

કોઈ ઝરણાં, કુવામાં નિકાલને લીધે કે કોઈ ઝરણાં કે કુવા કે બંધ મોરી (ખાળ) ગટર કે કોઈ જમીનમાં છોડવામાં સંભવિત હોય ત્યારે બોર્ડ ફર્સ્ટ કલાસ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કે મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટની અદાલતને તેવું પ્રદુષણ કરતાં કે સંભવિત કરનાર વ્યક્તિને અટકાવવા અરજી કરી શકશે.

## હુકમો આપવાની સત્તા

બીજા કોઈ કાયદામાં ગમે તે કહેવામાં આવ્યું હોય છતાં આ કાયદાની જોગવાઈઓને અધિન રહેશે તેમજ કેન્દ્ર સરકારે આ વતી આપેલા કોઈ હુકમોને આધિન બોર્ડ આ કાયદા હેઠળ કરવા પડતા તેના કાર્યોના પાલન અને તેની સત્તાના ઉપયોગ માટે કોઈ વ્યક્તિ, અધિકારી કે સત્તાધિકારીને તેમજ તેના હુકમનું પાલન કરવા બંધાયેલ હોય તેવી કોઈ વ્યક્તિને કે સત્તાધિકારીને આદેશો આપી શકશે.

## ફંડ, ભંડોળ, હિસાબો, ઓડિટ

કેન્દ્ર સરકારનો ફાળો.
રાજય સરકારનો ફાળો.
કેન્દ્રીય બોર્ડનું ભંડોળ.
રાજય બોર્ડનું ભંડોળ.
બજેટ (અંદાજપત્ર).

વાર્ષિક અહેવાલ.
હિસાબો અને ઓડિટ.

## ૩.૩.૩ શિક્ષા અને કાર્યવાહી સંબંધી પ્રબંધો :-

કલમ-૪૧, કલમ-૨૦ ની પેટાકલમ - (૨) અથવા (૩) હેઠળ આપેલા આદેશો અથવા કલમ - ૩૨ ની પેટાકલમ (૧) ની કલોઝ (સી) હેઠળ આપેલા હુકમો.

કલમ - ૨૦ ની પેટાકલમ (૨) અને પેટાકલમ (૩) હેઠળ આપેલા હુકમોમાં નિર્દિષ્ટ કરેલા સમયમાં પાલન કરવામાંને કોઈ નિષ્ફળ થાય તેનો ગુનો સાબિત થતાં ૩ માસ સુધીના કેદની શિક્ષા અથવા રૂા. ૧૦,૦૦૦ સુધીનો દંડ અથવા બન્ને થશે અને સતત ભંગના ગુના માટે વધારાનો રૂા. ૫,૦૦૦ પ્રતિ રોજ સુધીનો દંડ થશે આમ સતત ગુનો પ્રથમવાર ગુનો સાબિત થયાને પછીનો ગણાશે.

કલમ - ૩૨ ની પેટાકલમ (૧) ની કલોઝ (ઈ) હેઠળ કોઈ હુકમ કે કલમ - ૩૩ ની પેટા કલમ (૨) હેઠળ અદાલતે આપેલા કોઈ આદેશ કે કલમ - ૩૩ (એ) હેઠળ આપેલા કોઈ આદેશનું પાલન કરવામાં જો કોઈ નિષ્ફળ જાય તો તેવી પ્રત્યેક નિષ્ફળતા અને ગુનો સાબિત થયે ઓછામાં ઓછા દોઢ વર્ષ સુધીની અને વધુમાં વધુ ૬ વર્ષ સુધીની કેદી શિક્ષા અને દંડની શિક્ષા થશે અને સતત ભંગના ગુના માટે વધારાના દંડ તરીકે રોજના રૂા. ૫,૦૦૦ સુધીનો દંડ પ્રથમ સાબિત થયા પછી ચાલુ રાખેલ ભંગ માટે થશે.

## અમુક કાર્યો માટે શિક્ષા

જો કોઈ જમીન ઉપર લગાડેલ કોઈ થાંભલા, સ્તંભ અથવા ખુંટાને અથવા બોર્ડ અથવા બોર્ડના અધિકાર હેઠળ મુકેલી, રાખેલી અથવા રાખેલી કોઈ નોટીસ બીજી કોઈ બાબતોનો નાશ કરે તેને તોડી પાડે, ખસેડે તેને નુકશાન કરે અથવા વિકૃત કરે અથવા આદેશો હેઠળ કામ કરતી કોઈ વ્યકિતને ધારા હેઠળ તેની સત્તાઓ વાપરવામાં અને તેના કાર્યો બજાવવામાં હરકત કરે અથવા બોર્ડની માલિકીના કોઈ એકમો અથવા મિલ્કતને નુકશાન કરે અથવા કલમ – ૨૫ અથવા કલમ – ૨૬ હેઠળ સંમતિ મેળવવાના હેતુ માટે કોઈ મહત્વની બાબતો અંગે ખોટું હોય તેવું નિવેદન કરે તેને, ત્રણ માસની મુદત સુધીની કેદની અથવા રૂા. ૧૦,૦૦૦ સુધીના દંડની અથવા એ બન્ને શિક્ષા થશે.

## ૨૪ ની જોગવાઈઓના ભંગ માટે શિક્ષા

જે કોઈ કલમ – ૨૪ ની જોગવાઈઓનો ભંગ કરે તેને ઓછામાં ઓછી દોઢ વર્ષની કેદની સજા કે જે વધુમાં વધુ ૬ વર્ષ સુધીની હોય શકે તેવી કેદની સજા અને દંડ થશે.

## ૨૫ અને ૨૬ ના ઉલ્લંઘન માટેની સજા

કલમ – ૨૫ જે કોઈ નવી નીકો અને નવા પ્રવાહ નિકાલની જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તેને ઓછામાં ઓછી દોઢ વર્ષની કેદની શિક્ષા અને વધુમાં વધુ ૬ વર્ષની કેદની શિક્ષા અને દંડની સજા થશે.

## અગાઉ ગુના સાબિત થયા પછી સજામાં વધારો

જે કોઈ કલમ – ૨૫ કે ૨૬ હેઠળના કોઈ ગુના સાબિત થયા પછી પણ તે જ જોગવાઈઓના ઉલ્લંઘનના ગુનેગાર સાબિત થયા તો તેવા બીજા અને પછીના ગુના માટે ઓછામાં ઓછી બે વર્ષ સુધીની કેદની જે વધુમાં વધુ સાત વર્ષ સુધીની કેદની શિક્ષા થઈ શકે તેવી શિક્ષા કે દંડ થશે.

## ગુનેગારોના નામની જાહેરાત

જે કોઈ વ્યક્તિ આ કાયદા હેઠળ ગુના માટે ગુનેગાર સાબિત થયા પછી પણ ગુનો કરે તો તેવો બીજો કે પછીનો ગુનો જે અદાલત સમક્ષ સાબિત થાય તેવી અદાલત ગુનેગારનું નામ, રહેઠાણનું સરનામું, ગુનો અને તે માટે કરેલ શિક્ષા અંગેની જાહેરાત ગુનેગારના ખર્ચે એવા સમાચાર પત્રમાં કે અદાલતમાં દર્શાવે તેવી માન્ય રીતે પ્રદર્શિત કરવામાં આવશે.

## કંપનીના ગુનાઓ

આ ધારા હેઠળનો કોઈ ગુનો કોઈ કંપનીએ કર્યો હોય ત્યારે જે તે સમયે ગુનો કરવામાં આવ્યો હોય તે સમયે વ્યક્તિ કંપનીના કામકાજનું સંચાલન કરવા માટે કંપનીનો પ્રત્યક્ષ હવાલો ધરાવતી હોય અને કંપનીને જવાબદાર હોય તે વ્યક્તિ તે ગુના માટે દોષિત ગણાશે.

## સરકારી ખાતા દ્વારા ગુનાઓ

જયારે સરકારી ખાતા દ્વારા ગુનાઓ કરવામાં આવશે ત્યારે તે ખાતાના ઉપરી અધિકારીઓ જવાબદાર ગણાશે.

## ગુનાની શોધ

૧૯૭૩ ના ફોજદારી કાર્યવાહી ધારાની કલમ – ૨૯ માં ગમે તે જોગવાઈ કરી હોવા છતાં આ કાયદા હેઠળ કોઈપણ શિક્ષાપાત્ર ગુનામાં કોઈપણ વ્યક્તિને બે વર્ષથી વધુ સમયની કેદની શિક્ષા કે રૂા. ૨,૦૦૦ કે વધુ રકમનો દંડ કરવાનું જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફ.ક.) નું પગલું કાયદેસર ગણાશે.

## બોર્ડના મેમ્બર, ઓફિસર અને નોકરો એ જાહેર કર્મચારી / નોકરો છે

બોર્ડના તમામ સભ્યો, ઓફિસર અને કર્મચારીઓ (જયારે આ કાયદાની જોગવાઈના કે તે હેઠળના ઘડેલા નિયમોના પાલન માટે કોઈ કાર્ય કરે ત્યારે આઈ.પી.સી. ની કલમ – ૨૧ હેઠળ તેઓ જાહેર નોકરીની વ્યાખ્યા નીચે જાહેર નોકર ગણાશે.

## ૩.૩.૪ જળ પ્રદુષણ (નિવારણ અને નિયંત્રણ) ધારાની મર્યાદાઓ

આ કાયદાની ખામીઓ નીચે મુજબ ગણાવી શકાય;

૧) આ કાયદા હેઠળ કેન્દ્ર સરકારે કેન્દ્રીય બોર્ડ અને વોટર લેબોરેટરી સ્થાપવાની રહે છે અને જે રાજયોએ આ કાયદો અપનાવ્યો હોય તો તેને પણ આ જ રીતે રાજય બોર્ડ અને વોટર લેબોરેટરીની સ્થાપના કરવાની રહેશે. આ જોગવાઈ પુરી કરવા ખુબ જ મોટો ખર્ચ થાય પણ આ કાયદામાં ખર્ચ ઉભો કરવા માટેની અથવા તો આ મુડી કેવી રીતે? કયાંથી આવશે? તેની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી.

૨) આ કાયદો આખા ભારતમાં અમલી નથી બન્યો.

૩) આ કાયદા હેઠળ નવા એકમોને નો ઓબ્જેકશન સર્ટીફીકેટ લેવાનું રહે છે પણ જુના એકમો એટલે કે કાયદો આવ્યો એ પહેલાંથી ચાલતા એકમોને આવી કોઈ પરવાનગી લેવાની જરૂરી નથી આથી જે પ્રદુષણ ચાલુ છે એ તો રહેવાનું જ છે.

૪) આ ઉપરાંત આ કાયદામાં અમુક જરૂરી વ્યાખ્યાઓ જેવી કે પોલ્યુટન્ટ, ડિસ્ચાર્જ ઓફ પોલ્યુટન્ટ, ટોકસીક પોલ્યુટન્ટ વગેરેની રચના કરવામાં આવેલ નથી જે ખુબ જ જરૂરી છે. આ ઉપરાંત આ કાયદા હેઠળ થતા ગુનાઓ પણ યોગ્ય રીતે વર્ણવવામાં આવેલ નથી અને તેની ફરીયાદ ઉપર પણ ઘણી બધી વિટંબણાઓ છે. સજા તો જ થઈ શકે છે જયારે આ કાયદાઓનો ભંગ કરે નહીં તો તે સજાપાત્ર ઠરતો નથી.

## ૩.૩.૫ જળપ્રદુષણની અસરો

કારખાનાઓ દ્વારા વપરાયેલા દુષિત પાણીને ગમે ત્યાં ફેંકી દેવામાં આવે છે અને આ દુષિત પાણી નદી, તળાવ, કુવા વગેરેમાં રહેલા પાણીમાં ભળી જઈને તે પાણીને પણ દુષિત કરે છે અને આમ થવાને લીધે લોકોનું આરોગ્ય ખરાબ થાય છે. પ્રદુષિત પાણીમાં કમળો, પોલીયો, શરદી વગેરે ઉત્પન્ન કરતા જીવાણુઓ પાયોરીયા, મલેરીયા, મરડો વગેરે ઉત્પન્ન કરતા કિટાણુઓ પેટ અને આંતરડાના રોગો ઉત્પન્ન કરતા કૃમિ હોય છે. દુનિયામાં ૫ % બાળકો પાણીના પ્રદુષણનો શિકાર બને છે. પાણીમાં લોહ, મેંગેનીઝ, કલોરાઈડ, કેલ્શિયમ, આર્સેનિક ઉપરાંત સલ્ફેટ, કાર્બોનેટ જેવા ક્ષારોનું પ્રમાણ વધવાથી માનવ સ્વાસ્થ્ય પર હાનિકારક અસર થાય છે. પાણીમાં મેગ્નેશિયમ અને સલ્ફેટ વધવાથી આંતરડામાં બળતરા થાય છે. નાઈટ્રેટના વધારાની બાળકોને લોહીની બિમારીઓ થાય છે એવી જ રીતે માતાના ઉદરમાં આકાર લઈ રહેલા ગર્ભ પર દુષિત પાણીની અસર થાય છે. આમ દુષિત પાણીને લીધે માનવીના સ્વાસ્થ્ય પર સીધી અસરો જોવા મળે છે.

## ૩.૩.૬ જળપ્રદુષણ અટકાવવાના ઉપાયો

સજીવોના જીવન માટે ઉપયોગી અમૃત સમાન જળને દુષિત થતું અટકાવવા માટે નીચેના ઉપાયો જરૂરી છે;

૧) શહેરોની ગટરો દ્વારા દુષિત પાણી અને નકામા પદાર્થો જળાશયોમાં ઠલવતા પહેલાં તેમાં રહેલ હાનિકારક પદાર્થો દુર કરવાની વ્યવસ્થા ગોઠવવી જોઈએ. જળ પ્રદુષણ અટકાવવા સુએઝ પ્લાન્ટનું આયોજન કરી દુષિત પાણીને શુદ્ધ કરી સિંચાઈ માટે ઉપયોગી બનાવવું જોઈએ.

૨) પાણીનો સતત વપરાશ કરતાં ઉદ્યોગોને અપાતા પરવાનામાં દુષિત પાણીના શુદ્ધિકરણની યોજના રજુ કરના ઉદ્યોગોને જ માન્યતા આપવી જોઈએ. વળી આ ઉદ્યોગો રહેણાંક વસાહતોથી દુર સ્થપાય તેની તકેદારી રાખવી જોઈએ. ગુજરાતમાં સૌપ્રથમ દુષિત પાણીના નિકાલ માટેની નમુનારૂપ યોજના વડોદરા પાસેના ઔદ્યોગિક સંકુલમાં સ્થપાય છે. ૫૫ કિ.મી. લાંબી નહેર દ્વારા દુષિત પાણીને ખંભાતના અખાતમાં છોડતા પહેલાં આધુનિક પ્રયોગશાળા મારફતે શુદ્ધ કરવામાં આવે છે. ગુજરાત રીફાઈનરી, ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની, પેટ્રોકેમિકલ્સ કોર્પોરેશન જેવા ૨૦૦ જેટલા નાના મોટા ઔદ્યોગિક એકમોના સહીયારા પ્રયાસથી આ યોજના સાકાર થઈ છે. આ યોજનાથી મહી નદી અને અન્ય નદીઓમાં થતાં પ્રદુષણની માત્રા ઘણી ઘટી ગઈ છે.

૩) ગુજરાતમાં 'ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ' પ્રદુષણ કરતાં ઔદ્યોગિક એકમો સામે કાયદેસરની કાર્યવાહી કરી વધતા જતા પ્રદુષણને અંકુશમાં લેવા માટે પ્રયત્ન કરે છે.

૪) કેટલાક કીટનાશકોના ઉપયોગ પર, રેડીયો એકટીવ પદાર્થોના વહન પર ઝેરી ગેસ અને રસાયણોના ઉત્પાદન તેમજ વપરાશ પર કડક નિયંત્રણો મુકવા જોઈએ.

**<u>વાયુ પ્રદુષણ</u>**

આ ધારો વાયુ (પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ) ધારો, ૧૯૮૧ તરીકે ઓળખવામાં આવે છે. આ ધારામાં હવા પ્રદુષકો, હવા પ્રદુષણની વ્યાખ્યા આપવામાં આવી છે.

આ ધારા હેઠળ રાજય અને કેન્દ્ર બોર્ડની રચના તેમને સત્તા અને કાર્યોની જોગવાઈ કલમ–૩ થી ૧૫ માં કરેલ છે.

હવા પ્રદુષણ અને નિયંત્રણની જોગવાઈઓ કલમ – ૧૯ થી ૩૧ માં કરવામાં આવેલ છે.

શિક્ષાત્મક પગલાં લેવાની સત્તા અને તેની કાર્યવાહીઓની જોગવાઈ કલમ – ૩૭ થી ૪૬ માં કરેલ છે.

## અવાજના પ્રદુષણના નિયમો

ભારતમાં અવાજ પ્રદુષણ અંગે કોઈ સ્વતંત્ર કે અલગ અલગ કાયદા અસ્તિત્વમાં નથી પણ તે અંગેના ભારત સરકારે એન્વાયર્નમેનટ પ્રોટેકશન થર્ડ રૂલ્સ, ૧૯૮૯ હેઠળ ધ્વનિની સમય મર્યાદા નક્કી કરેલ છે.

અવાજ પ્રદુષણની કોઈ કાયદાકીય અલગ કે ચોક્કસ વ્યાખ્યા નથી પણ હવા પ્રદુષણની વ્યાખ્યામાં જ તેનો સમાવેશ કરવામાં આવેલ છે.

## રાષ્ટ્રીય પર્યાવરણ ન્યાયપંચ ધારો, ૧૯૯૫

## ટુકું શિર્ષક, આરંભ (કલમ–૧)

આ કાયદાને રાષ્ટ્રીય પર્યાવરણના ન્યાયપંચ ધારો, ૧૯૯૫ થી ઓળ ખવામાં આવશે. કેન્દ્ર ગેઝેટમાં નક્કી કરે તેવી તારીખોથી અમલ થશે. આ કાયદાના અમલથી કોઈપણ જોગવાઈ સંદર્ભે જુદી જુદી અમલની તારીખો નક્કી કરશે.

## <u>વ્યાખ્યાઓ (કલમ–૨)</u>

આ ધારામાં સંદર્ભથી અપેક્ષિત ન હોય તો

### (૧) **<u>અકસ્માત</u>**

જોખમી પદાર્થોની હેરફેર કે વ્યવસ્થા દરમ્યાન બનેલ કમનસીબ કે અચાનક કે અનિચ્છનીય બનાવનો સમાવશે અકસ્માત શબ્દમાં થાય છે. જોખમી પદાર્થના સળગવાથી, ક્ષણિક કે વારંવાર બહાર નીકળવાથી કોઈ વ્યક્તિનું મૃત્યુ કે ઈજા થાય છે અથવા કોઈ મિલ્કત કે પર્યાવરણને હાનિ થાય છે પણ તેમાં યુદ્ધ અને રેડીયો–એકટીવીટી (કિરણોત્સર્ગતા)થી થયેલા અકસ્માતોનો સમાવેશ થશે નહીં.

| | | |
|---|---|---|
| બેંચ | : | એટલે ટ્રીબ્યુનલની બેંચ. |
| પ્રમુખ | : | એટલે ટ્રીબ્યુનલના પ્રમુખ. |
| પર્યાવરણ | : | પાણી, હવા અને જમીનનો સમાવેશ થાય છે. |

જમીન, હવાનો અરસ–પરસમાં તેમની વચ્ચેનો આંતરસંબંધ તેમજ માનવજાત તેમજ અન્ય જીવંત જીવો, વનસ્પતિ, સુક્ષ્મ જીવો અને મિલ્કતો સાથેનો આંતરસંબંધ વ્યકત કરે છે.

### (૨) **<u>વ્યવસ્થા</u>**

કોઈ જોખમી પદાર્થના સંબંધમાં વ્યવસ્થા કરવી એટલે, આવા પદાર્થના ઉત્પાદનૂયિા, તેની માવજત પ્રૂયિા કરવી, પેકેજ સંગ્રહ વાહન દ્વારા હેરફેર, વપરાશ એકત્રીકરણ, નાશ, રૂપાંતર, વેચાણ, તબદીલી કે તેના જેવી ૂયિાઓનો સમાવેશ થાય છે.

## (૩) <u>ન્યાયિક સભા</u>

એટલે ટ્રીબ્યુનલ આ કાયદા હેઠળ નિયુકત થયેલ સભ્ય અને તેના પ્રમુખ, ઉપપ્રમુખનો સમાવેશ થશે જેની પાસેક કલમ-૧૦ ની પેટાકલમ (૩) માં ઉલ્લેખ કર્યા મુજબની લાયકાત હોવી જોઈએ.

## (૪) <u>ટ્રીબ્યુનલ સભ્ય</u>

ટ્રીબ્યુનલ સભ્ય કે જે કલોઝ (જી) ના અર્થમાં ન્યાયિક સભ્ય નથી તેવી વ્યકિત.

પર્યાવરણ અને મિલ્કત અને મિલ્કતને નુકશાન અને વ્યકિતના મૃત્યુ કે ઈજા માટે વળતર (કલમ-૩ થી ૭) (કલમ-૩) અમુક સંજોગોમાં દોષના અભાવના સિદ્ધાંતને આધારે વળતર ચુકવવામાં જવાબદારી.

જે અકસ્માતથી કોઈ કામદાર સિવાયની કોઈ વ્યકિતનું જયારે મૃત્યુ કે ઈજા થાય અથવા પર્યાવરણ કે કોઈ મિલ્કતને હાનિ થાય ત્યારે માલિક પરિશિષ્ટમાં ઉલ્લેખ કરેલ કોઈપણ શિર્ષક હેઠળ કે તે તમામ હેઠળ તેમાં મૃત્યુ કે ઈજા કે હાનિ માટે વળતર ચુકવવા જવાબદાર છે. (કલમ - ૩)

વળતર મેળવવા દાવાની અરજ (કલમ - ૪):-

(અ) જે વ્યકિતને ઈજા થઈ હોય તે વ્યકિત કરશે.

(બ) મિલ્કતનો માલિક કે જેને નુકશાન થયું છે તે કરશે.

(ક) જયાં અકસ્માતથી મૃત્યુ થયું હોય ત્યાં મરનારના તમામ કે કોઈપણ કાયદેસરના પ્રતિનિધિ કે મંડળી અરજી કરી શકશે.

## ટ્રીબ્યુનલી પ્રૂયિા અને સત્તાઓ (કલમ – ૫):–

(અ) કલમ–૪ ની પેટાકલમ–(અ) હેઠળ કરેલ દાવા અરજી ટ્રીબ્યુનલને મળ તાં પુરતી તપાસ કર્યા પછી જો યોગ્ય લાગે તો ટુંકમાં અરજીનો નિકાલ કરી શકશે.

(બ) જો ઉપરોકત પેટાકલમ–(૧) હેઠળ ટ્રીબ્યુનલ અરજી કરનારને નોટીસ આપે, પક્ષકારોને સાંભળવાની તક આપ્યા પછી, હાથ ધરશે અને તપાસના અંતે વળતરની રકમ નક્કી કરતો ફેંસો (એવોર્ડ) આપશે જેમાં વ્યકિત કે વ્યક્તિઓ ચુકવવાના થતા વળતરની રકમ નિશ્ચિત કરશે.

(ક) દિવાની કાર્યવાહી ધારા, ૧૯૦૮ હેઠળ નક્કી કરેલ કાર્યવાહી ટ્રીબ્યુનલને બંધનકર્તા થશે નહીં પણ કુદરતી ન્યાયના સિદ્ધાંતના સ્વરૂપે આ કાયદાની જોગવાઈઓ અને નિયમોને આધિન માર્ગદર્શન પુરું પાડશે. ટ્રીબ્યુનલને પોતાની કાર્યવાહીનું નિયમન કરવાની સત્તા છે જેમાં ઈજાઓ, સમય અને સ્થળ નક્કી કરવાનો સમાવેશ થશે.

(ડ) આ કાયદા હેઠળ ટ્રીબ્યુનલને કરવા પડતા કાર્યો કરવાના હેતુથી દિવાની કાર્યવાહી ધારા, ૧૯૦૮ હેઠળ દિવાની અદાલતમાં સ્થાપિત થયેલ સત્તાઓ ટ્રિબ્યુનલને અમુક બાબતોના સંદર્ભમાં દાવો ચલાવવાના હક્કો મળશે.

## વચગાળાના આદેશો (કલમ – ૬):–

અમલમાં હોય તેવા કોઈ કાયદા હેઠળ કે આ કાયદાની અન્ય જોગવાઈઓ ગમે તે જણાવવામાં આવ્યું હોવા છતાં કોઈપણ અરજીના સંબંધમાં કે કાર્યવાહીના

સંબંધમાં કોઈ વચગાળાનો હુકમ (પછી મનાઈ હુકમ કે સ્ટે કે બીજા કોઈ સ્વરૂપમાં) કરી શકાશે નહીં.

**<u>અન્ય કાયદા હેઠળ ચૂકવાયેલી રકમ રાહતોનો ઘટાડો (કલમ–૭)</u>**:-

જયારે કોઈ વ્યક્તિના મૃત્યુ, ઈજા કે કોઈ મિલ્કતને થયેલ હાનિના સંબંધમાં માલિકના આ કાયદા હેઠળ વળતર ચુકવવા જવાબદારી થાય ત્યારે તે ૧૯૯૧ ના પબ્લીક લાયાબીલીટી ઈન્સ્યોરન્સ એકટ હેઠળ પણ રાહત અને કોઈ રકમ ચુકવવામાં પણ જવાબદાર થાય તેમજ અનય હેઠળ પણ કોઈ વળતર ચુકવવાનું થાય ત્યારે આ કાયદા હેઠળ ચુકવવાપાત્ર વળતરની રકમમાં અન્ય કાયદા હેઠળ ચુકવાયેલા બીજા વળતર કે રાચહતો જેટલી રકમનો ઘટાડો કરવામાં આવશે.

રાષ્ટ્રીય પર્યાવરણ ટ્રીબ્યુનલની સ્થાપના (કલમ – ૮).

ટ્રીબ્યુનલનું બંધારણ અને તેના ન્યાયાધિશ ગણ (કલમ – ૯).

અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ એ સભ્યોની નિમણુંક માટેની લાયકાત (કલમ – ૧૦).

અમુક સંજોગોમાં ઉપાધ્યક્ષ–અધ્યક્ષ તરીકે તેના કાર્યો કરવા અંગે (કલમ – ૧૧).

કલમ–૧૨:- હોદ્દાનો સમયગાળો.

કલમ–૧૩:- રાજીનામું અને હોદ્દા પરથી દુર કરવા.

અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યના પગાર, ભથ્થાં અને નોકરીની શરતો (કલમ – ૧૪).

અધ્યક્ષ, ઉપાધ્યક્ષપદનો અંત આવતાં અધ્યક્ષ દ્વારા હોદ્દો ધારણ કરવાની જોગવાઈ (કલમ – ૧૫).

અધ્યક્ષની નાણાંકીય જોગવાઈ અને વહીવટ (કલમ – ૧૬).

ટ્રીબ્યુનલનો સ્ટાફ (કલમ – ૧૭).

બેંચ વચ્ચે કામકાજની વહેંચણી (કલમ – ૧૮).

હકુમતનો બાધ (કલમ – ૧૯).

એક બેંચમાંથી બીજી બેંચમાં કેશની તબદીલ કરવાની અધ્યક્ષની સત્તા (કલમ – ૨૦).

બહુમતી દ્વારા નિર્ણય લેવા અંગે (કલમ – ૨૧).

પર્યાવરણને નુકશાન માટે ચુકવવાપાત્ર રકમ (અનામત) ડિપોઝીટ મુકવી (કલમ – ૨૨).

ટ્રીબ્યુનલના હુકમ કે ફેંસલાનો અમલ (કલમ – ૨૩).

અપીલ (કલમ – ૨૪).

ટ્રીબ્યુનલના હુકમના અનાદર માટે શિક્ષા (કલમ – ૨૫).

કંપનીઓ દ્વારા ગુનાઓ (કલમ – ૨૬).

ટ્રીબ્યુનલ સમક્ષની કાર્યવાહી ન્યાયિક કાર્યવાહી કહેવાશે (કલમ – ૨૭).

ટ્રીબ્યુનલના સભ્યો અને સ્ટાફ જાહેર નોકર કહેવાશે (કલમ – ૨૮).

શુદ્ધ બુદ્ધિથી લીધેલ પગારને રક્ષણ (કલમ – ૨૯).

કાયદાની વ્યાપક અસરો (કલમ – ૩૦).

નિયમો બનાવવાની સત્તા (કલમ – ૩૧).

## રાષ્ટ્રીય પર્યાવરણીય અપીલી સત્તાધારો (કલમ – ૧)

આ કાયદાને રાષ્ટ્રીય પર્યાવરણ અપીલી સત્તા ધારો, ૧૯૯૭ કહેવામાં આવશે અને તે તા. ૩૦ જાન્યુઆરી, ૧૯૯૭ થી અમલમાં આવેલ છે તેમ માનવામાં આવશે.

**વ્યાખ્યાઓ (કલમ – ૨)**:-

આ ધારામાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો

| | | |
|---|---|---|
| ધારો | :- | એટલે પર્યાવરણ સંરક્ષણ ધારો, ૧૯૮૬. |
| સત્તા | :- | એટલે કલમ-૩ ની પેટાકલમ-(૧) હેઠળ સ્થાપિત થયેલ રાષ્ટ્રીય પર્યાવરણ અપીલી સત્તા. |
| અધ્યક્ષ | :- | એટલે સત્તાના અધ્યક્ષ. |
| સભ્ય | :- | સત્તાનો સભ્ય. |
| વર્ણવેલ | :- | એટલે આ ધારા હેઠળ બનાવેલ નિયમોમાં દર્શાવેલ. |
| ઉપાધ્યક્ષ | :- | એટલે સત્તાનો ઉપાધ્યક્ષ. |

## સત્તાની સ્થાપના (કલમ - ૩)

કેન્દ્ર સરકાર સત્તાવાર ગેઝેટમાં જાહેરનામું બહાર પાડી એકમની સ્થાપના કરશે જેને રાષ્ટ્રીય પર્યાવરણ અપીલી સત્તાથી ઓળખવામાં આવશે જે આ કાયદા હેઠળ સોંપેલા કાર્યોનું પાલન અને અપીલી સત્તાઓનું પાલન કરશે. સત્તાનું મુખ્ય કાર્યાલય દિલ્લીમાં રહેશે.

## સત્તાનું બંધારણ (કલમ - ૪)

સત્તામાં અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને કેન્દ્ર સરકારને યોગ્ય લાગે તેવા ત્રણથી વધુ નહીં તેટલા અન્ય સભ્યો.

## અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અથવા સભ્યોની નિમણુંક માટે લાયકાત (કલમ - ૫)

(એ) અધ્યક્ષની નિમણુંક માટે કોઈપણ વ્યક્તિ લાયક ગણાશે નહીં, સિવાય કે તે સુપ્રિમ કોર્ટમાં ન્યાયાધિશ હોય કે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધિશ હોય.

(બી) ઉપાધ્યક્ષની નિમણુંક માટે વ્યક્તિ લાયકાત ધરાવશે નહીં સિવાય કે તે ભારત સરકારમાં સેૂટરીની જગ્યા માટે બે વર્ષનો ઓછામાં ઓછો અનુભવ ધરાવતા હોય અથવા કેન્દ્ર સરકાર કે રાજય સરકારની બીજી અન્ય જગ્યા પરનો અનુભવ હોય અને જેનો પગાર દર ભારત સરકારના સેૂટરીના પગાર દરથી ઓછો ન હોવો જોઈએ.

(સી) પર્યાવરણ સંબંધી સમસ્યાઓના સંદર્ભમાં વહીવટી, કાનૂની સંચાલકીય અને ટેકનિકલ તજજ્ઞતા અને અનુભવ ધરાવતા હોય.

(ડી) સભ્યની નિમણુંક માટે વ્યક્તિ લાયક ઠરશે નહીં સિવાય કે તેમને પર્યાવરણ સંચાલન કાયદો અથવા આયોજન અને વિકાસનું જતન સંબંધી બાબતોની વ્યવસાયિક જાણકારી અથવા પ્રાયોગિક અનુભવ હોય.

(ઈ) અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યોની નિમણુંક રાષ્ટ્રપતિ કરશે.

## **અમુક સંજોગોમાં ઉપાધ્યક્ષોએ અધ્યક્ષ તરીકે કાર્ય કરવા માટે તેમની ફરજો બજાવવા અંગે (કલમ – ૬)**

(એ) મૃત્યુ, રાજીનામું કે બીજી કોઈ રીતે જયારે અધ્યક્ષની જગ્યા ખાલી પડે તેવા પ્રસંગે ઉપાધ્યક્ષ કે ઉપાધ્યક્ષો પૈકી કોઈ એક વ્યક્તિ, કેન્દ્ર સરકારની સત્તાવાર જાહેરાતથી આ કાયદાની જોગવાઈઓ મુજબ નવા નિમાયેલા અધ્યક્ષ અને તેના હોદ્દા પર દાખલ થાય તે તારીખ સુધી ઉપાધ્યક્ષ તરીકેનું કાર્ય કરશે.

(બી) જયારે અધ્યક્ષની ગેરહાજરીને લીધે કે બિમારી કે બીજા કોઈ કારણસર તેની ફરજ બજાવવા અસમર્થ બને ત્યારે ઉપાધ્યક્ષ કે ઉપાધ્યક્ષો પૈકી કોઈ ઉપાધ્યક્ષ કે જેની કેન્દ્ર સરકારે સ્વીકૃતિ જાહેરનામાથી આ સંબંધી અધિકૃત કરેલ હોય તેવી વ્યક્તિએ અધ્યક્ષ તેની ફરજ પુર પુનઃ હાજર ન થાય ત્યાં સુધી ઉપાધ્યક્ષ ફરજો બજાવશે.

## કલમ–૭ હોદ્દાનો સમયગાળો

અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્ય તેની નિમણુંક તારીખથી ત્રણ વર્ષ સુધી હોદ્દા પર ચાલુ રહેશે એવી પણ જોગવાઈ છે કે અધ્યક્ષ, ઉપાધ્યક્ષ કે સભ્ય તેના હોદ્દા પર ચાલુ રહી શકશે નહીં તે અધ્યક્ષ હોય તો તે સિંતેર વર્ષની ઉંમરે પહોંચતા તથા ઉપાધ્યક્ષ હોય તો ૬૫ વર્ષની ઉંમરે પહોંચતા.

## કલમ–૮ રાજીનામું અને હોદ્દા પરથી દુર કરવા અંગે

(એ) અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અથવા અન્ય સભ્ય (પ્રમુખ) રાષ્ટ્રપતિને ઉદ્દેશીને પોતાના હસ્તાક્ષરમાં લખેલું રાજીનામું આપી શકશે.

(બી) અધ્યક્ષ, ઉપાધ્યક્ષ કે કોઈ સભ્યને રાષ્ટ્રપતિના હુકમ સિવાય તેમના ગેરવર્તનને કે અસમર્થતા માટે તે પુરવાર થયા સિવાય દુર કરી શકશે નહીં તેમાં અધ્યક્ષ, ઉપાધ્યક્ષ કે સભ્યને તેમની સામેના આરોપોની જાણ કરી હોય અને તેમને તેમની સામેના આરોપોના સંબંધમાં બચાવ કરવાની તક આપી હોય પછી જ દુર કરી શકશે.

(સી) અધ્યક્ષ, ઉપાધ્યક્ષ કે સભ્યને ઉપરોકત પેટાકલમ-(બી) હેઠળની બાબત સુપ્રિમ કોર્ટને સોંપવામાં આવી હોય અને સુપ્રિમ કોર્ટનો આવી સોંપેલી બાબત પરનો અહેવાલ ન આવે ત્યાં સુધી રાષ્ટ્રપતિ અધ્યક્ષ, ઉપાધ્યક્ષ કે સભ્યને તેમની ફરજ પરથી મોકુફ કરશે.

(ડી) ઉપરોકત પેટાકલમ-(બી) માં ઉલ્લેખેલી બાબત હેઠળ અધ્યક્ષ, ઉપાધ્યક્ષ કે સભ્યના ગેરવર્તન કે અસમર્થતાની તપાસની કાર્યવાહીનું નિયમન કેન્દ્ર સરકાર નિયમોને આધીન રહેશે.

## અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યોને પગાર, ભથ્થાં અને નોકરીની શરતો (કલમ - ૯)

અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યોના પગાર, ભથ્થાં અને નોકરીની શરતો (જેમાં પેન્શન, ગ્રેચ્યુટી અને અન્ય નિવૃત્તિના લાભોનો સમાવેશ થશે) કેન્દ્ર સરકારે નક્કી કર્યા મુજબના રહેશે.

સત્તામાં ખાલી જગ્યાને લીધે કોઈ કાર્ય કે કાર્યવાહી રદબાતલ થશે નહીં. સત્તાની કોઈ કાર્યવાહી કે કાર્ય, સ્ત્રોતની સ્થાપનામાં રહેલી ખામી કે ખાલી જગ્યા હોવામાત્રના કારણસર રદબાતલ કરશે નહીં કે તે અંગે પ્રશ્નો કે સંદેહ ઉભા કરાશે નહીં (કલમ - ૧૦).

## સત્તાની અપીલ, હકુમત અને સત્તાઓ (કલમ - ૧૧)

કોઈપણ ઉદ્યોગો, ્રિયાઓ અથવા પ્ર્રિયાઓ અથવા ઉદ્યોગોના ્રિયાઓના કે પ્ર્રિયાઓના વર્ગ ચલાવી શકશે નહીં કે ચોક્કસ સુરક્ષા કરવાની અપેક્ષાએ

ચાલુ રાખવાની હુકમની બાબતોમાં પર્યાવરણ અવરોધ નિવારણના માન્ય કરેલ હુકમથી નારાજ થયેલ વ્યક્તિ આવા હુકમ મળવાથી ૩૦ દિવસમાં નિયત નમુનાના ફોર્મમાં સત્તા સમક્ષ અપીલ કરવાની અરજી કરી શકે એવી જોગવાઈ કરી છે કે સત્તા નિશ્ચિત સમય મર્યાદા એટલે કે ૩૦ દિવસ પુરા થયા બાદ પછી પણ ૯૦ દિવસ પછી તે રીતે અપીલ કરે અને આવી અપીલ મોડી કરવા પાછળના પુરતા કારણોથી સંતોષ થાય તો સમય મર્યાદા પછી કરેલી અપીલ યોગ્ય સત્તા ધ્યાનમાં લેશે.

## સત્તાની કાર્યવાહી અને સત્તાઓ (કલમ – ૧૨)

સત્તાને ૧૯૦૮ ના દિવાની કાર્યવાહીના ધારા (સી.પી.સી.) માં કરેલી કાર્યવાહી બંધનકર્તા નથી પણ કુદરતી ન્યાયના સિદ્ધાંતો માર્ગદર્શન માટે ધ્યાનમાં લેવાશે તેમજ આ કાયદાની અન્ય જોગવાઈઓ અને કેન્દ્ર સરકારે ઘડેલા નિયમોને આધિન સત્તાને પોતાની કાર્યવાહીનું નિયમન કરવાની સત્તા રહેશે જેમાં તેની તપાસનું સ્થળ, સમય તેમજ જાહેરમાં કે ખાનગીમાં નિર્ણય લેવાનું નક્કી કરશે.

## અધ્યક્ષની વહીવટી કે નાણાંકીય સત્તાઓ (કલમ – ૧૩)

નિયમો હેઠળ સ્થાપિત કરેલ વહીવટી અને નાણાંકીય સત્તા અંગેના ઉપયોગ અધ્યક્ષ કરશે. એવી જોગવાઈ કરી છે કે અધ્યક્ષ તેની નાણાંકીય અને વહીવટી સત્તાઓ ઉપાધ્યક્ષને કે અન્ય બીજા અધિકારીને સોંપશે. ઉપાધ્યક્ષ કે સભ્યોએ અધ્યક્ષના પ્રત્યક્ષ માર્ગદર્શન, અંકુશ અને દેખરેખ હેઠળની આવી સત્તાઓનો ઉપયોગ કરવાનો રહેશે.

**<u>સત્તાનો સ્ટાફ (કલમ – ૧૪)</u>**

ટ્રિબ્યુનલે તેમની ફરજ / કાર્યોના પાલન કરવામાં મદદરૂપ થવા કે ટ્રિબ્યુનલ પુરું પાડવા જરૂરી લાગે તેટલા કર્મચારીઓ કે અધિકારીઓના વર્ગ કે પ્રકાર સરકાર નક્કી કરશે.

ટ્રિબ્યુનલના અધિકારીઓ અને અન્ય કર્મચારીઓએ તેમની ફરજ અધ્યક્ષના સામાન્ય દેખરેખ હેઠળ બતાવવાની રહેશે.

ટ્રિબ્યુનલના અધિકારીઓ અને અન્ય કર્મચારીઓના પગાર, ભથ્થાં અને નોકરીની શરતો વર્ણવ્યા મુજબની રહેશે.

હકુમતનો બાધ (કલમ – ૧૫).

સત્તા સમક્ષની કાર્યવાહી ન્યાયિક કાર્યવાહી ગણાશે (કલમ – ૧૬).

સત્તાના સભ્યો અને સ્ટાફ જાહેર નોકરો કહેવાશે (કલમ – ૧૭).

શુદ્ધ બુદ્ધિથી કરેલા કાર્યોને રક્ષણ (કલમ – ૧૮).

સત્તાના હુકમના અમલ કરવામાં નિષ્ફળતા માટેની શિક્ષા (કલમ – ૧૯).

કંપનીઓ દ્વારા ગુનાઓ (કલમ – ૨૦).

મુશ્કેલીઓ દુર કરવાની સત્તા (કલમ – ૨૧).

નિયમો બનાવવાની સત્તા (કલમ – ૨૨).

રદ કરવા અંગે અને રક્ષણ કરવા અંગે (કલમ – ૨૩).

# પર્યાવરણીય પ્રદુષણ અને બંધારણીય પ્રબંધો

## સ્ટોકહોમ જાહેરનામું

માનવ પર્યાવરણ અંગે ૧૯૭૨ માં ૧૧૨ દેશોની મળેલી આંતરરાષ્ટ્રીય પરિષદના અંતે સ્ટોકહોમ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું. તેમાં માનવ જીવન અને પર્યાવરણને સમગ્ર રીતે આવરી લેતાં ૨૬ સિદ્ધાંતો પ્રગટ કરાયા છે. તે પૈકી નીચેના સિદ્ધાંતો અગત્યના છે.

૧. દરેક માનવને ગુણવત્તાવાળા પર્યાવરણ વાતાવરણમાં જીવન વિકાસની પૂરતી તક મેળવવી એ મૂળભૂત અધિકાર છે જેનાથી દરેક માનવીનું ગૌરવ અને કલ્યાણ સાધી શકાય. વર્તમાન અને ભવિષ્યની પેઢી માટે પર્યાવરણમાં સુધારો થાય.

૨. જે પદાર્થોથી માનવ આરોગ્ય અને દરિયાઈ પ્રાણીસૃષ્ટિને ખતરો પેદા ન થાય તેમજ દરિયામાં કાયદેસર ઉપયોગ કરવામાં દખલગીરી ન થાય તેવા તમામ પગલાંઓ દરેક રાજય લેશે.

૩. પાણી, હવા, જમીન વગેરે કુદરતી સાધનોનું વર્તમાન તેમજ ભવિષ્યની પેઢીઓ માટે યોગ્ય આયોજનથી રક્ષણ થવું જોઈએ.

૪. દરેક રાજયને પોતાની પર્યાવરણની નીતિ ઘડવાનો સાર્વભૌમ અધિકાર છે. સાથેસાથે પોતાની હકુમતમાં થતી પ્રવૃત્તિથી અન્ય રાજયના પર્યાવરણને કોઈ નુકશાન ન થાય તે જોવું જોઈએ.

૫. પોતાની હકુમતમાં થયેલ પ્રવૃત્તિથી અન્ય કોઈ દેશમાં પ્રદુષણથી નુકશાન થયેલ હોય તો નુકશાન વળતર અંગેની જવાબદારીનો કાયદો ઘડવામાં રાજયો સહકાર આપશે.

૧ ઓગષ્ટ, ૧૯૭૫ માં હેલસિંકીમાં યુરોપની સલામતી અને સહકાર માટે મળેલ પરિષદમાં પર્યાવરણ સંબંધી બાબતોમાં રાષ્ટ્રોના સહકાર માટે અપીલ કરવામાં આવી હતી. પરિષદમાં દરિયાઈ જીવોનું રક્ષણ, જમીનની અફળદ્રુપતા સામે રક્ષણ, કુદરતી સંશાધનનોની જાળવણી, પાણીનો બગાડ, હવા–જળ પ્રદુષણનું નિયંત્રણ, પર્યાવરણમાં થતા ફેરફાર બાબતમાં માહિતી સંકલન વગેરે બાબતોને સહકારના ક્ષેત્રો તરીકે વર્ણવામાં આવેલ હતા.

૧૯૮૧ માં International Union fof Conservation of Natural Resources ની ૧૫ મી બેઠકમાં પર્યાવરણ યોજનાઓનું મૂલ્યાંકન, પર્યાવરણ માટેના કાયદાઓ, પર્યાવરણ માહિતીનો પ્રચાર તથા લોકજાગૃતિ અને સહકાર માટે વિચાર કરાયો હતો. યુનો મહાસભાએ ૨૮ ઓકટોબર, ૧૯૮૨ ના રોજ એક ઠરાવ પસાર કરીને World Charter for Nature નો સ્વીકાર કર્યો હતો. આ ચાર્ટરમાં પર્યાવરણને લગતાં ૫ સામાન્ય સિદ્ધાંતોની સાથે તેના અમલ માટે કેટલીક માર્ગદર્શક રૂપરેખાઓ પણ નક્કી કરાયેલ છે. દિલ્હીમાં ૨૦ ડિસેમ્બર, ૧૯૮૧ ના રોજ પર્યાવરણ શિક્ષણ સંબંધમાં એક આંતરરાષ્ટ્રીય સંમેલનનું આયોજન કરાયેલ હતું. તેમાં ‘વિનાશ વિના વિકાસ’

સુત્ર આપવાની સાથે પર્યાવરણ કેળવણી અને જાગૃતિ પર ભાર મૂક્યો હતવો. પ્રજાકીય સહકાર મેળવવાની જરૂરિયાત પર ધ્યાન કેન્દ્રીત કરાયું હતું. વિદ્યાર્થીઓના અભ્યાસૂમમાં પર્યાવરણ વિષય દાખલ કરવાની ભલામણ કરવામાં આવી હતી તે મુજબ ઘણાં શાળાકીય અને કોલેજ શિક્ષણમાં આ વિષયનો અભ્યાસૂમ સમાવેશ કરાયો છે. દર વર્ષે ૫ જૂનના રોજ વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવવામાં આવે છે.

વિશ્વના અનેક દેશો જેવા કે, ભારત, અમેરિકા, ઈંગ્લેન્ડ, મલેશિયા, થાઈલેન્ડ, ચીન, જાપાન, ઈરાન, કોરિયા, સ્વીટઝર્લેન્ડ, શ્રીલંકા વગેરેમાં પર્યાવરણ જાળવણી અંગેના કાયદાઓ ઘડાયા છે. ઈંગ્લેન્ડમાં ૧૩૮૮ માં British Urban Sanitaty Act તેમજ ૧૫૩૧ માં Bill of Sviors પસાર કરાયા હતા. આજે ઈંગ્લેન્ડમાં સમુદ્ર પ્રદુષણને લગતા ૫ કાયદાઓ, હવા પ્રદુષણને લગતા ૭ કાયદાઓ, કચરાથી થતાં પ્રદુષણ અંગે ૧૦ કાયદાઓ, ઘોંઘાટ પ્રદુષણને લગતા ૮ કાયદાઓ, કિરણોત્સર્ગી પદાર્થોથી થતાં પ્રદુષણ અંગે ૫ કાયદાઓ તથા જળ પ્રદુષણને લગતાં ૧૨ કાયદાઓ અમલમાં છે. અમેરિકામાં પર્યાવરણને લગતો સૌપ્રથમ કાયદો Rivers and Harbours Act ૧૮૯૯ ઘડાયો હતો. ૧૨૦ વર્ષ જુના આ કાયદાથી એક વર્ષ સુધીની કેદ ઉપરાંત દંડની પણ જોગવાઈ કરાયેલ છે. ત્યારબાદ અમેરિકામાં Oil Pollution Control Act, 1924 અને 1961 ઘડાયા હતા. Water Pollution Control Act, 1988 અમેરિકામાં હાલમાં અમલમાં છે. તદુપરાંત રાજયના કાયદાઓ અલગ છે.

તદુપરાંત નીચેની સંધિઓમાં કાં તો સહી કરેલ છે અથવા કરારના પક્ષકાર બનેલું છે. આ તમામ આંતરરાષ્ટ્રીય સંધિઓ (Treaties) છે.

1) Convention Relative to the Preservation of Fauna and Flora in their Natural State (London-1936) ભારતની સહી.

2) International Convention for the Regulation of Whailing (Washington D.C.-1946) ભારતની સહી.

3) International Plant Protection Convention (Rome-1951) ભારતની સહી.

4) The Antarctic Treaty (Washington, 1959) ભારતની સહી.

5) Convention Concerning the Protection of Workers Against Ionizing Radiations (Geneva - 1960) ભારતની સહી.

## Constitutional and Legislative Provisions

Indian environmental statutes chiefly employ a system of licensing and criminal sanctions to preserve natural resources and regulate their use. Civil compensation recovered through private citizens' suits plays a peripheral role in the over all regulatory strategy.

Pollution charges, fees or other economic approaches to discuourage pollution are largly untried.

In this chapter we digest the primary regulatory statutes my examine in some detail the Environment (Protection) Act of 1986. India's International obligations under important multilaterol treaties and conventions complement the Municipal Law.

Quite a few international law norms have been assimipted into domestic Law by judgements of the apex court but first to put the whole regulatory framework in prospective we examine the provisions that relate to the environment.

## **Constitutional Provisions and the Environment**.

### I Fundamental Norms

The Indian Constitution is amongst the few in the world that contains specific provisions on environment protections on environment protection. The firective principles of state policy and the fundamental duties chapters explicitly enumciate the national commitment to protect and improve the environment judicial

interpretation has strengthend this constitutional mandate.

The issues of environment must and shall receive the highest attention from this court.

- Emphasis supplied - Tarun Bharat Sangh, Alwar V. Union of India
- Writ petition (civil). No. 509 of 1991, Supreme Court.

## II Division of Legislative Authority

Under India's federal system Governmental power is shared between the Union or Central Government and the 26 State Government. Part xi of the Constitution governs the legislative and administrative relations between the Union and the States.

## III The Forty Second Amendment Act

Environmental protection and improvement were explicitly incorporated into the Constitution by the Constitution (forty second amendment) Act of 1976.

Article 48-A was atted to the directive principles of State policy.

## IV The Directive Principles of State Policy

The directive principles are policy prescriptions that guide the Government. Some of them are in the nature of economic rights that India could not guarantee when the Constitution was enacted.

In several environmental cases the courts have been guided by the language of Article 48-A.

## V Article 253 and Environmental Legislation

The forty second amendment also expanded the list of concurrent powers in the constitution. The ammendment introduced a new entry. Population contral and family planning. While forests and protection of wild animals and birds were moved form the state list to the current list.

## VI Federalism : Some Issues

On occasion, the divison of power under India's federal structure has led to tensions between the centre and the states in matters concerning regional development and the preservation of natural resourses.

## <u>પર્યાવરણ સુરક્ષા અંગેની બંધારણીય જોગવાઈ</u>

### <u>પ્રાસ્તવિક બિંદુઃ</u>–

આપણા ભારતનું બંધારણ વિશ્વનું એવું સૌપ્રથમ બંધારણ છે જેમાં પર્યાવરણની સુરક્ષા અંગે જોગવાઈ કરવામાં આવી છે. ભારતીય બંધારણની ધ્યેય સમાજવાદી સમાજની સ્થાપનાનો છે. આ રીતનો સમાજવાદી સમાજ સામાજીક સમસ્યાઓ વિશે વધુ ધ્યાને આપે એ ઉચિત છે. સામાજીક સમસ્યામાં પર્યાવરણની સુરક્ષાનો પ્રશ્ન અગત્યનો છે. પર્યાવરણ સુરક્ષા મહત્વની સ્વીકારીને તેને બંધારણમાં યથાર્થ સ્થાન આપવામાં આવે છે.

### <u>૪૨ મા સુધારા પહેલાની સ્થિતિ</u>

### <u>બંધારણ ભાગ–૪ ની જોગવાઈ</u>

ભારતનું બંધારણ જે તા. ૨૬–૦૧–૧૯૫૦ થી અમલમાં આવ્યું તે વખતે પર્યાવરણ સંબંધી કોઈ ખાસ જોગવાઈ ન હતી. માત્ર આર્ટીકલ્સ – ૪૭.

‘‘જાહેર આરોગ્યમાં સુધારો અને લોકોના જીવન ધોરણ અને પોષણના સ્તરમાં વૃદ્ધિ લાવવાની રાજયની પ્રાથમિક ફરજ છે.’’

## બંધારણના ભાગ-૩ ની જોગવાઈનું અર્થઘટન

આ ઉદારતા આર્ટીકલ-૨૧ એ વ્યક્તિ સ્વાર્તે અને જીંદગીના હક્કો સાથે જોડાયેલ છે પણ સૌરભ કાળમાં તે તેના મર્યાદિત કે સંકુચિત અર્થના લીધે ઓછી ઉપયોગી થઈ હતી. આર્ટીકલ - ૨૧ કાયદાઓ સ્થાપિત કરેલ પ્રૂયિા, અનુસરીય સિવાય કોઈ વ્યક્તિને તેની અંગત સ્વતંત્રતા અને તેની જીંદગીથી વિમુખ કરાશે નહીં.

## ૪૨ મા સુધારા પછીની પરિસ્થિતિ

## આર્ટીકલ ૪૮ - એ

૧૯૭૬ માં બંધારણનો ૪૨ મો સુધારો પસાર કર્યો જેમાં પર્યાવરણ સુરક્ષા અંગેની જોગવાઈઓનો સમાવેશ કર્યો અને રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના પ્રકરણમાં આર્ટીકલ્સ - ૪૮ એ નવો ઉમેર્યો. જેમાં પર્યાવરણ સુરક્ષાની જવાબદારી રાજયના શિરે નાખવામાં આવી.

## આર્ટીકલ ૫૧ - એ

મુળભુત ફરજોના સ્વરૂપે આર્ટીકલ્સ ૫૧-એ નવી જોગવાઈ કરી જે બંધારણના ૪૨ મા સુધારાથી ઉમેરવામાં આવી. બંધારણના આર્ટીકલ ૫૧-એ ની જોગવાઈ નીચે મુજબ છે. ભારતના દરેક નાગરિકની વનો, સરોવરો, નદીઓ અને વન્ય પ્રાણીઓ સહિત કુદરતી પર્યાવરણનું રક્ષણ અને તેની સુધારણા કરવાની તથા જીવ સૃષ્ટિ પ્રત્યે કરૂણતા દાખવવાની ફરજ રહેશે.

આમ, ઉપરોકત જોગવાઈઓ બેવડી જવાબદારી નાખે છે જેમાં એક તરફ રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના સ્વરૂપે રાજયને પર્યાવરણની સુરક્ષા અને સુધારાનો આદેશ કરે છે અને બીજી બાજુ તમામ નાગરીકો પર કુદરતી પર્યાવરણની જાળવણીમાં મદદરૂપ થવા ફરજ નાંખે છે.

## <u>પર્યાવરણના કાયદા ઘડવાની સત્તાઓ</u>

બંધારણમાં કાયદા પર્યાવરણ સત્તા

૧) કેન્દ્રની યાદી : જેના કાયદા ઘડવાની સત્તા સંસદને છે.

૨) રાજયોની યાદીઃ વિધાનસભાઓને કાયદાઓ ઘડવાની સત્તા છે.

૩) સહવર્તી યાદી : આ યાદીની વિષયવસ્તુ પર સંસદને એ વિધાનસભાઓને પણ કાયદા ઘડવાની સત્તા છે.

બંધારણની ઉપરોકત ત્રણેય યાદીઓમાં પર્યાવરણને લગતી વિષય વસ્તુઓનો સમાવેશ થઈ જાય છે.

## <u>તિવારી કમીટીના અહેવાલ અંગે</u>

૧૯૮૦ ના એન. ડી. તિવારી કમીટીના અહેવાલ મુજબ કેન્દ્ર અને રાજયના ૨૦૦ જેટલા કાયદાઓ પર્યાવરણની સુરક્ષાને લગતા છે જો કે આ કાયદાઓની જોગવાઈ છુટીછવાઈ છે અને તે જોગવાઈઓ અંગે લોકોનું મંતવ્ય પણ પર્યાવરણ સુરક્ષાથી ભિન્ન જણાય છે. આ કાયદાઓ પૈકી કેટલાક કાયદાઓની જોગવાઈઓની ચર્ચા હવે પેરા-(૨) માં કરી છે.

સમિતિની ભલામણ મુજબ પર્યાવરણ સુરક્ષા માટે વહીવટીતંત્ર અને કાનુની ઉપાયોની ભલામણ કરી જે નીચે મુજબ છે;

૧) જોખમી પ્રકારની વસ્તુઓનું રક્ષણ.
૨) ઝેરી પદાર્થોના નિયંત્રણ અંગે કાયદાઓ.
૩) જીવ ક્ષેત્રનું આરક્ષણ.
૪) પશુ ચરવાથી જમીનનું રક્ષણ.

## પર્યાવરણની વિભાગની રચના

બંધારણીય આદેશના અમલના માટે ૧૯૮૦ માં ભારત સરકારે પર્યાવરણ અને વનવિભાગની અલગ રચના કરી, સદરહુ વિભાગે રાષ્ટ્રીય પર્યાવરણ જાગરણ અભિયાનની વ્યવસ્થા કરી પર્યાવરણ જાગૃતિ માટે પર્યાવરણ શિક્ષણને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. તા. ૧૬ થી ૨૦ ડિસેમ્બર, ૧૯૮૨ ના રોજ દિલ્હીમાં ભરાયેલ પર્યાવરણ શિક્ષણ અંગેની આંતર રાષ્ટ્રીય પરિષદમાં એવું નક્કી થયું કે પર્યાવરણ શિક્ષણને શાળા, કોલેજ અને યુનિવર્સિટી કક્ષાના અભ્યાસૂમમાં સમાવવા.

## પર્યાવરણ અને બંધારણનો ભાગ-૩

ભારતીય બંધારણના ભાગ-૩ માં પર્યાવરણ અંગેની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી પણ અમુક પ્રશ્નો ઉભા થાય છે જેમ કે શું આપણો એ મુળ ભુત અધિકાર નથી કે આપણે સ્વચ્છ પર્યાવરણીય શ્વાસ લઈએ? શું આ અધિકાર ભારતીય બંધારણના આર્ટીકલ-૨૧ નો ભાગ નથી? જીવન જીવવાના અધિકારને

માત્ર પશુની જેમ જીવવું એવું અર્થઘટન કયારે પણ કરવામાં આવ્યું નથી. જો પ્રદુષણ આપણા શરીરમાં કોઈ ખોટ કે ખામી કાયમ માટે કરી દે તો આપણી જીંદગી એક પશુ જેવી થઈ જાય અને તેના કારણે આપણું જીવન જીવવાનો અધિકાર ભંગ થાય. આના કારણે જો રાજય પોતાના નાગરીકને સ્વચ્છ પર્યાવરણ આપવામાં નિષ્ફળ જાય તો તે આપણા જીવન જીવવાના અધિકારનો ભંગ ગણાશે.

આપણા દેશના માનવ અધિકાર અંગેના દ્રષ્ટિકોણથી જોઈએ તો જીવન જીવવાનો અધિકાર, સ્વતંત્રતા, પ્રદુષણ મુકત વાયુ અને જળ આ બધી વસ્તુઓ બંધારણના આર્ટીકલ – ૨૧, ૪૮ (એ) અને ૫૧ (એ) (બ) માં આપેલા છે અને રાજયની ફરજ એ છે કે બંધારણમાં આપેલા અધિકારોના પાલન માટે યોગ્ય પગલાંઓ ભરે. આ અધિકારો આંતરરાષ્ટ્રીય દ્રષ્ટિકોણ અને ધોરણો સાથે સંલગ્ન અને તાલમેલવાળા હોવા જોઈએ. આપણું સાર્વભૌમત્વ કે જેસંયુકત રાષ્ટ્રના કોર્ટ ઓફ કન્ડકટ ઓફ સ્ટાન્સનેશન કોર્પોરેશનના કલોઝ–૯ અને ૧૯ માં બતાવ્યા છે જયારે આપણે આંતરરાષ્ટ્રીય જવાબદારી પુરી કરવા માટેના ધોરણો નક્કી કરતા હોય ત્યારે રાજયોએ ધ્યાન આપવું જોઈએ કે તેના લોકોને ગરીમા અને સાર્વભૌમત્વ જળવાઈ રહે અને એ માટે લોકોના બંધારણીય અધિકારોને રક્ષણ મળી રહે તેના કાયદાઓ ઘડવા જોઈએ જયારે આપણે આંતરરાષ્ટ્રીય કોર્પોરેશનને ભારતમાં વેપાર કરવા માટે લાયસન્સ આપતા હોય ત્યારે એવા કાયદાઓ ઘડવા જોઈએ જેના કારણે ભારતના લોકોના બંધારણીય અધિકારો જેવા કે જીવન જીવવાનો અધિકાર, સ્વતંત્રતાનો અધિકાર અને પર્યાવરણ રક્ષણનો અધિકાર જેવા અધિકારોનું રક્ષણ થવું જોઈએ.

## આર્ટીકલ – ૧૯ (૧) (૯) ધંધા–રોજગારનો હક્ક અને પર્યાવરણ

પર્યાવરણ પ્રદુષણના કારણોના પૈકી ઔદ્યોગિક પ્રવૃત્તિ એ મહત્વનું જવાબદાર પરિબળ છે પણ ઔદ્યોગિક પ્રવૃત્તિઓ દેશના અર્થતંત્રમાં મહત્વનો ફાળો આપે છે છતાં જો પ્રદુષણને નિયંત્રિત કરવા કે નહીંવત કરવા જો કોઈ પગલાં લેવામાં આવે તો ઔદ્યોગિક પ્રવૃત્તિઓ પર સીધું નિયંત્રણ આવવાનો ભય રહે છે. બંધારણના આર્ટીકલ – ૧૯ (૧) (જી) થી દરેક નાગરીકને તેનો ધંધો–રોજગાર કરવાની ખાત્રી મળે છે. આમ ધંધો રોજગાર કરવાનો હક્ક અને આર્થિક વિકાસ એક બાજુ છે જયારે બીજી બાજુ પર્યાવરણ સુરક્ષા અને પ્રદુષણ અવરોધ છે. આ બન્ને વચ્ચે સંઘર્ષ ઉદ્‌ભવે છે ત્યારે તેનો ઉપાય સરળ નથી.

## આર્ટીકલ–૨૧ જીવન સ્વાર્તનો હક્ક અને ખાનગી સાહસ

**રાજસ્થાન ઈલેકટ્રીસીટી બોર્ડ વિ. મોહનલાલ** આ કેસમાં સુપ્રિમ કોર્ટને તારણ કાઢવાનું હતું કે રાજસ્થાનના ઈલેકટ્રીસીટી બોર્ડ બંધારણના આર્ટીકલ–૧૨ ની જોગવાઈ અનય સત્તામંડળોની હેઠળ સત્તા કહેવાય કે નહીં. આ કેસમાં કોર્ટે જણાવ્યું કે સત્તા મંડળોમાં એ બધા સત્તા મંડળોનો સમાવેશ થાય છે કે જે બંધારણીય સત્તા મંડળ હોય અથવા તો કાયદાકીય સત્તા મંડળ અને જેમાં કાયદા દ્વારા સત્તાઓ આપવામાં આવેલી હોય. આથી કોર્ટે ઠરાવ્યું કે એવી વ્યકિત કે જેની પાસે આદેશો કરવાની સત્તા હોય અને જો કોઈ આ આદેશોનો ભંગ કરે અને આ ભંગ કરવાથી ફોજદારી ગુનો બને એવી વ્યકિત કે મંડળને સત્તામંડળ કહેવાય. ત્યારબાદ **સુખદેવ વિ. ભગતરામ**ના કેસમાં રાજયના સિદ્ધાંતને વિકસાવ્યો અને કહ્યું કે કોઈપણ સેવા આપતા કોર્પોરેશનને રાજય કહેવાય. આમ કોર્ટે કહ્યું કે જાહેર સાહસો પણ રાજય કહેવાય.

સુપ્રિમ કોર્ટે છેલ્લાં થોડાંક વર્ષોમાં માનવ અધિકારના સામાજીક ઢાંચાને આદર આપવા આર્ટીકલ – ૧૨ ના સિદ્ધાંતને ખુબ જ વિકસાવ્યો છે અને જાહેર સાહસોને આર્ટીકલ – ૧૨ હેઠળ રાજય ગણીને મુળભુત અધિકારોના રક્ષણ માટે વધુ માર્ગ મોકળો કર્યો છે.

આંતરરાષ્ટ્રીય સમજુતીના અમલ માટે ભારતીય બંધારણની કલમ–૨૫૩ માં જોગવાઈ આપવામાં આવેલ છે જેમાં ભારત જેનું સભ્ય હોય તેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાના ઠરાવો તથા રાષ્ટ્રો વચ્ચેના કરારો કે સમજુતીઓને અમલી બનાવવા સત્તાઓની વહેંચણીની સુચિમાં એન્ટ્રી નં. ૧૩ અને ૧૪ ની સુચિમાં આપવામાં આવેલ છે.

## <u>પ્રાસ્તાવિક બિંદુ</u>

બંધારણમાં ૧૯૭૬ પહેલાં પર્યાવરણને જાળવવા કે સુધારવા માટેના કાયદાઓ બનાવવામાં આવેલ ન હતા એટલે કે બંધારણના ઘડવૈયાઓને આ બાબતે કોઈ ધ્યાન જ ન હતું પરંતુ જુન, ૧૯૭૨ માં સ્ટોકહોમની પરિષદ પછી અને વિશ્વમાં ચારે બાજુ પર્યાવરણની પરિસ્થિતિ જોઈને તથા વધતી જતી જાગૃતિને ધ્યાનમાં રાખીને સ્વ. ઈન્દીરા ગાંધીની સરકાર જયારે સત્તા પર હતી ત્યારે તે વખતે બંધારણીય (૪૨ મો સુધારો) અધિનિયમ, ૧૯૭૬ માં રાજયના માર્ગદર્શક સિદ્ધાંતો અને નાગરીકની ફરજોની જોગવાઈઓમાં સુધારો કરવામાં આવ્યો તેથી બંધારણમાં પર્યાવરણ પ્રત્યે રાજયના માર્ગદર્શક સિદ્ધાંતો તથા નાગરીકની ફરજો અંગેનું વિધેયક પસાર થવા માટે મુકવામાં આવ્યું જયારે આ બંધારણના ૪૨ મા સુધારા અંગે પાર્લામેનટના બન્ને ગૃહોમાં ચર્ચા થઈ ત્યારે મોટાભાગના તમામ સાંસદોએ આ ખરડાને પસાર થવા માટે વધાવી લીધો.

બંધારણીય સુધારા બાદ જ બે અનુચ્છેદને સ્થાન મળ્યું જેમાં પર્યાવરણ જાળવવા માટે ખાસ જોગવાઈ કરવામાં આવી અને બંધારણના અનુચ્છેદ ૪૮ (એ) માં રાજય સરકારોને ખાસ માર્ગદર્શન આપવામાં આવ્યું છે કે, 'રાજય, પર્યાવરણનું રક્ષણ કરવાનો અને દેશના જંગલો અને વન્યજીવોનું રક્ષણ કરવાનો પ્રયત્ન કરશે.' આ અનુચ્છેદ પ્રમાણે ભારતમાં પર્યાવરણને સંરક્ષણ આપતા સુધારા કરવા અનેક કાયદાઓ તથા નિયમો ઘડી કાઢવામાં આવ્યા છે જેના આધારે પર્યાવરણ સંરક્ષણ ધારો, ૧૯૮૬ તથા પર્યાવરણ સંરક્ષણ નિયમો, ૧૯૮૬ તથા વન્ય જીવો સંરક્ષણ ધારો, ૧૯૭૨ તેમજ જંગલ સંરક્ષણ ધારો, ૧૯૮૦ સંસદે પસાર કરેલ છે તથા ઉપરોકત કાયદાઓમાં પાછળથી ઘણા સુધારાઓ કે જોડવાણ કરવામાં આવેલ છે જેનો મુખ્ય હેતુ પર્યાવરણનું રક્ષણ–સુધારણા અને જંગલ તેમજ વન્ય જીવોની સલામતીનું રક્ષણ થાય તેવો નિર્દેશ કરેલ છે. આથી નિર્દેશ કરવામાં આવેલ અનુચ્છેદ મુજબ માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ કરવાની ફરજ માત્ર રાજય સરકાર કે કેન્દ્ર સરકારની નથી પરંતુ સ્થાનિક સત્તાઓની પણ છે એટલે પ્રદુષણ બાબતે અથવા વૃક્ષછેદન બાબતે કોઈ ગુનો થાય ત્યારે સરકારને પગલાં લેવા માટે માર્ગદર્શન આપવામાં આવ્યું છે અને જો તે કોઈ જાતના પગલાં નો લે તો ઉપરના અનુચ્છેદની અવગણના થઈ છે તેમ માની શકાય.

બંધારણના અનુચ્છેદ ૫૧ (એ) મુજબ ભારતના દરેક નાગરીકની મુળ ભુત ફરજોની વાત કરેલ છે. બંધારણના ૪૨ મા સુધારાની અનુચ્છેદ ૫૧ (એ) ની પર્યાવરણના સંરક્ષણ તથા સુધારણા માટેની મુળભુત ફરજો ઉમેરવામાં આવેલ છે. આ ફરજો નાગરીકની છે, રાજય સરકારની નહીં. બંધારણના અનુચ્છેદ ૫૧ (જી) માં વનો, સરોવરો, નદીઓ અને વન્ય પ્રાણીઓ સહિત કુદરતી પર્યાવરણનું સંરક્ષણ કરવાની અને સુધારણા કરવાની અને જીવો પ્રત્યે

અનુકંપા દર્શાવવાની દરેક નાગરીકની મુળભુત ફરજ છે. આમ ભારતના બંધારણમાં પર્યાવરણ માટે ઉપરોક્ત ખાસ જોગવાઈના આધારે પર્યાવરણનું સંરક્ષણ કરવા, સુધારણા કરવા બીજા ૧૦ જેટલા અધિનિયમો ઘડી કાઢવામાં આવેલ છે જેમ કે હવાના પ્રદુષણ બાબતે પ્રશ્ન ઉપસ્થિત થાય તો એર પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ ઓફ પોલ્યુશન એકટ, ૧૯૮૧ પર્યાવરણમાં હવા સ્વચ્છ રહે તેમજ હવાના બગાડ બાબતના ગુનાઓ માટે સજા આપવા માટે આ કાયદો આવેલ છે એટલે કે તે હવાને શુદ્ધ રાખવા માટેના અધિનિયમ છે જંગલો કે વનસ્પતિનો નાશ થતો અટકાવવા માટેનો કાયદો પણ ઘડવામાં આવેલ છે.

પર્યાવરણીય પ્રદુષણને લગતા કોઈપણ કાયદાઓના ઉલ્લંઘન સામે નીચેના ત્રણ ઉપાયો મળવાપાત્ર છે.

## દિવાની ઉપાય

પર્યાવરણીય પ્રદુષણ સામે દિવાની ઉપાયમાં નુકશાની વળતર અને મનાઈ હુકમ મેળવી શકાય છે.

## ફોજદારી ઉપાય

પર્યાવરણીય પ્રદુષણ સામે ફોજદારી ઉપાયમાં જાહેર ઉપદ્રવ સામે શિક્ષા જોગવાઈ અથવા ફોજદારી કાર્યવાહી ધારા હેઠળ પ્રદુષણ દુર કરવા અંગેની જોગવાઈ છે.

## બંધારણીય ઉપાય

રીટ હકુમત દ્વારા કરતા તંત્રને પ્રદુષણ રોકવા ફરજ પાડવા માટે મળતો ઉપાય આર્ટીકલ ૩૨ અને ૨૨૬ માં છે.

## રીટ હકુમત

ભારતમાં બંધારણમાં આર્ટીકલ ૩૨ અને ૨૨૬ માં આપેલ જોગવાઈ પ્રમાણે અનુક્રમે સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટને હેબીયસ કોર્પસ, મેન્ડેમસ, પ્રોહિબીશન, કવોરંટો અને સર્ટિયોટરી સ્વરૂપની રીટ આદેશ આપવાની સત્તા છે જયારે આર્ટીકલ ૨૨૬ એ એક બંધારણીય સામાન્ય અધિકાર છે. પર્યાવરણના પ્રદુષણની બાબતો મેન્ડેમસ, સર્ટીઓટરી અને પ્રોહિબીશનના ઉપાયો માન્ય રાખવામાં આવે છે. રીટના ઉપાયોનો ઉપયોગ વારંવાર કરવા પાછળના કારણો નીચે મુજબ છે;

દિવાની અદાલતોમાં દાવો કરવાના સમયગાળાની તુલનામાં ઓછા સમયમાં આ ઉપાય મેળવી શકાય છે.

- સામાન્ય દિવાની દાવાની સરખામણીમાં નાણાકીય બોજો ઓછો રહે છે.
- મૌખિક પુરાવાની જરૂર રહેતી નથી.
- અસંતોષ થયેલી વ્યક્તિ સીધો સર્વોચ્ચ અદાલતનો સંપર્ક કરી શકે છે.

## રીટનો ઉપાય કયારે ઉપલબ્ધ થાય?

આર્ટીકલ ૩૨ અને ૨૨૬ હેઠળ અદાલતને રીટ જારી કરવાની સત્તા છે છતાં પ્રત્યેક કેસમાં અદાલત આવી રાહત આપી શકે તેવું શકય નથી. અદાલત જયારે આ સત્તાનો ઉપયોગ કરે છે ત્યારે ખુબ જ સજાગ રહી છે. અદાલત રાહત આપતાં અગાઉ નીચેની બાબતોની ખાત્રી કરશે.

- અરજદાર કાર્યવાહી કરવાને શું હક્કદાર છે?

– શું તેણે વૈકલ્પિક ઉપાયનો ઉપયોગ કરેલ છે?

જો અદાલતને ઉપરોકત બાબતે સંતોષ થાય તો રીટનો ઉપાય ઉપલબ્ધ થાય.

## પર્યાવરણ અદાલતોના સ્થાપનનું સુપ્રિમ કોર્ટ દ્વારા સૂચન

એમ. સી. મહેતા વિ. ભારતસંઘ AIR 1987 SC 985 આ ચુકાદામાં નિર્ણય આપતાં સુપ્રિમ કોર્ટે એવું સુચન કર્યું કે, ભારત સરકારે હવે પર્યાવરણ અદાલતનું સ્થાપન કરવું જોઈએ કારણ કે, પર્યાવરણ પ્રદુષણ તથા કુદરતી વાતાવરણના વિનાશ તથા નૈસર્ગિક સ્ત્રોતો લગતાં સઘંર્ષોના પ્રસંગો ઘણા વધી ગયા છે.

### ૧. પાણી પ્રદુષણ

૧.૧ ધ રીવર એકટ, ૧૯૫૬.

૧.૨ ધ મર્ચન્ટ શીપીંગ (એમેન્ડમેન્ટ) એકટ, ૧૯૭૦.

૧.૩ પાણી (પ્રદુષણ, નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૭૪.

૧.૪ પાણી (પ્રદુષણ, નિવારણ અને નિયંત્રણ) ઉપકર અધિનિયમ, ૧૯૭૭.

### ૨. હવા પ્રદુષણ

૨.૧ ધી ઈન્ડીયન બોઈલર્સ એકટ, ૧૯૨૩.

૨.૨ ધી માઈન્સ એન્ડ મિનરલ્સ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૧૯૪૭.

૨.૩ ધી ફેકટરીઝ એકટ, ૧૯૪૮.

૨.૪ ધી ઈન્ડસ્ટ્રીઝ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એકટ, ૧૯૫૧.

૨.૫ હવા (પ્રદુષણ, નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, ૧૯૮૧.

## ૩. <u>કિરણોત્સર્ગ</u>

૩.૧ ધી એટમિક એનર્જી એકટ, ૧૯૬૨.

૩.૨ ધી રેડીએશન પ્રોટેકશન રૂલ્સ, ૧૯૭૧.

## ૪. <u>જંતુનાશક દવાઓ</u>

૪.૧ ધી પોઈઝન એકટ, ૧૯૭૯.

૪.૨ ધી ફેકટરીઝ એકટ, ૧૯૪૮.

૪.૩ ધી ઈન્સેકટીસાઈડસ એકટ, ૧૯૬૮.

## ૫. <u>પર્યાવરણ</u>

૫.૧ પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬.

૫.૨ જોખમી કચરો (વ્યવસ્થા અને જાળવણી) નિયમો, ૧૯૮૯.

૫.૩ જોખમી રસાયણોનું ઉત્પાદન, સંગ્રહ અને આયાત નિયમ, ૧૯૮૯.

૫.૪ કોસ્ટલ રેગ્યુલેશન ઝોનના નિયમો.

૫.૫ પર્યાવરણ મંજુરીને લગતા નિયમો, ૧૯૯૪.

૫.૬ પર્યાવરણ લોકસુનાવણીને લગતા નિયમો, ૧૯૭૯.

૫.૭ જીવ ચિકિત્સા કચરો (વ્યવસ્થા અને જાળવણી) નિયમો, ૧૯૯૮.

**૬. <u>અન્ય</u>**

૬.૧ ધી ઈન્ડીયન ફીશરીઝ એકટ, ૧૮૯૭.

૬.૨ ધી ઈન્ડીયન ફોરેસ્ટ એકટ, ૧૯૨૭.

૬.૩ ધી પ્રિવેન્શન ઓફ ફુડ એડલ્ટ્રેશન એકટ, ૧૯૫૪.

૬.૪ ધી એન્સીયન્ટ મોન્યુમેન્ટસ એન્ડ આર્કિયોલોજીકલ સાઈટસ એન્ડ રેમેઈન્સ એકટ, ૧૯૫૮.

૬.૫ ધી વાઈલ્ડ લાઈફ (પ્રોટેકશન) એકટ, ૧૯૭૨.

## પ્રદુષણ નિયંત્રણની રીતો

૧. શહેરોમાં વાહનોથી થતાં હવાના પ્રદુષણમાં ઘટાડો કરવા વાહનોના ધુમાડાની ચકાસણીની શિબિરોનું આયોજન કરવું.

૨. નદી, તળાવ, સરોવર કે કુવાના પાણીનો આયોજનપૂર્વક ઉપયોગ કરીએ તેમજ તેની સ્વચ્છતા જાળવીએ. આ પાણી પ્રદુષિત ન થાય તેવી ચોકસાઈ રાખીએ.

૩. વાહનો માટે પોલ્યુશન અન્ડર કન્ટ્રોલ (પી.યુ.સી.) સર્ટીફીકેટ મેળવવાનો આગ્રહ રાખીએ.

૪. વાહનોને તેની ગતિ મર્યાદામાં હંકારીએ, વાહન હંકારવાથી જો ધુમાડો નીકળતો હોય તો ઝડપ ઘટાડીએ, બિનજરૂરી એકસીલેટર ન આપીએ.

૫. ગામ કે શહેરના વિકાસની સાથેસાથ ઘરવપરાશના પાણીથી પ્રદુષણ ન થાય તેવું આયોજન કરીએ.

૬. સૂર્યશક્તિ, બાયોગેસ વગેરેના ઉપયોગ કરી કોલસો, પેટ્રોલ જેવા મર્યાદિત સ્ત્રોતોનો કરકસરપૂર્વક ઉપયોગ કરીએ.

૭. નવી ઔદ્યોગિક વસાહત ગામ, શહેર, ઐતિહાસિક ઈમારત, અભ્યારણ્ય, પર્યટન સ્થળ, દરિયાકાંઠા કે સંવેદનશીલ વિસ્તારથી યોગ્ય અંતરે નવા ઉદ્યોગ કે વસાહતનો વિકાસ થવો જોઈએ. આ બાબતે ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડની મદદ, માર્ગદર્શન મેળવવા જોઈએ.

૮. સ્થાનિક-સ્વૈચ્છીક સંસ્થાએ, યુવાસંગઠનો તથા વિદ્યાર્થી જગત મારફત પર્યાવરણ જનજાગૃતિના કાર્યૂમોનું આયોજન કરીએ.

૯. પ્રદુષણ કરતાં ઉદ્યોગ વિશે પ્રદુષણ નિયંત્રણ બોર્ડ નજીકની પ્રાદેશિક કચેરીને જાણ કરવી.

૧૦. નાના ઉદ્યોગમાંથી નીકળતા ગંદા પાણીને શુદ્ધ કરવા અથવા સામૂહિક રીતે એકઠું કરીને સંયુકત શુદ્ધિકરણ પ્લાન્ટ (Common Effluent Treatment Plant - C.E.T.P.) માં શુદ્ધ કરવાની યોજનાને પ્રોત્સાહિત કરીએ.

૧૧. જિલ્લા તથા રાજયના વિકાસમાં યોગ્ય ઉપયોગ કરવા સ્વૈચ્છીક સંસ્થાઓને અયોજનના તબક્કે સામેલ કરીએ.

૧૨. ખેતીમાં વપરાતા કૃત્રિમ ખાતર અને જંતુનાશક દવાઓના વધુ પડતા ઉપયોગથી થતી આડઅસરોની માહિતી માટે ખેતીના અધિકારીનો સંપર્ક કરીએ.

૧૩. ગ્રામ પંચાયત, નગરપાલિકા, મહાનગર પાલિકાઓની હદમાં થતાં આરોગ્યને વિપરીત અસર કરતાં જાહેર ઉપદ્રવોની સમસ્યાના પંચાયત, નગર પાલિકાના સભ્યો કે મહાનગર પાલિકાના કોર્પોરેટર્સ દ્વારા અથવા સ્થાનિક સંસ્થાઓના અધિકારીઓ, હોદ્દેદારો મારફતે ઉકેલ લાવીએ. જો આવી સમસ્યાઓમાં સત્તાધિકારીઓ નિષ્ક્રિયતા દાખવે તો ક્રિ.પ્રો. કોડની કલમ-૧૩૩ હેઠળ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સમક્ષ જાહેર ઉપદ્રવ સામે રક્ષણ મેળવીએ.

૧૪. મહોલ્લા, ગામ કે નગરના પર્યાવરણ રક્ષણ અને પ્રદુષણ નિયંત્રણના પ્રશ્નોની સમીક્ષા / ઉપાયો કરવા પર્યાવરણ સમિતિનિ કે ઈકો કલબની રચના કરીએ.

૧૫. ટેપ, લાઉડ સ્પીકર, ફટાકડા, હોર્ન, વાહનો, યંત્રો વગેરેના ઘોંઘાટના પ્રદુષણને રોકવા લોકજાગૃતિ કાર્યૂમોનું આયોજન કરીએ.

૧૬. આપણી આસપાસ સ્વચ્છતા જાળવીએ.

૧૭. પાણી જરૂર પૂરતું જ વાપરીએ.

૧૮. પડતર જમીનમાં વૃક્ષારોપણ કરી તેનું જતન કરીએ.

આમ ઉપરોકત રીતે પર્યાવરણ પ્રદુષણના નિયંત્રણની સ્વૈચ્છીક રીતો દર્શાવી પર્યાવરણને બચાવી શકાય.

## ૩.૪ **વાયુ પ્રદુષણ**

### **પ્રાસ્તવિક બિંદુ**

એક તારણ મુજબ અમદાવાદ, વડોદરા, સુરત, ભરૂચ, વાપી ૧૦ વર્ષ બાદ ખતરનાક ગેસ ચેમ્બર્સ બની જશે. આપણે રોજ ૨૨૦૦૦ વખત શ્વાસોચ્છવાસ લઈ આશરે ૩૫ રતલ હવા શ્વાસમાં લઈએ છીએ.

હવા એ પૃથ્વી પરના વાતાવરણના સ્વરૂપમાં આવેલ વિવિધ વાયુઓનું મિશ્રણ છે. તેમાં નાઈટ્રોજન, પ્રાણવાયુ, ઝિનોન, રેડોન, હિલિયમ, નિયોન, આર્ગોન, ટ્રિકોન વાયુ, કાર્બન ડાયોકસાઈડ વાયુન સાથે થોડા પ્રમાણમાં ઓઝોન વાયુ હોય છે તેમજ પાણીના વરાળના સ્વરૂપમાં કેટલાક પારસ્પરિક ભળી ગયેલા વાયુઓ જોવા મળે છે જેનું વાતાવરણમાં પ્રમાણ સામાન્ય રીતે ૦.૧ % થી ૦.૪ % વચ્ચે બદલાતું રહે છે ત્યારે ઔદ્યોગિક વિસ્તારોમાં સલ્ફરનું વાયુની હાજરી વાતાવરણમાં મળી આવે છે. આમ આપણે જોયું કે હવામાં ચોક્કસ પ્રમાણમાં વિવિધ સંયોજનની હાજરી જોવા મળે છે. આમ હવા એ અનેક વાયુઓના સંયોજનનો ઉલ્લેખ કરે છે.

સજીવો માટે મુખ્ય ત્રણ આવશ્યકતાઓ છેઃ હવા, પાણી અને ખોરાક. આજે આપણને આ ત્રણે – હવા, પાણી અને ખોરાક મળે છે ખરાં પણ એ સજીવો માટે પૂર્ણપણે યોગ્ય છે ખરાં? આજે દરેક સ્થળોએ આપણને ગંદકી જોવા મળે છે. એ ગંદકીના કારણે હવા, પાણી અને ખોરાક સજીવો માટે પૂર્ણપણે યોગ્ય રહ્યા નથી. વૈજ્ઞાનિક શોધોને પરિણામે આજે યાંત્રિક શકિતનો બહોળો ઉપયોગ થાય છે. યાંત્રિક શકિત ઉત્પન્ન કરવા વપરાતા પદાર્થોના દહનથી

ઉત્પન્ન થતાં ઝેરી વાયુઓ વાતાવરણમાં ભળે છે અને આપણી આસપાસના વાતાવરણને પ્રદૂષિત કરે છે તેમજ ઔદ્યોગિક ્રાંતિને કારણે પણ નીકળતાં પદાર્થો વાતાવરણને પ્રદૂષિત કરે છે. દુનિયામાં દરેક સ્થળે આ સમયસ્યા ઉભી થઈ રહી છે તથા દેરક દેશો તેને માટે કોઈક ને કોઈક ધારાઓ ઘડવા માંડયા છે.

ભારતમાં પણ આ સમસ્યા છે. ભારત આજે ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યો છે. લગભગ બધાં જ પ્રકારના ઉદ્યોગો ભારતમાં શરૂ થઈ ગયા છે. વળી, મોટા શહેરોમાં પેટ્રોલ, ડિઝલથી ચાલતાં વાહનોનો વપરાશ પણ વર્તમાનયુગમાં ખૂબ જ વધી ગયો છે. તેથી હવાનું પ્રદૂષણ મોટાં શહેરોમાં ખૂબ જ વધી ગયું છે તેને અંકુશમાં લેવા માટે ભારતમાં પણ કાયદા જરૂરી બન્યા. આથી ભારતની સંસદે હવા પ્રદૂષણને અટકાવવા માટે ભારતમાં પણ કાયદા જરૂરી બન્યા. આથી ભારતની સંસદે હવા પ્રદૂષણને અટકાવવા અને નિયંત્રણમાં લેવા Air (Prevention and Control) Act, 1981 પસાર કર્યો. આ ધારો બંધારણના અનુચ્છેદ ૨૫૩ ની જોગવાઈ મુજબ ઘડાયો છે. જૂન – ૧૯૭૨ માં સ્ટોકહોમમાં United Nations Conference on Human Enviornment મળી હતી તેમાં દુનિયાના બધા જ દેશોએ હાજરી આપી હતી એમાં ભારતે પણ હાજરી આપણી હતી. આ પરિષદમાં માનવપર્યાવરણ અંગે બહાર પાડેલા જાહેરનામા અન્વયે દુનિયાના દેશોને વિશ્વ પર્યાવરણના રક્ષણ માટેના કાયદા ઘડવા જણાવાયું હતું જે મુજબ આ કાયદો પસાર કર્યો છે. ગુજરાત રાજયમાં આ કાયદો ૨૯ માર્ચ, ૧૯૮૧ થી અમલી બન્યો છે.

### ૩.૪.૧ **<u>તાજી હવાનો અર્થ</u>**

તાજી હવાની એક વ્યાખ્યા આપી શકાય કે જે હવાના વિવિધ સંયોજનોની હાજરીનું પ્રમાણ વિજ્ઞાને સ્વીકારોના પ્રમાણમાં હોય તેવી હવા, તાજી હવા કહેવાય અને તેમાં એવા કોઈ તત્વ ન હોવા જોઈએ કે જેથી તેના ઉપયોગ માટે તે અયોગ્ય ઠરે. વૈજ્ઞાનિક સ્વીકૃત ધોરણ મુજબ 'તાજી હવા' ના એક એકમમાં ૭૮ % નાઈટ્રોજન, ૦.૩ % અંગારવાયુ (કાર્બન ડાયોકસાઈડ) અને ૨૦ % પ્રાણવાયુ (ઓકિસજન) ઉપરાંત તેમાં ઓઝોન, હાઈડ્રોજન, સલ્ફાઈડ, સલ્ફર ડાયોકસાઈડ અને કાર્બન ડાયોકસાઈના મિરૂ સ્વરૂપો વાયુના રૂપે જોવા મળે છે.

### ૩.૪.૨ **<u>હવાના પ્રદુષણનો અર્થ</u>**

હવાના પ્રદુષણની વ્યાખ્યા આપવી મુશ્કેલ છે. નિષ્ણાતોની સમિતિએ તેની વ્યાખ્યા આ પ્રમાણેની આપી છે, ''હવા પ્રદુષણ શબ્દ જે પરિસ્થિતિમાં ઘર બહારનું આસપાસનું વાતાવરણ તેમાં રહેલા પદાર્થોની જલદતાથી માનવ કે તેના પર્યાવરણ માટે હાનિકર્તા બની જાય તે પદાર્થો ધરાવતું હોય'' તે પરિસ્થિતિઓ પુરતો જ મર્યાદિત છે જયારે માનવો કે પશુઓના આરોગ્ય કે સુખ સગવડને હાનિ પહોંચે તે રીતે ધૂળ, રજોટી, દુર્ગંધ, સૂર્યપ્રકાશમાં ઘટાડો થાય તે રીતે હવાના ઘટક તત્વોની બદલતા પૂરતા પ્રમાણમાં ઉંચી જાય ત્યારે તે હવા પ્રદુષિત થયેલી છે તેમ કહેવાય.

## ૩.૪.૩ **<u>પ્રદુષકો</u>**

પર્યાવરણીય પ્રદુષણો પૈકી હવા પ્રદુષણ એ માનવસર્જીત મુખ્ય પ્રદુષણ છે. માનવીએ સાધેલી પ્રગતિમાંથી પ્રકટ થતી એક સમસ્યા છે. ઔદ્યોગિકરણ અને આધુનિકરણના નામે ઉદ્યોગો, મીલો, કારખાના, તાપ વિદ્યુત મથકો વગેરેએ તો વાતાવરણને જાણે ઉકરડો બનાવી દીધો છે. આપણે દિવસ-રાત તેમાં ઘન, પ્રવાહી અને વાયુરૂપે કચરો ઠાલવ્યા કરીએ છીએ. આવા તો કેટલા પ્રદુષકો વાતાવરણમાં છુટા હાથે વેરાયેલા છે. આપણે અહીં હવાના પ્રદુષકમાં એક અગત્યના પ્રદુષકની ચર્ચા કરીએ છીએ.

## ૩.૪.૪ **<u>હવા પ્રદુષણના કારણો</u>**

૧) **<u>કારખાનાનું પ્રદુષણ</u>**:- વિવિધ કારખાનાઓમાં ચીમનીમાંથી નીકળતા ધુમાડા તેમાં રહેલ કાર્બન ડાયોકસાઈડથી વાતાવરણમાં હવા પ્રદુષણ ફેલાય છે અને વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણે વધે છે.

૨) **<u>ઉદ્યોગોથી ફેલાતું હવાનું પ્રદુષણ</u>**:- ઉદ્યોગોના કારણે કેમીકલયુકત કચરો, વરાળ અને ધુમાડો હવામાં ભળી વાયુ પ્રદુષણ ફેલાવે છે. ઉદ્યોગો વાયુ પ્રદુષણના નિયમો કે કાયદાઓનું પાલન નહીં કરતા હોવાથી વાયુ પ્રદુષણ વધુ ફેલાય છે.

૩) **<u>વાહનોથી ફેલાતું હવાનું પ્રદુષણ</u>**:- વાહનોમાં વપરાતા પેટ્રોલ, ડીઝલના કારણે હવામાં કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ વધે છે. એક સર્વેક્ષણ મુજબ અમદાવાદમાં એશિયાની સૌથી વધુ દ્વિચૂી વાહનો ફરે છે તેથી જ

અમદાવાદ, ભરૂચ, અંકલેશ્વર જેવા શહેરોમાં પ્રદુષણ વધારે છે.

૪) **વૈજ્ઞાનિક પરિક્ષણોથી ફેલાતું પ્રદુષણ**:- પરમાણુ ધડાકા અને અન્ય વૈજ્ઞાનિક પ્રયોગો કરવાથી વાયુ પ્રદુષણમાં ભયંકર વધારો થાય છે.

૫) **તાપ અને વિદ્યુત મથકોના કારણે**:- આધુનિકરણ, ઔદ્યોગિકરણ અને વૈજ્ઞાનિકરણની માનસિકતાના કારણે વાતાવરણમાં હવાનું પ્રદુષણ ફેલાવ્યું છે. તાપ અને વિદ્યુત મથકોનો પણ તેમાં મોટો ફાળો છે.

## ૩.૪.૫ **હવા પ્રદુષણની અસરો**

### ૧) **એસિડ રેઈન**

એસિડ રેઈન (તેજાબી વરસાદ) આમ તો પોતે જ એક સ્વતંત્ર પ્રકારનું પ્રદુષણ છે પણ તેને હવા પ્રદુષણ સાથે અથવા તો તેની આડપેદાશરૂપે મુકી શકાય.

એસિડ રેઈન આજે તો જાણે રૂઢ થયેલો શબ્દ ગણાય છે. આ શબ્દ પ્રયોગ રોબર્ટ એગસ સ્મિથ નામના એક અંગ્રેજે પ્રયોજેલા. ઈ.સ. ૧૯૭૨ માં તેણે એસિડ રેઈન શબ્દ વાપરેલો. અલબત આ પહેલાં ઈ.સ. ૧૯૫૧ માં તેણે માન્ચેસ્ટરમાં આ બાબતે વિસ્તૃત સર્વેક્ષણ કરીને એસિડ યુકત વરસાદના નમુના એકઠા કરીને આ પ્રકારના પ્રદુષણની અસરકારકતાનો પદ્ધતિસર અભ્યાસ પણ કર્યો હતો. એસિડ રેઈન બાબતે ચેતવણી આપનાર કદાચ એ પહેલો વૈજ્ઞાનિક હતો.

## ૨) **ઓઝોન વાયુના પડમાં ગાબડા**

પૃથ્વી અને સૂર્યની વચ્ચે એક ઓઝોન વાયુનું પડ આવેલ છે જેના કારણે પૃથ્વી પર પડતા પારજાંબલી કિરણો તે ઓઝોન વાયુનું પડ શોષી લે છે જેનાથી પૃથ્વીનું સૂર્યના પારજાંબલી કિરણોથી રક્ષણ કરે છે પરંતુ વૈજ્ઞાનિક પરીક્ષણો અને બેફામ વૈજ્ઞાનિક પ્રયોગો કરવાના કારણે પૃથ્વી પર આવેલ ઓઝોન વાયુના પડમાં ગાબડા પડયા છે જેથી તે કિરણો સીધા જ પૃથ્વી પર પડે છે જેનાથી પૃથ્વીનું તાપમાન પણ કેટલાક વખતથી વધવા લાગ્યું છે.

## ૩) **આરોગ્યલક્ષી અસરો**

વાયુ પ્રદુષણથી માણસને આરોગ્યલક્ષી સમસ્યાઓ વધવા પામી છે જેમાં આંખ, શ્વાસનળી, ફેફસાના રોગો વધવા પામ્યા છે તેમજ સગર્ભા મહિલાના ગર્ભમાં રહેલ બાળક પર પણ તેની સીધી અસર પડે છે.

## ૪) **અન્ય અસરો**

તાજેતરમાં વર્ષોમાં વધતા જતા હવા પ્રદુષણને લીધે વરસાદના પાણીમાં એસિડનું પ્રમાણ ઝડપથી વધતું ગયું છે અને આ તેજાબી વરસાદના કારણે સમગ્ર જીવન સૃષ્ટિ પર થતી વિપરીત અસરોના લીધે દુનિયાના મોટા ભાગના દેશોમાં ગંભીર ચિંતા ઉભી થઈ છે. તેજાબી વરસાદના કારણે થતા વિનાશની અસર સૌથી વધુ અસર સરોવર, નદી, ઝરણા વગેરે પર જણાય છે. તરબુચથી માંડી તાજમહેલ અને સુક્ષ્મ જંતુથી માંડી સાગના વૃક્ષને એ જફા પહોંચાડે છે. ૩૦૦ વર્ષના અનેક તખ્ત પલ્ટાઓ અને વિદેશી આૂમણો તાજમહેલને જે નુકશાન પહોંચાડી શકયા નથી એ છેલ્લા ૩૦ વર્ષના અનિયંત્રિત ઔદ્યોગિકરણે આગ્રા વિસ્તારમાં જે પ્રદુષણ સર્જાયું છે તેણે તાજમહેલને ભારે નુકશાન પહોંચાડયું છે કયાંક કયાંક સુક્ષ્મ છિદ્રોએ દેખા દીધા છે. આશરે ૨૫૦ થી વધારે ફાઉન્ડ્રીઓ

અને ૫૦ થી વધુ અન્ય ધુમાડીયા કારખાનાઓ આગ્રાની હવામાં પ્રદુષણો ઠાલવે છે.

### ૩.૪.૬ <u>વાયુ પ્રદુષણ ઘટાડવાના ઉપાયો</u>

**૧) <u>ગ્રીન બેલ્ટ તૈયાર કરાવવાથી</u>**

મોટા ઉદ્યોગો અને કારખાનાની આસપાસમાં ગ્રીન બેલ્ટ એટલે કે મોટા પાયે વૃક્ષો ઉગાડવાથી કારખાનાઓના કારણે ઉત્પન્ન થતા વાયુ પ્રદુષણ પર નિયંત્રણ આવે છે.

**૨) <u>વિજ્ઞાનના હોંશપૂર્ણ ઉપયોગથી</u>**

વિજ્ઞાનના પ્રયોગો તેમજ પરિક્ષણો આડધાડ કરવાની જગ્યાએ જો વિજ્ઞાનનો હોંશપૂર્ણ ઉપયોગ કરવામાં આવે તો વાયુ પ્રદુષણ ઘટાડી શકાય છે.

**૩) <u>વધુ વૃક્ષો વાવવાથી</u>**

દરેક શહેરમાં વધુમાં વધુ વૃક્ષો વાવવાથી શહેરમાં વાતાવરણમાંથી વાયુ પ્રદુષણની સમસ્યાને ઓછી કરી શકાય છે.

**૪) <u>કાયદાના કડક પાલનથી</u>**

વાયુ પ્રદુષણ અટકાવવા અને નિવારવા માટેના અમલમાં હોય તેવા કાયદાઓનો કડક પાલન કરાવવાથી અને તેમાં રહેલ ત્રુટીને દુર કરી કાયદાને સંપૂર્ણતા બક્ષી અમલ કરવાથી વાયુ પ્રદુષણ ઘટાડી શકાય છે.

## ૩.૪.૭ <u>**હવા પ્રદુષણ (નિવારણ અને નિયંત્રણ) ધારાની જોગવાઈઓ**</u>

આ ધારાને હવા (પ્રદુષણ અને નિયંત્રણ) ધારા–૧૯૮૧ થી ઓળખવામાં આવશે તે સમગ્ર ભારતને લાગુ પડશે. કેન્દ્ર સરકાર ગેઝેટમાં જાહેરનામાથી નક્કી કરે તે તારીખે તે અમલમાં આવશે.

### ૩.૪.૭.૧ <u>**શાબ્દિક અર્થઘટનો**</u>

| | | |
|---|---|---|
| હવા પ્રદુષકો | :– | એટલે વાતાવરણમાં ઘન, પ્રવાહી અથવા વાયુયુકત પદાર્થની એવી સાંદ્રતા કે જે માનવ, અન્ય જીવીત પ્રાણી અથવા વનસ્પતિ અથવા મિલ્કત અથવા પર્યાવરણ માટે હાનિકારક હોય અથવા હાનિકારક હોવાનો સંભવ હોય. |
| હવાનું પ્રદુષણ | :– | એટલે કોઈ હવા પ્રદુષણ વાતાવરણમાં હોવાની સંભાવના માન્ય સાધન એટલે કોઈ જવાલગ્રાહી પદાર્થ બળવા માટે કોઈ ધૂણી, ગેસ અથવા રજકણવાળો પદાર્થ ઉત્પન્ન કરવા કે વાપરવા માટે વપરાતા અને આ ધારા હેતુઓ માટે રાજય બોર્ડે મંજુર કરેલ કોઈ સાધન, સામગ્રી અથવા યંત્ર. |

| | |
|---|---|
| માન્ય કરેલ બળતણ કે ઈંધણ | :- એટલે મંજુર કરેલ ઈંધણ. આ અધિનિયમના હેતુઓ માટે રાજય બોર્ડે મંજુર કરેલ કોઈ ઈંધણ. |
| ઓટોમોબાઈલ | :- એટલે એવું કોઈ વાહન જે ચલાવવા માટે અંતર્દહન થતી હોય. |
| ચીમની | :- આ અંતર્ગત દ્વારા નિકાસવાળી એવી કોઈ સંરચના કે જેનાથી અથવા જે દ્વારા બહાર નીકળતો કોઈ ઘન, પ્રવાહી અથવા ગેસ યુકત પદાર્થ. |
| ઔદ્યોગિક પ્લાન્ટ | :- એટલે કોઈપણ ઔદ્યોગિક અથવા વ્યાપારી હેતુઓ માટે વપરાતો અને વાતાવરણમાં કોઈ હવા પ્રદુષક બહાર કાઢતો કોઈપણ પ્લાન્ટ. |

### ૩.૪.૭.૨ <u>હવા પ્રદુષણ – નિવારણ માટેનું વહીવટી માળખું</u>

### કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, સત્તાઓ અને ફરજો

કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ મંડળ વિશે જણાવે છે જે મુજબ પાણી (પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ) કાયદો, ૧૯૭૪ ની કલમ – ૩ હેઠળ રચાયેલ કેન્દ્રીય પ્રદેશો નિયંત્રણ મંડળ આ કાયદા હેઠળ હવાનું પ્રદુષણ અટકાવવા અને તેને નિયંત્રણમાં રાખવા માટે કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ મંડળની સત્તા વાપરશે અને

કાર્યો કરશે. આનાથી તે મંડળને પાણી (પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ) કાયદો, ૧૯૭૪ હેઠળ મળેલ સત્તા અને તેણે કરવાના કાર્યો પર કોઈ અવરોધ આવશે નહીં એટલે કે તે મંડળ એ બન્ને કાયદા અન્વયે સત્તા વાપરશે અને કાર્યો કરશે.

આ કાયદાની કલમ – ૧૬ કેન્દ્રીય મંડળના કાર્યો વિશે જણાવે છે જે મુજબ નીચેના કાર્યો કેન્દ્રીય મંડળે કરવાના હોય છે.

(૧) કેન્દ્રીય મંડળે મુખ્ય કાર્ય દેશમાં હવાની ગુણવત્તા સુધારવાનું, હવામાં પ્રદુષણ થતું અટકાવવાનું, હવાનું પ્રદુષણ નિયંત્રણમાં રાખવાનું અથવા ઓછું કરવાનું છે. (કલમ – ૧૬ (૧)).

(૨) હવાની ગુણવત્તા સુધારવાને લગતી, હવામાં પ્રદુષણ થતું અટકાવવા, હવાના પ્રદુષણને નિયંત્રણમાં રાખવાને અને ઓછું કરવાને લગતી કોઈપણ બાબત અંગે કેન્દ્ર સરકારને સલાહ આપવાનું. (કલમ – ૧૬ (૨) (એ)).

(૩) હવામાં પ્રદુષણ થતું અટકાવવા, નિયંત્રણમાં રાખવા કે ઓછું કરવાને લગતાં રાષ્ટ્રીય કાર્યૂમો ઘડવા અને તેનો અમલ કરવો. (કલમ – ૧૬ (૨) (બી)).

(૪) રાજય મંડળની પ્રવૃત્તિઓને સંકલિત કરવી અને તેમની વચ્ચેની તકરારો પતાવવી. (કલમ – ૧૬ (૨) (સી)).

(૫) રાજય મંડળની પ્રાવૈધિક (Technical) સહાય અને માર્ગદર્શન આપવું. (કલમ – ૧૬ (૨) (ડી)).

(૬) હવાના પ્રદુષણને લગતાં અને તેને અટકાવવા, નિયંત્રણમાં રાખવા કે ઓછું કરવાની સમસ્યા અંગે તપાસ અને સંશોધન કરવા કે કરાવવાનું પ્રેરવા. (કલમ – ૧૬ (૨) (ડી)).

(૭) આ કાયદાની કલમ – ૧૮ (૨) મુજબ તમારા કેન્દ્ર સરકારે કોઈ રાજય મંડળનાં કાર્યો કરવાનું સોંપેલ હોય તો તે કાર્યો. (કલમ – ૧૬ (૨) (ડીડી)).

(૮) હવાનું પ્રદુષણ અટકાવવા, નિયંત્રિત કરવા કે તેને ઓછું કરવા, રોકેલી કે રોકવાની હોય તેવી વ્યકિતઓને, કેન્દ્રીય મંડળની શરતો મુજબની આપવાની તાલિમ નક્કી કરવી અને તેમને આપવી. (કલમ – ૧૬ (૨) (ઈ)).

(૯) હવાનું પ્રદુષણ અટકાવવા, નિયંત્રિત કરવા કે ઓછું કરવા અંગેના વિસ્તૃત કાર્યૂમો કરવા. (કલમ – ૧૬ (૨) (એફ)).

(૧૦) હવામાં થતાં પ્રદુષણના અસરકારક નિવારણ, નિયંત્રણ કે ઘટાડા માટે લીધેલાં કોઈ પગલાં કે પ્રૂયિાને લગતી, પ્રાવૈધિક અને આંકડાકીય માહિતી ભેગી કરવી, સંકલિત કરવી અને તેને પ્રસિદ્ધ કરવી અને હવાના પ્રદુષણ નિવારણ, નિયંત્રણ કે ઘટાડાને લગતી બાબતો અંગેની માર્ગદર્શિકાઓ, આચાર સંહિતાઓ કે પુસ્તકો તૈયાર કરવા. (કલમ – ૧૬ (૨) (જી)).

(૧૧) હવાની ગુણવત્તા માટે ધોરણો નક્કી કરવા. (કલમ – ૧૬ (૨) (એચ)).

(૧૨) હવાના પ્રદુષણને લગતી બાબતો અંગે માહિતી ભેગી કરવી અને તેનો પ્રસાર કરવો. (કલમ – ૧૬ (૨) (આઈ)).

(૧૩) ઉપર જણાવેલાં કાર્યો ઉપરાંત નિયત કરવામાં આવે તેવા અન્ય કાર્યો. (કલમ – ૧૬ (૨) (જે)).

(૧૪) આ કલમની જોગવાઈઓ મુજબના પોતાનાં કાર્યો કરવા માટે કેન્દ્રીય મંડળ પોતાની પ્રયોગશાળા કે પ્રયોગશાળાઓ સ્થાપી શકશે કે માન્યતા આપી શકશે. (કલમ – ૧૬ (૩)).

(૧૫) આ કાયદા હેઠળનાં પોતાનાં કાર્યો પૈકી કોઈપણ કાર્ય કે કાર્યો, તેણે નિમેલી કોઈપણ સમિતિને સોંપી શકશે. (કલમ – ૧૬ (૪) (એ)).

(૧૬) આ કાયદાના હેતુઓ અમલમાં મૂકવાના હેતુ માટે અને પોતાનાં કાર્યો યોગ્ય રીતે કરવા, પોતાને યોગ્ય લાગે તે અન્ય વસ્તુઓ અને અન્ય કાર્યો કરી શકશે. (કલમ – ૧૬ (૪) (બી)).

કેન્દ્રીય મંડળ આ કાયદાની જોગવાઈ મુજબ ઉપરના કાર્યો કરશે, વળી પાણી (પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ) ધારો, ૧૯૭૪ અન્વયે નિર્દિષ્ટ કરાયેલાં કાર્યો પણ કરશે. આમ કેન્દ્રીય મંડળ બન્ને કાયદા (એટલે કે હવા અને પાણી (પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ) કાયદો અન્વયેના કાર્યો કરશે.

## રાજય મંડળનાં કાર્યો અને સત્તાઓ

પાણી (પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ) ધારો, ૧૯૭૪ હેઠળ રાજય મંડળે કરવાનાં કાર્યો કલમ – ૧૭ મુજબના કરવાના હોય છે. આમ રાજય મંડળે આ કાયદા હેઠળના તેમજ પાણી (પ્રદુષણ અને નિવારણ અને નિયંત્રણ) ધારો, ૧૯૭૪ હેઠળનાં એમ બન્ને કાયદા નીચેના કાર્યો કરવાના હોય છે.

(૧) હવાનું પ્રદુષણ અટકાવવું, તેને નિયંત્રિત કરવા કે ઓછું કરવા માટે વિસ્તૃત કાર્યૂમનું આયોજન કરવું અને તેને અમલી બનાવવો. (કલમ – ૧૭ (૧) (એ)).

(૨) હવાના પ્રદુષણને અટકાવવા, તેને નિયંત્રણમાં રાખવા કે તેને ઘટાડો કરવાને લગતી બાબતો અંગે રાજય સરકારને સલાહ આપવી. (કલમ – ૧૭ (૧) (બી)).

(૩) હવાના પ્રદુષણને લગતી માહિતી ભેગી કરવી અને તેનો પ્રસાર કરવો. (કલમ – ૧૭ (૧) (સી)).

(૪) હવાનું પ્રદુષણ અટકાવવા, તેને નિયંત્રિત કરવા કે ઓછું કરવા, રોકેલી રોકવાની હોય તેવી વ્યક્તિઓને, કેન્દ્રીય મંડળની શરતો મુજબની આપવાની તાલિમ નક્કી કરવાના અને આપવાના કાર્યમાં કેન્દ્રીય મંડળને સહકાર આપવો. (કલમ – ૧૭ (૧) (ડી)).

(૫) ઉત્પાદન પ્રૂયિાની, ઔદ્યોગિક પ્લાન્ટની, નિયંત્રિત સાધનોનું વ્યાજબી સમયે નિરિક્ષણ કરવું અને હવાનું પ્રદુષણ અટકાવવા, નિયંત્રિત કરવા કે ઘટાડવા માટે, યોગ્ય લાગે તે વ્યક્તિને પગલાં લેવાં સૂચનાઓ આપવી. (કલમ – ૧૭ (૧) (ઈ)).

(૬) મંડળને જરૂરી લાગે તો, હવા પ્રદુષણ નિયંત્રિત વિસ્તારોનું વ્યાજબી સમયાંતરે નિરિક્ષણ કરવું, ત્યાંની હવાની ગુણવત્તા નક્કી કરવી અને એ વિસ્તારોમાં હવાનું પ્રદુષણ અટકાવવા, નિયંત્રણમાં રાખવા કે ઘટાડવા માટે પગલાં લેવાં. (કલમ – ૧૭ (૧) (એફ)).

(૭) કેન્દ્રીય મંડળે નિયત કરેલ હવાની ગુણવત્તાના ધોરણને ધ્યાનમાં રાખી, કેન્દ્રીય મંડળ સાથે વિચાર વિનિમય કર્યા બાદ ઔદ્યોગિક પ્લાન્ટ અને ઓટોમોબાઈલ્સ અથવા જહાજ કે વિમાન સિવાયના બીજા કોઈપણ સાધન કે જે કોઈ હવા પ્રદુષકને બહાર કાઢતા હોય, તેમને માટે વાતાવરણમાં છોડવાના હવા પ્રદુષકોનું પ્રમાણ નક્કી કરવું.

ઔદ્યોગિક પ્લાન્ટમાંથી વાતાવરણમાં બહાર કાઢતાં હવા પ્રદુષકોના પ્રકાર અને જથ્થાને ધ્યાનમાં રાખી પ્રમાણ નક્કી કરવાનું હોવાથી અલગ અલગ પ્લાન્ટસ માટે અલગ અલગ ધોરણ મંડળ નક્કી કરી શકે છે. (કલમ – ૧૭ (૧) (જી)).

(૮) જેને કારણે હવાનું પ્રદુષણ થવાનું હોય તેવા કોઈ ઉદ્યોગના સ્થળ કે જગ્યાની યોગ્યતા અંગે રાજય સરકારને સલાહ આપવી. (કલમ – ૧૭ (૧) (એચ)).

(૯) કેન્દ્રીય મંડળ અથવા રાજય સરકારોમાં વખતો વખત સોંપે તેવા અને નિયત કરે તેવા બીજા કોઈપણ કાર્યો કરવા (કલમ – ૧૭ (૧) (આઈ)).

(૧૦) આ કાયદાના હેતુઓનો અમલ કરવાના હેતુ માટે અને પોતાના કાર્યો કરવા માટે, પોતાને યોગ્ય લાગે તે અન્ય વસ્તુઓ અને બીજા કોઈપણ કાર્યો કરી શકે છે. (કલમ – ૧૭ (૧) (જે)).

(૧૧) આ કલમની જોગવાઈઓ મુજબના પોતાના કાર્યો કરવા માટે રાજય મંડળ પોતાની પ્રયોગશાળા કે પ્રયોગશાળાઓ સ્થાપી શકશે કે માન્યતા આપી શકશે. (કલમ – ૧૭ (૨)).

જો કોઈપણ ઉદ્યોગ, હવા પ્રદુષક (Air effluent) બહાર ફેંકતો હોય, તો તેને આ કાયદાની જોગવાઈઓમાંથી મુક્તિ આપતું જાહેરનામું પ્રગટ કરવાની રાજય મંડળ કે રાજય સરકારને સત્તા નથી. આવું જાહેરનામું સત્તાબાહ્ય (Ultra Vires) ગણાય.

આ અધિનિયમની અલગ અલગ કલમો નીચે બોર્ડને વિવિધ સત્તાઓ આપવામાં આવેલ છે જે ટૂંકમાં જોઈએ તો –

(૧) બોર્ડ આ અધિનિયમના હેતુ માટે, પોતાને યોગ્ય લાગે તેટલી સમિતિઓની રચના કરી શકે છે. આ સમિતિના સભ્યો તરીકે બોર્ડના સભ્ય સિવાયની બહારની વ્યક્તિને પણ રાખી શકે છે. (કલમ – ૧૧).

(૨) આ અધિનિયમ હેઠળના પોતાનાં કાર્યો કરવા માટે, જો બોર્ડ ઈચ્છે તો બહારની કોઈપણ વ્યક્તિને સહાય કે સલાહ લઈ શકે છે. (કલમ – ૧૨).

(૩) નિયમોને આધિન રહીને બોર્ડ વખતો વખત કોઈ નિપુણ વ્યક્તિને બોર્ડના સલાહકાર તરીકે નીમી શકે છે. (કલમ – ૧૪ (૫)).

(૪) આ અધિનિયમ હેઠળ બોર્ડે બજાવવાના કાર્યો પૈકી કોઈ કે બધા, જો બોર્ડ ઈચ્છે તો, પોતાના અધ્યક્ષ, સભ્ય સચિવ કે બોર્ડના કોઈ ઓફીસરને સોંપી શકે છે. (કલમ – ૧૫).

(૫) કેન્દ્રીય બોર્ડ, રાજય બોર્ડને આદેશો આપી શકે છે. (કલમ – ૧૮).

(૬) રાજ્ય સરકાર સાથે કોઈ વિસ્તાર કે વિસ્તારો હવા પ્રદુષણ નિયંત્રિત વિસ્તાર જાહેર કરવા અંગે બોર્ડ વિચાર વિનિમય કરી શકે છે. (કલમ – ૧૯).

(૭) વાહનોમાંથી નીકળતાં ધુમાડા માટેના ધોરણોના પાલન માટે સૂચનાઓ આપી શકે છે. (કલમ – ૨૦).

(૮) હવા પ્રદુષણ નિયંત્રિત વિસ્તારમાં, કોઈ ઉદ્યોગના હેતુ માટે કોઈ ઔદ્યોગિક પ્લાન્ટનો ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ લાદી શકે છે તેમજ આવા ઔદ્યોગિક પ્લાન્ટનો ઉપયોગ કરવા માટે સંમતિપત્રક આપવાની કે ન આપવાની પણ સત્તા ધરાવે છે. (કલમ – ૨૧).

(૯) હવામાં, હવા પ્રદુષકો છોડતી કે ફેંકતી વ્યક્તિ કે ઔદ્યોગિક પ્લાન્ટને તેમ કરતાં અટકાવવાની અને તે માટે કોર્ટને અરજી કરવાની સત્તા છે. (કલમ – ૨૨, ૨૨ (એ)).

(૧૦) હવામાં કોઈ ચીમની, નળી કે અન્ય છીદ્ર દ્વારા છોડાતા કે ફૂંકાતા ધુમાડાના કે અન્ય કોઈ હવા પ્રદુષકોના નમુના લેવાની, એ નમુના લેવા માટે ત્યાં પ્રવેશવાની, તપાસ કરવાની તેમજ એ નમુનાઓનું પૃથક્કરણ કરાવી તેનો અહેવાલ મેળ વવાની સત્તા છે. (કલમ – ૨૪, ૨૫, ૨૬ અને ૨૭).

(૧૧) બોર્ડ આ કાયદા હેઠળના પોતાનાં કાર્યો કરવા માટે કોઈ વ્યક્તિ, અધિકારી કે સ્થાનિક સત્તામંડળોને,

(૧) કોઈ ઉદ્યોગ કે ઔદ્યોગિક પ્રૂયિાને તદ્દન બંધ કરાવવાની, તેના પર પ્રતિબંધ મુકવાની કે તેનું નિયમન કરાવવાની કે,

(૨) વીજળી, પાણી કે અન્ય કોઈ સેવાનો પુરવઠો બંધ કરવાની, કે તેનું નિયમન કરવાની સૂચના આપી શકવાની સત્તા ધરાવે છે. જો કોઈ વ્યક્તિ કે અધિકારી કે સ્થાનિક સત્તામંડળ બોર્ડના આવા આદેશને પાલન ન કરે તો તે આ અધિનિયમની કલમ – ૩૭ હેઠળ શિક્ષાપાત્ર બને છે.

કેન્દ્ર શાસિત પ્રદેશો (સંઘ રાજયક્ષેત્રો) માટેના મંડળ અંગેની જોગવાઈ આ કાયદાની કલમ – ૬ માં છે જે મુજબ, કેન્દ્રીય મંડળ કે કેન્દ્રશાસિત પ્રદેશો માટે રાજય મંડળની સત્તા વાપરશે અને કાર્યો કરશે એટલે કેન્દ્ર શાસિત પ્રદેશો માટે તેનું અલગ મંડળ રહેશે નહીં. કેન્દ્રીય મંડળ જે કેન્દ્રશાસિત પ્રદેશો માટે રાજય મંડળ ગણાશે. વળી કેન્દ્રીય મંડળ કોઈપણ કેન્દ્ર શાસિત પ્રદેશના સંબંધમાં આ કાયદા હેઠળની પોતાની સત્તા અને કાર્યો પૈકી તમામ અથવા કોઈપણ સત્તા અને કાર્યો કેન્દ્ર સરકાર નક્કી કરે તે વ્યક્તિને અથવા વ્યક્તિઓના મંડળને સોંપી શકશે.

રાજય મંડળના સભ્યોની નોકરીની શરતો અંગેની કલમ – ૭ છે. મંડળ ના સભ્યોના હોદ્દાની મુદત અંગે પેટા કલમ – (૧) છે.

## (૧) **<u>સભ્યોના હોદ્દાની મુદત</u>**

(એ) સભ્ય સચિવ સિવાયના મંડળના તમામ સભ્યોની (અધ્યક્ષ સહિત) હોદ્દાની મુદત ત્રણ વર્ષની છે. જાહેરનામામાં જે તારીખથી તેની નિયુક્તિની

જાહેરાત કરવામાં આવેલ હોય તે તારીખથી તેની મુદત શરૂ થશે. કોઈ સભ્યોની હોદ્દાની મુદત પુરી થઈ હોય તે છતાં જયાં સુધી તેનો અનુગામી, તેનો હોદ્દો ન સંભાળે ત્યાં સુધી તે હોદ્દા ઉપર ચાલુ રહેશે.

(બી) આ કાયદાની કલમ – ૫ (બી) હેઠળ રાજય સરકારનું પ્રતિનિધિત્વ કરવા, નિયુકત થયેલ સરકારી અધિકારી અને કલમ – ૫ (૨) (ઈ) હેઠળ રાજય સરકારની માલિકીની, તેના નિયંત્રણ હેઠળની અથવા તેના વહીવટવાળી કંપનીઓ અથવા નિગમોનું પ્રતિનિધિત્વ કરવા નિયુકત કરાયેલ વ્યક્તિઓના હોદ્દાની મુદત, રાજય સરકાર હેઠળ અથવા યથાપ્રસંગે, જેની રૂએ તેની નિમણુંક કરવામાં આવી હોય તેવા રાજય સરકારની માલિકીની, નિયંત્રણ વાળી અથવા વહીવટ વાળી કંપનીઓ અથવા નિગમો હેઠળ હોદ્દો ધરાવવાનું બંધ થાય કે તુરંત જ પુરી થશે.

(સી) સભ્ય સચિવ સિવાયનો મંડળનો કોઈપણ સભ્ય કોઈપણ સમયે પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકે છે. રાજીનામાના કારણે તેની બેઠક ખાલી થયેલ ગણાશે. જો મંડળનો કોઈપણ સભ્ય પોતાનું રાજીનામું આપવા માંગતો હોય તો તેણે પોતાનું રાજીનામું લેખિત સ્વરૂપમાં, પોતાની સહી સાથે મંડળના અધયક્ષને આપવાનું રહેશે. જો અધ્યક્ષ પોતે રાજીનામું આપવા માંગતા હોય, તો તેમણે પોતાનું રાજીનામું લેખિત સ્વરૂપમાં પોતાની સહી સાથે રાજય સરકારને આપવાનું હોય છે.

(ડી) આ કાયદાની જોગવાઈ હેઠળ રચાયેલ રાજય મંડળના સભ્ય સચિવ સિવાયનો કોઈપણ સભ્ય, રાજય મંડળના અભિપ્રાય મુજબ રાજય મંડળની લાગલગાટ ત્રણ બેઠકોમાં કારણ વગર ગેરહાજર રહ્યો હોય તો અથવા કલમ –

૫ (૨) (સી) હેઠળ તેને નિમવામાં આવ્યો હોય, ત્યારે જો તે સ્થાનિક સત્તામંડળ નો સભ્ય રહે નહીં, તો તેણે પોતાની બેઠક ખાલી કરી છે એમ ગણાશે અને રાજય સરકાર ગેઝેટમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તે તારીખથી બેઠક ખાલી ગણાશે.

(ઈ) પેટાકલમ – (૫) માં મંડળમાં પ્રસંગોપાત ખાલી પડતી જગ્યાઓ ભરવા વિશે છે જે મુજબ રાજય મંડળમાં પ્રસંગોપાત ખાલી પડતી જગ્યાઓ નવી નિયુક્તિ ભરવાની રહેશે અને આ રીતે ખાલી જગ્યાએ નિયુકત થયેલ વ્યક્તિ, જે સભ્યને સ્થાને તેને લેવામાં આવ્યો હોય તે સભ્યની બાકીની મુદત સુધી જ હોદ્દા પર રહેશે.

સભ્ય સચિવ સિવાયના મંડળના અધ્યક્ષ અને સભ્યોની નોકરીની અન્ય શરતો, નિયમો દ્વારા ઠરાવવામાં આવેલ હોય છે.

રાજયમંડળના સભ્યોની ગેરલાયકાતો વિશે કલમ – ૮ માં જણાવેલ છે જે મુજબ નીચેની વ્યક્તિઓ;

(૧) નાદાર વ્યક્તિ અવથા કોઈપણ સમયે નાદાર જાહેર થયેલી વ્યક્તિ, અથવા

(૨) અસ્થિર મગજની હોય અને સક્ષમ અદાલતે તેને તેવી હોવાનું જાહેર કરી હોય, અથવા

(૩) રાજય સરકારના અભિપ્રાય મુજબ નૈતિક અધ:પતનના ગુના માટે દોષિત હોય અથવા દોષિત ઠરાવવામાં આવેલ હોય; અથવા

(૪) આ કાયદા હેઠળના ગુના માટે શિક્ષા થઈ હોય અથવા કોઈપણ સમયે આ કાયદા હેઠળના ગુના માટે શિક્ષા થઈ હોય, અથવા

(૫) જયારે કોઈ વ્યક્તિ પોતે અથવા પોતાના કોઈ ભાગીદાર દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, હવાની ગુણવત્તામાં સુધારો કરવાના અથવા હવાનું પ્રદૂષણ અટકાવવા માટેના, તેનું નિયંત્રણ કરવા માટેના અથવા ઓછું કરવા માટેની યંત્રસામગ્રી, ઔદ્યોગિક સાધન સામગ્રી, નિયંત્રિત સાધનો અથવા બીજા કોઈપણ ઉપકરણો બનાવવાનો, વેચવાનો અથવા ભાડે આપવાનો ધંધો કરતી કોઈ પેઢી, અથવા કંપનીમાં કોઈ હિસ્સો અથવા હિત ધરાવતી હોય તે વ્યક્તિ, અથવા

(૬) હવાની ગુણવત્તામાં સુધારો કરવા અથવા હવાનું પ્રદૂષણ અટકાવવા, તેનું નિયંત્રણ કરવા અથવા તે ઓછું કરવા માટેનો કાર્યૂમ પાર પાડવા માટે, મંડળ સાથે અથવા મંડળની રચના કરતી સરકાર સાથે અથવા રાજયના સ્થાનિક સત્તામંડળ સાથે અથવા સરકારની માલિકીની અથવા સરકારના નિયંત્રણ કે વહીવટ હેઠળની કોઈપણ કંપની અથવા કોર્પોરેશન સાથે કોઈ કરાર કરનાર કોઈ કંપની અથવા પેઢીનો ડાયરેકટર અથવા મંત્રી, મેનેજર અથવા અન્ય કોઈ પગારદાર અધિકારી કે કર્મચારી હોય તે વ્યક્તિ, અથવા

(૭) રાજય સરકારના અભિપ્રાય મુજબ, જે વ્યક્તિએ, મંડળના સભ્ય તરીકેના તેના હોદ્દાનો એવી રીતે દુરઉપયોગ કર્યો હોય કે, જેથી કરીને લોકોના હિત માટે રાજય મંડળમાં તેને ચાલુ રાખવું નુકશાનકારક હોય તે વ્યક્તિ.

આમ ઉપર જણાવેલ ગેરલાયકાતો પૈકી કોઈ એક કે વધુ ગેરલાયકાતો ધરાવતી વ્યક્તિ મંડળનો સભ્ય બની શકતી નથી પરંતુ જો કોઈ વ્યક્તિ મંડળના સભ્ય બન્યા બાદ ઉપર જણાવેલ કોઈપણ એક કે વધુ ગેરલાયકાત ધરાવતો બને તો, તેવા સભ્યને રાજય સરકાર તેને લેખિત હુકમ કરીને દૂર કરી શકે છે પરંતુ આવો હુકમ કરતાં પહેલાં રાજય સરકારે જે તે સભ્યને તેના બચાવ માટે કારણો રજૂ કરવાની વ્યાજબી તક આપવી પડે છે ત્યારબાદ દોષિત ઠર્યે તેને દુર કરી શકાશે. આ રીતે દૂર કરાયેલ મંડળનો સભ્ય, તરત જ તેનો હોદ્દો ખાલી કરશે. કલમ – ૭ (૧) માં જણાવેલ હોવા છતાં, આ રીતે દૂર કરાયેલ સભ્ય, જયાં સુધી તેના અનુગામી હોદ્દા ઉપર આવે નહીં ત્યાં સુધી હોદ્દો ધરાવવાનું ચાલુ રાખવાને પાત્ર રહેતો નથી. વળી દોષિત ઠર્યે દૂર કરાયેલ સભ્ય પુનઃનિયુક્તિ માટે પણ ગેરલાયક ગણાય છે.

આ કાયદા હેઠળ રચાયેલ કોઈપણ રાજયમંડળનો સભ્ય આ કાયદાની કલમ – ૮ માં જણાવેલ ગેરલાયકાતો પૈકી, કોઈ એક કે વધુ ગેરલાયકાતને પાત્ર બને, તો તેની બેઠક આ કાયદાની ખાલી પડે છે. આ રીતે બેઠક ખાલી પડતાં તે બેઠક જે તે રાજય સરકાર દ્વારા આ કાયદાની કલમ – ૯ મુજબ નવી નિયુક્તિથી ભરવામાં આવે છે.

આ કાયદાની કલમ – ૧૦ મંડળની બેઠકો વિશે જણાવે છે, જે મુજબ આ કાયદા હેઠળના હેતુઓ માટે, મંડળની દર ત્રણ મહિને ઓછામાં ઓછી એક બેઠક બોલાવવાની હોય છે પરંતુ જો અધ્યક્ષનો એવો અભિપ્રાય હોય કે, તાકીદના સ્વરૂપનું કોઈ કામકાજ કરવાનું છે, તો તે ઉપર્યુકત હેતુ માટે પોતાને યોગ્ય લાગે તે સમયે મંડળની બેઠક બોલાવી શકશે. આ બેઠકોનું કાર્યસંચાલન આ કાયદાની કલમ – ૫૪ (૨) (બી) મુજબ રાજય સરકારે બનાવેલ નિયમો મુજબ કરવાનું હોય છે.

આ કાયદાની જોગવાઈ મુજબ રચાયેલ મંડળ, આ કાયદા હેઠળનાં પોતાનાં કૃત્યો કરવા માટે, પોતાને યોગ્ય લાગે તેવા હેતુ કે હેતુઓ માટે, પોતાને યોગ્ય લાગે તેટલી સમિતિઓની રચના આ કાયદાની કલમ – ૧૧ મુજબ કરી શકે છે. આ સમિતિ કયાં તો બધા જ મંડળના સભ્યોની બનેલી હોય શકે અથવા તો થોડાં બહારના સભ્યોની અને થોડા મંડળના સભ્યોની હોય શકે અથવા બધા જ બહારના સભ્યોની હોય શકે.

આ રીતે રચાયેલ સમિતિઓની બેઠકો બોલાવવાનો સમય, સ્થળ અને બેઠકોના કાર્યસંચાલનની કાર્યરીતિ કલમ – ૫૩ અને ૫૪ હેઠળ રચાયેલ નિયમો મુજબ કરવાની હોય છે.

મંડળના સભ્યો સિવાયના સમિતિના સભ્યોને સમિતિની બેઠકમાં હાજરી આપવા માટે અને મંડળનું બીજું કોઈપણ કામ કરવા માટે, કલમ – ૫૩ અને ૫૪ હેઠળ રચાયેલ નિયમો દ્વારા નિયત કરવામાં આવેલ ફી અને ભથ્થાંની ચુકવણી કરવામાં આવે છે.

આ કાયદાની કલમ – ૧૨ મંડળને આ કાયદા હેઠળનાં પોતાનાં કાર્યો કરવા માટે કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓની સહાય લેવાની સત્તા આપે છે. જે મુજબ જો મંડળ આ કાયદા હેઠળનાં પોતાનાં કાર્યો કરવા માટે જેની સહાય અથવા સલાહ મેળવવા ઈચ્છતું હોય, તે કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓની નિયત કરવામાં આવેલ રીતે, નિશ્ચિત હેતુઓ માટે સહાય કે સલાહ લઈ શકે છે.

આ કાયદાની કલમ – ૧૩ માં જણાવાયું છે કે, જો કોઈ કારણસર મંડળ ની બેઠક ખાલી હોય કે મંડળની કોઈ સમિતિના કોઈ સભ્યની બેઠક ખાલી હોય,

તો તે કારણમાત્રથી તે મંડળની કે તે સમિતિની કોઈપણ કાર્યવાહી અંગે કોઈ પ્રશ્ન ઉઠાવી શકશે નહીં.

આ કાયદાની કલમ – ૫ હેઠળ રચાયેલા રાજયમંડળમાં આ કાયદાની કલમ – ૧૪ મુજબ એક અધ્યક્ષ, એક સભ્ય સચિવ અને બાકીના સભ્યો હોય છે.

(૧) સભ્ય સચિવની નોકરીની શરતો આ કાયદાની કલમ – ૫૪ (એફ) હેઠળ રાજય સરકારે નિયત કરેલી હોય તે રહેશે.

(૨) આ કાયદા કે અન્ય હેઠળ રચાયેલ રાજય મંડળનો સભ્ય સચિવ, રાજય મંડળ અથવા રાજય મંડળનો અધ્યક્ષ તેને જે સત્તાઓ સોંપે તે વાપરશે અને જે કાર્યો સોંપે તે કાર્યો કરશે.

(૩) આ કાયદો કે અન્ય કાયદા હેઠળ રચાયેલ રાજય મંડળ, આ કાયદાની કલમ – ૫૪ (એચ) ની જોગવાઈઓને આધીન રહીને, આ કાયદા હેઠળનાં પોતાનાં કાર્યો દક્ષતાપૂર્વક કરવા માટે, પોતાને યોગ્ય લાગે તેટલાં અધિકારીઓ અને અન્ય કર્મચારીઓને નીમી શકશે.

(૪) ઉપર મુજબ નીમાતા અધિકારીઓ અને કર્મચારીઓ માટે, તેમની નિમણુંકની પદ્ધતિ, તેમની નોકરીની શરતો અને પગાર ભથ્થાં વગેરે આ કાયદા હેઠળ રાજય મંડળ નિયમો દ્વારા નક્કી કરશે.

(૫) આ કાયદા હેઠળ રચાયેલ મંડળ કેટલીક શરતોને આધિન રહીને વખતો વખત કોઈ નિપુણ વ્યકિતને મંડળના સલાહકાર તરીકે નીમી શકશે અને પોતાને ઠીક લાગે તેટલાં પગાર ભથ્થાં કે ફી આપી શકશે.

આ કાયદાની કલમ – ૧૫ માં રાજ્ય મંડળને આ કાયદા હેઠળ પોતાને કરવાનાં કાર્યો, મંડળના અધ્યક્ષ કે સભ્ય સચિવ કે મંડળના કોઈ અધિકારીને સોંપવાની સત્તા વિશે જણાવેલ છે જે મુજબ, રાજ્યમંડળ પોતાને જરૂરી લાગે તેવા આ કાયદા હેઠળ તેણે કરવાનાં કાર્યો અને તેણે વાપરવાની સત્તાઓમાંથી કોઈપણ કાર્ય કે કાર્યો કે સત્તા કે સત્તાઓ, કોઈ સામાન્ય કે વિશિષ્ટ હુકમ દ્વારા મંડળના અધ્યક્ષ કે સભ્ય સચિવ કે મંડળના કોઈ અધિકારીને નિર્દિષ્ટ શરતો અને નિયંત્રણો સાથે સોંપી શકે છે. આમ આ જોગવાઈ મુજબ મંડળ પોતાની સત્તા અને કાર્યોની સોંપણી બીજાને કરી શકે છે.

### ૩.૪.૭.૩ **હવા પ્રદુષણ અને નિયંત્રણ**

### **હવા પ્રદુષણ નિયંત્રણ વિસ્તારો જાહેર કરવાની સત્તા**

રાજ્ય સરકાર, રાજ્ય બોર્ડ સાથે વિચાર વિનિમય કરીને, રાજ્યપત્રમાં જાહેરનામાથી, રાજ્ય બોર્ડ સાથે વિચાર માટે રાજ્યની અંદરના કોઈ વિસ્તાર કે વિસ્તારો તરીકે જાહેર કરી શકશે.

રાજ્ય સરકારનો રાજ્ય બોર્ડ સાથે વિચાર વિનિયમ કર્યા પછી એવો અભિપ્રાય થાય કે હવા, પ્રદુષણ નિયંત્રણ વિસ્તાર અથવા તેના કોઈ ભાગમાં મંજુર કરેલ બળતણ સિવાયના કોઈપણ ઉપયોગ કરવાથી હવા પ્રદુષણ થશે અથવા થવાનો સંભવ છે તો તે રાજપત્રમાં જાહેરનામાથી, જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી તારીખથી એવા વિસ્તાર અથવા તેના ભાગમાં એવા બળતણનો ઉપયોગ કરવાની મનાઈ કરી શકશે.

## ઓટોમોબાઈલ્સથી થતા ઉત્સર્જન માટે ધોરણ સુનિશ્ચિત કરવા સૂચનો આપવાની સત્તા

કલમ-૧૯ ની પેટાકલમ-(૧) ની પેટાકલમ-(૧) ના કલોઝ (જી) હેઠળ, ઓટોમોબાઈલ્સમાંથી પ્રદુષકોના ઉત્સર્જન માટે રાજય બોર્ડ ઠરાવેલ ધોરણોનું પાલન કરવામાં આવે છે તેની ખાતરી કરવા માટે રાજય સરકાર, બોર્ડની સાથે વિચાર વિનિમય કરીને, મોટર વાહન ધારો, ૧૯૩૯ હેઠળ મોટર વાહનોના રજીસ્ટ્રેશનના ઈન્ચાર્જ સંબંધિત સત્તાધિકારીને આવશ્યક લાગે તેવા સૂચનો આપશે અને આવા સત્તાધિકારી તે ધારા હેઠળ અથવા તે હેઠળ કરેલા નિયમોમાં ગમે તે જોગવાઈ હોય છતાં એવા સૂચનોનું પાલન કરવાને બંધાયેલ રહેશે.

## અમુક ઔદ્યોગિક પ્લાન્ટના ઉપયોગ પર નિયંત્રણ

આ કલમની જોગવાઈઓને આધીન રહીને, કોઈપણ વ્યકિત બોર્ડની પૂર્વ મંજુરી વિના અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલા કોઈ ઉદ્યોગોના હેતુ માટે હવા પ્રદુષણ નિયંત્રણ વિસ્તારમાં કોઈ ઔદ્યોગિક પ્લાન્ટ ચલાવી શકશે નહીં.

પેટાકલમ-(૧) માં ઉલ્લેખેલી સંમતિ માટેની અરજી મળ્યા પછી ચાર મહિનાની મુદતની અંદર રાજય બોર્ડ, લેખિત હુકમથી માંગેલી સંમતિ આપી શકશે અથવા હુકમના નોંધેલા કારણોસર સંમતિ આપવાની ના પાડી શકશે પરંતુ એવી જોગવાઈ કરી છે કે, રાજય બોર્ડ જે અગાઉ માફ કરેલી હોય અથવા સમયગાળો પુરો થયા પછી ફરીથી સંમતિ આપી હોય તેમજ જે શરતે સંમતિ આપી હોય તે શરતોનું પાલન ન થયું હોય ત્યારે સંમતિ રદ કરી શકે છે અથવા આપેલી સંમતિનો સમયગાળો પ્રશ્નો થાય તે પહેલાં રદ કરી શકે છે.

જેને રાજય બોર્ડ, પેટાકલમ-(૪) હેઠળ, સંમતિ આપી હોય તે વ્યક્તિ, ઉદ્યોગોમાંનો તેનો હિત સંબંધ અનય કોઈ વ્યક્તિને તબદીલ કરે ત્યારે એવી સંમતિ એવી અન્ય વ્યક્તિને આપેલી ગણાશે અને તેને શરૂઆતથી જ સંમતિ આપવામાં આવી હોય, તેમજ શરતોને આધિન રહીને તે આપવામાં આવી હોય તે તમામ શરતોનું પાલન કરવા તે બંધાયેલ રહેશે.

## હવાને પ્રદુષિત કરતી વ્યક્તિને તેમ કરતાં અટકાવવા માટે

ઉદ્યોગ વગેરે ચલાવતી વ્યક્તિઓને રાજય, બોર્ડ ઠરાવેલા ધોરણ કરતાં વધુ પ્રમાણમાં પ્રદુષકોનું ઉત્સર્જન કરવા દેવું નહીં.

એક કેસ [૨૬] માં ટાઉન એન્ડ કન્ટ્રી પ્લાનીંગના જોઈન્ટ ડાયરેકટર નિશ્ચિત મુદત માટે રહેઠાણના વિસ્તારમાં બોઈલરથી ફેકટરી ચલાવવાની આપેલ પરવાનગી રદ કરવામાં આવી હતી કારણ કે રહેઠાણના વિસ્તારમાં બોઈલર વાપરી દવાઓ બનાવવી એ કાયદાના ભંગનું કૃત્ય છે તેમજ આ પ્રૂયિામાંથી નીકળતો ધુમાડો લોકોના સ્વાસ્થ્યને હાનિકારક છે.

આ કાયદા હેઠળ મંડળે નિયત કરેલાં ધોરણો કરતાં વધુ માત્રાના હવા પ્રદૂષકો હવામાં ફેંકવા એ આ કાયદાની કલમ - ૩૭ નીચે ગુન્હો બને છે. ૧૯૮૭ ના સુધારાથી ઉમેરાયેલી આ કલમ - ૨૨ મંડળને પોતે નિયત કરેલાં ધોરણના કરતાં વધુ માત્રાના હવા પ્રદૂષકો બહાર ફેંકનાર સામે એક વધારાનો

---

૨૬) કૃષ્ણગોપાલ વિ. સ્ટેટ ઓફ એમ.પી. 1986 Cri. L.J. 396.

ઉપાય આપે છે જે મુજબ મંડળ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કે ફર્સ્ટ કલાસ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટને તેને તેમ કરવા ઉપર પ્રતિબંધ મુકવાનો હુકમ કરવા અરજી કરી શકે છે.

કલમ – ૩૭ જયારે બહાર ફેંકવાનું કાર્ય થઈ ગયું હોય ત્યારે લાગુ પડે છે જયારે આ કલમ – ૨૨ (એ) એવું બહાર ફેંકવાનું કાર્ય થવાનો સંભવ હોય ત્યારે લાગુ પડે છે જયારે કૃત્ય ચાલુ રહેતું હોય ત્યારે આ બન્ને કલમ લાગુ પડે છે. આવી અરજી મળતાં અદાલત કેસની હકીકત, પુરાવા તપાસી યોગ્ય હુકમ આપી શકે છે.

એક કેસ [૨૭] માં અદાલતે ઉદ્યોગ બંધ કરવાના બદલે તેમાંથી પ્રદૂષણ ન ફેલાય તેવા ઉપાયાત્મક પગલાં લેવાની જરૂરિયાત ઉપર ભાર મૂકયો હતો.

## **અમુક બાબતોમાં રાજય બોર્ડને તથા બીજી એજન્સીઓને માહિતી આપવા બાબત**

જયારે કોઈ હવા પ્રદુષણ નિયંત્રણ વિસ્તારમાં રાજય બોર્ડે ઠરાવેલ ધોરણ કરતાં વધુ પ્રમાણમાં કોઈ હવા પ્રદુષણનું ઉત્સર્જન થયું હોય અથવા અકસ્માત કે અન્ય અણધાર્યા કાર્ય કે બનાવને લીધે ઉત્સર્જન થયું હોય અથવા અકસ્માત કે અણધાર્યા કાર્ય કે બનાવને લીધે ઉત્સર્જન થવાની દહેશત હોય ત્યારે જયાંથી એવું ઉત્સર્જન થતું હોય અથવા થવાની દહેશત હોય તે જગ્યાનો હવાલો

---

૨૭) ચૈતન્ય પલ્વરાઈઝીંગ વિ. કે.એસ.પી.સી. બોર્ડ AIR 1989 Kant 82.

ધરાવતી વ્યક્તિ તરત જ આવા બનાવની હકીકતની અથવા આવા બનાવની દહેશતની રાજય બોર્ડને અને અન્ય સત્તાધિકારીઓ અથવા એજન્સીઓને જાણ કરવી જોઈએ.

પેટાકલમ–(૧) માં ઉલ્લેખ કરેલા પ્રકારના કોઈપણ બનાવની હકીકતની અથવા દહેશતની માહિતી મળે પછી તે માહિતીને પેટાકલમ હેઠળ અથવા બીજી રીતે મળી હોય તો પણ, રાજય બોર્ડ અને સત્તાધિકારીઓએ અથવા એજન્સીઓએ, આવા હવા, પ્રદુષણનું ઉત્સર્જન ઓછું કરવા માટે આવશ્યક હોય તેવા ઉપચારકારક પગલાં લેવડાવવા જોઈએ.

આ કલમ – ૨૩ (૧) મુજબની આદેશાત્મક જોગવાઈઓનો ભંગ કરવાનું કૃત્ય બંધારણના અનુચ્છેદ ૫૧ (એ) (જી) મુજબ મુળભુત ફરજના ભંગનું કૃત્ય બને છે અને આવો ભંગ કરનારની આ કાયદાની કલમ – ૨૧ (૪) હેઠળની સંમતિ રદ કરી શકાય છે અને આ રીતે સંમતિ રદ થતાં આપોઆપ ઉદ્યોગ બંધ થઈ જાય છે.

પેટાકલમ – (૩) ઉપાયાત્મક પગલાં લેવામાં થયેલા ખર્ચ સંબંધી છે જે મુજબ હવામાંથી હવા પ્રદૂષકોનું પ્રમાણ ઘટાડવા માટે લીધેલાં ઉપાયાત્મક પગલાં માટે થયેલો ખર્ચ, રાજય સરકારે નિયત કરેલા વ્યાજ દર મુજબ, વ્યાજ સહિત સંબંધિત વ્યક્તિ પાસેથી રાજયમંડળ, સ્થાનિક સત્તામંડળ કે એજન્સી વસુલ કરી શકે છે.

## દાખલ થવાની અને તપાસણી કરવાની સત્તા

આ કલમની જોગવાઈઓને આધિન રહીને, આ અર્થ રાજયબોર્ડે સત્તા આપેલ કોઈ વ્યક્તિને, કોઈપણ સ્થળમાં પોતે જરૂરી ગણે તેવી સહાય સાથે તમામ વાજબી સમયે તેને સોંપેલા રાજય બોર્ડના કાર્યો પૈકી કોઈ કાર્ય બજાવવાનો હેતુ માટે દાખલ થવાનો અધિકાર રહેશે.

ફોજદારી કાર્યરીતિ ધારો, ૧૯૭૩ ની જોગવાઈઓ અથવા જમ્મુ કાશ્મીર રાજયના અથવા ફોજદારી કાર્યરીતિ ધારો અમલ ન હોય તેવા વિસ્તારના સંબંધમાં તે રાજય કે વિસ્તારમાં અમલમાં હોય તેવા કોઈ તત્સમાન કાયદાની જોગવાઈ હકય હોય તેટલે સુધી સદરહુ ધારાની કલમ-૯૪ હેઠળ કરેલ કોઈ જડતી લાગુ પડે છે તેમ આ કલમ હેઠળની કોઈ જડતીને લાગુ પડે છે તેમ આ કલમ હેઠળની કોઈ જડતી જેટલી લાગુ પડશે.

## માહિતી મેળવવાની સત્તા

પોતાને સોંપવામાં આવેલી કાર્યો પાર પાડવાના હેતુ માટે, રાજય બોર્ડ અથવા તે અર્થે તેણે સત્તા આપેલ કોઈ અધિકારી, કોઈ ઉદ્યોગો ચલાવતા અથવા કોઈ નિયંત્રણ સાધન સામગ્રી અથવા ઔદ્યોગિક પ્લાન્ટ ચલાવવા કાર્યદક્ષ અથવા અન્ય કોઈ વ્યક્તિ પાસેથી કોઈ માહિતી મંગાવી શકશે અને આવી માહિતીના ખરાપણાની સચ્ચાઈ કરવા માટે રાજય બોર્ડને અથવા એવા અધિકારીને, જયાં આવા ઉદ્યોગ, નિયંત્રણ, સાધન સામગ્રી અથવા ઔદ્યોગિક પ્લાન્ટ ચલાવવામાં અથવા સંચાલિત કરવામાં આવી રહ્યા હોય તેવી જગ્યાની તપાસ કરવાનો અધિકાર રહેશે.

## હવા અને ઉત્સર્જનના નમુના લેવાની સત્તા અને તેના સંબંધમાં અનુસરવાની કાર્યરીતિ

રાજય બોર્ડને અથવા આ અર્થે તેણે સત્તા આપેલ કોઈ અધિકારીને પૃથક્કરણ કરવા માટે તે રીતે હવાના અથવા કોઈ ચીમની, ધુમ્ર માર્ગ અથવા ભુંગળા અથવા બીજા કોઈપણ બહિર્માર્ગમાંથી બધા ઉત્સર્જનના નમુના લેવાની સત્તા રહેશે.

પેટાકલમ-(૧) હેઠળ લીધેલા ઉત્સર્જનના નમુનામાં કોઈ પૃથક્કરણનું પરિણામ, પેટાકલમો (૩) અને (૪) ની જોગવાઈઓનું પાલન કરવામાં આવ્યું હોય તે સિવાય કાનુની કાર્યવાહીમાં પુરાવામાં ગ્રાહ્ય રહેશે નહીં.

જયારે બહાર નીકળેલ વસ્તુનો નમૂનો, કલમ – ૨૬ (૧) હેઠળ પૃથક્કરણ માટે લેવામાં આવે ત્યારે, પૃથક્કરણ માટે નમૂનો લેનાર વ્યકિતએ,

(૧) જે તે સ્થળના ભોગવટેદાર અથવા તેના પ્રતિનિધિને નિયત નમૂનામાં, તે વસ્તુનું પૃથક્કરણ કરાવવા અંગેના તેના ઈરાદાની નોટીસ તે જ સ્થળે અને તે જ સમયે આપવી જોઈએ.

(૨) બહાર નીકળતી વસ્તુના નમૂના જે તે સ્થળના ભોગવટેદાર અથવા તેના પ્રતિનિધિની હાજરીમાં લેવા જોઈએ.

(૩) પૃથક્કરણ માટે લીધેલ વસ્તુને પાત્ર અથવા પાત્રો, વિના વિલંબે મુકી તેના પર નિશાની કરી મહોર (Seal) મારવી જોઈએ. આના ઉપર નમૂનો

લેનાર વ્યક્તિ તેમજ જે તે સ્થળના ભોગવટેદાર અથવા તેના પ્રતિનિધિએ સહી કરવી જોઈએ.

(૪) આ રીતે તૈયાર કરેલ પાત્ર અથવા પાત્રો વિના વિલંબે કલમ – ૧૭ હેઠળ રાજય મંડળે સ્થાપેલ અથવા માન્ય કરેલ પ્રયોગશાળાને પૃથક્કરણ માટે મોકલવા જોઈએ જયારે નમૂનો લેનારે નોટીસ આપી હોય ત્યારે જો ભોગવટેદારે કે તેના પ્રતિનિધિએ વિનંતી કરેલ હોય, તો પૃથક્કરણ માટેના નમૂનાનું એક પાત્ર કલમ – ૨૮ (૧) હેઠળ સ્થપાયેલ કે નિર્દિષ્ટ કરેલ પ્રયોગશાળાને પૃથક્કરણ માટે મોકલવું જોઈએ.

(૫) પૃથક્કરણ માટે નમૂનો લેતી વ્યક્તિએ, નમૂનો લેતી વખતે જે તે સ્થળના ભોગવટેદાર કે તેના પ્રતિનિધિને નોટીસ આપી હોય છતાં –

(એ) ભોગવટેદાર અથવા તેના પ્રતિનિધિ જાણીબુઝીને ગેરહાજર રહે તો, નમૂનો લેનાર વ્યક્તિએ, બહાર નીકળતી વસ્તુનો નમૂનો લઈ તેને પાત્રમાં મુકી, તેના ઉપર નિશાની કરી તેને મહોર મારવી જોઈએ અને તેના પર નમૂનો લેનારે સહી કરવી જોઈએ.

(બી) જો ભોગવટેદાર અથવા તેનો પ્રતિનિધિ નમૂનો લેતી વખતે હાજર રહે પરંતુ નમૂનાના નિશાની અને મહોરવાળા પાત્ર કે પાત્રો ઉપર સહી કરવાની ના પાડે તો, નમૂનો લેનારે તેના પર સહી કરવી જોઈએ.

આ રીતે તૈયાર કરેલા પાત્રો વિના વિલંબે આ કાયદાની કલમ – ૨૮ (૧) હેઠળ સ્થાપેલ કે નિર્દિષ્ટ કરેલ પ્રયોગશાળાને મોકલવા જોઈએ. નમૂનો

લેનાર વ્યક્તિએ, આ અધિનિયમની કલમ – ૨૯ (૧) હેઠળ નિમાયેલ સરકારી પૃથક્કારને, નમૂનો લેતી વખતે સ્થળના ભોગવટેદાર કે તેના પ્રતિનિધિની જાણીબુઝીને ગેરહાજરીની વિગત અથવા સ્થળના ભોગવટેદાર કે તેના પ્રતિનિધિની નમૂનાના તૈયાર કરેલ પાત્ર કે પાત્રો ઉપર સહી કરવાના ઈન્કાર અંગેની વિગત લેખિતમાં જણાવવી જોઈએ.

આ રીતે લીધેલા નમૂના પૃથક્કારને બનતી ત્વરાએ પહોંચાડવા જોઈએ. કેટલીકવાર નમૂના પહોંચાડવામાં મોડું થતાં તે નમૂના પૃથક્કરણ માટે યોગ્ય રહેતાં નથી.

## લીધેલા નમુનાના પૃથક્કરણના પરિણામના અહેવાલો

ઉત્સર્જનનો નમુનો રાજય બોર્ડે સ્થાપેલી અથવા માનય કરેલી પ્રયોગ શાળામાં પૃથક્કકરણ માટે મોકલવામાં આવ્યો હોય ત્યારે, કલમ–૨૯ ની પેટાકલમ–(૨) હેઠળ નિમાયેલા બોર્ડ, પૃથક્કારે નમુનાનું પૃથક્કરણ કરવું અને તેવા પૃથક્કરણનો અહેવાલ ઠરાવેલા નમુનામાં ત્રણ નકલમાં રાજય બોર્ડને રજુ કરવો.

પેટાકલમ–(૧) હેઠળનો અહેવાલ મળે એટલે, અહેવાલની એક નકલ રાજય બોર્ડે કલમ–૨૬ માં ઉલ્લેખેલા કાર્યાધ્યક્ષને અથવા તેના એજન્ટને મોકલવી જોઈએ. બીજી નકલ તેને સામે કોઈ કાનુની કાર્યવાહી હાથ ધરવાના આવે તે પ્રસંગે ન્યાયાલયમાં રજુ કરવા માટે સાચવી રાખવી જોઈએ અને ત્રીજી નકલ રાજય બોર્ડે રાખવી જોઈએ.

જો નમૂનો, ભોગવટેદાર કે તેના પ્રતિનિધિની વિનંતીથી આ કાયદાની કલમ – ૨૮ (૯) હેઠળ સ્થપાયેલ કે નિર્દિષ્ટ કરેલ સરકારી પ્રયોગશાળાને પૃથક્કરણ માટે મોકલવામાં આવ્યો હોય, તો સરકારી પૃથક્કાર તેનું પૃથક્કરણ કરશે અને નિયત સ્વરૂપમાં તેના પૃથક્કરણના પરિણામનો અહેવાલ ત્રણ નકલમાં રાજયમંડળને મોકલશે જેની રાજયમંડળ ઉપર મુજબ જેવી જ વ્યવસ્થા કરશે.

નમૂનો લેવા માટે અને ભોગવટેદાર કે તેના પ્રતિનિધિની વિનંતીથી સરકારી પ્રયોગશાળામાં પૃથક્કરણ માટે થયેલ ખર્ચ અથવા ભોગવટેદાર કે તેનો પ્રતિનિધિ જાણીબુઝીને ગેરહાજર રહે અથવા બહાર નીકળતા પદાર્થના નમૂનાના નિશાનીવાળા અને મહોર મારેલા પાત્ર ઉપર સહી કરવાની ના પાડી હોય તો તે માટેનો દંડ ભોગવટેદાર અથવા તેના પ્રતિનિધિએ ચૂકવવો પડે છે. જો ન ચૂકવે તો તે રકમ જમીન મહેસુલની બાકી તરીકે કે સરકારી લેણાં તરીકે વસૂલ કરી શકાય છે.

આમ આ કલમમાં નમૂનાના પૃથક્કરણ અંગેની જોગવાઈ છે તો કલમ – ૩૦ માં પૃથક્કારના પૃથક્કરણના પરિણામના અહેવાલ વિશે જોગવાઈ છે.

કલમ – ૩૦ મુજબ, સરકારી પૃથક્કારે કે મંડળના પૃથક્કારે સહી કરેલો, પૃથક્કરણના પરિણામનો અહેવાલ હોવાનું અભિપ્રેત હોય એવો કોઈપણ દસ્તાવેજ, આ કાયદા હેઠળની કોઈપણ કાર્યવાહીમાં પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાશે.

આ કાયદાની કલમ – ૨૬ (૩), (૪) મુજબની જોગવાઈઓનું જો પાલન ન કરવામાં આવ્યું હોય, તો કલમ – ૨૬ (૨) મુજબ એવો પૃથક્કરણના પરિણામનો અહેવાલ કાનૂની કાર્યવાહીમાં પુરાવા તરીકે ગ્રાહ્ય ગણાતો નથી.

ફોજદારી કાર્યવાહી કાયદો, ૧૯૭૩ કલમ – ૨૯૪ મુજબ જો કોઈ દસ્તાવેજની યથાર્થતા અંગે કોઈ તકરાર ન હોય તો, તેના પર સહી ન હોવા છતાં પણ તે પુરાવા તરીકે ગણી શકાય છે તેથી જો પૃથક્કરણના પરિણામના અહેવાલ અંગે કોઈ તકરાર ન હોય તો ત્યાં આ જોગવાઈ લાગુ પાડી શકાય છે.

## રાજય હવા પ્રયોગશાળા

રાજય સરકાર, રાજયપત્રમાં જાહેરનામાંથી એક અથવા વધારે, રાજય હવા પ્રયોગશાળાઓ સ્થાપી શકશે અથવા આ ધારા હેઠળ રાજય હવા પ્રયોગશાળ ાને સોંપેલા કાર્યો પાર પાડવા એક અથવા વધુ પ્રયોગશાળાઓ કે સંસ્થાઓને રાજય હવા પ્રયોગશાળાઓ તાકીદે નિર્દિષ્ટ કરી શકશે.

## પૃથક્કરણ

આ ધારા હેઠળ રાજય બોર્ડે કરેલા કોઈ હુકમથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ જે તે તારીખે હુકમ તેને મોકલવામાં આવ્યો હોય તે તારીખથી ત્રીસ દિવસની અંદર રાજય સરકાર રચવાનું યોગ્ય ગણે તેવા અધિકારીને અપીલ કરી શકાય પરંતુ અપીલ સત્તાધિકારીને એવી ખાતરી થાય કે અપીલ કરનારને સમયસર અપીલ ફાઈલ કરવામાંથી પુરતા કારણોસર અટકાવવામાં આવ્યો હતો તો ત્રીસ દિવસથી સદરહુ મુદત પુરી થયા પછી અપીલ સત્તાધિકારી અપીલ દાખલ કરી શકશે.

## અપીલ

અપીલ સત્તાધિકારીમાં રાજય સરકારને પોતાને નીમવાનું યોગ્ય લાગે તેવી એક જ વ્યકિતના અથવા વ્યકિતઓનો સમાવેશ થશે.

આ કાયદા હેઠળ રાજય મંડળને કેટલીક સત્તાઓ મળેલ છે એ સત્તાને અનુરૂપ રાજયમંડળે કોઈક હુકમ કર્યો હોય તો તે હુકમથી નારાજ થયેલ વ્યકિત આ કલમની જોગવાઈ મુજબ અપીલ કરી શકે છે.

કલમ – ૩૧ (૧) મુજબ, આ કાયદા હેઠળ રાજય મંડળે કરેલા કોઈ હુકમથી નારાજ થયેલ કોઈપણ વ્યકિત, તે હુકમ તેને મળ્યાની તારીખથી ૩૦ દિવસની અંદર, રાજય સરકારને રચવાનું યોગ્ય લાગે તેવા સત્તામંડળ (જેને અપીલીય સત્તામંડળ તરીકે ઓળખવામાં આવે છે) ને અપીલ કરી શકે છે.

પરંતુ જો કોઈ વ્યકિત પૂરતાં કારણોસર નિયત સમય મર્યાદામાં અપીલ દાખલ કરી શકેલ નથી, એવી જો અપીલીય સત્તામંડળને ખાતરી – સંતોષ થાય તો, નિયત સમય મર્યાદા બાદની અપીલ પણ તે દાખલ કરશે. આવી અપીલનો મુસદ્દો અને અપીલ માટેની ફી નિયત કરવામાં આવેલ હોય છે. અપીલની સુનાવણી વખતે રાજય મંડળ અને સંબંધિત વ્યકિતને તેનો બચાવ કરવાની વ્યાજબી તક આપ્યા બાદ નિર્ણય આપવામાં આવે છે. કાર્યવાહીની પદ્ધતિ નિયમો દ્વારા નક્કી કરવામાં આવેલ હોય છે. આ અપીલીય સત્તામંડળ રાજય સરકારે નીમેલી, રાજય સરકારને યોગ્ય લાગે તેટલી એક કે ત્રણ વ્યકિતઓનું બનેલું હોય છે.

આ કલમમાં જણાવેલ 'અપીલીય સત્તામંડળને જો સંતોષ થાય કે, નિયત સમય મર્યાદામાં અપીલ દાખલ ન કરવા માટે પક્ષકારની પાસે પૂરતાં કારણો હતાં' – આનો ખૂબ જ વિશાળ અર્થ થઈ શકે. આને કારણે અપીલીય સત્તામંડળ ને વિશાળ સત્તા મળે છે. કયા કારણને પૂરતું કારણ ગણવું તે અપીલીય સત્તામંડળ ની મુનસફીની બાબત બની જાય છે. એક કેસ [૨૮] માં અદાલતે ઠરાવ્યું છે કે, આ જોગવાઈ ખુબ જ વિશાળ અને સર્વગ્રાહી છે. કયું કારણ પૂરતું ગણાય એ દરેક કેસની વિગતો અને સંજોગો ઉપર આધાર રાખે છે. [૨૯] તેથી દરેક કેસની વિગતો, સંજોગો તપાસી નક્કી કરવું જોઈએ. [૩૦]

## ૩.૪.૭.૪ શિક્ષાત્મક પ્રબંધો, ગુનાની વિચારણા વગેરે.

કલમ–૨૧ અથવા ૨૨, કલમ–૩૧ હેઠળ આપેલા આદેશોના પાલનમાં નિષ્ફળતા જે કોઈ વ્યકિત કલમ–૨૧ અથવા કલમ–૨૨ અથવા કલમ–૩૧ હેઠળ આપેલા હુકમો કે આદેશોનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો તેવી દરેક નિષ્ફળતા માટે ઓછામાં ઓછા દોઢ વર્ષની કેદ અને વધુમાં વધુ ૬ વર્ષ સુધીની કેદની શિક્ષા થશે અને દંડ થશે તેમજ સતત નિષ્ફળતા કે ભંગના પ્રસંગે રોજનો વધારાનો રૂા. ૫,૦૦૦–૦૦ સુધીનો દંડ થશે.

---

૨૮) સ્વર્ણકોર વિ. સ્ટેટ ઓફ પંજાબ 1971 Cur LT 616.

૨૯) દેવરાલીંગ વિ. પટ્ટાસ્વામી AIR 1935 Mys. 133.

૩૦) હુસૈની બેગમ વિ. કલેકટર 9 All 11 રામબક્ષ વિ. રાજેશ્વરી AIR 1948 All 213.

ગુનો સાબિત થયા પછી ઉપરોકત પેટાકલમ-(૧) માં ઉલ્લેખ કરેલ સતત ભંગ ચાલુ રહે તો ગુનેગારને ઓછામાં ઓછા બે વર્ષ સુધીની કેદ અને વધુમાં વધુ સાત વર્ષની કેદ અને દંડની શિક્ષા થશે.

જે કોઈ વ્યક્તિ જમીન ઉપર લગાવેલા કોઈ થાંભલા, સ્તંભ અથવા ખુંટાને અથાવ નોટીસ અથવા રાખેલ કોઈ બીજી બાબતોનો નાશ કરે, તેને તોડી પાડે, ખસેડે, તેને નુકશાન કરે અથવા વિકૃત કરે, બોર્ડના હુકમો અથવા આદેશો હેઠળ કામ કરતી કોઈ વ્યક્તિને ધારા હેઠળની સત્તાઓ વાપરવામાં આવે અને તેના કાર્યો બજાવવામાં હરકત કરે અથવા બોર્ડની માલિકીના કોઈ કામ અથવા મિલ્કતને નુકશાન કરે અથવા કલમ-૨૩ ની પેટાકલમ-(૧) હેઠળ ફરમાવ્યા પ્રમાણે રાજય બોર્ડને અને અનય ઠરાવેલ સત્તાધિકારીઓને અથવા એજન્સીઓને રાજય સરકાર બોર્ડે ઠરાવેલા ધોરણો કરતાં વધારો પ્રમાણમાં વાતાવરણમાં હવા પ્રદુષકોનું ઉત્સર્જન કરે અથવા એવા ઉત્સર્જન થયાની અથવા એવા બનાવની દહેશત હોવાની જાણ કરવાનું ચૂકે.

તેને ત્રણ મહિનાની મુદત સુધીની કેદ અથવા રૂા. ૧૦,૦૦૦-૦૦ સુધીના દંડની અથવા એ બન્ને શિક્ષા થશે.

જે કોઈ વ્યકિત, આ ધારામાં અન્યત્ર કોઈ શિક્ષાની જોગવાઈ કરવામાં આવી ન હોય તેવી આ ધારાની કોઈ જોગવાઈઓનું ઉલ્લંઘન કરે તેને ત્રણ માસ સુધીની કેદ અથવા રૂા. ૧૦,૦૦૦-૦૦ સુધીનો દંડ અથવા બન્ને થશે અને ઉલ્લંઘન ચાલુ રહે તે કિસ્સામાં આવા પ્રથમ ઉલ્લંઘન માટે દોષિત ઠર્યા પછી એવું ઉલ્લંઘન ચાલુ રહે તે દરમ્યાન દરેક દિવસ માટે રૂા. ૫,૦૦૦-૦૦ સુધીના વધારાના દંડની શિક્ષા કરવા જોગ થશે.

## કંપનીઓના કરેલા ગુના

આ ધારા હેઠળનો કોઈ ગુનો કોઈ કંપનીએ કર્યો હોય ત્યારે જે તે સમયે ગુનો કરવામાં આવ્યો હોય તે સમયે જે વ્યકિત કંપનીના કામકાજનું સંચાલન કરવા માટે કંપનીનો પ્રત્યક્ષ હવાલો ધરાવતી હોય અને કંપનીને જવાબદાર હોય તે વ્યકિત તે ગુના માટે દોષિત ગણાશે અને તેની સામે કાર્યવાહી કરવાને તદ્દાનુસાર શિક્ષાને પાત્ર થશે.

પેટાકલમ-(૧) માં ગમે તે જોગવાઈ હોય, છતાં આ ધારા હેઠળનો ગુનો કોઈ કંપનીએ કર્યો હોય અને એમ પુરવાર કરવામાં આવે કે એવો ગુનો એ કંપનીના કોઈ ડિરેકટર, મેનેજર, સેૂટરી અથવા અન્ય અધિકારી પણ તે ગુના માટે દોષિત ગણાશે અને તેમની વિરૂદ્ધ કામ ચલાવવાને અને તદ્દાનુસાર તેઓ શિક્ષાને પાત્ર થશે.

આ કલમ – ૪૦ પ્રતિનિધિજન્ય જવાબદારીના સિદ્ધાંત પર આધારીત છે. કંપની કાનૂની વ્યકિત છે તેથી તેણે કરેલ ગુના માટે તેના પ્રતિનિધિ તરીકે જીવંત વ્યકિતને જવાબદાર ઠરાવવામાં આવે છે.

કંપનીને આ કાયદા હેઠળ કરેલા ગુના માટે, ગુનાના સમયે કંપનીનું સંચાલન કરનાર તમામ વ્યકિત જવાબદાર બને છે. પહેલાં કંપની અને તેના ભાગીદારો સામે કાર્યવાહી કરવી જોઈએ એવી પૂર્વવર્તી શરત નથી. [૩૧] પરંતુ

---

૩૧) પબ્લીક પ્રોસીકયુટર વિ. બોગારાનુ પુલ્લિયાહ 1974 Cri. LJ 155.

બી. કે. વર્મા વિ. કોર્પોરેશન ઓફ મદ્રાસ [૩૨] ના કેસમાં મદ્રાસ હાઈકોર્ટે એવું ઠરાવ્યું છે કે, પ્રથમ કંપની સામે ફરિયાદ દાખલ કરવી જોઈએ અને ત્યારબાદ કંપનીનો અખત્યાર સંભાળનાર અને કંપનીને જવાબદાર વ્યક્તિઓ સામે ફરિયાદ દાખલ કરવી જોઈએ.

કંપનીને આ કાયદા હેઠળના ગુનામાંથી મુક્તિ મળે તો, કંપનીના સંચાલન માટે જવાબદાર વ્યક્તિ કે કંપનીનો અખત્યાર સંભાળનારને પણ મુક્તિ મળે પરંતુ કંપનીને સજા થાય તો, તેનો અખત્યાર સંભાળનાર કે સંચાલન માટે જવાબદાર વ્યક્તિને પણ સજા થાય જ એવું શકય નથી.

## સરકારી વિભાગોએ કરેલા ગુના

આ ધારા હેઠળનો કોઈ ગુનો સરકારના વિભાગ તરફથી કરવામાં આવ્યો હોય ત્યારે વિભાગના વડા ગુના માટે દોષિત ગણાશે અને તેમની સામે કાર્યવાહી કરવાને અને તદ્દાનુસાર તેઓ શિક્ષાને પાત્ર થશે પરંતુ આ કલમમાંથી કોઈ જોગવાઈની વિભાગના કોઈ વડા જો તે એ પુરવાર કરે કે ગુનો થતો અટકાવવા માટે તેણે તમામ યોગ્ય કાળજી રાખી હતી તો તે કોઈ શિક્ષાને પાત્ર બનશે નહીં.

## શુદ્ધ બુદ્ધિથી લીધેલા પગલાંનું રક્ષણ

આ ધારા અથવા નિયમો હેઠળ, શુદ્ધ બુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈપણ કાર્યના સંબંધમાં, સરકાર અથવા સરકારના કોઈ અધિકારી અથવા

---

૩૨) AIR 1971 Mad. 40.

બોર્ડના કોઈ સભ્ય અથવા અન્ય કર્મચારી સામે કોઈ દાવો, ફરીયાદ અથવા કાનુની કાર્યવાહી થઈ શકશે નહીં.

## ગુનાની વિચારણા

આ કાયદા હેઠળ કોઈ ગુનાની નોંધ કોઈ અદાલત લેશે નહીં સિવાય કે આવી ફરીયાદ બોર્ડ કે આ અંગે અધિકૃત કરેલા કોઈ અધિકારીએ કરી હોય. વર્ણવ્યા મુજબની રીતે ૬૦ દિવસની નોટીસ આપી હોય જેમાં આક્ષેપ કરેલ ગુનાની અને બોર્ડ કે આ અંગે અધિકૃત કરેલ અધિકારીનો ફરીયાદ કરવાનો ઈરાદો છે તેવું વ્યક્તિ થયું હોય અને આવો ગુનો માત્ર ફર્સ્ટ કલાસ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટ જ ચલાવી શકશે.

## બોર્ડના સભ્યો, અધિકારીઓ અને કર્મચારી રાજય સેવકો ગણાશે

બોર્ડના તમામ સભ્યો અને તમામ અધિકારીઓ અને અન્ય કર્મચારીઓ આ ધારા હેઠળ કરેલા નિયમોની કોઈ જોગવાઈ અનુસાર કામ કરતા હોય ત્યારે ભારતના ફોજદારી ધારાની કલમ-૨૧ અર્થ મુજબ રાજય સેવક ગણાશે.

## અહેવાલો અને પત્રકો પુરા પાડવા બાબત

કેન્દ્રીય બોર્ડ આ ધારા હેઠળ પોતાના કાર્યોના સંબંધમાં કેન્દ્ર સરકારને અને રાજય બોર્ડ, આ ધારા હેઠળ પોતાના કાર્યોના સંબંધમાં રાજય સરકારને અને કેન્દ્રીય બોર્ડને યથા પ્રસંગે તે રાજય સરકાર અથવા કેન્દ્રીય બોર્ડ વખતોવખત ફરમાવે તેવા અહેવાલો, પત્રકો, આંકડાઓ, હિસાબો અને અન્ય માહિતી પુરા પાડવા જોઈએ.

**<u>હકુમતનો બાધ</u>**

જે બાબત માટે આ ધારા હેઠળ રચાયેલ અપીલ સત્તાધિકારીને આ ધારાથી અથવા તે બાબતના સંબંધમાં કોઈ દાવો અથવા કાર્યવાહી દાખલ કરવાની કોઈ દિવાની ન્યાયાલયને હકુમત રહેશે નહીં અને આ ધારાથી અથવા તે હેઠળ નીમેલી કોઈ સત્તા અનુસાર લીધેલા અથવા લેવાના કોઈ પગલાંના સંબંધમાં કોઈ ન્યાયાલયથી અથવા અન્ય સત્તાધિકારી મનાઈ હુકમ આપી શકશે નહીં.

## ૩. ૫ **<u>અવાજ પ્રદુષણ</u>**

‘‘એક દિવસ એવો આવશે કે જયારે માનવીએ સૌથી વધારે સંઘર્ષ ઘોંઘાટના પ્રતિકાર માટે કરવો પડશે. નિર્દય ઘોંઘાટ એ જ માનવીના સ્વાસ્થ્ય માટેનો મોટામાં મોટો દુશ્મન સાબિત થશે.’’ – એક નોબેલ વિજેતા.

કોલાહલ અને ઘોંઘાટ એ આજે શહેરી સંસ્કૃતિના મહત્વના પાસા બની ગયા છે ત્યારે અવાજ પ્રદુષણને નાથવા સૌએ જાગૃત થવાની જરૂર છે. અતિશય અને સતત અવાજ એ ઘોંઘાટ તરીકે ઓળખાય છે જેના કારણે માનવીના સ્વાસ્થ્ય પર ખરાબ અસર પડે છે.

અવાજની ગતિ હવામાં ૩૪૦ મીટર પ્રતિ સેકન્ડ છે તેથી ગતિમાં માધ્યમ અને ઉષ્ણતામાનમાં થતા ફેરફારો સાથે પરિવર્તન પામે છે.

એક સરખો ઘોંઘાટ ખૂબ જ હાનિકારક ગણાય છે. લંડનમાં ઘોંઘાટ પર સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે ૮૪ % ઘોંઘાટ શહેરના ટ્રાફિકના કારણે થાય છે.

બાકીનો ૧૬ % અવાજ ઉદ્યોગો, રેલ્વે, મકાન બાંધકામ અને અન્ય પ્રવૃત્તિઓથી થાય છે.

## ૩.૫.૧ **<u>અવાજ પ્રદુષણનો અર્થ અને વિસ્તાર</u>**

અર્થ : અવાજ પ્રદુષણ એટલે સતત અને તીવ્ર અવાજ કે જેને ઘોંઘાટ કહેવાય. ઘોંઘાટ એટલે બિનજરૂરી, અનિચ્છનીય કે અણગમતો અવાજ તેને અયોગ્ય અવાજથી પણ ઓળખવામાં આવે છે.

ઘોંઘાટ કે અવાજ પ્રદુષણની કોઈ કાયદાકીય વ્યાખ્યા કે અર્થ નથી પણ આ વ્યાખ્યા કાર્યકારી છે.

વિસ્તારઃ પ્રત્યેક વર્ષે ઘોંઘાટના દરમાં એક ડેસીબલની વૃદ્ધિ થતી જોવા મળે છે.

## ૩.૫.૨ **<u>ઘોંઘાટનું સ્વરૂપ</u>**

ઘોંઘાટ એ અવાજનું તીવ્ર સ્વરૂપ છે.

- અવાજની ગતિ હવામાં ૩૪૦ મીટર પ્રતિ સેકન્ડ.
- અવાજની ગતિ પાણીમાં ૧૪૭૦ મીટર પ્રતિ સેકન્ડ.
- અવાજની ગતિ લોખંડમાં ૫૦૦૦ મીટર પ્રતિ સેકન્ડ.

અવાજના કંપનોના પુનરાવર્તનને હર્ટઝ કહેવાય છે. સામાન્ય માનવીની સાંભળવાની શક્તિ ૩૫ થી ૧૦૦૦૦ છે. ૨૦ થી ઓછો અવાજ માનવી સાંભળી શકતો નથી અને ૧૦૦૦૦ થી વધારેનો અવાજ પણ માનવી સાંભળી શકતો નથી.

## ૩.૫.૩ **ઘોંઘાટનું ઉદ્‌ગમસ્થાન**

૧) રોડ ટ્રાફિકના લીધે.
૨) હવાઈ ટ્રાફિકના લીધે.
૩) રેલ્વે ટ્રાફિકના લીધે.
૪) બાંધકામના કાર્યોના કારણે.
૫) ઉદ્યોગોમાંથી ઉત્પન્ન થતા અવાજના કારણે.
૬) મકાનોમાં થતો અવાજ જેમ કે દરવાજો જોરથી બંધ કરવાથી, ઘરઘંટી, વોશીંગ મશીન કે મિક્ષ્ચરના અવાજના કારણે.
૭) સાંસ્કૃતિક અને રાજકીય કાર્યૂમો જેવા કે તાજીયા, બાંગ, સરઘસો, રાજકીય સભાઓ વગેરેના કારણે.

## ૩.૫.૪ **અવાજ પ્રદુષણની અસરો**

૧) ઘોંઘાટની જ્ઞાનતંત્ર પર વિપરીત અસર થાય છે.
૨) કાનની શબ્દો પકડવાની શક્તિ ઘટે છે.
૩) સરેરાશ કરતાં અડધા સમયમાં રોજીંદુ કામ કરતાં થાકી જવાય છે.
૪) કાન પર સતત ઘોંઘાટ અથડાવાથી પેટનો દુઃખાવો કે બહેરાશ, દમ, હૃદયરોગ, અનિદ્રા, સ્મૃતિભ્રમ, આંતરડાના રોગો થાય છે.

૫) વધુ પડતા ઘોંઘાટની માનસિક અસ્વસ્થતા થતાં ઉત્તેજક દવાઓ લેવાનું મન થાય છે.

૬) આંખની જોવાની શક્તિ ૨૫ % ઘટે છે. લાંબા સમયે રતાંધળાપણું આવે છે.

૭) રસ્તા પર અકસ્માતની સંખ્યા વધી જાય છે.

૮) નિર્ણય શક્તિ ઘટે છે.

૯) સતત ઘોંઘાટમાં રહેતા લોકો માનસિક રોગોનો ભોગ બને છે.

૧૦) બેધ્યાનપણું આવે છે. અમદાવાદના રખિયાલ વિસ્તારમાં એક મીલના કારણે ઘણા લોકો બહેરા થઈ ગયા. અમદાવાદમાં ૫ લાખ લોકોને અવાજ પ્રદુષણથી અસર થઈ છે.

### ૩.૫.૫. **કાયદાકીય જોગવાઈ**

અવાજ પ્રદુષણ માટે કોઈ અલગ અલગ કાયદાકીય જોગવાઈ નથી પણ અલગ અલગ કાયદામાં તેનો સમાવેશ કરવામાં આવેલ છે.

### ૧) **હવાપ્રદુષણ (નિવારણ અને નિયંત્રણ ધારો), ૧૯૮૧**

સેકશન – ૨ (એ) હવા પ્રદુષણની વ્યાખ્યા ''વાયુરૂપી પદાર્થો'' પછી કૌંસમાં (ઘોંઘાટ સહિત) શબ્દો ૧૯૮૭ માં ઉમેરવામાં આવ્યા.

### ૨) **પર્યાવરણ સુરક્ષા ધારો, ૧૯૮૭**

સેકશન – ૬ (૨) આ કલમમાં પર્યાવરણી પ્રદુષકો શબ્દો પછી કૌંસમાં (ઘોંઘાટ સહિત) શબ્દો છે.

### ૩) <u>વર્કમેન કોમ્પનસેશન એકટ</u>

આ કાયદા હેઠળ સંપૂર્ણ બહેરાશ માટે વળતર આપવાની જોગવાઈ કરેલી છે.

સેકશન – ૨૬૮ : ઘોંઘાટ તે જાહેર ઉપદ્રવના કૃત્યમાં સમાવિષ્ટ છે. સતત અવાજથી આસપાસના વિસ્તારોના લોકોના જાહેર સ્વાસ્થ્યને નુકશાન પહોંચતું હોય તો તે જાહેર ઉપદ્રવનું કૃત્ય ગણાય.

### ૪) <u>મોટર વ્હીકલ એકટ, ૧૯૮૯</u>

આ કાયદા હેઠળ અમુક વિસ્તારોને શાંત વિસ્તારો તરીકે જાહેર કરી શકાય છે અને તેમાં કોઈપણ પ્રકારનો ઘોંઘાટ સામે પ્રતિબંધ મુકી શકાય છે.

### ૫) <u>એન્વાયર્નમેન્ટ પ્રોટેકશન થર્ડ મેનેજમેન્ટ રૂલ્સ, ૧૯૮૯</u>

આ રૂલ્સ અન્વયે ધ્વનિ મર્યાદા નક્કી કરવામાં આવેલ છે જેમાં (એ) ઔદ્યોગિક વિસ્તારમાં દિવસે ૭૫ અને રાત્રે ૭૦ ડેસીબલ, (બી) રહેઠાણ વિસ્તારમાં દિવસે ૫૫ અને રાત્રે ૪૫ ડેસીબલ અને (સી) શાંત વિસ્તારમાં દિવસે ૫૦ અને રાત્રે ૪૦ ડેસીબલ.

## ૩.૫.૬ <u>ઘોંઘાટ ઘટાડવા માટેના મંતવ્યો</u>

૧) વૃક્ષો અવાજનું શોષણ કરે છે માટે બને તેટલા વધારે વૃક્ષો વાવવા.

૨) હવાઈ મથકો પાસે ગીચ વૃક્ષો વાવવા.

૩) ક્ષતિ રહિત સાયલેન્સર વાહનોમાં નાખવા.

૪) યંત્રોમાં ધ્વનિ શોષક પદાર્થ ગોઠવવા.

૫) લાઉડ સ્પીકરના વપરાશ પર નિયંત્રણો મુકવા.

૬) યંત્રો અને વાહનોની ડિઝાઈનમાં યોગ્ય ફેરફાર કરવા જોઈએ જેથી ઘોંઘાટને તેના ઉદ્‌ગમસ્થાનેથી જ દબાવી શકાય.

૭) ઘરમાં સોફ્ટ બોર્ડ અને પડદાના ઉપયોગથી અવાજને થોડો અંકુશમાં મુકી શકાય છે.

૮) ઘરની બહાર મહેંદીની વાડથી બહારથી આવતો ઘોંઘાટ ઓછો થાય છે.

૯) અમુક વિસ્તારોને શાંતિમય વિસ્તાર જાહેર કરી, ત્યાં હોર્ન કે ઘોંઘાટ કરવા સામે શિક્ષાત્મક પગલાં લેવાની જોગવાઈ કરતાં કાયદાઓ બનાવવ જોઈએ.

૧૦) સૌથી વધુ જરૂરી એ છે કે નાગરિકો સ્વયં જાગૃત થાય.

### ૩.૫.૭ **વિવિધ શહેરોમાં અવાજ પ્રદુષણની માત્રા**

| **શહેર** | **ઘોંઘાટનું પ્રમાણ (ડેસીબલમાં)** |
|---|---|
| અમદાવાદ | ૮૦ થી ૧૦૦ |
| વડોદરા | ૯૦ થી ૯૫ |
| સુરત | ૮૦ થી ૮૫ |
| દિલ્હી | ૧૦૦ થી ૧૮૦ |
| કોલકાટા | ૧૦૦ થી ૧૬૦ |
| ન્યુયોર્ક | ૯૦ થી ૧૭૦ |
| પેરિસ | ૧૦૦ થી ૧૨૦ |
| લંડન | ૮૦ થી ૧૬૦ |
| વોશિંગ્ટન | ૯૦ થી ૧૧૦ |
| ઓસ્ટ્રેલિયા | ૯૦ થી ૧૨૦ |

## ૩.૫.૮ **<u>અવાજ નિયંત્રણ ધારો (ઈંગ્લેન્ડ) અને અવાજ અંકુશ ધારો, ૧૯૭૨ (યુ.એસ.એ.)</u>**

સૌથી પહેલાં ઈંગ્લેન્ડમાં ઘોંઘાટ ઘટાડા ધારો, ૧૯૬૦ હતો જે ૧૯૭૪ ના પ્રદુષણ નિયંત્રણ ધારાની કલમ–૫૮ ની પેટાકલમ–(૯) થી સુપરસીડેડ કરેલ છે. હાલ ઈંગ્લેન્ડમાં ૧૯૭૪ ના પ્રદુષણ નિયંત્રણ ધારાની કલમ–૬૨ હેઠળ અવાજનું પ્રદુષણ કરતાં સાધનો વાપરવા પર નિયંત્રણ મુકેલ છે.

અવાજ અંકુશ ધારો, ૧૯૭૨ (યુ.એસ.એ.) તા. ૦૧–૦૧–૧૯૭૨ થી સુધારા સાથે આ કાયદો અમેરીકન પ્રજાને થતી હાનિથી દુર રાખવા માટે દંડાત્મક કાયદો ઘડેલ છે જે મુખ્ય શહેરી વિસ્તાર કે અવાજના પ્રદુષણ કરવા તેમજ વાહનોમાંથી થતા અવાજનું નિયંત્રણ કરવા તેમજ વાહનોમાંથી થતા અવાજનું નિયંત્રણ કરવા તેમજ ધંધામાંથી તેની મશીનરી, સાધનો કે ઉત્પાદન પ્રૂયિાથી થતો અવાજનો ઘટાડો કરવાનો આ કાયદાનો ઉદ્દેશ છે અને તેનો અમલ કરવાની ફેડરલ સરકાર અને સ્થાનિક સત્તાને જવાબદારી સોંપી છે.

તેમજ કલમ–૧૦ હેઠળ કેટલાંક પ્રતિબંધિત કાર્યો જણાવેલ છે અને આ કાયદાની જોગવાઈઓના ભંગ બદલ ૨૫૦૦૦ ડોલર સુધીનો દંડ અને એક વર્ષથી વધુ નહીં તેટલી કેદની સજાની જોગવાઈ છે તેમ છતાં ગુનાના પુનરાવર્તન માટે ૫૦૦૦૦ ડોલર અને વધુમાં વધુ ૨ વર્ષની કેદની સજા અથવા બન્ને થશે.

આ ઉપરાંત દિવાની દાવો કરવાનો હક્ક પણ આપેલ છે તે ઉપરાંત ફેડરલ એજન્સી અને એડમિનિસ્ટ્રેટરને સંશોધન ટેકનિકલ મદદ અને જાહેર માહિતી પુરી પાડવા જવાબદારી નાંખી છે. આ ઉપરાંત ઓછો અવાજ ઉત્પન્ન

કરે તેવી પેદાશ બનાવવાને ઉત્તેજન આપવામાં આવે છે. રેલ્વે, રોડ, મોટર, વાહનોના અવાજ પર નિયંત્રણ કરવા લાયસન્સ એપ્રુવલ સિસ્ટમ મુકી છે.

આમ અમેરીકાનો અવાજ પ્રદુષણ કાયદો એ દુનિયાના અવાજ પ્રદુષણ પરના કાયદાનો શ્રેષ્ઠ કાયદો છે.

## ૩.૬ પર્યાવરણ અને કાયદાકીય જોગવાઈઓ અને કેસ સ્ટડી [૭]

''અમલ કરાવ્યા વિનાના કાયદાઓ માત્ર અર્થહિન ઔપચારિકતા છે.''

ભારતમાં લગભગ ૨૦૦ જેટલા કાયદાઓ અસ્તિત્વમાં છે જેમાં પર્યાવરણ સુરક્ષા અંગેનો જોગવાઈઓ જોવા મળે છે. ભારતીય બંધારણ વિશ્વનું પ્રથમ બંધારણ છે કે જેમાં પર્યાવરણ સુરક્ષા અંગેની જોગવાઈઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમ છતાં ભારતમાં પર્યાવરણ પ્રદુષણની સમસ્યા વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે.

ભારતમાં પર્યાવરણને લઈને જાગૃતિ ૭૦ ના બાદના દાયકાથી જોવા મળે છે અને તે પણ ન્યાયિક સૂચિતાને આભારી છે. ન્યાયતંત્ર દ્વારા અનુચ્છેદ-૩૨ નું ઉદાર અર્થઘટન કરી જાહેર હિતની અરજી દ્વારા પર્યાવરણ તેમજ અન્ય ક્ષેત્રે જાગૃતિ ફેલાવવામાં આવી. પર્યાવરણીય પ્રદુષણ અંગેની જાગૃતિમાં એમ. સી. મહેતાનો ફાળો અમૂલ્ય છે.

## ૩.૬.૧ ન્યાયપાલિકાએ પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો

### ૧) રાજય પર્યાવરણીય અને કુદરતી સંપત્તિના માલિક તરીકે

શરૂઆતના વર્ષોમા ૧૯૭૨ ની સ્ટોકહોમ પરિષદમાં જાહેર થયા મુજબ દરેક રાજય પોતાની કુદરતી સંપત્તિનું માલિક છે તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરવાનો રહેશે તેથી રાજયને કુદરતી સંપત્તિના માલિક તરીકે હોદ્દાપૂર્વક વર્તવાનો સિદ્ધાંત અપનાવેલ.

### ૨) સંપૂર્ણ જવાબદારીનો સિદ્ધાંત

આ તબક્કામાં અદાલત દ્વારા પ્રદુષણ ફેલાવનાર સંપૂર્ણ જવાબદારીનો સિદ્ધાંત આપીને અદાલતી ચુકાદાઓ આપ્યા.

### ૩) કઠોર અથવા નિરપેક્ષ જવાબદારીનો સિદ્ધાંત

આ સિદ્ધાંત અપનાવી કોર્ટે પ્રદુષણકર્તા દોષિત છે કે કેમ? તે માટે તેના નિરપેક્ષ જવાબદારીનો સિદ્ધાંત અપનાવીને દંડ અને વળતર બન્નેની સજા દ્વારા આ સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ.

### ૪) શુદ્ધ પર્યાવરણ અનુચ્છેદ ૨૧ નો ભાગ

ભારતીય બંધારણના અનુચ્છેદ-૨૧ માં આપવામાં આવેલ જીવન અને સ્વાર્તેના હક્કમાં શુદ્ધ પર્યાવરણનો હક્ક સમાવિષ્ટ છે તેવું અર્થઘટન અદાલત દ્વારા કરવામાં આવેલ.

૫) **<u>સંતુલિત વિકાસનો સિદ્ધાંત</u>**

શુદ્ધ પર્યાવરણની સાથે સાથે ઉદ્યોગ, વેપાર, રોજગાર પણ મહતવના હોવાથી સંતુલિત વિકાસનો સિદ્ધાંત અદાલત દ્વારા અજમાવેલ.

૬) **<u>પ્રદુષણકર્તા ચુકવેનો સિદ્ધાંત</u>**

આ સિદ્ધાંત મુજબ અદાલત દ્વારા પ્રદુષણકર્તાને તે ભરપાઈ કરવાની જવાબદારી લાદવામાં આવે છે.

૭) **<u>રાજયની કુદરતી સંપત્તિના ટ્રસ્ટી તરીકેનો સિદ્ધાંત</u>**

પ્રથમ રાજયને કુદરતી સંપત્તિનો માલિક તરીકે ગણવામાં આવેલ પણ બાદમાં રાજય માલિક નહીં પણ રાજયમાં આપેલ કુલ સંપત્તિનો ટ્રસ્ટી છે તેવો સિદ્ધાંત અદાલત દ્વારા પ્રસ્થાપિત થયો છે.

### ૩.૬.૨ **<u>જાહેર ઉપદ્રવ</u>**

**<u>મ્યુનિસિપલ કાઉન્સીલ, રતલામ વિ. વર્ધીચંદ.</u>**

A.I.R. 1980 SC 1622.

આ કેસની હકીકત એવી હતી કે, રતલામ શહેરમાં મ્યુનિસિપાલીટીએ જે જાહેર રસ્તાઓ બનાવ્યા હતા તેની દક્ષિણ સ્દશામાં નવા મકાનો બન્યા હતા અને બે રસ્તા વચ્ચે ગંદા પાણીનું નાળું વહેતું હતું જેમાં નજીકના આલ્કોહોલના કારખાનામાંથી રસાયણો અને માદક પદાર્થો છોડવામાં આવતા હતા. આ ઉપરાંત આ નાળાની આસપાસ રહેનારાઓ ખુલ્લામાં શૌચ આદિ ૂયિાઓ કરતા હતા. આમ, આ વિસ્તારમાં ખુબ જ ગંદકી હતી અને તેના કારણે મચ્છરોનો ઉપદ્રવ પણ થવા લાગ્યો હતો.

આ ન્યુસન્સ, ગંદકી અને મચ્છરો દુર કરવા ત્યાંના રહેવાસીઓ તરફથી મેજીસ્ટ્રેટને અરજી કરવામાં આવી હતી તેના સંદર્ભે ટાઉન ઈમ્પ્રુવમેનટ ટ્રસ્ટને તાત્કાલિક પગલાં લેવા મનાઈ હુકમ કરાયો હતો તે અંતર્ગત પાકી ગટરલાઈન અને મંદિરના કારખાનાને બંધ કરવાનો હુકમ થયો હતો પરંતુ તે અંગે પગલાં લેવામાં બેદરકારી દાખવવામાં આવી હતી. આ અંગે રતલામ મ્યુનિસિપાલીટી નિશ્ચિત સમયગાળામાં તેને દુર કરવા માટે હુકમ કરી શકે છે. આવા હુકમના પાલન માટે નાણાના અભાવનો બચાવ મળી શકે નહીં.

જાહેરમાં ઉપદ્રવ દુર કરવાની આ એવી જાહેર ફરજ છે, જે જાહેર ફરજ છે જે જાહેર સત્તામાં વણાયેલી છે અને આ ફરજનું પાલન લોકોના તરફથી મ્યુનિસિપાલટીએ ઠરાવ્યું છે અને અદાલતના આવા હુકમનો અનાદર આઈ.પી.સી.ની કલમ ૧૮૮ હેઠળ દંડનીય છે.

આગળ સર્વોચ્ચ અદાલતે ઠરાવ્યું કે, સામાજીક ન્યાય એ લોકો માટે છે અને તે પ્રાપ્ત કરવા માટે કોઈપણ જાહેર કામગીરી કરતી સંસ્થાને પોતાની હકુમતનો ઉપયોગ જણાવી શકાય. આવી સંસ્થાઓમાં સેકશન ૧૩૩ પ્રમાણે મેજીસ્ટ્રેટનો પણ સમાવેશ થાય છે.

### ૩.૬.૩ **વાયુ પ્રદુષણ**

**એમ. સી. મહેતા વિ. યુનિયન ઓફ ઈન્ડીયા**

(1991) 2 SCC 353.

પ્રસ્તુત કેસમાં દિલ્હીમાં ચાલતા વાહનોના અત્યંત ધુમાડાના કારણે દિલ્હીનું વાતાવરણ સાંજ પડે ધુમ્મસભર્યું થઈ જતું હતું જેથી કોર્ટે દિલ્હીમાં ચાલતી બસોને સી.એન.જી. માં પરિવર્તિત કરવાનો હુકમ આપ્યો.

૩.૬.૪ **<u>જળ પ્રદુષણ</u>**

## <u>રામલાલ વિ. સ્ટેટ ઓફ રાજસ્થાન</u>

(1996) 3 SCC 212.

આ કેસમાં ભિલવારા જિલ્લાના મંડળના ગામના સરકારી હોસ્પીટલ પાસે ગંદુ પાણી દુર કરવા મ્યુનિસિપાલીટીને પત્ર લખ્યો પણ મ્યુનિસિપાલટીએ દુર કર્યું નહીં પરીણામે મ્યુ. બોર્ડ સામે મન્ડેમસ રીટ જારી કરવા અરજી કરતાં અદાલતે રીટ જારી કરી અને તાત્કાલિક ગંદુ પાણી દુર કરવા આદેશ કર્યો અને યોગ્ય ગટર વ્યવસ્થા કરવા આદેશ કર્યો.

૩.૬.૫ **<u>અવાજ પ્રદુષણ</u>**

## <u>રોબિન મુખરજી વિ. સ્ટેટ ઓફ વેસ્ટ બેંગાલ</u>

A.I.R. 1985 Cal. 222.

આ કેસમાં ઘોંઘાટથી થતા પ્રદુષણને અટકાવવા માટેની કાનુની કાર્યવાહીની સ્પષ્ટતા કરવામાં આવી હતી. ટ્રકો દ્વારા માલની હેરફેર કરનાર લોકો તેમની ટ્રકોમાં વિજળી અને હવાથી ચાલતા હોર્ન ફીટ કરાવે છે જેનાથી તીણો, કાન ફાડી નાખે તેવો મોટો અને એકદમ ચમકાવી દે તેવો અવાજ થતો હોય છે અને તેનાથી નબળા, અપંગ અને બિમાર તેમજ રાહદારીઓને ભારે અગવડ થતી હોય છે વળી તેનાથી લાગતા આંચકાઓથી લોહીનું દબાણ તેમજ જ્ઞાનતંતુઓના અને માનસિક રોગો થાય છે તેના બેફામ ઉપયોગથી ઉપદ્રવ અને પ્રદુષણ થાય છે અને આવા લોકો મોટર વાહન નિયમો, ૧૯૪૦ના નિયમ ૧૧૪ (૧) નો ભંગ

કરે છે તે નિયમ અનુસાર તો રબ્બરના ભુંગળાવાળું હોર્ન જ લગાવવાનું હોય છે. કોર્ટે આ નિયમનો ભંગ કરવા અંગે રાજય સરકારની નિષ્ક્રિયતાની ટીકા કરી હતી અને સુચના આપવામાં આવી હતી કે જયાં સુધી ઘોંઘાટ પ્રદુષણ બંધ ન થાય ત્યાં સુધી વાહનોને યોગ્યતાનું પ્રમાણ આપવું નહીં અને આ રાજયની કાનુની ફરજ છે અને તેણે તેનું પાલન કરવું રહ્યું.

## ૩.૬.૬ **પ્રદુષિત વાતાવરણ**

### **નવિન કેમિકલ્સ મેન્યુ. એન્ડ ટ્રેડીંગ કાું. વિ. ન્યુ ઓખલા ઈન્ડ. ડેવ. ઓથોરીટી**

A.I.R. 1987 All. LH 13.

આ કેસમાં ન્યુ ઓખલા ઈન્ડ. વિવિધલક્ષી જીવન ટકાવતી દવાઓ બનાવતી હતી જેનાથી વાતાવરણ પ્રદુષિત થતું હતું તેને અટકાવવા સુપ્રિમ કોર્ટે યુ. પી. પોલ્યુશન કંટ્રોલ બોર્ડને પાર્ટી બનાવી આદેશ આપ્યો કે માન્ય મર્યાદાઓ કરતાં વધુ પ્રદુષણ ફેલાય છે કે નહીં? તેની તપાસ બોર્ડ કરે અને બોર્ડ સ્વયં વિશેષ પગલાં લ્યે.

## ૩.૬.૭ **પર્યાવરણ અને વ્યવસાયનો હક્ક**

ભારતીય બંધારણના અનુચ્છેદ ૧૯ (૧) (૯) માં દરેક વ્યકિતને વ્યવસાય કરવાનો મુળભુત અધિકાર આપવામાં આવેલ છે પરંતુ ઘણી વખત પર્યાવરણના ભોગે આવો વ્યવસાયનો અધિકાર આપવો તે જાહેર હિત માટે નુકશાનકર્તા છે.

**<u>રૂલર લીટીગેશન વિ. ઉત્તરપ્રદેશ</u>**

A.I.R. 1988 SC 2187.

આ કેસમાં પટ્ટેદાર ખાણ રાખનારને ચુનાની ખાણમાં બંધ કરવાના હુકમથી અનુચ્છેદ ૧૯ (૧) (૯) નો ભંગ થતો હતો તેથી કોર્ટે સરકારને પટ્ટેદારને અન્ય જગ્યાએ ખાણનો પટ્ટો આપવાની સરકારને ભલામણ કરી હતી.

૩.૬.૮ **<u>પર્યાવરણ અને જીવન સ્વાર્તનો હક્ક</u>**

ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ જીવન અને સ્વાર્તનો અધિકાર બક્ષવામાં આવ્યો છે. સૂચિતના કારણે હવે શુદ્ધ પર્યાવરણ પણ એકટ ૨૧ ના જીવન જીવવાના હક્કમાં સમાવિષ્ટ છે.

**<u>સુભાષકુમાર વિ. બિહાર રાજય</u>**

A.I.R. 1991 SC 420.

આ કેસમાં કોર્ટે ઠરાવ્યું હતું કે જીવન જીવવાના અનુચ્છેદ ૨૧ ના અધિકારમાં પ્રદુષણ મુકત હવા અને પાણીનો ઉપયોગ કરીને શુદ્ધ પર્યાવરણ સહિત જીવન જીવવાના અધિકારનો સમાવેશ થાય છે.

૩.૬.૯ **<u>સૃષ્ટિ વિજ્ઞાનના સંદર્ભમાં</u>**

**<u>નર્મદા બચાવો આંદોલન વિ. યુનિયન ઓફ ઈન્ડીયા</u>**

આ કેસ ‘‘સરદાર સરોવર ડેમ કેસ’’ તરીકે પણ જાણીતો છે.

પ્રસ્તુત કેસમાં – ૨૨૬ અને પર્યાવરણ કાયદાના કેટલાક વિષયો અંગેના પ્રશ્નો સમાયેલા છે સાથે સાથે સરદાર સરોવર યોજના એ રાષ્ટ્ર અને જાહેર હિતની વિરૂદ્ધમાં છે તેવો આરોપ મુકવામાં આવ્યો હતો જેનો ચુકાદો આપતા સુપ્રિમ કોર્ટે જણાવ્યું કે આ યોજના વધતી જતી વસ્તીને ધ્યાનમાં લેતાં ઘણી અગત્યની છે. મા. ન્યાયમૂર્તિ શ્રી બી. એન. કિરપાલે જણાવ્યું કે ભારતની વસ્તી જે રીતે વધતી જાય છે તે જોતાં આવી યોજના રાષ્ટ્રના હિતમાં છે અને તે ખૂબ જ જરૂરી અને અગત્યની છે.

### ૩.૬.૧૦ **સંપૂર્ણ જવાબદારીનો સિદ્ધાંત**

### **એમ. સી. મહેતા વિ. યુનિયન ઓફ ઈન્ડીયા અથવા શ્રી રામ ફુડસ ફર્ટીલાઈઝર કેસ**

A.I.R. 1987 SC 965.

દિલ્હી કલોથ મિલ્સની એક આશ્રિત કંપની તરીકે શ્રી રામ ફુડ એન્ડ ફર્ટીલાઈઝર ઈન્ડ. હતી. આ એકમમાં કોસ્ટીક સોડા, કલોરીન અને તેની આડપેદાશો તથા સાબુ, ગ્લીસરીન વગેરેની પેદાશ થતી હતી. આ શ્રી રામના એક યુનિટમાંથી ઓલિયમ ગેસ લીક થયો હતો અને તેનાથી અમુક લોકો ભોગ બનયા હતા તે માટે દિલ્હી બાર એસોસિએશને અરજી કરી આ ભોગ બનનારાઓ માટે વળતર માંગ્યું હતું તથા હવા પ્રદુષણ અને ભયજનક કાર્યવાહી કરતા આ એકમને અન્ય સ્થળે ખસેડવો તે પણ કેસના મુદ્દા હતા.

આ કેસ પર્યાવરણના ચુકાદાઓમાં એક અતિ મહત્વનો કેસ ગણાય છે. આ એકમ માનવ વસવાટ વિસ્તારમાં આવ્યું હતું અને તેના કાર્યો જાહેર જનતા

માટે ભયજનક હતા આથી અદાલત સમક્ષ પ્રશ્ન એ હતો કે તેને બંધ કરવાનો આદેશ આપવો અથવા એવી જગ્યાએ સ્થળાંતર કરવું કે જેથી માનવ વસવાટથી દુર જાય. સુપ્રિમ કોર્ટ આવા ભયજનક ઉદ્યોગોની સ્થાપના, કાર્યો તથા રચના માટે માર્ગદર્શિકા પણ આપી અને તેનો અમલ થાય તેવી સુચના આપી.

### ૩.૬.૧૧ **પબ્લીક ટ્રસ્ટનો સિદ્ધાંત**

**એમ. સી. મહેતા વિ. યુનિયન ઓફ ઈન્ડીયા અથવા કમલનાથ કેસ**
A.I.R. 1988 SC 1115.

આ કેસમાં હિમાચલ પ્રદેશની રાજ્ય સરકારે બિયાસ નદી ઉપરની જમીન મોટેલ માટે ભાડે આપી હતી જેના કારણે નદીનું વહેણ બદલાતા નદીની અંદરની જીવસૃષ્ટિ અને ઈકોલોજીને નુકશાન થતું હતું.

રાજ્ય સરકારે તે વિસ્તારને તેના મુળ સ્વરૂપમાં પાછો મેળવી જમીનને તેના કુદરતી સ્વરૂપમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરી રાજ્ય સરકાર તે રાજ્યમાં આવેલ કુદરતી સંપત્તિની માલિક નહીં પણ ટ્રસ્ટી છે તેમ ઠરાવ્યું.

### ૩.૬.૧૨ **પ્રદુષણકર્તા ચુકવેનો સિદ્ધાંત**

**એમ. સી. મહેતા વિ. યુનિયન ઓફ ઈન્ડીયા અથવા તાજ ટ્રોપેઝીયમ**
A.I.R. 1999 SC 392.

આ કેસમાં તાજમહેલ નજીકના વિસ્તારમાં આવેલ કારખાનામાં કોલસાના વપરાશના કારણે થતા પ્રદુષણથી તાજમહેલ તેમજ લોકોને નુકશાન થતું હતું.

એમ.સી. મહેતાએ તાજમહેલ રાષ્ટ્રીય સ્મારક હોવાથી તેને વાપરવાની જરૂરિયાત તથા ઉદ્યોગોના વિકાસની જરૂરિયાત ધ્યાનમાં લીધેલ અને આવા કારખાના અને ઉદ્યોગોમાંથી નીકળતા વાયુ પ્રદુષણ ફેલાવતા વાયુઓ અટકાવવા માટે તાકીદ કરી ૧૦૦ દિવસ સુધીની સમય મર્યાદા આપ્યા બાદ કારખાના બંધ કરવાનો અથવા અન્ય કુદરતી ગેસ વાપરવાની તાકીદ કરી હતી.

### ૩.૬.૧૩ **નિરપેક્ષ જવાબદારીનો સિદ્ધાંત**

નિરપેક્ષ જવાબદારી એટલે જેના દ્વારા તેની જાણ બહાર કે જાણ સહિત જેઓ જોખમી પદાર્થના ઉત્પાદનમાં રોકાયેલા હોય અને જે વ્યક્તિએ પોતાના ઉપયોગ અર્થે પોતાની જમીન પર કોઈ એવી વસ્તુ એકત્રિત કરી હોય અને જે નિરંકુશ થઈ જઈ નુકશાન પહોંચાડે તો તેના તમામ પરિણામો માટે તે વ્યક્તિ જવાબદાર છે.

આ સિદ્ધાંત રાયલેન્ડ વિ. ફ્લેચરમાં પ્રસ્થાપિત થયેલ હતો. બાદમાં ભારતમાં પણ ઘણા કેસોમાં તે અપનાવવામાં આવેલ.

# પ્ર ક ર ણ – ૪

# પર્યાવરણ અને પ્રદુષણોની આરોગ્ય પર અસર

## ૪.૧ આરોગ્યની પર્યાવરણલક્ષી સંકલ્પના

પર્યાવરણ સંબંધિત માનવ અધિકારોમાં આજના યુગની આરોગ્યની નવી પરિકલ્પનાઓમાં અધિકાર સંબંધિત બાબતોનો સમાવેશ એ આજના આધુનિક યુગની દેન છે. પર્યાવરણ પ્રદુષણોના આધારે આરોગ્યની આ નવી પરિકલ્પનાઓનો વિચાર કેમ ઉદ્‌ભવ્યો તેની સમજ અહીં મેળવીએ.

આરોગ્યની પરિભાષા 'શરીર' સુધી જ સિમિત હતી. કારણ કે ત્યારની સમજ મુજબ શરીરની રચના અને તેના આંતરિક કાર્યોનો આરોગ્ય સાથે સંબંધ છે તેમ મનાતું તેમાં ખામી કે વિકાર થાય એટલે રોગ થાય જે બધું જ પર્યાવરણ પર આધારીત છે. આમ સમય જતાં સમજ વિકસી અને અધિકારોની જાગૃતિનો વિકાસલક્ષી પવન ફુંકાયો.

જે માનવ શરીરની આંતરિક રચનાઓ અને કાર્યક્ષમતા પર માણસની આસપાસ રહેલા પર્યાવરણ તેની ફરતે વીંટળાયેલા પરિબળો ખુબ જ પ્રભાવ રહે છે તેમાં પ્રદુષણને લીધે તેનામાં વિકાર આવી શકે છે જેના કારણે તે વ્યક્તિનું શારીરિક, માનસિક તેમજ સામાજીક આરોગ્ય અસંતુલિત થઈ શકે છે.

## આરોગ્યના વિવિધ પાસાઓનો પારસ્પરિક સંબંધ

આરોગ્યની પર્યાવરણલક્ષી સંકલ્પનામાં શારીરિક, માનસિક, ભાવનાત્મક અને સામાજીક વાતાવરણ તથા તેમાં રહેલા પરિબળોના ત્રણ સ્થંભ છે. આ ત્રણેયની મજબુતી શુદ્ધ પર્યાવરણને અનુલક્ષીને છે. વળી, પ્રદુષણ પંચકના વિક્ષેપના કારણે રોગ સંભવી શકે છે અને તેના પારસ્પરિક પર્યાવરણના છેદનથી સર્જાતા વિસ્તારને આરોગ્ય સ્તરના સ્વરૂપે ગણી શકાય છે.

આરોગ્ય શારીરિક, માનસિક, ભાવનાત્મક, સામાજીક વાતાવરણ અને શુદ્ધ પર્યાવરણના પરિબળોના પારસ્પરિક સંબંધો અને એકબીજાની અસરથી માનવીના સ્વાસ્થ્ય પર થતી અસરો સરળતાથી સમજાવી શકાય છે. આ સમજ માટે આપણી આજુબાજુમાં રહેલા પર્યાવરણને જોતાં સમજાશે કે પર્યાવરણમાં જો પ્રદુષણ હોય તો તેનાથી વ્યક્તિ શારીરિક રીતે નબળી પડે છે. વળી આસપાસનું વાતાવરણ દુષિત હોય, પાણી, હવા, જમીન પ્રદુષિત હોય, ચોખ્ખા પાણીની અછત અને ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા ન હોય, ચારેકોર ગંદવાડ હોય ત્યાં માંદગી ખુબ જ પ્રમાણમાં હોય છે અને તેમાંય જે શારીરિક રીતે નબળા હોય તેમાં માંદગી ખુબ જ થાય છે જયારે સારું શારીરિક સ્વાસ્થ્ય વ્યક્તિની સરખામણીમાં ઓછા માંદા પડે છે.

વાતાવરણમાં છોડવામાં આવતા કેટલાક પદાર્થોના લીધે વિશ્વના પર્યાવરણ પર થતી વિપરિત અસરોના બનાવો નોંધાયા છે તેમાં મુખ્યત્વે વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ વધવાથી થતી ગ્રીનહાઉસ ઈફેકટ, સલ્ફર ડાયોકસાઈડ વધવાથી થતી તેજાબ વર્ષા તથા કલોરોફલોરો કાર્બન નામના વાયુના લીધે ઓઝોન વાયુમાં થતા ઘટાડાના બનાવો મુખ્ય છે જેના લીધે માનવીય

આરોગ્ય પર ગંભીર અસરો નોંધવામાં આવી છે. ગ્રીનહાઉસ ઈફેકટના લીધે પૃથ્વી પરના તાપમાનમાં વધારો થવાથી ધ્રુવ પ્રદેશોનો બરફ ઓગળવાથી દરિયાના પાણીની સપાટી ઉંચી જવાનો સંભવ રહે છે જયારે તેજાબ વર્ષાનું મુખ્ય કારણ વાતાવરણમાં સલ્ફર ડાયોકસાઈડ વાયુ ભેજ સાથે સંયોજાઈને સલ્ફયુરિક એસિડ બનાવે છે અને તે વરસાદના પાણી સાથે ભળીને તેજાબ વર્ષા થાય છે. આવી પર્યાવરણીય પ્રદુષણોના લીધે ઉદ્‌ભવેલી તેજાબ વર્ષા માનવીય આરોગ્યને ગંભીર હાનિ પહોંચાડીને ભવિષ્યમાં અનિચ્છનીય અને ભયાનક રોગોના શિકાર બનાવે છે.

કલોરોફલોરો કાર્બના વાયુના લીધે પૃથ્વીના વાતાવરણમાં રહેલ ઓઝોન વાયુમાં ઘટાડો થતો હોવાનું જણાયું છે જે ગંભીર બાબત છે. ઓઝોન વાયુમાં ઘટાડો થવાથી ક્ષ-કિરણો સીધે સીધા પૃથ્વીની સપાટી પર આવવાની શકયતા વધે છે અને તેના લીધે કેન્સર તેમજ ચામડીજન્ય અન્ય રોગો થવાની શકયતા રહેલી છે. આ બધા બનાવો પૃથ્વીના સમગ્ર પર્યાવરણ પર વિપરીત અસર કરે છે અને તેના લીધે પૃથ્વી પર માનવીનું અસ્તિત્વ જોખમમાં મુકાવાની શકયતા વધી છે. આવા બનાવોના લીધે પૃથ્વી પરના પર્યાવરણની સમતુલા જળવાઈ રહે તેને સર્વસ્વીકૃત બાબત ગણવામાં આવી છે જેના અનુસંધાને જુન-૧૯૭૨ માં સ્ટોકહોમ ખાતે સંયુકત રાષ્ટ્રસંઘના ઉપૂમે માનવ પર્યાવરણ વિશે ચર્ચા-વિચારણા કરવા એક સભાનું આયોજન કરવામાં આવ્ય હતું જેમાં પૃથ્વી પરના કુદરતી સ્ત્રોતોની જાળવણી માટે બધા જ જરૂરી પગલાંઓ લેવાનું નક્કી કરવામાં આવ્યું હતું તેના અનુસંધાને ભારત સરકારે પાણી પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ અધિનિયમ-૧૯૭૪, હવા પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ અધિનિયમ-૧૯૮૧ અને પર્યાવરણ (સંરક્ષણ) અધિનિયમ-૧૯૮૬ ઘડયા.

## ૪.૨ માનવ પ્રગતિનું વિકૃત સર્જન પર્યાવરણ પ્રદુષણ

પર્યાવરણ પ્રદુષણના કારણે શુદ્ધ હવા તો મળવી જ મુશ્કેલ છે. આથી સલામત અને ચલાવી શકાય તેવી હવાની વાત કરવી અર્થપૂર્ણ છે. સલામતી માટે હવા શુદ્ધ ન હોય તો પણ ચાલે. માનવી શરીરમાં જુદા જુદા પ્રકારની હવાને કે પરિસ્થિતિને અનુકુળ બની જવાની અસાધારણ શક્તિ રહેલી છે જયારે પ્રદુષકોનું પ્રમાણ ખુબ વધી જાય અને જયારે પ્રાણી કે વનસ્પતિ પર તેની વિપરીત અસરો ઉત્પન્ન થાય ત્યારે જ પ્રદુષણ એ ચિંતાનો વિષય બને છે. પૃથ્વી ફરતે લગભગ ૮ મીટર પટ્ટામાં આશરે ૫ અબજ ટન હવા રહેલી છે પરંતુ જયારે અનેકવિધ પ્રદુષકો હવામાં એકસાથે ભળેલા હોય અને તેમનું પ્રમાણ ક્ષમ્ય સપાટી વટાવી જાય છે ત્યારે પર્યાવરણ પ્રદુષણનો પ્રશ્ન ગંભીર રૂપ ધારણ કરે છે.

## ૪.૩ પર્યાવરણના પ્રદુષકનું પ્રમાણ દર્શાવવા બે પદ્ધતિ વપરાય છે

૧–ઘનમીટર હવામાં રહેલા પ્રદુષકનું દળ મિલિગ્રામમાં એટલે કે મિલિગ્રામમાં એટલે કે મિલિગ્રામ પ્રતિ ઘનમીટરમાં એકમમાં ૧૦ લાખ ઘન સેન્ટીમીટર હવામાં રહેલા પ્રદુષકનું કદ ઘન સેન્ટીમીટરમાં એટલે કે ઘન સેન્ટીમીટર / પ્રતિ ઘનમીટર એકમમાં સામાન્ય ઉષ્ણાતામાન અને દબાણે અણુભાર વાયુનું કદ, ૨૭૪૦૦ ઘન સેન્ટીમીટર હોય છે આથી ઉપરાંત બે એકમો વચ્ચે સંબંધ નીચે પ્રમાણે મુકી શકાય.

ઘન સે.મી. / ઘનમીટર મિ.ગ્રા. / ઘનમીટર × ૨૨.૪ (પર્યાવરણ પ્રદુષક વાયુનો અણુભાર ગ્રામમાં).

## **૪.૪ માનવસર્જીત હવાના પ્રદુષકો**

આપણા કારખાના, ઉદ્યોગો અને પાવર સ્ટેશન્સે તો વાતાવરણને ઉકરણડો બનાવી દીધો છે. દિવસ-રાત તેમાં ઘન, પ્રવાહી અને વાયુ સ્વરૂપે તેમાં કચરો ઠલવાતો રહે છે. રાજય દ્વારા કાયદાઓ ઘડવાની સાથે તેનું સ્પષ્ટીકરણ અને અમલીકરણના અભાવે વાતાવરણમાં ગંભીર રોગો ઉત્પન્ન કરતા પ્રદુષકો ભળતા રહે છે જેમાં રાજય દ્વારા આવા કારખાના, ઔદ્યોગિક એકમો સાથે કાયદાકીય નરમતા દાખવવાથી અન્ય મનુષ્યોના સ્વાસ્થ્ય સંબંધી આરોગ્યના અધિકાર તેમજ શુદ્ધ પર્યાવરણના અધિકારોનું હનન દર્શાવવામાં આવે છે.

## **૪.૫ માનવ આરોગ્ય પર અસર કરતાં પર્યાવરણ પ્રદુષકોની અસર નીચે જણાવ્યા મુજબ છે;**

**૧. કાર્બન ડાયોકસાઈડઃ**-જુદા જુદા બળતણોના કારણે કારખાના, વાહનો વગેરે દ્વારા વાતાવરણમાં કાર્બન ડાયોકસાઈડ (અંગાર વાયુ) નો ઉમેરો થતો જાય છે.

**આરોગ્ય પર અસર**ઃ- આંખો બળવી, શ્વાસમાં જવાથી રૂધિરતંત્રની બિમારીઓનું સર્જન થવું, બેચેની અનુભવવી.

**૨. કલોરાઈડ**ઃ- ફોસ્ફેટ, ખાતરો, એલ્યુમિનિયમ, ચિનાઈ માટીના વાસણો વગેરેના ઉત્પાદનમાંથી કલોરાઈડ હવામાં ભળે છે.

**<u>આરોગ્ય પર અસર</u>**:- ક્લોરાઈડનું થોડું પ્રમાણ દાંત અને હાડકાંની મજુબતી માટે જરૂરી છે તેનું પ્રમાણ વાતાવરણમાં વધી જાય તો હાડકાં બરડ બની જાય.

## ૪.૬ પર્યાવરણના પ્રદુષકોની આરોગ્ય પર માઠી અસરો

ઔદ્યોગિકરણ સાથે આવી રહેલા હવા પ્રદુષણના ભયસ્થાનો અનેકગણા વધતાં જાય છે. વધતાં પ્રદુષણના કારણે શહેરના લોકોની તંદુરસ્તી ખબર ન પડે તેમ ધીરે ધીરે ચોક્કસ રીતે ભયગ્રસ્ત બનતી જાય છે. પ્રદુષણની અસર એ ઘરડાં અને બાળકો તથા માંદગીના કારણે કમજોર બનેલા લોકો પર સવિશેષ થાય છે. પ્રદુષિત હવામાંના રજકણો નાક, ગળા કે ફેફસામાં જમા થાય છે તેમાંથી અનેક પ્રકારના રોગો થાય છે જે નીચે મુજબ છે;

- એલર્જી.
- ન્યુમોનિયા.
- ફેફસાના રોગો.
- માથાનો દુઃખાવો.
- હૃદય રોગ.
- અન્ય શારીરિક રોગો.

વળી આ પ્રદુષણના કારણે થતાં સઘળા દ્રશ્ય અદ્રશ્ય નુકશાનનો કોઈ જ અવાજ નથી જેમાં માનવ અધિકારોનું રક્ષણ જ એકમાત્ર વિકલ્પ છે.

કેટલાક સામાન્ય રોગો (Some common diseases)

Pathogen (રોગાણુ) : રોગ ઉત્પન્ન કરનારા સૂક્ષ્મ જીવોને રોગાણુ કહે છે.

**પેથોજન**:- માનવ શરીરમાં ખોરાક, પાણી, હવા કે દર્દીના સંપર્ક દ્વારા પ્રવેશે છે. કાપા પડેલ ચામડીમાંથી પણ રોગાણુ શરીરમાં પ્રવેશી શકે છે. પેથોજન માનવ શરીરમાં દાખલ થાય તો પણ માનવ શરીરની રોગ પ્રતિકારક શક્તિના કારણે રોગ લાગુ પડે છે એવું નથી.

## ૪.૭ સૂક્ષ્મ જીવો દ્વારા થતા રોગો બે વિભાગમાં વહેંચી શકાય

૧. **સંસર્ગજન્ય રોગો**:- સ્પર્શ દ્વારા ફેલાતા રોગોને સંસર્ગજન્ય રોગો કહે છે. ઓરી, અછબડા, દાદર જેવા ચામડીના રોગો દર્દીના સીધા સંસર્ગમાં આવવાથી થઈ શકે છે.

૨. **બિનસંસર્ગજન્ય રોગો**:- દર્દીના સીધા સંસર્ગ સિવાય થતાં રોગોને બિનસંસર્ગજન્ય રોગો કહે છે. આ રોગો દુષિત ખોરાક અને પાણી દ્વારા દર્દીના થુંક, ગળફા, ઉધરસ દ્વારા તેમજ વાહકો દ્વારા ફેલાય છે.

## ૪.૮ પ્રજીવથી થતા રોગો

૧. **મલેરિયા**:- ભારતીય ઉપખંડમાં પ્લાઝમોડિયમ વાયવેકસ મેલેરિયા માટે કારણભુત પ્રજીવ છે. પ્લાઝમોડિયમ ફાલ્સીપેરમ પ્રજીવથી પણ મેલેરિયા થાય છે. આ પ્રજીવ ઘણું ખરું આફ્રિકા અને ન્યુગિનિમાં મલેરિયા રોગ કારણભૂત છે. એનોફિલસ જાતની માદા મચ્છર કરડવાથી તેની લાળ દ્વારા આ પ્રજીવ

આપણા શરીરમાં દાખલ થાય છે જે આ રોગ માટે કારણભૂત છે. પુષ્કળ ટાઢ વાઈને તીવ્ર પ્રમાણમાં ચઢતો તાવ શરીમાં કળતર વગેરે આ રોગના મુખ્ય લક્ષણો છે.

આ રોગ ન થાય તે માટે મચ્છરોનો ઉપદ્રવ અટકાવવો જોઈએ. મલેરિયાનું નિદાન થયા પછી તાત્કાલિક ડોકટરની સલાહ સુચન મુજબ ઉપાયો શરૂ કરી દેવા જોઈએ જેમાં નાગરીકોના આરોગ્યની જાળવણી એ લોકહિતાર્થે તથા અનિવાર્ય કાર્ય હોય રાજય દ્વારા ખાસ પ્રકારના જાહેર કાર્યૂમો તથા જાગૃતિ સભર પ્રણાલિ દ્વારા માનવ અધિકારોના રક્ષણ સંદર્ભે રક્ષણાત્મક પ્રયિાઓ આરોગ્યના સંવર્ધન માટે અમલી બનાવવી જોઈએ.

૨. **મરડો**:- આંત્રમાર્ગનો રોગ છે. એન્ટેમીબા હિસ્ટોલાઈટીકા પ્રજીવ મરડા માટે કારણભૂત છે. દુષિત પાણી અને ખોરાકથી આ રોગ થાય છે. દર્દીને ચૂંક આવે, પુષ્કળ ઝાડા થાય, ઝાડામાં લોહી અને પરુ પડે વગેરે આ રોગના મુખ્ય લક્ષણો છે. દર્દીને ડોકટરી સલાહ સુચન મુજબ સારવાર આપવી જોઈએ.

## ૪.૯ બેકટેરિયા દ્વારા થતા રોગો

૧) કોલેરા.
૨) ક્ષય.
૩) ટાઈફોઈડ.
૪) રકતપિત.

આ રોગો અટકાવવા માટે કોઈ જ રસી ઉપલબ્ધ નથી. ફકત કેટલીક અસરકાર દવાઓ તેના માટે શોધાઈ છે.

## ૪.૧૦ વાઈરસથી થતા રોગો

૧) શરદી.

૨) અછબડા.

૩) પોલીયો.

૪) હડકવા.

ગ્રામીણ ક્ષેત્રમાં આવા રોગો પાણી પ્રદુષણ તેમજ ગંદકીને લીધે થતા હોય છે તેના માટે અભણ વ્યક્તિઓને જાહેર ગ્રામસભા તેમજ પંચાયતના સુવ્યવસ્થિત પ્રણાલિ દ્વારા રોગો અંગે જાગૃતતા આપી આવા રોગોનો ભોગ ન બને તે માટે તેમને તકેદારીઓ કેવી રીતે કેળવવી તેમજ તેમના આરોગ્યના અધિકારો કેવા પ્રકારના છે? અને તેનું સાચું ન્યાયિક રક્ષણ આરોગ્યના સંદર્ભમાં કેવી રીતે મેળવી શકે તે શૈક્ષણિક કાર્યો દ્વારા પણ આપી શકાય.

આમ પર્યાવરણ પ્રદુષણથી માનવીય આરોગ્યને અસર કરતી પરિસ્થિતિઓને દર્શાવી તેનું યોગ્ય રૂપે તાદ્રશ સ્વરૂપ દર્શાવી શકાય.

## ૪.૧૧ આરોગ્ય પર ખતરારૂપી સમસ્યાઓનું નિરૂપણ

૧૯૨૮ માં જીવાણુ રોગોનું નિયંત્રણ કરતી દવાઓ શોધાઈ તે પહેલાં પણ કેટલાક ચેપી રોગો જેવા કે ટી.બી., મલેરિયા, કોલેરા, ઝાડા, ઉલટી, વરાધ, ખસ, કૃમિ, ધનુર, બાળલકવા જેવા ચેપી રોગોનું પ્રમાણ ઘટવા માંડયું હતું તેનું કારણ ઔદ્યોગિક ્રાંતિને લીધે શિક્ષણ પ્રસાર વધ્યો તેના પગલે પર્યાવરણમાં પ્રદુષણો ભળવાથી ઘણાં ફેરફારો થયા. આ પ્રદુષણોને લીધે ચેપી રોગોને

અટકાવવા અને નિયંત્રણ માટે દવાઓ કરતાંય પર્યાવરણની જાળવણીએ મહત્વનો ભાગ ભજવ્યો.

આપણે વડિલોના મોઢે 'ગંદવાડ ત્યાં મંદવાડ' એ સૂત્ર સાંભળ્યું હશે. ઘરડાઓના આ અનુભવા પણ સારા સ્વાસ્થ્યની પ્રાપ્તી માટે પર્યાવરણની સ્વચ્છતા જાળવવાની શિક્ષા સુચવે છે. આપણે આ આરોગ્યની પર્યાવરણીય સંકલ્પનાને અનુસરવું જ રહ્યું. વળી પર્યાવરણ એ કઈ રીતે આપણા આરોગ્ય પર અસર કરે છે તે જોવું ખાસ જરૂરી છે. આમ આપણે પર્યાવરણમાં પ્રવર્તતા પરિબળોને ઓળખીએ અને તે જનસાધારણને કઈ રીતે અસર કરે તે જોઈએ.

## ૧. **ગ્રામીણ વિસ્તારમાં પ્રવર્તમાન પર્યાવરણની સમસ્યાઓ**

એ) પીવાના સલામત પાણીની કમી.
બી) ગંદા પાણીના નિકાલની વ્યવસ્થાનો અભાવ.
સી) ખુલ્લામાં મળત્યાગની પ્રથા.
ડી) કચરો-મળના નિકાલનો અભાવ.
ઈ) કાચા અને અસલામત મકાનો.

## ૨. **ઝુંપડપટ્ટીમાં જોવા મળતી પર્યાવરણીય આરોગ્ય સંબંધી સમસ્યાઓ**

એ) પીવાના સલામત પાણીની કમી.
બી) ગંદા પાણીના નિકાલની વ્યવસ્થાનો અભાવ.
સી) જાજરૂ તથા મળ નિકાલનો અભાવ.

ડી) નાના અને હવા ઉજાસ વગરના મકાનો.

ઈ) વસ્તીની ગીચતા.

એફ) અપુરતી સ્વચ્છ હવા.

જી) ગંદકીની જગ્યાઓની વધુ સંખ્યા.

એચ) જયાં ત્યાં પડેલો ગંદો કચરો.

## ૪.૧૨ પર્યાવરણ પ્રદુષણની આ વિષમ પરિસ્થિતિઓના લીધે એ વિસ્તારના જનસાધારણના સ્વાસ્થ્ય પર થતી અસરો નીચે મુજબ જણાવી છે

એ) ઝાડા-ઉલટી, કોલેરા, કમળો, ટાઈફોઈડ, બાળલકવા જેવા પાણીજન્ય રોગો.

બી) દાદર, ખુજલી, ખસ, ગુમડા જેવા વ્યકિતગત સ્વચ્છતા સંબંધિત રોગો.

સી) મલેરિયા, ડેન્ગ્યુ, ચિકન ગુનિયાનો તાવ તેમજ મલેરિયા જેવા મચ્છરોના કારણે ફેલાતી બિમારીઓ.

ડી) પ્લેગ, લેપ્ટોસ્પાયરોસીસ જેવા ઉંદરથી થતા રોગો.

ઈ) ટી.બી., શરદી, ખાંસી, ઓરી, અછબડા, વરાધ જેવા વસ્તીની ગીચતના કારણે ઝડપથી પ્રસરતા રોગો.

ઉપર જણાવેલા રોગો પ્રમાણમાં ગ્રામીણ અને ઝુંપડપટ્ટીના વિસ્તારના લોકોમાં જોવા મળે છે જેના કારણે તેઓ વારંવાર માંદગીના શિકાર બને છે જેથી તેમના કામના કલાકો ઘટે છે. સરવાળે તેના કારણે થતું ઉત્પાદન કાર્ય ઘટે છે. આમ આ વિસ્તારના લોકો શારીરિક રીતે નબળું આરોગ્ય ધરાવતા હોવાથી

ટૂંકી જિંદગી જીવે છે. જે જીવનના માનવ અધિકારનના સંદર્ભમાં માનવ અધિકારનું ખુલ્લેઆમ રાજયનું બેજવાબદારીપૂર્વકનું વલણ દર્શાવે છે. તેમને યોગ્ય રોગ નિવારણ સારવાર, દવા તથા યોગ્ય ચિકિત્સકોની સેવાઓથી વંચિત રહેવું પડે છે જેના લીધે બંધારણમાં દર્શાવવામાં આવેલ મુળભુત અધિકારોનું યોગ્ય કાયદાકીય અમલીકરણ ન હોવાના લીધે તેમના મુળભુત અધિકારોનું રક્ષણાત્મક કવચ પ્રાપ્ત થતું નથી જેથી તેમને પોતાના આરોગ્યના માનવ અધિકારોથી વંચિત રહેવું પડે છે જેથી અન્ય વિસ્તારના લોકોના વિકાસની રૂપરેખાઓથી સાવ અલગ પ્રકારની તેમજ વિપરીત જીવનશૈલી જીવવા માટે મજબુર થવું પડે છે.

# પ્ર ક ર ણ – ૫

# પર્યાવરણની જાળવણી અને પર્યાવરણ ઘટકોની જરૂરિયાત

## ૫.૧ પર્યાવરણીય સમસ્યાઓ અંગે જાગૃતિ

પર્યાવરણીય સમસ્યાઓ માટે વિશ્વસ્તરે સૌપ્રથમ જાગૃતિ ૧૯૭૨ માં આવી. સ્વીડનના સ્ટોકહોમ શહેરમાં પ્રથમ વખત 'પૃથ્વી પરિષદ'નું આયોજન થયું જેમાં માનવીય પર્યાવરણ અંગે ચર્ચા થઈ. ત્યારબાદ ૧૯૯૨ માં બ્રાઝિલના પાટનગર રીઓ ડી જાનેરોમાં વૈશ્વિક સ્તરે પરિષદનું આયોજન થયું જેમાં અનેક દેશોની સરકારોએ તથા બિનસરકારી સંસ્થાઓએ ભાગ લીધો. સંયોષિત વિકાસના ખ્યાલ આ પરિષદ બાદ જાણીતો બન્યો. ત્યારબાદ ૧૦ વર્ષ પછી ૧૯૮૨ માં દક્ષિણ આફ્રિકાના પાટનગર જોહનિસબર્ગમાં પર્યાવરણ અંગે દસ વર્ષમાં થયેલ પ્રગતિનું મૂલ્યાંકન કરવા બધા ભેગા થયા.

આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સ્તરે પર્યાવરણીય જાગૃતિ અને જાળવણી માટે ચળવળો અને સમજુતીઓ થઈ રહી છે. ઓઝોનના સ્તરનું ગાબડું, પરમાણુ કચરાનો નિકાલ અને જૈવિક વિવિધતાની જાળવણી માટે વૈશ્વિક સમજુતીઓ થઈ છે. દેશની રાષ્ટ્રીય આવકની ગણતરીમાં પણ પર્યાવરણને થતા નુકશાનો અને તેમાં આવેલ હકારાત્મક પરિવર્તનોને ધ્યાનમાં લઈને 'હરીયાળી રાષ્ટ્રીય આવક'નો ખ્યાલ પણ ૂમશઃ વિકસતો જાય છે. હરિયાળી રાષ્ટ્રીય આવકમાં વિકાસને કારણે પર્યાવરણને થતું નુકશાન તથા નવી ટેકનોલોજીના કારણે પર્યાવરણને થતો લાભ બન્નેનો ચોખ્ખો લાભ ધ્યાનમાં લેવામાં આવે છે.

## ૫.૨ આર્થિક વિકાસ અને પર્યાવરણીય ગુણવત્તા

અગાઉ જોયા મુજબ આર્થિક વિકાસના પ્રારંભના તબક્કામાં વિવિધ હેતુઓ માટે પર્યાવરણની માંગ થતી રહે છે. પરિણામે પર્યાવરણની ગુણવત્તા ઘટે છે પરંતુ વિકાસની સાથે પ્રજાનું જીવનધોરણ ઊંચું જતાં આ માંગને સંતોષવા માટે પર્યાવરણમિત્ર ટેકનોલોજી અને તે દ્વારા ઉત્પન્ન થતી વસ્તુઓની વપરાશ વધતાં પર્યાવરણીય ગુણવત્તા સુધરે છે. આમ વિકાસના પ્રારંભિક તબક્કામાં પ્રદુષણમાં વધારો અને ત્યારબાદ તેમાં ઘટાડો થાય છે. આર્થિક વિકાસના તબક્કા સુધી પ્રદુષણનું પ્રમાણ પણ વધતું જાય છે. જેટલા પર્યાવરણ પ્રદુષણના મહત્તમ પ્રમાણમાં ત્યાર બાદ તેમાં ઘટાડો થાય છે અને આ સામાન્ય રીતે વિકસતા દેશોનો વિકાસ વિકસિત દેશોને સ્પર્શે છે.

## ૫.૩ પર્યાવરણીય નીતિ અને તેના ઘટકો

પર્યાવરણ અને વિકાસ અંગેની ચર્ચામાં બન્ને પક્ષે અંતિમવાદીઓ જોવા મળે છે. આત્યંતિક પર્યાવરણવાદી ગમે તે ભોગે પર્યાવરણને જાળવવા ઈચ્છે છે તો વિકાસને બધા રોગોની ગુરૂચાવી માનનારાઓ પર્યાવરણના ભોગે પણ વિકાસને પ્રાપ્ત કરતાં અચકાતા નથી પરંતુ આ બન્નેમાંથી કોઈપણ પક્ષે સંપૂર્ણ સત્ય રહેતું નથી. અહીં સમાધાનકારી વલણ સ્વીકારીને પર્યાવરણ અને વિકાસ વચ્ચેનો વિકલ્પ વિનિમય સમજવો રહ્યો. વિકલ્પે વિકાસ કરવો તો સાથે સાચે કેવું પર્યાવરણ કેવી રીતે સાચવવું? આ પ્રશ્નોના જવાબ પર્યાવરણીય નીતિ આપે છે. પર્યાવરણીય ગુણવત્તાના ઈચ્છનીય સ્તર અને વાસ્તવિક સ્તર વચ્ચેનો તફાવત હોય તો અર્થતંત્રમાં પર્યાવરણીય નીતિ જરૂરી છે તેમ કહી શકાય.

પર્યાવરણીય નીતિ એટલે એવી નીતિ કે જેના કારણે ઉત્પાદન અને ઉપભોગની તરેહમાં પરિવર્તન આવે અને પર્યાવરણના ઈચ્છનીય તથા વાસ્તવિક સ્તર વચ્ચેનો તફાવત શકય તેટલો ઓછો થાય. જો કે કેટલાક બિનપરિવર્તનીય જોખમો તો ટાળવા જ રહ્યા જેમ કે એશિયાના સિંહનું અસ્તિત્વ ટકાવી રાખવું પરંતુ પર્યાવરણના અન્ય જોખમોનું આર્થિક મૂલ્યનિર્ધારણ કરીને પર્યાવરણીય નીતિ નક્કી થવી જોઈએ ત્યારબાદ આ જાતિના અસરકારક અમલ થાય તે જોવું પણ જરૂરી બને છે.

## <u>૫.૪ પર્યાવરણીય નીતિના મુખ્ય ઘટકો</u>

### ૧. <u>વિકેન્દ્રીત નીતિ</u>

પર્યાવરણીય પ્રદુષણની સાથે, સંબંધિત વ્યક્તિ / પેઢીને આપમેળે રસ્તો આપનાર નીતિ. કયારેક રૂઢિગત તો કયારેક કાયદાકીય રીતે સરકારે જે સમાજે બનાવેલા નિયમોનું પાલન ન કરનારને દંડ કરવામાં આવે છે. એક ઉદાહરણ દ્વારા તે વધારે સ્પષ્ટ કરીએ.

ધારો કે એક સરોવરના આજુબાજુ કેટલાક ઔદ્યોગિક એકમો આવેલા છે. એક એકમ સરોવરના પાણીનો ઉપયોગ કરીને ખાદ્યપદાર્થોનું ઉત્પાદન કરે છે તો બીજો એકમ પોતાનો કચરો પાણીમાં ઠાલવે છે. પ્રશ્ન એ છે કે, આ પરિસ્થિતિમાં સરોવરના પાણીની ગુણવત્તાની જાળવણી કેવી રીતે કરવી? કોઈક સત્તા દ્વારા પાણીની ગુણવત્તા નક્કી કરવામાં આવે તો પછી પાણીની ગુણવત્તાની જાળવણીનું કામ એકમોનું રહેશે. જો એકમો પાણીની ગુણવત્તા નહીં જાળવે તો તેઓ તેમની જવાબદારી નહીં સમજે તો પછી તેમણે પાણીની ગુણવત્તામાં ઘટાડાના કારણે થતા નુકશાનનું વળતર ચૂકવવાનું રહેશે. આમ અહીં પેઢી પર કશું

ફરજીયાતપણે લાદવામાં આવતું નથી પરંતુ પેઢીનું વલણ પાણીની નક્કી કરેલી ગુણવત્તા જાળવવા માટે જરૂરી પ્રયત્નો કરવાનું રહે છે. કયારેક નૈતિકતાના ધોરણે તો કયારેક સમાજના દબાણના કારણે પણ પેઢી નક્કી કરેલ ધોરણો સ્વીકારે છે.

## ૨. <u>કેન્દ્રીત નીતિ</u>

સમાજસ્વીકૃત વર્તણુંક માટે રાજય સત્તા ધોરણો ઘડે છે અને આ ધોરણોનો અસ્વીકાર સજામાં પરિણમે છે.

- આ નીતિને ‘આદેશ અને નિયંત્રણ’ ની વ્યૂહરચના પણ કહેવાય છે.
- ધોરણ એટલે કાયદા દ્વારા સમર્થન પામેલું કામગીરીનું નિશ્ચિત સ્તર.
- વાહનની નિશ્ચિત ગતિ પણ એક ધોરણ છે.
- શાળાની નજીકના વિસ્તારમાં ૪૦ કિ.મી. કરતાં વધારે ઝડપથી વાહન ચલાવવા પર પ્રતિબંધ હોય અને ઝડપથી વાહન ચલાવતાં પકડાઈ જનારને સજા થાય તે કેન્દ્રીત નીતિનું ઉદાહરણ છે. અહીં વાહનની ગતિ નક્કી કરાયેલ અને કાયદા દ્વારા સમર્થન પામેલું ધોરણ છે.
- તે જ રીતે પર્યાવરણના સંદર્ભમાં પ્રદૂષણ ઉત્સર્જન કરવા માટે નક્કી થયેલા ધોરણ કરતાં વધારે માત્રામાં પ્રદુષણ પેઢી માટે સજારૂપ બની રહે છે.

## ૩. <u>કિંમત માપ બંધી</u>

- કોઈપણ વસ્તુ / સેવાના ઉત્પાદન માટે કિંમત ચુકવવી જરૂરી છે. વિનામૂલ્યે કશું જ પ્રાપ્ત થઈ શકે નહીં.

- આ બાબત પર્યાવરણ માટે પણ સાચી છે.
- પર્યાવરણમાં કચરાના નિકાલ માટે ચૂકવવી પડતી કિંમત 'ઉત્સર્જન કર' તરીકે ઓળખાય છે.
- જો પેઢી હવા, પાણી કે જમીન પર કચરાનો નિકાલ કરે તો તેને પર્યાવરણને પ્રદુષિત કરવા માટે વધારાનો ખર્ચ ભોગવવો પડે છે.
- બીજી તરફ પર્યાવરણમાં નુકશાન ન થાય તેવી પદ્ધતિથી ઉત્પાદન કરવા માટે કિંમતમાં રાહત અપાય છે જેને સબસીડી કહે છે.
- આ નીતિના પરિણામે પર્યાવરણને ઓછું નુકશાન થાય તેવી ટેકનોલોજી જેને પર્યાવરણમિત્ર Eco-Friendly ટેકનોલોજી કહેવાય છે. જેનાથી નવી પેઢીને પ્રોત્સાહન મળે છે.

## ૪. <u>જથ્થા માપ બંધી</u>

- પ્રદુષણના સ્વીકાર્ય ધોરણના સંદર્ભ માટે વેચાણપાત્ર પરવાનાઓનું પ્રમાણ નક્કી કરીને તેની ફાળવણી કરવામાં આવે છે.
- જે પેઢી ઓછું પ્રદુષણ કરતી હોય તે પેઢી પોતાની પાસેના પરવાના ઓછું પ્રદુષણ કરતી પેઢીને કાયદેસર વેચી શકે છે અને આવક મેળવી શકે છે.
- પરવાનાઓનું પ્રમાણ નક્કી હોવાથી પ્રદુષણનું પ્રમાણ નિશ્ચિત રહે છે. ઉત્પાદન વધવા છતાં તેમાં વધારો થતો નથી.
- આ નીતિના કારણે પણ પેઢીને ઓછું પ્રદુષણ કરતી ટેકનોલોજીને સ્વીકારીને પોતાના ભાગના પરવાના વેચી આવક સર્જન માટેનું પ્રોત્સાહન મળી રહે છે.

પર્યાવરણ નીતિના આ ઘટકો વિકાસશીલ દેશોમાં મોટા પાયે જોવા મળતાં નથી. આ દેશોમાં પર્યાવરણ અંગેની જાગૃતિ ધીમે-ધીમે આવી રહી છે. પરિણામે ઉપર જણાવેલ ઘટકો વિકસિત દેશોમાં વધારે અસરકારક છે. ભારત માટે એટલું તો જરૂર કહી શકાય કે પર્યાવરણને લગતી સ્થાનિક થી લઈ વૈશ્વિક સ્તરની સમસ્યાઓ માટેની સમજણ તથા સજ્જતા લાવવી અત્યંત જરૂરી છે. આ સમસ્યા માત્ર આર્થિક જ નથી પરંતુ નૈતિક મૂલ્યો સાથે પણ જોડાયેલ છે. સમાજમાં પર્યાવરણ માટેની યોગ્ય નિસ્બત સર્જીને સામુહિક પ્રયાસ કરવામાં આવે તો આવનારી પેઢીની જરૂરિયાતોની ક્ષમતાને નુકશાન પહોંચાડયા સિવાય આપણી જરૂરિયાતોને સંતોષી શકાય. આમ સંતોષિત વિકાસની પર્યાવરણ સંબંધી સંકલ્પના સાકાર થઈ શકે.

# પ્ર ક ર ણ – ૬

# પર્યાવરણ સુરક્ષા અંગે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદાકીય જોગવાઈઓ

## પર્યાવરણ સુરક્ષા અંગેનો આંતરરાષ્ટ્રીય અભિગમ

### ૬.૧ પર્યાવરણ પ્રદુષણ એક વૈશ્વિક સમસ્યા

વિશાળ અર્થમાં કહીએ તો પર્યાવરણને પ્રદુષણ એ આજની વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસની ઉત્પતિ ગણાવી શકાય. આપણે જાણીએ છીએ કે, જાપાનના મહાનગરો એવા હીરોશીમા અને નાગાસાકી શહેરમાં નખાયેલ અણુબોમ્બથી હજારો નિર્દોષ માનવી મોતને પામેલ હતા અને હાલમાં તેની અસરયુકત બાળકો જન્મ લે છે એટલે કે આજે આટલા વર્ષો પછી પણ ભારે અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સમસ્યા ઉભી થયેલ છે. ૧૯૬૭ માં તેલનું એક ટેન્કર ડુબી જવાથી સમુદ્રમાં ૬૦,૦૦૦ ટન તેલ ઠલવાયું હતું. ઈરાન યુદ્ધ દરમ્યાન પણ આવા પ્રદુષણના બનાવો બન્યા છે.

પર્યાવરણીય સમસ્યા સમસ્ત મનુષ્ય જાતિની સમસ્યા છે. જો કોઈ એકાદ દેશ વિશ્વના પર્યાવરણને દુષિત કરે તો તેનાથી બીજા દેશોને અસર પહોંચે છે. એસિડના દ્રવ્યોની વર્ષા, ઓઝોનના આવરણમાં કાણું, જળ સંપત્તિનો વિનાશ, સમુદ્રના પાણીનું રક્ષણ, વન્ય વનસ્પતિનો વિનાશ વગેરેની સમગ્ર જગતને ખુબ જ ગંભીર પરિણામો ભોગવવા પડે છે.

આપણે જાણીએ જ છીએ કે, પર્યાવરણનું પ્રદુષણ વિશ્વવ્યાપી સમસ્યા બનેલ હોવાથી આંતર રાષ્ટ્રીય કક્ષાએ પણ તેના માટે નિયમો હોય છે. આંતરરાષ્ટ્રીય કાયદાનો પાયાનો કે મુળ સિદ્ધાંત છે કે ‘એક રાજયની સીમામાં થતી પ્રવૃત્તિથી બીજા રાજયમાં પાણી, હવા કે સમુદ્રમાં પ્રદુષણ ન થાય’ અને તે જોવાની દરેક રાજયની ફરજ છે. દરેક વ્યકિત કે રાજયે પોતાના અધિકારનો ઉપયોગ બીજી વ્યકિત કે રાજયના અધિકારોને હાનિ પહોંચે તે રીતે ન કરવો જોઈએ.

## ૬.૨ પર્યાવરણ એક માનવ અધિકાર અંગેનો આંતરરાષ્ટ્રીય અભિગમ

## ધ કોન્વેન્ટ ઓન ઈકોનોમીકસ સોશ્યલ એન્ડ કલ્ચરલ રાઈટ્સ

ધ કોન્વેન્ટ ઓન ઈકોનોમીકસ સોશ્યલ એન્ડ કલ્ચરલ રાઈટસમાં કામ કરવાનો અધિકાર, કામ કરવા માટે યોગ્ય અને સાનુકુળ વાતાવરણનો અધિકાર, પોતાના પરીવાર સાથે વ્યવસ્થિત રીતે જીવનનો અધિકાર, સુરક્ષિત અને સ્વસ્થ વાતાવરણમાં કામ કરવાનો અધિકાર દરેઢક વ્યકિતને યોગ્ય જીવન જીવવાનો અધિકાર જેમાં ખોરાક, કપડાં અને રહેણાકનો અધિકાર અને તેમાં હંમેશા સુધારો થાય તેવો અધિકાર અને અંતમાં દરેક વ્યકિત સર્વોચ્ચ રીતે પોતાની શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માણી શકે તેવો અધિકાર આપવામાં આવ્યો છે. આ અધિકારોના રક્ષણ માટે રાજયની આર્થિક અને સામાજીક સ્થિતિ ઉપર ઘણો મદાર રહેલો છે અને પર્યાવરણની સાથે સીધો સંબંધ ધરાવે છે. પ્રદુષિત પર્યાવરણ વ્યકિતના કામ કરવાની તાકાત ઘટાડી નાખે છે. ઈકોલોજીકલ સમતુલામાં ખુબ જ મોટા અને અણગમતા બદાલવો આવ્યા છે અને કુદરતી

સંપદાઓનું ખુબ જ મોટા પાયે વિનાશ અને નુકશાન થયેલું છે. આના કારણે વ્યક્તિની શારીરિક, માનસિક અને સામાજીક સ્વાસ્થ્યને ખુબ જ ગંભીર અસર થયેલ છે. આ માનવ સર્જીત પર્યાવરણ જેમાં ખાસ કરીને જીવવાનું અને કામ કરવાના પર્યાવરણને બદલાવને લીધે માનવ અધ્કિાર ઉપર ખુબ જ મોટી અસર થઈ છે.

## કોવેન્ટ ઓન સિવિલ એન્ડ પોલીટીકલ રાઈટ્સ

કોવેન્ટ ઓન સિવિલ એન્ડ પોલીટીકલ રાઈટ્સ આર્ટીકલ કલમ ૬ (૧) માં આપવામાં આવેલ જોઈએ તો તેની અંદર ખોરાક, રહેઠાણ, કપડાં, ભણતર, સ્વાસ્થ્યની રક્ષા અને સુરક્ષિત અને સુવ્યવસ્થિત પર્યાવરણ વગેરે અધિકારોનો સમાવેશ થાય છે. આ બધી પાયાની જરૂરિયાતો છે જે માનવી પાસે હોવી જોઈએ.

આ અધિકારો વગર માનવી પોતાની અસ્મિતા અને માન સાથે જીવી ન શકે, સ્વસ્થ અને વ્યવસ્થિત પર્યાવરણ એ માનવ ગરીમા અને અસ્મિતા જાળવવા માટે એટલી જરૂરી છે જેને કારણે તેને એક માનવ અધિકાર સ્વરૂપ આપવામાં આવ્યું છે. આ બાબતમાં ડો. નાગેન્દ્રસિંહે સાચું જ નોંધ્યુ છે કે,

‘‘એનો શાંતિથી અને સ્વચ્છ, સ્વસ્થ અને યોગ્ય પર્યાવરણમાં જીવવાનો અધિકારનો સીધો સંબંધ એના મુળભુત અસ્તિત્વ સાથે સંકળાયેલો છે. આવી સ્થિતિ કે જે માનવ અસ્તિત્વના મૂળમાં અસર કરતી હોય તેને નિઃસંદેહ એક મુળભુત અધિકાર જ કહેવો જોઈએ.’’

આમ પર્યાવરણને માનવ અધિકાર સાથે નજીકનો સંબંધ છે અથવા એમ કહી શકાય કે સ્વસ્થ પર્યાવરણ એ માનવ અધિકાર છે. માનવ અધિકાર જયારે વ્યક્તિની સ્વાભાવિક ગરીમામાંથી ઉત્પન્ન થાય છે તો પર્યાવરણનો કાયદો એ માનવ ગરીમાને કઈ રીતે જાળવી રાખવી તે અંગેના નિયમોનું સર્જન કરે છે. માનવીને પ્રદુષિત પર્યાવરણમાં પોતાની ગરીમાને બચાવી રાખવી અથવા તેનું રક્ષણ કરવું તે લગભગ અશકય બાબત છે અને એના માટે પર્યાવરણને વ્યક્તિની માનસિક અને શારીરિક સ્વાસ્થ્યને સુધારવા માટે નહીં પણ જાળવી રાખવા માટે પણ રક્ષણ કરવું જોઈએ અથવા થવું જોઈએ. જે વ્યક્તિ પ્રદુષિત પર્યાવરણમાં જીવે છે તે પોતાની શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય અને આનંદની કલ્પના પણ કરી શકતો નથી પણ આ ઉપર અંગે માનવીના જીવન અંગેનો વિચાર જ થયો ન હતો. માનવ અધિકાર અંગેની વિશ્વઘોષણા અને બન્ને આંતરરાષ્ટ્રીય કોન્વેનન્ટમાં એક પણ જગ્યાએ પર્યાવરણના રક્ષણની વાત અથવા જોગવાઈ કરવામાં આવતી નથી. આ અંગે સર્વપ્રથમ વખત ૧૯૬૮ માં સ્વીડીસ ડેલીગેશને આર્થિક અને સામાજીક સમિતિને એક કોન્ફરન્સ બોલાવવાની સલાહ આપી આનાથી પ્રેરણા લઈને સામાન્ય સભાએ ૧૯૬૮ માં માન્ય પર્યાવરણ અંગે એક કોન્ફરન્સ ભરવાનું બીડું ઝડપ્યું.

## રીયો ડી જાનેરો કોન્ફરન્સ ૧૯૯૨

૧૯૯૨ માં રીયો ડી જાનેરો ખાતે અર્થ સમિતિનું આયોજન કરવામાં આવ્યું જેમાં પર્યાવરણ અને વિકાસની ચર્ચા કરવામાં આવેલી અને આ કોન્ફરન્સના અંતે સિદ્ધાંતોની ઘોષણા કરવામાં આવેલી જેમાં સંતુલીય વિકાસ અને પર્યાવરણના રક્ષણ માટેની જોગવાઈઓ કરવામાં આવેલ હતી જેમાં એમ સ્વીકાર કરવામાં આવેલ કે વિકાસના અધિકાર એવી રીતે પૂર્ણ થવો જોઈએ

જેમાં પર્યાવરણની આજની પેઢી અને ભાવિ પેઢીની જરૂરિયાતને પણ ધ્યાનમાં રાખવી જોઈએ.

આ ઘોષણા પત્રમાં દરેક રાષ્ટ્રને પોતાના કાયદાઓમાં પર્યાવરણના રક્ષણ અંગેના કાયદા ઘડવા, પર્યાવરણના ધોરણ નક્કી કરવા વગેરે પર્યાવરણની રક્ષણની જોગવાઈ કરવા હાકલ કરવામાં આવી હતી.

આ ઉપરાંત આ ઘોષણાપત્રમાં એક મહત્વના સિદ્ધાંતનો સ્વીકાર કરવામાં આવ્યો હતો જેને ''પ્રદુષકો ચૂકવો'' સિદ્ધાંત તરીકે આપણે ઓળખીએ છીએ જે સિદ્ધાંતમાં એવી વાત કરવામાં આવી છે કે જે ઉદ્યોગ પ્રદુષણ ફેલાવે છે તે જ ઉદ્યોગો પ્રદુષણને કારણે પર્યાવરણને થતું નુકશાનની કિંમત ચુકવવી જોઈએ. આ સિદ્ધાંતથી ઘણા ઉદ્યોગો બેલગામ પ્રદુષણ ફેલાવતા હતા તેમાં નિયંત્રણ આવ્યું છે.

આ ઘોષણાપત્રમાં એક એન્વાયર્મેન્ટલ ઈમ્પેકટ એસેસમેનટની વાત કરવામાં આવી આનો અર્થ એવો થાય કે જયારે કોઈપણ વિશાળ યોજના આકાર લેતી હોય એ પહેલાં તે યોજનાના કારણે પર્યાવરણને શું અસર થશે તેનું સંશોધન કરવું જોઈએ અને આના માટે વિજ્ઞાનનો અને લોકોનો સાથ સહકાર લેવો જોઈએ જો એ યોજનાથી પર્યાવરણને ફાયદા કરતાં વધુ નુકશાન થતું હોય તો તે યોજનાનો અમલ ન કરવો જોઈએ.

અંતમાં એવી ઘોષણા કરવામાં આવી કે શાંતિ, વિકાસ અને પર્યાવરણની જાળવણી એકબીજા ઉપર આધારીત છે અને અવિભાજય છે અને આને માટે રાષ્ટ્ર અને લોકોએ એકબીજા સાથે સારી ભાવનાથી સહકાર આપી એક સંતુલિત વિકાસની તરફ આગળ વધવું જોઈએ.

## ૬.૩ પર્યાવરણ અને આંતરરાષ્ટ્રીય સંધિઓ અને સંમેલનો

૧૯૬૩ માં અણુશસ્ત્રનો પ્રયોગ પર પ્રતિબંધ મુકતી સંધિ અન્વયે બ્રહ્મવકાશ, સમુદ્રમાં કે તેના તળીયા કે જમીન પર થતાં આવા પ્રયોગો પર પાબંધી ફરમાવવામાં આવી હતી તેવી જ રીતે ૧૯૬૮ ની અણુશસ્ત્રોના પ્રસાર વિરોધી સંધિ અન્વયે પણ આવો પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. સમુદ્રના પાણીમાં પ્રદુષણ અંતર્ગત ૧૯૭૧ ની બીજી સંધિ ખાસ નોંધપાત્ર ગણાવી શકાય.

જનરલ એસેમ્બલીએ પસાર કરેલા ૧૭ ડિસેમ્બર, ૧૯૭૦ ના ઠરાવ અન્વયે રાજય પર પ્રદુષણ અટકાવવાની, સમુદ્રના જળને પ્રદુષિત થતું રોકવાની, જીવ સૃષ્ટિના સંતુલનમાં દખલગીરી થતી રોકવાની, સમુદ્ર અને વન્ય સૃષ્ટિને થતું નુકશાન રોકવાની ફરજ લાદવામાં આવી હતી. પરિણામ સ્વરૂપ ૧૯૮૨ માં લો ઓફ ધ સી અંગેનું સંમેલન મળ્યું હતું. આ ઉપરાંત પણ અન્ય ૭ જેટલી સંધિઓ છે.

માનવ પર્યાવરણ અંગેની ૧૧૨ દેશની આંતરરાષ્ટ્રીય પરિષદના અંતે ૧૯૭૨ માં એક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું જેમાં માનવજીવ તથા પર્યાવરણને સર્વરૂપે અંગીકાર કરતાં ૨૬ સિદ્ધાંતો જાહેર કરવામાં આવેલ છે જેને પર્યાવરણ અંગેનું મુખય ખતપત્ર ગણાય છે. ત્યારબાદ ૧૯૮૧ માં ન્યુઝીલેન્ડમાં International Union for Conservation of Nature and Natural Resources ની પંદરમી બેઠકમાં આયોજન અંગે સભ્યોને ભલામણ કરવામાં આવી હતી જેમાં પર્યાવરણની માહિતીનો પ્રચાર, વિશાળ યોજનાઓનું મૂલ્યાંકન, પર્યાવરણ રક્ષણ માટે કાયદા અને સંસ્થાની સ્થાપના અને લોકોના સહકાર માટે આયોજન કરવાની હિમાયત કરવામાં આવી હતી.

ભારતમાં ૧૬ થી ૨૦ ડિસેમ્બર, ૧૯૮૧ દરમ્યાન નવીદિલ્હીમાં પર્યાવરણ શિક્ષણ અંગેની એક આંતરરાષ્ટ્રીય પરિષદ મળી હતી જેમાં શિક્ષણ તેમજ અન્ય રીતોથી પર્યાવરણ અંગેની જાગૃતિ લાવવાની જરૂરિયાત ઉપર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવેલ હતું જેમાં વિનાશ વિના વિકાસનું ધ્યેય સ્પષ્ટ કરવામાં આવ્યું હતું જેમાં કાયદા ઉપરાંત પ્રજાકીય સહકારને આવશ્યક માનેલ હતો. આથી પર્યાવરણીય શિક્ષણ દ્વારા સામાજીક ચેતના જગાડવાની અગત્યતા ઉતર ખાસ ભાર મુકવામાં આવ્યો હતો.

ત્યારબાદ આંતરરાષ્ટ્રીય સ્તરે આવી અનેક પર્યાવરણ સુરક્ષા અંગેની કોન્ફરન્સો યોજાઈ અને અનેક ઘોષણાઓ કરવામાં આવી જેમાં અગત્યની ઘોષણામાં ૧૯૮૨ નું ધ વર્લ્ડ ચાર્ટર ફોર નેશન, ૧૯૮૯ નું યુ.એન. કોન્ફરનસ ઓન એન્વાયર્નમેન્ટલ ડેવલપમેનટ, ૧૯૮૯ માં જ હેલસિન્કી ડેકલેરેશન ઓન પ્રોટેકશન ઓન ઓઝોન લેર જેવગી ઘોષણાઓ આ પત્રોમાં થઈ.

ઉપર મુજબના ઘોષણાપત્રો એ કોઈ કાયદાઓ નથી અને કોઈ દેશો ઉપર બંધનકર્તા નથી. આથી વર્તમાન સંશોધકના મંતવ્ય મુજબ દરેક રાષ્ટ્ર માટે આ ઘોષણાપત્ર ભલામણના રૂપમાં જ હતું. આમ છતાં પણ સ્ટલકહોમ કોન્ફરન્સે માનવ પર્યાવરણની નાજુકતા અંગે લોકોમાં જાગૃતતા અને સમજ લાવવા માટે એક જબરજસ્ત બળ પુરું પાડયું હતું. ત્યારબાદ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પર્યાવરણ રક્ષણ માટેના કાયદાઓ ઘડવાના પ્રયાસો ચાલુ થઈ ગયા છે. ૧૯૭૨ માં ધી યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટલ પ્રોગ્રામની સ્થાપના થઈ અને એમાં માનવ પર્યાવરણના વિવિધ પાસાઓ કે જે માનવ જીવનને અસર કરે છે તેની ચર્ચા આવી જેમ કે વાતાવરણ, સમુદ્રી પર્યાવરણ, ઉર્જા, પ્રદુષણનું પ્રદુષણ, માનવી અને પર્યાવરણ અને પર્યાવરણીય વ્યવસ્થાનો સમાવેશ થાય છે. આ

ઉપરાંત બીજા મુદ્દાઓ જેવા કે પર્યાવરણના કારણે થતા રોગો જેની માનવી ઉપર અસર, પર્યાવરણમાં વિવિધ રસાયણોના મળવાથી તેની માનવ ઉપર થતી અસર અને માનવીની ગતિવિધિ પર્યાવરણને કઈ રીતે અસર કરે છે? આવી બધી જ બાબતોને યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટલ પ્રોગ્રામમાં સમાવેશ કરવામાં આવ્યો.

આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય સમુદાય સાથે મળીને પર્યાવરણના રક્ષણ માટેના આંતરરાષ્ટ્રીય કાયદો ઘડી કાઢવો જોઈએ જેના કારણે દરેક રાષ્ટ્રો ઉપર જવાબદારી ઉભી થાય અને તેના થકી પર્યાવરણનું યોગ્ય રક્ષણ થાય.

આ ઉપરથી એવું ન કહેવાય કે, આંતરરાષ્ટ્રીય સ્તરે પર્યાવરણની રક્ષા માટે કોઈ કાયદા છે જ નહીં. કાયદાઓ છે પણ તે કાયદાઓમાં પર્યાવરણના અમુક જ ભાગની ચર્ચા કરવામાં આવી છે જે કોઈપણ સંજોગોમાં સંપૂર્ણ ન કહી શકાય.

## ૬.૪ પર્યાવરણ અંગે આંતરરાષ્ટ્રીય સંધિ અને સંમેલનોની યાદી

### 1. **Resourse Conservation**

### A. Marine & Ocean Resourses

1) Agreement relating to the implementation of part XI of the United Nations Conservations on the Law of the Sea of 10 December, 1982.

2) Agreement to Promote Compliance with International Conservation and Management measures by Fishing Vessels on the High Seas, 1993.
3) Protocol for the Suppresion of Unlawful Acts against the Safety of fixed platforms located on the Continental Shelf, 1988.
4) United Nations Convention on the Law of the Sea, 1982.
5) Agreement Concerning Interim Arrangements Relating to Poly metalic Nodules of the Deep Sea Bed, 1982.
6) International Convention for the Regulation of Whalling, 1946.

**B. Antarctica and its Resources**

1) Protocol on Environmental protection to the Antarctic Treaty, 1991.
2) Convention for Conservation of Antarctic Marino Living Resources, 1980.
3) Convention for Conservation of Antarctic Seals, 1972.
4) Agreed Measures for Conservation of Antarctic Fauna and Flora, 1964.

5) The Antarctic Treaty, 1959.

6) Convention on the Regulation of Antarctic Mineral Resource Activities, 1988.

## C. Biological Diversity

1) Convention on Biological Diversity, 1992.

2) Protocol amend the convention on wetlands of international importance especially as Waterfall Habitat, 1982.

3) World Charter for Nature, 1982.

4) Non lgegally binding authoritative statement of principles for a global consensus on the management, conservation and suitable development of all types of forests, 1992.

5) Convention of the conservation of migratory species of wild animals, 1979.

6) Agreement on conservation of polar bears, 1973.

7) Convention on international trade in endangered species of wild fauna and flora, 1973.

8) Convention for protection of the world cultural and natural heritage, 1972.

9) Convention on wetlands of waterfall habitat (Ramsar), 1971.

10) International plant protection convention, 1951.

11) International Convention for the protection of birds, 1950.

**D. Desertification**

1) UN Convention to combat desertification in those countries experiencing serious drought and / or desertification, particularly in Africa, 1994.

2) UN conference on desertification (UNCOD) plan of action to combat desertification and general assembly resolution, 1977.

2. **Environmental Degradation**

**A. Deforestation**

1) International tropical timber agreement, 1994.

2) International Tropical Timber Agreement, 1983.

**B. Ozone Depletion**

1) Amendment to the Montreal Protocol on Substances of that Depete the Ozone Layer Copenhagen, 1992.

2) Amendment to the Montreal Protocol on Substances that Depete the Ozone Layer, 1990.

3) Protocol on Substance that Deplete the Ozone Layer (Montreal), 1967.
4) Vienna Convention for the Protection of the Ozone Layer, 1985.

**C. Climate Change**

1) Kyoto Protocol to the United Nations Framework Convention on Climate Change, 1997.
2) United Nations Frame Work Convention on Climate Change, 1992.

**2. Some Environmental Problems**

**1. Polution and Waste Management**

**A. A Trans Boundry**

1) Convention on the Trans Boundry Effects of Industrial Accidents, 1992.
2) Convention on Environmental Impact, 1991.
3) Bamako Convention on the ban of the import and into Africa and the control of Trans Boundry Movement and management of Hazardous Wastes within Africa, 1991.

4) Basel Convention of the control of Transboundry Movements of Hazardous eases and their Disposal, 1989.

5) Protocol Concerning Co-operation in Combating pollution in Cases of Emergency, 1981.

6) Convention on long range Transboundry Air Pollution, 1979.

## B. Marine

1) Annex-III to the protocol of 17 February, 1987 relating to the International Convention for the Prevention of Pollution from ship of 2 November, 1973 (Marpol 73/78), as Amended on 23 October, 1982.

2) International Convention on Oil Pollution Prepairedness, Response and Co-operation, 1990.

3) Ammendment to the Annex to the Convention for the Prevention of Marine Pollution by Dumping of Wastes and Other Matter, 1989.

4) Protocol to Ammend the International Convention on the Establishment for Oil Polluting Damage, 1984.

5) Protocol to Amend the International Convention on the Establishment of an International Fund for Compensation for Oil Pollution Damage, 1984.

6) Ammendment to the Amments Annex to the Convention for the Prevention of Marine Pollution by Dumping of Wastes and Ohter Matter, 1989.

7) Protocol Amending the International Convention Relating to the Limitation of the Liability of Owners of Seuz-Going Ships, 1979.

8) Ammendments to the Convention on the Prevention of Marine Pollution by dumping of wastes and other matter concerning settlement of disputes, 1978.

9) Protocol of 1978 relation to the International Convention for the Prevention of Pollution from Ships, 1978.

10) Protocol to the International Convention on Civil Liability for Oil Pollution Damage, 1976.

11) Convention for the prevention of marine pollution from land based sources, 1974 (Ammended by the protocol of 26 March, 1986).

12) Protocol relating to Intervation on the High Seas in Cases of Pollution by substances other than oil, 1973.

13) International Convention for the Prevention of Pollution from Ships, 1973.

14) Convention for the prevention of marine pollution by dumping from ships and aircrafts, 1972.
15) Convention on the Prevention of Marine Pollution by Dumping of wastes and other matter, 1972.
16) International Convention on the Establishment of an International Fund for Compensation for Oil Pollution Damage, 1971.
17) International Convention Relating to Intervention on the High Seas in cases of Oil Pollution Casualties, 1969.
18) International Convention on Civil Liability for Oil Pollution Damage, 1969.

# પ્ર ક ર ણ – ૭

# પર્યાવરણ અને માનવ અધિકારના સંદર્ભમાં ૨૦૧૦ થી ૨૦૧૫ માટે પર્યાવરણ દ્રષ્ટિકોણ અંગે વ્યૂહાત્મક આયોજન.

## ૭.૧ પર્યાવરણ અંગે ઉદ્દેશ

આ વર્તમાન સંશોધન અધ્યયનથી પર્યાવરણને લગતાં ઉદ્દેશ એ માનવ અધિકારોના સંદર્ભમાં ભવિષ્યની યોજનાઓ અને રૂપરેખાઓનો યોગ્યતમ રીતે દ્રષ્ટિપાત કરાવે છે.

વર્તમાન સંશોધન અધ્યયન માટે જરૂરી એવા ધ્યેય નિવેદનની રચના એ કોઈપણ સંશોધન અધ્યયન માટે અત્યંત મહત્વની બાબત છે. કારણ કે, તેનાથી સંશોધનના વિવિધ પાસાઓ અંગેના વિચારો અને ભવિષ્યની યોજનાઓ માટે અગ્રતાઓ નક્કી કરી શકાય છે. પર્યાવરણ સંવર્ધન માટે રાજય દ્વારા રોજીંદા સંસ્કરણ અને પ્રતિયુિયાત્મક પ્રતિભાવોમાંથી નીકળીને સર્વગ્રાહી લોકહિતાર્થે સર્વાંગી અને રચનાત્મક આયોજન પ્રત્યે આમૂલ પર્યાવરણ સંબંધી અધિકારના સંદર્ભમાં પરિવર્તન કાયદાની રૂએ સિદ્ધ કરવા માટે આ વર્તમાન સંશોધન અધ્યયન એક પ્રયાસરૂપે છે.

માનવ અધિકારોના રક્ષણ માટે ખાસ કરીને પર્યાવરણના અધિકારોના સંદર્ભમાં કાયદાના અસરકારક અમલીકરણથી પર્યાવરણ સંરક્ષણ, સંવર્ધન અને

પ્રદુષણ નિયંત્રણ તેમજ બિમારીઓનું નિયંત્રણ તેમજ રોગચાળાનું નિવારણ વગેરેના પરિવર્તનના મધ્યસ્થી તરીકેની ભૂમિકાને ન્યાય આપવા માટે પ્રવર્તમાન પરિસ્થિતિથી આગળ જઈને આ વર્તમાન સંશોધન અધ્યયન દ્વાર જવાની જરૂર છે અને ભાવિ પરિસ્થિતિની આરોગ્ય સંદર્ભમાં લોકહિતાર્થે કલ્પના કરીને તેની રચના કરવાની ક્ષમતા, કૌશલ્ય અને અગ્રતાઓ વિકસાવીને પરિસ્થિતિની સાથે સંકળાયેલ સમસ્યાને પહોંચી વળવાની જરૂર છે જેથી નીતિ પસંદગીના માળખા અમલીકરણના સાધનો અને લક્ષ્યાંકોની સાથે વણાયેલ હોય છે. આમ આ વર્તમાન સંશોધન અધ્યયનના પ્રતિૂયિાત્મક આધારીત સંશોધન અભિગમમાં પરિવર્તન અને ઉત્કૃષ્ટતા લાવવા સ્પષ્ટ ધ્યેયની જરૂર છે જેમાં આ વર્તમાન સંશોધન અધ્યયન એ ભાવિ પર્યાવરણ સંવર્ધન સંબંધિત સંભવિતતાઓને ધ્યાનમાં રાખવાથી તથા જરૂરી જાગૃતિ પર્યાવરણ સંબંધી ભાવિ પરિપ્રેક્ષ્ય અંગે માનવ અધિકારની સર્વાંગી જાગૃતિ સર્જવાની જરૂર પડે છે જે આ વર્તમાન સંશોધન અધ્યયનની સમસ્યા છે તેને અનુરૂપ દર્શાવવી રહી.

પર્યાવરણ અને જાહેર આરોગ્ય અંગે તેમજ પર્યાવરણ પ્રદુષણ અંગે રાજય જે પડકારોનો સામનો કરે છે તે માટે પ્રજા તરફથી પર્યાવરણ અને રોગનિયંત્રણને લગતાં કાયદાઓનું મુખ્ય નિયંત્રક બની પડકારોના વ્યવસ્થાપનમાં મહત્વનો ભાગ ભજવવા માટે તેની પાસેથી કાયદાકીય રીતે માનવ અધિકારોના રક્ષણાર્થે અપેક્ષા રાખવામાં આવતી હોય છે. સાંપ્રત સમયમાં એક એવું વલણ છે કે, પ્રદુષણ સંબંધી અને આરોગ્ય વિષયક હોય કે ઔદ્યોગિક સલામતીને લગતું હોય માનવ અધિકારોના  રક્ષણની પ્રૂયિા ગણવામાં આવતી હોય છે અને તેમ માની લેવામાં આવે છે. પરિણામે આવી બાબતોમાં પણ માનવ અધિકારોના રક્ષણ માટે રાજયના વાલીપણાનો ઉત્તરદાયિત્વના સિદ્ધાંતની ભૂમિકા પ્રત્યે પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

## ૭.૨ માનવ અધિકારોના સંદર્ભમાં પર્યાવરણના અધિકારો અને વિષય અંતર્ગત પર્યાવરણ પ્રદુષણ નિયંત્રણ અંગે ધ્યેય

આમ વ્યક્તિઓને પર્યાવરણ પ્રદુષણને સંદર્ભમાં ભોગવવી પડતી હાલાકી, સગવડોનો અભાવ, આરોગ્ય તબીબી સેવાઓની ઉણપ અને યોગ્ય દવાઓનો અભાવ જેવી મુશ્કેલીઓમાંથી મુક્તિ અપાવવી એ રાજયના દરેક માનવીઓનો પ્રાપ્ત મૂળભૂત અધિકારો સંદર્ભની કાયદાકીય વ્યવસ્થા છે જેના માટે રાજય દ્વારા આવા પ્રદુષણ સંબંધી પ્રશ્નોના નિરાકરણ માટે મુખ્યત્વે જરૂરી પગલાંઓ લઈને પર્યાવરણનું સંવર્ધન કરી શકાય છે.

૧. પાણી પ્રદુષણના નિવારણ અને શમન માટેનું આયોજન કરવું અને સર્વગ્રાહી પગલાંઓનું અમલીકરણ.

૨. નેશનલ એજિલઅન્ટ એર કવોલીટી સ્ટાન્ડર્ડ જાળવવા માટે હવા પ્રદુષણના નિવારણ, નિયંત્રણ અને શમન માટેના સર્વગ્રાહી પગલાંઓની યોજના અને અમલીકરણ.

૩. ભૂમિ પ્રદુષણના નિવારણ માટેના પગલાંઓનું આયોજન અને અમલીકરણ.

૪. સંશોધનોના સંતુલિત ઉપયોગ માટે યોગ્ય પગલાં અપનાવીને.

૫. કચરાનું વધુ સારું વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવું.

૬. પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ માટે નવતર પદ્ધતિઓ દાખલ કરવી.

૭. ખાનગી તેમજ સરકારી સંસ્થાઓને પારદર્શી તેમજ ઉત્તરદાયી બનાવીને પ્રદુષણ નિયંત્રણની કામગીરી માં આમૂલ પરિવર્તન લાવવું.

૮. પર્યાવરણ કાયદાઓના વધુ સારા અમલીકરણ માટે શિક્ષણ.

## <u>૭.૩ ભવિષ્યમાં પર્યાવરણ પ્રદુષણ સંબંધિત ઉદ્ભવતા પ્રશ્નોના નિરાકરણીય મુજબની વ્યૂહાત્મક રૂપરેખા નક્કી કરવામાં આવી છે</u>

- સ્પષ્ટ રીતે જણાવેલ સંપૂર્ણ શુદ્ધ પર્યાવરણ ધ્યેય દ્રષ્ટિ.
- આદેશો અને મૂલ્યોના આધારે તૈયાર કરેલ ધ્યેય અને પૂર્ણ કરવાનું અભિયાન.
- ધ્યેય સિદ્ધ કરવા માટેના લક્ષ્યો.
- લક્ષ્ય સાધવા માટે જરૂરી ઉદ્દેશો.
- દરેક ઉ®શો અનુસાર લક્ષ્યાંકો.
- અમલીકરણ માટેની જવાબદારી.
- કાર્યયોજનાથી અમલીકરણ.

- સમીક્ષા અને દેખરેખ નિયંત્રણ.

- પરિણામોનું મૂલ્યાંકન અને પુનઃઅગ્રતા આપવા લાયક કાર્યૂમોની ગોઠવણી.

દ્રષ્ટિ વિધાન અને વ્યૂહાત્મક આયોજન પ્રૂયિાના ઘટકો નીચે દર્શાવેલ આકૃતિ પ્રમાણે રજુ કરી શકાય.

રાજય

|

પર્યાવરણ પ્રદુષણ પ્રશ્નોનું આંતરિક અને બાહ્ય વિશ્લેષણ, નાગરિકો દ્વારા ઉભા થતાં પ્રશ્નો, કાયદાનુસાર થયેલા આદેશો અને અદાલતની ઉ®ઘોષણાઓ, પર્યાવરણ પ્રદુષણ નિવારણ અને શમન માટેની જરૂરિયાતો.

ધ્યેય

|

ધ્યેય સિદ્ધ કરવા માટેનું લક્ષ્ય

|

લક્ષ્ય પરિપૂર્ણ કરવા માટેના ઉદ્દેશો

|

દરેક ઉદ્દેશ અનુસાર લક્ષ્યાંક

|

વ્યુહાત્મક આયોજન

પર્યાવરણ પ્રદુષણ નિવારણ અને
સુધારણા/પુનઃઅગ્રતા પરિણામોનું
કાર્યયોજનાઓ અમલીકરણ
જવાબદારી. મૂલ્યાંકન.

દેખરેખ, પર્યાવરણ પ્રદુષણ નિયંત્રણ અને ઉપાયો.

આમ ઉપરોકત રીતે સંપૂર્ણ પર્યાવરણ પ્રદુષણ દ્રષ્ટિકોણ અંગેનું વ્યૂહાત્મક આયોજન એ ભાવિ ઉદ્‌ભવતી પર્યાવરણીય સમસ્યાઓને પહોંચી વળવા અને તેના નિરાકરણ મળે તે માટે મહત્વનું સ્થાન ધરાવે છે.

# પ્ર ક ર ણ – ૮

# પર્યાવરણ પ્રદુષણની અસરોનું પૃથક્કરણ

માનવ અધિકારોના જતન અને વિકાસ માટે કાયદાનો અસરકારક અમલ કરીને તેમજ રાજયને ટકાઉ વિકાસના પથ પર રાખવા માટે શ્રેષ્ઠ પર્યાવરણીય અને આરોગ્યના સંદર્ભમાં વ્યવસ્થાપનની પ્રણાલીઓ અપનાવીને પ્રદુષણનું નિવારણ અને નિયંત્રણ કરી પર્યાવરણનું રક્ષણ કરવા સર્વાંગી ક્ષમતાઓને વિકસાવવી તે આ સંશોધન અધ્યયનનો એક પ્રયાસ છે.

## ૮.૧ પાણી અધિનિયમ હેઠળ નમૂનાઓનું એકત્રીકરણ અને પૃથક્કરણ

અહેવાલ હેઠળના વર્ષ દરમ્યાન બોર્ડની ગાંધીનગર ખાતેની મધ્યસ્થ પ્રયોગશાળા તેમજ તમામ પ્રાદેશિક કચેરીઓ, સંલગ્ન પ્રયોગશાળાઓની સહાયથી પાણીના ૧૩,૧૬૯ નમૂનાઓ એકત્ર કરી તેના પૃથક્કરણની કામગીરી હાથ ધરી હતી.

આમાં ઔદ્યોગિક અને ઘરગથ્થુ વપરાશમાંથી ઉ®ભવતા ગંદા પાણીના નમૂનાઓ જેમ્સ અને મિનાર્સ માટે નદી અને ભૂગર્ભજળના નમૂનાઓ તથા પાણી અધિનિયમ તેમજ પર્યાવરણ સુરક્ષા અધિનિયમ હેઠળ લેવાયેલ નમૂનાઓનો સમાવેશ થાય છે.

| **શહેરનું નામ** | **એકત્ર કરી પૃથક્કકરણ કરેલ નમૂનાઓની સંખ્યા** |
| --- | --- |
| મધ્યસ્થ પ્રયોગશાળા | ૨૭૯ |
| અમદાવાદ | ૨૩૯૯ |
| મહેસાણા | ૬૯૨ |
| વડોદરા | ૧૫૬૫ |
| સુરત | ૧૯૦૪ |
| રાજકોટ | ૮૪૨ |
| ભરૂચ | ૧૭૯૫ |
| વાપી | ૨૫૧૦ |
| જામનગર | ૭૦૪ |
| ગોધરા | ૧૨૮ |
| ભાવનગર | ૩૫૧ |
| કુલ | ૧૩૧૬૯ |

## ૮.૨ હવા અધિનિયમ હેઠળ નમૂનાઓનું એકત્રીકરણ અને પૃથક્કરણ

હવા અધિનિયમ, ૧૯૬૧ હેઠળ વાયુના ૬,૨૮૯ નમૂનાઓ એકત્ર કરી તેના પૃથક્કરણની કામગીરી હાથ ધરી હતી. આમાં કોલ વીજ મથક, રાસાયણિક ખાતરના પ્લાન્ટસ, જથ્થાબંધ ઔષધો બનાવતા પ્લાન્ટસ, ઓઈલ રીફાઈનરીઝ, પેટ્રોકેમિકલ્સ, કાગળ અને તેનો માવો વગેરે પ્લાન્ટસ ખાતેથી એકત્ર કરેલ નમૂનાઓનો પણ સમાવેશ થાય છે.

| **શહેરનું નામ** | **એકત્ર કરી પૃથક્કકરણ કરેલ નમૂનાઓની સંખ્યા** |
|---|---|
| મધ્યસ્થ પ્રયોગશાળા | ૧૪૪ |
| અમદાવાદ | ૬૫૦ |
| મહેસાણા | ૨૩૨ |
| વડોદરા | ૪૪૪ |
| સુરત | ૮૩૨ |
| રાજકોટ | ૪૯૪ |
| ભરૂચ | ૧૩૧૪ |
| વાપી | ૭૬૩ |
| જામનગર | ૧૨૧૩ |
| ગોધરા | ૨૮ |
| ભાવનગર | ૧૭૫ |
| કુલ | ૬૨૮૯ |

## <u>૮.૩ જોખમી કચરાની નિકાલ વ્યવસ્થા હેઠળ નમૂનાઓનું એકત્રીકરણ અને પૃથક્કરણ</u>

જોખમી કચરાની નિકાલ વ્યવસ્થા હેઠળ જોખમી કચરાના ૫૦૭ નમૂનાઓ એકત્ર કરી તેની પૃથક્કરણ કર્યું હતું.

| **શહેરનું નામ** | | **એકત્ર કરી પૃથક્કકરણ કરેલ નમૂનાઓની સંખ્યા** |
|---|---|---|
| મધ્યસ્થ પ્રયોગશાળા | | ૫૦ |
| અમદાવાદ | | ૭૯ |
| મહેસાણા | | ૧૮ |
| વડોદરા | | ૭૩ |
| સુરત | | ૦૪ |
| રાજકોટ | | ૦૧ |
| ભરૂચ | | ૨૩૩ |
| વાપી | | ૧૮ |
| જામનગર | | ૦૦ |
| ગોધરા | | ૦૨ |
| ભાવનગર | | ૨૯ |
| | | --- |
| | કુલ | ૫૦૭ |
| | | --- |

## ૮.૪ NAMP હેઠળ પરિસર હવાની ગુણવત્તાની પરિસ્થિતિ

| શહેર / નગર | મોનીટરીંગ સ્ટેશનનું સ્થળ | પેરામીટર્સ | | |
|---|---|---|---|---|
| | | ચૂ ો | તરતી રજકણો | સલ્ફર ઓકસાઈડસ |
| વાપી | જીઈબી, જીઆઈડીસી | ૧૪૦ | ૧૮૮ | ૨૭ |
| વાપી | વાપી નગર પાલિકા | ૧૨૫ | ૧૬૭ | ૨૫ |
| સુરત | કઅચ એન્જી. કોલેજ | ૧૦૬ | ૧૪૦ | ૧૯ |
| સુરત | BRC ઉધના | ૧૩૫ | ૧૮૦ | ૨૪ |
| સુરત | Air India બિલ્ડીંગ | ૧૩૦ | ૧૭૩ | ૨૩ |
| અંકલેશ્વર | રીલીસ ફાર્મા ઈન્ડીયા લી. | ૧૩૭ | ૧૮૧ | ૦૪ |
| અંકલેશ્વર | દુર્ગા ટ્રેડર્સ | ૧૨૧ | ૧૬૦ | ૨૨ |
| વડોદરા | નંદેસરી હભત. | ૧૮૩ | ૩૦૫ | ૧૯ |
| વડોદરા | GPCB ઓફીસ | ૭૯ | ૧૬૯ | ૧૧ |
| વડોદરા | દાંડીયા બજાર | ૧૭૪ | ૨૯૨ | ૧૭ |
| અમદાવાદ | GIDC નરોડા | ૨૭૦ | ૩૦૪ | ૧૮ |
| અમદાવાદ | કેડીલા માર્શલ | ૧૯૩ | ૩૨૫ | ૧૮ |
| અમદાવાદ | L.D. એન્જી. કોલેજ | ૧૦૪ | ૩૪૯ | ૧૧ |
| રાજકોટ | સરધારા કંપની | ૨૨૧ | ૨૦૯ | ૧૨ |
| જામનગર | ફીશરી ઓફીસ | ૧૩૧ | ૨૪૧ | ૧૦ |

બધા જ પેરામીટર્સને માઈક્રોગ્રામ પ્રતિ ઘનમીટર તેમજ સરેરાશ તરીકે દર્શાવવામાં આવેલ છે.

ચૂો અર્થાત શ્વાસોચ્છ્વાસના અંતરે તરતી રજકણોના પદાર્થો.

વાર્ષિક સરેરાશની ગણતરી CPCB દ્વારા નક્કી કરવામાં આવેલ માપદંડ મુજબ ગણવામાં આવી છે એટલે કે વર્ષ દરમ્યાન ઓછામાં ઓછા ૧૦૪ નમૂનાઓ પ્રતિમથક પ્રતિવર્ષ લેખે હોય ત્યારે સરેરાશ ગણવામાં આવે છે.

આગળના ચારેય આલેખો પૈકી ચૂો ના આલેખમાં અમદાવાદ શહેરનો ચૂો નો ૨૭૦ નો અને તરતી રજકણોનો ૩૪૯ નો, વાપી શહેરનો સલ્ફર ડાયોકસાઈડનો ૨૭ નો આંક ઉંચું પ્રમાણ દર્શાવે છે.

## ૮.૫ દાખલ કરેલ મુકદમા અને આખરી નિકાલ કરાયેલ કેસ.

પાણી અધિનિયમ, ૧૯૭૪, હવા અધિનિયમ ૧૯૮૧, ફોજદારી કાર્યરીતિ સંહિતા અને પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ, ૧૯૮૬ હેઠળ બોર્ડ દ્વારા લેવાયેલા પગલાંઓની ૩૧-૦૩-૦૭ સુધીની એકંદરે પરિસ્થિતિ નીચે મુજબ છે;

| ૂ મ | | વિગત | તારીખ ૩૧-૦૩-૦૭ સુધી |
|---|---|---|---|
| ૧. | કોર્ટમાં દાખલ કરવામાં આવેલ કેઈસીસની સંખ્યા | | |
| | (ક) | પાણી અધિનિયમ, ૧૯૭૪ હેઠળ. | ૨૪૧૧ |
| | (ખ) | હવા અધિનિયમ, ૧૯૮૧ હેઠળ. | ૬૩૪ |
| | (ગ) | ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૧૩૩ હેઠળ. | ૨૪૭ |

| | | |
|---|---|---|
| (ઘ) | પર્યાવરણ, (સુરક્ષા) અધિનિમય ૧૯૮૬ હેઠળ. | ૪૧ |
| | | ---- |
| | કુલ | ૩૩૩૩ |
| | | ---- |

ઉપરોકત વિગતો ગુજરાત રાજયને અનુલક્ષીને છે.

આમ સામાન્ય રીતે જે માનવ અધિકારોનું રક્ષણ અને જતન દર્શાવવું હોય તો તેના સંવર્ધનની બાબતને મહત્વ આપવું જ પડશે.

# પ્ર ક ર ણ – ૯

# સંશોધનનું તારણ, નિષ્કર્ષ, સમાલોચના અને સૂચનો

આ ધારામાં આપવામાં આવેલ પર્યાવરણીય પ્રદુષકોની વ્યાખ્યામાં ઘન, પ્રવાહી અને વાયુ સ્વરૂપી પદાર્થોનો ઉલ્લેખ છે. આ વ્યાખ્યા નિર્જીવ પ્રદુષકોને લાગુ પડે છે. તે સુક્ષ્મ જીવાણુ, વનસ્પતિ સ્વરૂપ જેવા સજીવ પ્રદુષકોને આવરી લેતી નથી. આ ધારામાં વધુ આકરી સજાઓની જોગવાઈ છે પણ કલમ – ૨૪ (૨) તેની અસર નાબુદ કરી નાંખે છે. આ ધારામાં ઘોંઘાટથી થતા પ્રદુષણ સામે કોઈ વિગતવાર જોગવાઈ નથી. આ ધારો માત્ર સત્તા બક્ષતો એનેબ્લીંગ કાયદો છે. તેની જોગવાઈઓના અમલ માટે કોઈ સત્તા મંડળની તેમાં જોગવાઈ નથી. આથી આ ધારો એક બુઠો કાયદો છે.

## ૯.૧ સુચનો

આ ધારાના અસરકારક અમલ માટે વિચાર વિનિમય માટે અમદાવાદના ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર અને નવી દિલ્હીના ઈન્ડીયન લો ઈન્સ્ટીટયુટના ઉપૂમે ૨૨ થી ૨૪ ઓગષ્ટ, ૧૯૮૬ દરમ્યાન નિષ્ણાંતોની બેઠક યોજાઈ જેમાં થયેલ સુચનો અને વ્યકત થયેલા મંતવ્યો જોઈએ તો, આ ધારાના યોગ્ય અમલ માટે કેન્દ્ર સરકારને કલમ (૩) ૩ અન્વયે નેશનલ એન્વાયર્નમેન્ટ પ્રોટેકશન એજન્સી (નેતા) સ્થાપવાની ભલામણ કરવી. જયારે કોઈ એવો અકસ્માત થાય ત્યારે રાહત માટે તથા અકસ્માતો સામે વીમો ઉતારવા માટે જરૂરી બધી કાયદાકીય જોગવાઈઓ ધારામાં સામેલ કરવી. પર્યાવરણ સુરક્ષાની પ્રવૃત્તિ તથા ધારાના અલમાં પ્રજાની સામેલગીરી માટે સ્પષ્ટ વ્યવસ્થા કરવી અને તે અન્વયે નિયમોમાં આ અંગે વ્યવસ્થા કરવી વગેરે સુચનો થયા હતા.

## ૯.૨ પાણી પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ ધારો

### આલોચના

આ કાયદા હેઠળ કેન્દ્ર સરકારે કેન્દ્રીય બોર્ડ અને વોટર લેબોરેટરી સ્થાપવાની રહે છે અને જે રાજયોએ આ કાયદો અપનાવ્યો હોય તેઓએ આ પણ આ રીતે રાજય બોર્ડ અને વોટર લેબોરેટરી સ્થાપવાની રહે છે પરંતુ તે માટે મુડી કયાંથી આવશે તેની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. આ કાયદો આખા ભારતમાં અમલી નથી બનયો. આ કાયદા હેઠળ નવા એકમોને નો ઓબ્જેકશન સર્ટીફીકેટ લેવાનું રહે છે પરંતુ જુના એકમોને એવી કોઈ જરૂરિયાત રહેતી નથી. આ ઉપરાંત આ કાયદામાં અમુક જરૂરી શબ્દો જેવા કે પોલ્યુટન્ટ, ડિસ્ચાર્જ ઓફ પોલ્યુટન્ટ, ટોકસીક પોલ્યુટન્ટ વગેરેની વ્યાખ્યા કરવામાં આવી નથી જે ખુબ જરૂરી છે. આ ઉપરાંત આ કાયદા હેઠળ સજા તો જ થઈ શકે છે કે જો વ્યકિતને ખ્યાલ હોવા છતાં તે કાયદાનો ભંગ કરતી હોય.

### સુચનો

અમુક વહેતા જળપ્રવાહમાં ઉદ્યોગ અને ગટરનો કચરો કેટલો ઠાલવવા દેવો અને તેના ધોરણો અને તે પ્રવાહના પાણીની શુદ્ધતાના ધોરણો નક્કી કરવા. આવા ધોરણો નક્કી કરતી વખતે ઉદ્યોગોનું ગળું દબાવાઈ ન જાય તેનો પણ ખ્યાલ રાખવો. ભારતમાં મોટા ભાગની નદીઓ એક થી વધારે રાજયોમાં વહે છે જેથી તે અંગે તમામ રાજયોની જવાબદારી નક્કી કરવી.

## ૯.૩ વાયુ પ્રદુષણ નિવારણ અને નિયંત્રણ ધારો, ૧૯૮૧

### આલોચના

આ કાયદાની ખામીઓ જોઈએ તો, કલમ - ૨ (એ), (બી), (જે), (કે) અને (એન) માં એર પોલ્યુશન, ઈમીશન અને ઈન્ડસ્ટ્રીયલ પ્લાન્ટની વ્યાખ્યા આપેલ છે તે ખુબ જ ગુંચવણ ભરેલ અને એકબીજા સાથે ભળી જાય છે. કલમ-૨૧ હેઠળ આ કાયદો ઔદ્યોગિક એકમો પર જ લાગુ પડે છે એ યોગ્ય નથી. કલમ-૩૧ (૧) માં અપીલની જોગવાઈ છે પણ રીવીઝન અંગે કોઈ જોગવાઈ નથી. કલમ-૩૩ માં સજાની જોગવાઈ છે પણ તે કલમ - ૨૧ (૫) હેઠળ ચુકાદાનો અમલ ન કરે તો જ છે.

### સુચનો

વાયુ પ્રદુષણનો ધારો અમલ હોવા છતાં તેનો અમલ ન થતો હોય તે અંગે શિક્ષાત્મક પગલાં લેવા જોઈએ. આ કાયદામાં રહેલ ત્રુટીઓ દુર કરવી. ટાઉન પ્લાનીંગ અને અર્બન ડેવલપમેન્ટ સ્કીમમાં રોડ, પુલના બાંધકામ માટે જમીનો ફાળવવામાં આવે તેમાં રસ્તાની બન્ને બાજુએ ફરજીયાત વૃક્ષો વાવવાની જોગવાઈ કરવી.

## ૯.૪ સુચનો અને તેના અમલીકરણમાં રહેલ મુશ્કેલીઓ

સ્વચ્છ પર્યાવરણ એ દરેક માનવીનો મુળભુત અધિકાર છે કારણ કે સ્વચ્છ પર્યાવરણ વગર માનવીનું અસ્તિત્વ જોખમમાં આવી જાય છે અને આથી માનવ અધિકારોની રક્ષા માટે પર્યાવરણની રક્ષા એ પહેલું પગલું ગણાશે. માનવી એકલતામાં જીવી શકતો નથી. તેની આસપાસનું પર્યાવરણ ખુબ જ અસર કરે છે. જો તે પર્યાવરણનો નાશ થઈ જાય તો માનવી પાંગળો બની જાય અને તેના અધિકારોની વાત તો દુર પણ માનવી એક જાનવરથી પણ બદતર થઈ જશે.

**<u>સુચનો</u>**

જો આપણે પ્રગતિનો મીઠો સ્વાદ ચાખવો હોય તો આપણે આ પ્રગતિ કુદરતની સાથે તાલમેલ કરીને મેળવવી જોઈએ. પર્યાવરણ એ પ્રગતિનો સમાનાર્થી શબ્દ હોવો જોઈએ ન કે વિરૂદ્ધાર્થી.

૧) વિકાસની સાથે પર્યાવરણીય સુરક્ષાની નીતિ સરકારે અપનાવવી જોઈએ અને તે માત્ર કાગળ પર નહીં પરંતુ સાચા અર્થમાં અમલી બને તેવા પ્રયત્નો કરવા જોઈએ.

૨) પર્યાવરણીય પ્રદુષણના કારણે પ્રજાના આરોગ્ય અને સુખાકારીમાં થતા વિક્ષેપને માટે સરકારને જવાબદાર બનાવી ઉંચા વળતર અપાવવાનો અદાલતીય અભિગમ અપનાવવો જોઈએ.

૩) પર્યાવરણને નુકશાન કરતા ઉદ્યોગો અને લોકો પર કડક હાથે કામ લેવું જોઈએ અને તેના માટે યોગ્ય સજાના પ્રબંધો હોવા જોઈએ અને તેના માટે જરૂરી કાયદાકીય નિષ્ણાંતો જ નહીં પણ વૈજ્ઞાનિકો, સમાજશાસ્ત્રીઓ, તજજ્ઞો અને પર્યાવરણવાદીઓનો પુરતા પ્રમાણમાં સહકાર લેવો જોઈએ અને આ કાયદાઓની પ્રજાને પુરતી સમજણ આપવી જોઈએ.

૪) જાહેર એકમો અને ખાનગી એકમો બન્નેને પ્રદુષણ માટે એકસરખા જવાબદાર ઠેરવવા જોઈએ. ખાનગી એકમો સામે પણ રીટી પીટીશન સત્તા મળવી જોઈએ અને જાહેર એકમો પર કાયદાનો કાબુ હોવો જોઈએ અને તેમાં સાર્વભૌમત્વનો સિદ્ધાંત લાગુ કરવો ન જોઈએ.

૫) દરેક ઔદ્યોગિક એકમો માટે તેના આવકની અમુક ટકા રકમ પર્યાવરણ સુરક્ષા માટે વાપરવી ફરજીયાત કરવી જોઈએ.

૬) શહેર અને ગામડા વચ્ચે વધતા જતા તફાવતના મૂળમાં વિકાસ રહેલ છે. ગામડાઓની વિકાસમાં સતત અવગણના કરવામાં આવે છે જેથી શહેરીકરણ વધતું જાય છે અને ગામડાઓ નાશ પામતા જાય છે તો આ અંગે ગામડાઓમાં પણ શહેર જેવી પુરતી સુવિધા અને વિકાસની તકો ઉભી કરવી જોઈએ.

અંતમાં વિકાસ કોના માટે? અને કોના ભોગે? જેનો માનવ અધિકારના દ્રષ્ટિકોણથી યોગ્ય જવાબ શોધીને વિકાસ કરવો જોઈએ અને આ સવાલનો જવાબ મેળવ્યા વગર વિકાસ ચાલુ રહેશે તો તે આગળ જતા વિનાશ નોતરશે અને માનવીના અધિકારોનું કોઈપણ સંજોગોમાં રક્ષણ થઈ શકશે નહીં અને કુદરત સામે બાથ ભીડવાથી આજ દિવસ સુધી કોઈ જીતી શક્યું નથી જેથી પર્યાવરણની યોગ્ય જાળવણી એ જ આપણા સહુના હિત માટે જરૂરી છે.

## ૯.૫ મુશ્કેલીઓ

ભારત જેવું રાષ્ટ્ર કે જયાં કાયદાઓ ઘડાયા પહેલાં તેની છટકબારીઓ વિશે જાણકારી પહેલાં રખાતી હોય ત્યાં કાયદા બનાવવા છતાં તેનો અમલ કરાવવો એ લોઢાના ચણા ચાવવા જેટલું અઘરું કામ છે. પર્યાવરણ પ્રદુષણ નિવારવાના સ્થાનોના અમલીકરણમાં નીચેની સમસ્યાઓ રહેલી છે.

## ૧) **વસ્તીવધારો**

સતત વધતી જતી વસ્તીના કારણે પર્યાવરણીય પ્રદુષણ અટકાવવાના ગમે તેટલા પ્રયત્નો કરવામાં આવે તો પણ વ્યર્થ સાબિત છે કારણ કે સીમીત સાધનો દ્વારા અનિયમિત પ્રજાનું પાલન કરવાનું હોવાથી પર્યાવરણના ભોગે પણ પ્રજાનું પાલન કરવું આવશ્યક છે.

## ૨) **બેરોજગારી**

ભારતમાં બેરોજગારી હોવાથી દરેક વ્યક્તિ પોતાનો જીવન નિર્વાહ કરવા માટે જંગલ, પશુ પક્ષીઓ અને સમગ્ર પર્યાવરણનો વિનાશ કરતાં પણ અચકાશે નહીં.

## ૩) **મર્યાદિત ભૂમિ**

ભારતમાં વિશ્વની ૧૬ % વસ્તી વસે છે જે સામે વિશ્વની માત્ર ૨૧ % ભૂમિ ભારત પાસે છે જેથી વધતી જતી વસ્તી સામે ભૂમિ આપણે વધારી શકવાના નથી તેથી જંગલ સંપત્તિના ભોગે પણ રહેણાંક અને ઔદ્યોગિક વિસ્તારો ઘણાં વધ્યા છે.

## ૪) **મર્યાદિત કુદરતી સંપત્તિ**

વસ્તી વધારાના પ્રમાણમાં આપણે આપણી પાસે જે કુદરતી સ્ત્રોતો છે તેની મર્યાદામાં વધારો કરી શકવાના નથી. એક માત્રાથી વધારે કુદરતી સંપત્તિનો ઉપયોગ બાદ કરીને કૃત્રિમ રીતે સ્થાપિત કરવી અઘરી છે જેમ કે નદી, તળાવ, ઝરણા, જંગલ સંપત્તિ, અન્ય કુદરતી સ્ત્રોતો વગેરે.

### ૫) <u>ભ્રષ્ટાચાર</u>

ભારતમાં ટ્રાફિક પોલીસ થી શરૂ કરીને મોટા મોટા નેતાઓ અને પ્રધાનો જયાં ભ્રષ્ટ હોય ત્યાં કાયદાનું અમલીકરણ વિસ્થાપિત જેવું લાગે છે. કાયદાનું અમલીકરણ માત્ર ત્યાં જ થાય છે જયાં ગુનેગાર કે દોષિત તંત્રને કડકમાં કડક સજા થઈ શકતી હોય.

### ૬) <u>બેફામ વહીવટીતંત્ર</u>

ભારતીય લોકશાહીના ત્રણ પાયા છે. સંસદ, વહીવટી તંત્ર અને ન્યાય તંત્ર. સંસદ કાયદા ઘડવાનું, વહીવટ તંત્ર તે કાયદાઓનું પાલન કરાવવાનું અને ન્યાય તંત્ર કાયદાઓનું યોગ્ય અર્થઘટન કરી ન્યાય આપવાનું કાર્ય કરે છે. કાયદાનું પાલન કરાવવાની જવાબદારી વહીવટીતંત્રની છે પણ સત્તાની મદિરા પી ને મદ બનેલા સત્તાધિકારીઓના કારણે વહીવટીતંત્ર બેફામ બન્યું છે જેના કારણે પર્યાવરણીય પ્રદુષણ અંગેના કાયદાઓનું યોગ્ય અમલીકરણ થઈ શકતું નથી.

## <u>૯.૬ પ્રસ્તુત વર્તમાન સંશોધન અધ્યયનની મર્યાદાઓ</u>

કોઈપણ સંશોધન એ સંપૂર્ણ હોય શકે નહીં. વર્તમાન સંશોધન અધ્યયનમાં સફળતાઓ મળી હોય તેમ મર્યાદાઓ પણ જોવા મળે છે. સંશોધક આ વાતથી સંપૂર્ણ વાકેફ હોય સંશોધન મર્યાદાઓ જણાવ્યા વગર રહી શકતા નથી.

પ્રસ્તુત સંશોધન અધ્યયનના ઉપયોગમાં લીધેલ હોય તેના કરતાં જુદા સ્વતંત્ર પરિવર્ત્યોને લઈને પણ આવતી મર્યાદાઓ નિવારી શકાય છે. આમ સંશોધકનો અનુભવના આધારે શકય તેટલી માહિતી દ્વારા આ વર્તમાન સંશોધન અધ્યયન અધ્યયન ખાસ અને ચોક્કસ પ્રકારની ઘનિષ્ઠતા પ્રદાન કરી એક અજોડ કાર્ય કરવાનો પ્રયાસ કરેલ છે.

ગુડ અને હાર્ટ, કહે છે કે, ભાવિ સંશોધન માટેના સૂચનો કરવાની બાબતો કેવળ એક રિવાજ તરીકે ગણાવી જોઈએ નહીં પણ સૂચનો કરીને સંશોધક પોતાના વાચકોને એમ કહી શકે કે, અધ્યયન હેઠળની સમસ્યાને પોતાની માહિતી દ્વારા લોકો સમક્ષ મુકવાનો ફકત એકમાત્ર પ્રયાસ છે. સૂચનોની રજુઆત દ્વારા સંશોધક પોતાના સંશોધનની મર્યાદા તરફ અંગુલિનિર્દેશ કરે છે. વળી આ સંશોધન માટેની સમસ્યાઓ ઘણી છે તેમાંથી આ અધ્યયન તો મર્યાદિત છે તેથી નીચેના સંકેતો અને સૂચનો કરવાનું વ્યાજબી જણાય છે.

## ૯.૭ સ્વચ્છ પર્યાવરણ આપણી સૌની જવાબદારી

સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે જેટલું મહત્વ શૈક્ષણિક, સામાજીક અને આર્થિક વૃદ્ધિનું હોય છે તેટલું જ મહત્વ પર્યાવરણનું છે પરંતુ માત્ર સિમેન્ટ કે કોંટિના દવાખાના કે તબીબી સાધનોથી જ આરોગ્યના જતનનો માપદંડ સુનિશ્ચિત થતો નથી. વિશાળ સંખ્યામાં વૃક્ષો, લીલોતરી વાળી વનસ્પતિ, હરિયાળી વાળા વિસ્તારો, સ્વચ્છ વાતાવરણની રચના માટે જરૂર છે જાગૃતિની જેથી આવા પર્યાવરણ પ્રદુષણ સંબંધી પ્રશ્નોને હલ કરી શકાય.

## ૯.૮ પર્યાવરણ પ્રદુષણ નાબુદી અને માનવ અધિકારોનું રક્ષણ તેમજ સૂચનો નીચે મુજબ છે

- વૈશ્વિક પર્યાવરણના સંરક્ષણ માટે નિશ્ચિત ધ્યેયને હાંસલ કરવા માટે સંનિષ્ઠ પ્રયાસોના ભાગરૂપે પર્યાવરણ સંબંધી જાતિઓ, કાર્યૂમો અને જાગૃતિ સભર કાર્યૂમો કરી વિકાસની હારમાળા સર્જી શકાય.

- શુદ્ધ પર્યાવરણની પ્રણાલીઓ મારફતે સારી તંદુરસ્તીના નિર્માણ માટે લોકોમાં જાગૃતતા ફેલાવવી.

- પર્યાવરણનું જતન થઈ શકે તે માટે યોગ્યતમ પ્રણાલિનું અમલીકરણ કરી વિકાસનો ધ્યેય હાંસલ કરવો.

- પર્યાવરણન રક્ષણ સંદર્ભે શિક્ષણ, આયોજન અને વ્યવસ્થાપન માટે વિશેષ ગોઠવણ કરવી.

- વ્યક્તિ પોતે જાગૃતતા પ્રાપ્ત કરી પર્યાવરણનું સંવર્ધન કરે.

- પર્યાવરણ પ્રદુષણને અટકાવી સ્વચ્છ પર્યાવરણનું નિર્માણ કરે.

- અન્ય વ્યક્તિઓના આરોગ્યનો ખ્યાલ રાખી તેમના માનવ અધિકારોનું સન્માન કરવું.

- શાળા, કોલેજોમાં પર્યાવરણ સંબંધી સ્પર્ધાઓ યોજી વિદ્યાર્થીઓને વધારે ને વધારે તેમના વિકાસ, સંવર્ધન અને રક્ષણ માટે પ્રેરણા આપવી.

- સ્વચ્છ ઈંધણ અપનાવીને અથવા હવા પ્રદુષણ નિયંત્રણના સાધનોની ટેકનોલોજીમાં ફેરફાર કરીને ઝેરી ગેસના ઉત્સર્જન પર નિયંત્રણ કરવું.

- જાહેર પરિવહનમાં સ્વચ્છ ઈંધણ અપનાવવું.

- સી.એન.જી. થી ચાલતા જાહેર વાહનોનો વપરાશ વધારવો.

- સતત સ્વયંસંચાલિત સાધનોવાળા નેટવર્કીંગ સહિતનું હવા પ્રદુષણ મોજણી મથક સ્થાપિત કરવું.

- ઓનલાઈન પ્રદુષણ નિવારણ સ્ટેશન શરૂ કરવા.

- ઈન્વેન્ટરીને આધારે સમીક્ષા હેઠળના વિસ્તારો નક્કી કરવા અને સંબંધિત વિસ્તારોના હવાની ગુણવત્તા માહિતીના ડેટાને આધારે હવા પ્રદુષકોનો અભ્યાસ કરવો.

- વૈકલ્પિક બળતણ અપનાવીને લાકડાના વપરાશમાં ઘટાડો કરવો.

- ઉદ્યોગો દ્વારા વૃક્ષારોપણ આ માટે કન્સેન્ટ હુકમોની સમીક્ષા કરી અને તેનું પાલન કરવું.

- દુષિત થયેલા (contaminated) સ્થળોની સફાઈ કરવાના ઉપાય પ્રયોજવા (remeditation)

- ખાનગી પક્ષકારોને પ્રોત્સાહન આપીને કોમન ઈ–વેસ્ટ રીસાઈકલીંગ યુનિટ (C.E-W.R.U.) રાજયમાં સ્થાપવા.

- પ્લાસ્ટીક કચરામાંથી ઓટો ઓઈલ મેળવવું.

- કચરા પ્રૂયિા અને નિકાલની સવલતો સ્થાપવી.

- નાના છુટા છવાયા અંતરિયાળ વિસ્તારો માટે કચરો ઉંડો દાટવાની સવલતો સ્થાપવી.

- પર્યાવરણીય સંરક્ષણ માટે કોર્પોરેટ જવાબદારીઓના અધિકારપત્રનું અમલીકરણ.

- પર્યાવરણીય વ્યવસ્થાપન અને પ્રદુષણ નિયંત્રણમાં વિશિષ્ટ કામગીરી કરનાર એકમો માટે બિનનાણાંકીય પ્રોત્સાહન આપવાની પદ્ધતિ શરૂ કરવી.

- પર્યાવરણ કલબોની સ્થાપના કરવી અને નાગરિકોમાં જાગૃતતા ફેલાવવી.

- દરેક વ્યક્તિ દીઠ એક વૃક્ષ ઉગાડવું.

Article 32 and 226 of the Constitution of India empower the Supreme Court and the High Court, resepectively to issue directions or orders or writs, including writs of habeas corpus, mandamus, prohibition quo, warrants and certiorari write of mandamus, certiorari and prohibition are generally resorted to in environmental matters.

## ૯.૯ સામાજીક ચેતનાના સંદર્ભે માનવ અધિકારોનું રક્ષણ

- નાગરિકોને પર્યાવરણના અધિકારોની જાગૃતિ આપવી.

- તેમના પર્યાવરણ સંબંધી માનવ અધિકારોનું રક્ષણ કરવું.

- આંતર રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય  કાયદાના પર્યાવરણ પ્રદુષણ સંબંધિત અમલીકરણની પ્રૂયિા વેગવંતી બનાવવી.

- જાહેરાતો, પોસ્ટર્સ તેમજ જાહેર કાર્યૂમો દ્વારા પર્યાવરણ જાગૃતિનો પ્રસાર કરવો.

- સમાજમાં માનવ અધિકારની ચેતના લાવવી.

# પ્ર ક ર ણ – ૧૦

# સવિશેષ પ્રતિભાવ અને ઉદ્ગાર

માનવીનું એક માત્ર ઘર એટલે પૃથ્વી
પણ આપણે એ જ પૃથ્વીના પર્યાવરણને
મરણશૈયા પર પહોંચાડયું છે.
પૃથ્વી એ આપણું હુંફાળું પારણું છે.

છતાં વિકાસની મદિરા પી ને મદમસ્ત બનેલ માનવીએ પોતાનું એકમાત્ર ઘર એવી પૃથ્વીની પ્રકૃતિનું નિકંદન કાઢવામાં પાછું વાળીને જોયું નથી અને વિકાસના નામે નિર્દયી રીતે પ્રકૃતિની હત્યા જયારે માનવી કરે છે ત્યારે વિનાશનું તાંડવ પ્રકૃતિ કુદરતી પ્રકોપરૂપે વરસાવી પોતાના મૌન ચિત્કારની અભિવ્યક્તિ કરે છે છતાં નફફટ માનવી પ્રકૃતિનું નિકંદન કાઢવામાં પાછળ ફરીને જોતો નથી.

## ભારતીય સંસ્કૃતિ અને પ્રકૃતિ

કયારામાં કૃષ્ણ,
છોડમાં રણછોડ અને
વનસ્પતિમાં વિશ્વપતિ

જોવાની ઉદાર ભાવના આપણી જ સંસ્કૃતિએ સમગ્ર વિશ્વને આપી છે. ભારતીય સંસ્કૃતિમાં નદીને માતા અને પર્વતને પિતા તથા અગ્નિ, વાયુ, જળને દેવતારૂપે જોવાય છે પણ દુ:ખ સાથે નગ્ન સત્ય સ્વીકારીએ તો

આપણે એ જ સંસ્કૃતિના વંશજો છીએ
જયાં માતા ગણાતી નદીમાં ગંદકી,
કયારામાં કચરો અને વનસ્પતિનો વિનાશ

પ્રકૃતિના પ્રાણ હણવામાં આપણે પાછું વાળીને જોયું નથી. પશ્ચિમ સંસ્કૃતિના આંધળા અનુકરણે આપણે આપણી સંસ્કૃતિની સાથે પ્રકૃતિના વિનાશને પણ માત્ર મૌન સાક્ષી બનીને રહી ગયા છીએ.

## આપણું ભવિષ્ય

વૈજ્ઞાનિકોની ચેતવણી અનુસાર – આજે જેટલી પણ જીવંત જાતિઓ પૃથ્વી પર છે તેમાંથી ૧૨ % પણ જો હવે લુપ્ત થશે તો પૃથ્વી સ્મશાન બની જશે.

છેલ્લા ૧૦૦ વર્ષોમાં કુલ અસ્તિત્વ ધરાવતી જીવંત જાતિઓમાંથી ૨૦ % નષ્ટ પામી છે અને તે પણ માત્ર પર્યાવરણીય પ્રદુષણ અને માનવીના માંસાહારના કારણે. જો આપણે પૃથ્વીનું વાતાવરણ વધુ પ્રદુષિત કરીશું તો ભવિષ્યમાં વધુ જાતિઓ લુપ્ત થઈ શકે છે. પૃથ્વીના તમામ જીવો એકબીજા પર આધારીત અને પરાવલંબિત જીવન ધરાવે છે. હવે જો એક પણ જાતિ લુપ્ત થશે તો તેના પર અવલંબિત જાતિ પણ લુપ્ત થઈ જશે.

## એક પ્રશ્નાર્થ

શું આપણે આ જ રીતે પ્રકૃતિનું નિકંદન કાઢતા રહ્યા તો આપણું ભવિષ્ય આપણે માફ કરી શકશે?

ભારત જેવા રાષ્ટ્રમાં જયાં-

ઊંઘતી પ્રજા
પ્રજાને લુંટતી સરકાર
મૌન ફરીયાદી
બેફામ વહીવટીતંત્ર
ભ્રષ્ટ પોલીસતંત્ર અને
કાયદાની અટપટી કાર્યવાહી
લાચાર ન્યાયતંત્ર
અને પોતાના વૈયક્તિક ન્યાય માટે
પોતાની મુડી અને જીંદગી ખર્ચી નાખતો એક આમ આદમી
અને છેલ્લે થાકી, હારી અને મૌન બની જતો
એક આમ આદમી

ત્યાં શું સામુહિક ન્યાય સ્વપ્ન અને તે પણ પર્યાવરણીય સુરક્ષાના સંદર્ભમાં સાકાર થવું શકય છે શું?

ભારતીય પ્રજાની માનસિકતા જયાં –
મારે શું? અને મારું શું?

ની હોય ત્યાં પ્રજાની પર્યાવરણીય સુરક્ષાના સંદર્ભમાં જાગૃતિની અપેક્ષા પરિપૂર્ણ થઈ શકે ખરી?

(૨૯૭)

**અગ્નિવેધ**

જાગો
અને
જગાડો
નહીં તો
જાગનાર અને
જગાડનાર
કોઈ નહીં બચે.

# સંદર્ભ સુચિ

1) Environmental Law and Policy in India. - Shyam Divan Armin Rosencranz.

2) Journal of Asian Studies.

3) The Times of India.

4) The Academy Law Review.

5) The Sunday Tribune.

6) The Book Review.

7) U. Sankar (Editor), Environmental Economics.

8) Health Bulletin, Promiting Healthy Behaviour - Etaine M. Murphy.

9) Human Health & Environment. - Dr. A. K. Sinha.

10) Law and Legal Studies - 2008.

11) International Environmental Justice. A North - South Dimension - Ruchi Anand, Purdue University, U.S.A.

12) Tribal Health Bulletin.

13) World Health Organization - World Health Report, 2002, Geneva, Switzerland, World Health Organization.
www.prb.org
www.ashgate.com

14) Understanding Environment - Kiran B. Chhokar, Centre for Environment Education, Amdavad.

15) www.gpcb.gov.in

16) વાર્ષિક અહેવાલ ૨૦૦૪-૨૦૦૫, ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ.

17) United Nations Development Programme Human Development Report 1999 - New York, UNDP.

18) પર્યાવરણ અને પ્રદુષણને લગતા કાયદાઓ - પી. એસ. પટેલ.

**Always regard every man as an end in himself and never use him merely as a means to your ends. The spirit of Kant's ethics may well be summed up in these words are to be free and respect the freedom of others. - Karl Popper**.

## કેઈસીસની યાદી

1) A. K. Kraipak V/s. Union of India. A.I.R. 1970 S.C. 150 (127).

2) Andhrapradesh State Board for Prevention and Control of Water Pollution V/s. Andhrapradesh Rayon Ltd. A.I.R. 1989 S.C. 611.

3) Banwasi Seva Aashram V/s. State of U.P. A.I.R. 1987 S.C. 374 (52, 316, 317).

4) Centre for Social Justice V/s. Union of India (421, 422).

5) Dwarika Cement Works Ltd. V/s. State of Gujarat. 1992 (1), GUJ. L.HER. 9 (246-249).

6) Environmental Society V/s. Union of India. 1993 (3) SCALE 9 (548).

7) Francis Coratie Mullin V/s. The Administrator, Union Territory of Delhi. A.I.R. 1981 S.C.

8) Indian Red Cross V/s. Union of India. 1992 (2) SCC 53 (560).

9) M. C. Mehta V/s. State of Tamilnadu. 1991 (2) SCALE 464 (546).

10) TATA Hydroelectric Power Supply Co. Ltd. V/s. Member, Secretary.

11) TVA V/s. Hill. 437 U.S. 153 : 57 L. Fd. 2d 117 (402).

卐 卐 卐